卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ. .સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૬ ઠ્ઠો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૬ ઠ્ઠો

૧. શ્રી વનેચંદ રાજાનો રાસ
૨. શ્રી શાંબ અને પ્રદ્યુમ્નકુમારનો રાસ
૩. શ્રી સનત્કુમાર ચક્રીનો રાસ
૪. વિક્રમ--લીલાવતીરાણીનો રાસ
૫. શ્રી આષાઢાભૂતિની ચોપાઈ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-
પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના
પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર
જી. ભાવનગર, વાયા : તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ..સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૬ ઠ્ઠો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

ભાગ ૬ ઠ્ઠો

૧. શ્રી વનેચંદ રાજાનો રાસ
૨. શ્રી શાંબ અને પ્રધુમ્નકુમારનો રાસ
૩. શ્રી સનત્કુમાર ચક્રીનો રાસ
૪. વિક્રમ--લીલાવતીરાણીનો રાસ
૫. શ્રી આષાઢાભૂતિની ચોપાઈ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા : તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

—પૂ—

# સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક

## ગ્રં થ મા લા સં યો જી ત

## શ્રી રાસમાલા સંગ્રહના પુસ્તકોનું

પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર
વ્યવસ્થાપકઃ—શા. લહેરચંદ મોતીચંદ
જી. ભાવનગર વાયા-તળાજા-મુ. ઠળીયા=૩૬૪૧૪૫

卐

વીર સં. ૨૫૧૬ વિ. સં. ૨૦૪૬

વૈશાખ શુદિ ૩ શુક્રવાર=અક્ષય તૃતીયા

卐 卐 卐 卐 卐 卐

[ કિં. રૂા. ૨૦-૦૦ ] [ કોપી-૫૦૦

મુ...દ્ર...ક
શ્રી પ્રવીણચંદ્ર બી. શેઠ શ્રી વિશાલ પ્રિન્ટરી
ઠે. ટેલીફોન એક્ષચેંજ સામે મુ. સોનગઢ ૩૬૪૨૫૦

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-

પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઢળીયા)

વડીદીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ. શુ ૫ રવિ (તળાજા)

# દીર્ઘચારિત્રી-શાંતમૂર્ત્તિ-સ્થવિર પૂ સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજની જીવન-સુવાસ.

ભાવનગર જીલ્લાના **ત્રાપજ** નામના ગામના વારૈયા કુટુંબમાં વિક્રમ સં. ૧૯૬૩ના પોષ શુદિ ૧૩ના શુભદિને ચરિત્રનાયિકાનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભ નામ **વારૈયા કલ્યાણજી દયાળભાઈ** અને માતુશ્રીનું શુભ નામ **હેમીબહેન** હતું. ચરિત્રનાયિકાનું નામ **અનોપમા** (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતા-પિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા. તેમજ શાંત સ્વભાવ-સુશીલતા–કુલીનતા આદિ ગુણે કરીને સાર્થકનામા તેઓ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની લાડકવાયી પુત્રીની સગાઈ, ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત થયેલા એવા **ઠળીયા** નિવાસી **દીપચંદ જેરાજભાઇ**ના સુપુત્ર શા. **હઠીચંદભાઇ**ની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ-સ્થિત ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઇને ખબર પડતા પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે–'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે– આ સગાઈ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાએલા કલ્યાણજીભાઇ વારૈયાએ પણ જણાવી દીધું કે– 'દીકરી એકવાર દેવાય. અને મારી દીકરી

અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય! માટે એકવાર દીકરીનો હાથ ઝાલી લ્યો. પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં. અને સં. ૧૯૮૪ સુધીના ગૃહવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલ. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો અને તેથી સહધર્મચારિણીનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ–વૈરાગ્યની વાતો સમજાવવા લાગ્યા! પરિણામે છ વરસના ટુંકા લગ્નજીવનમાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગા–સંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવવા 'છ' એ વિગયોનો પોતે ત્યાગ કર્યો!

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજ શોખને બદલે ત્યાગ વૈરાગ્યમાં ઝુલતા જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં ય પોતાની વાસનાઓ અને મોજ શોખ ઉપર નિયંત્રણ મૂકી દીધું! એટલું જ નહિ; પરંતુ પોતાનાં બાલ બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્યભાવમાં આવી ગયા! તે એટલે સુધી કે–પોતાના સ્વામી, સં. ૧૯૮૭ના કાર્તક વદી ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી!!

ત્યારબાદ કુમળી વયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમલા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૧ને સોમવારના રોજ પોતાના સાસરીયા 'ઠળીયા'

ગામમાં પોતાના જ ભૂતપૂર્વ સ્વામીના હાથે પ્રવ્રજ્યા અંગીકાર કરીને સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી, સાધ્વીજીશ્રી વિદ્યાશ્રીજી તથા મુનિશ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ તેઓએ જેમ બને તેમ વધુ આત્મ-નિર્મળતા થાય તેમ શકત્યનુસાર તપ–ત્યાગ–સ્વાધ્યાય–સાધ્વાચારોનું દત્તચિત્તે પાલન તથા વિષય–કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈપણને પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે– ' જ્યારે જાઓ અને જુઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ પ્રસન્નચિત્ત અને પોતાની આત્મસાધ-નામાં જ મગ્ન હોય છે ! '

આવા સંયમીજીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપ-વાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના નવપદજીની ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છઠ્ઠ–અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ. છેલ્લાં ચાર–પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન મુખમુદ્રા ! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી ભયંકરવેદનાવાળું કેન્સર હોવા છતાં કેન્સર રોગની જાણ પણ થવા પામી ન હતી ! આવી તેમની સહનશક્તિ અને સમતા ભાવ હતો ! ! !

આવા પુણ્યશાળી તે ચરિત્રનાયિકા સાધ્વીજીને છેલ્લાં ૧।। માસમાં તો તે કેન્સરના રોગે જોર પકડયું ! ક્ષણ પણ બેસી ન શકાય તેવી સ્થિતિ હોવા છતાંય તલાજા શ્રીસંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીસમુદાયને લઈને સં. ૨૦૪૧ના જેઠ વદિ ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા ! પ્રવેશ બાદ ડોકટરોની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાપણ શાંત ન થતા પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય

વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે–અષાડ શુદિ પાંચમ રવિવારે સવારે ૧૦॥ વાગે તો પોતાની લાડકવાયી પુત્રી–સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને **'વિદ્યા! હવે હું જાઉં છું, તને અને સાધ્વીઓને મારો મિચ્છામિદુક્કડં'** એમ સ્પષ્ટ જણાવેલ અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે– 'મને ધારણા પચ્ચકખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે સંથારો–દવા અને પ્રવાહી સિવાયના સર્વના પચ્ચકખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આરાધના, પ્રસન્નચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિકશક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક 'મિચ્છામિદુક્કડં' દઇ ખમાવતા! તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસરાવતા–આલોચતા જતા હતા! આ અવસરે આરાધના કારક શિષ્યાઓનું ગળું, સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાંય સજાગ એવા તેઓશ્રી, મક્કમ થઇને **'કેમ બોલતાં અટકી ગયા? ચાલુ રાખો'** એમ પ્રેરણા આપી આપીને ૨॥ કલાકની સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત–તપ–જપ–ત્યાગ–યાત્રા–સ્વાધ્યાયાદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમયદશામાં દીર્ઘ ચારિત્રપર્યાય પાળીને સ્થવિર અને **"પૂજય બા મહારાજ"**ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. શ્રીનો નિર્મળ આત્મા, બપોરે ૧–૫૫ મીનીટે નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો.

દશજ દિવસની સ્થિરતાકાળમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થ-કમીટીએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન્ આચાર્ય મ.ની પાલખી નીકળતી હોય તે રીતે ભવ્ય

પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઈબહેનો ઠેઠ સુધી જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર મળતાં ભાવનગર, પાલીતાણા, ઠળીયા, ત્રાપજ, તણસા, દેવળીયા, સોનગઢ, દાઠા, મહુવા, પીપરલા, પાવઠી, કામરોળ આદિ ગામોનાં ભાઈ બહેનો પણ સ્મશાન યાત્રામાં જોડાવા પામેલ.

૫૦ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃ સ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા સંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અઠાઈ મહોત્સવ કરેલ અને તે અવસરે છૂટામને થયેલ જીવદયાની ટીપમાંથી પૂ. બા મહારાજની કાયમી સ્વર્ગતિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆળી, ૫૦૧ સમઢીયાળા, ૫૦૧ પાલીતાણા પાંજરાપોળમાં અને ૧૦૦૧ તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧ પૂ. આ. દેવશ્રી હંસસાગર સૂરીશ્વરજીમ.ની સ્વર્ગારોહણતિથિની કાયમી તિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવીજ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. મહારાજની કાયમી તિથિ નોંધાવીને બા મહારાજ પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

આવા દીર્ઘસંયમી-શાંતમૂર્તિ-ચારિત્રપરાયણા-પ્રાતઃ સ્મરણીયા પૂ. ગુરૂણીજીમ.નું નામ અમર રાખવાના ઉદ્દેશથી પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા ચાલુ કરીને તેના મણકારૂપે પૂર્વમહર્ષીઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત તેમજ અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારા ઉપદેશથી સંસ્થાએ નિર્ધારેલ છે જે અનુમોદનીય છે. આવા અમારા ભવોદધિતારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ. ગુરુણીજીશ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

**લી.** આપના વિરહથી તરફડતી

**આપની બાલ શિષ્યાઓ.**

# રાસ અને રાસકારનો પરિચય

## ૧ વનેચંદરાજાનો રાસ

આ રાસના—'વિદ્યાવિલાસરાસ' 'વિનયચંદ્ર=વનેચંદ રાજાનો રાસ' 'વિનયચટ રાસ' એમ વિવિધ નામો છે તેમજ તે રાસના કર્તાઓ પણ વિવિધ દૃષ્ટિગોચર થાય છે. જે આ પ્રમાણેઃ—

૧ આંચલિકગચ્છીય અમરસાગર સૂરિ શિષ્ય—ગુણસાગરસૂરિ-શિષ્ય—રત્નચંદ્ર—મુનિચંદ્રશિષ્ય શ્રી અમરચંદ્રે સં. ૧૭૪૫ના ભાદરવા શુ. આઠમે ત્રણ ખંડમાં આ રાસ રાધનપુરમાં બનાવેલ છે.

૨ ખરતરગચ્છીય રત્નવલ્લભના શિષ્ય યશોવર્ધને સં. ૧૭૫૮ના કા.શુ.૨ ના દિવસે બેનાતટનગરમાં બનાવેલ છે.

૩ ખરતરગચ્છીય વિમલવિનયના શિષ્ય રાજસિંહે સં. ૧૬૭૯ ના વૈશાખમાસે ચંપાવતીમાં બનાવેલ છે.

૪ તપાગચ્છીય જસવંતસા૦—જિનેન્દ્રસા૦—આગમસા૦—વિનોદસાગરના શિષ્ય શ્રી ઋષભસાગરજીએ સં. ૧૮૪૦ ના ભા.શુ. ૧૫ બુધવારે ચાર ઉલ્લાસ અને ૨૫ ઢાલપ્રમાણ આ રાસ પોરબંદરમાં બનાવેલ છે.

૫ તપાગચ્છીય ચારિત્રસા૦—કલ્યાણસા૦—ઋદ્ધિસા૦ના શિષ્ય ઋષભસાગરજીએ પણ બનાવેલ છે.

આમ જુદા—જુદા સંપ્રદાયના કવિઓએ પુણ્યપ્રભાવ ઉપર

વિનયચંદ્ર (વિનયચટ-મૂર્ખચટ) રાજાના રાસવાળી કૃતિઓ છપાવવાનો વિચાર હતો; પરંતુ ઉપરના કવિઓમાંના કોઇની પણ કૃતિ ઉપલબ્ધ ન થતા છેવટે-"સુરત મહીધરપુરા નિવાસી શ્રીમાલીજ્ઞાતીય શ્રાવક ચંદ્ર અને ઉદય નામના બે ભાઇઓએ વિક્રમસંવત્ ૧૭૨૨ના દીવાળી દિને બનાવેલ ૧૩ ઢાળ પ્રમાણનો અને વિશિષ્ટ કવિત્વ શક્તિ વિનાના' રાસની હસ્તલિખિત પ્રતિ પૂ. શાસનકંટકોદ્ધારક આચાર્યદેવશ્રી હંસસાગર સૂરીશ્વરજી શાસ્ત્ર-સંગ્રહમાંથી ઉપલબ્ધ થતાં પ્રતિભાસપન્ન અને પુણ્યવંત રાજાનું સાહિત્ય સુરક્ષિત રહે તે બુદ્ધિએ આ રાસ છપાવી હાલ સંતોષ માનેલ છે.

## ૨ શાંબ-પ્રદ્યુમ્નકુમાર રાસ.

આ રાસના કર્તા કવિવર ઉ.શ્રી સમયસુંદર ગણિ છે. તેઓ વિક્રમના સત્તરમા સૈકામાં થયેલા ખરતરગચ્છીય શ્રી જિનચંદ્ર-સૂરિના શિષ્ય ઉપા. શ્રી સકલચંદ્ર ગણિના શિષ્ય હતા. તેઓએ સંસ્કૃતભાષામાં પચીશેક ગ્રંથોની અને ગુજરાતી ભાષામાં રાસ-ચોપાઈ-પ્રબંધ-ગીત-સ્તવનો આદિ ૧૦૦ આસપાસ કૃતિઓ રચેલી છે. તે પૈકીની આ કૃતિ-'૧૬૫૯ના આસો શુદિ ૧૦ ના દિને ખંભાતમાં પૂર્ણ કર્યો'નું રાસની પ્રશસ્તિ ઉપરથી ફલિત થાય છે. વિશેષ વૃત્તાંત જાણવાની ઇચ્છાવાળાએ 'જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૨ અંક ૩ માં પ્રગટ થએલ 'કવિવર સમયસુંદર' નામનો નિબંધ જોવો.

અહિં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે કે-ઉપા.શ્રી સકલચંદ્રજી, સત્તરમા સૈકામાં જેમ ખરતરગચ્છમાં થયા છે તેવીજ રીતે તપગચ્છમાં પૂ.આ.શ્રી હીરસૂરિજી મ૦ ના શિષ્ય તરીકે ઉ.શ્રી સકલચંદ્ર ગણિ થયેલ છે. કે-જેઓએ સત્તરભેદીપૂજા, એકવીશ પ્રકારીપૂજા, સાધુવંદના, વાસુપૂજ્ય પુણ્યપ્રકાશ, કુમતિવિજ્ઞપ્તિક સીમંધર સ્તવન આદિ કૃતિઓ બનાવેલી છે. જ્યારે ખરતરીય ઉ.શ્રી સકલચંદ્રજીએ કોઇ મૌલિક સાહિત્યસર્જન કર્યાનું દૃષ્ટિ ગોચર

થતું નથી. આથી 'સકલચંદ્ર'નું નામ વાંચવા માત્રથી 'આ ખરતરીય કૃતિ છે' એવી શંકા કરવાની જરૂર નથી.

## ૩ સનત્કુમાર ચક્રીરાસ.

આ રાસના કર્ત્તા અચલગચ્છીય મહો૦ શ્રી જ્ઞાનસાગર ગણિ છે. તેઓ ક્ષમારત્નસૂરિની પાટે ગજસાગરસૂરિ–લલિતસાગરસૂરિ–માણિક્યસાગરસૂરિના શિષ્ય છે અને વિક્રમની અઢારમી શતાબ્દિ–માં થયેલા છે. આ રાસની રચના ૧૭૩૦માં કરી છે. તદુપરાંત–શુકરાજરાસ (૧૭૦૧) ધમ્મિલરાસ (૧૭૧૫) ઈલાચીકુમાર ચોપાઇ (૧૭૧૮) શ્રી શાંતિનાથ રાસ (૧૭૨૦) ચિત્રસંભૂતિ ચોપાઇ (૧૭૨૧) સ્થૂલિભદ્ર નવરસો, રામચંદ્રલેખ (૧૭૨૩) આષાઢાભૂતિ રાસ (૧૭૨૪) પરદેશી રાજાનો રાસ (૧૭૨૪) નંદિષેણ રાસ (૧૭૨૫) શ્રીપાલ રાસ (૧૭૨૭) આર્દ્રકુમાર ચોપાઇ (૧૭૨૭) શાંબ–પ્રદ્યુમ્ન કુમાર રાસ આદિની પણ રચના કરેલી છે.

## ૪ વિક્રમ–લીલાવતી રાસ

આ રાસ, 'વનેચંદ રાજાના રાસ'ના નામોની જેમ જુદા જુદા નામે અને જુદા જુદા કર્ત્તાઓના બનાવેલા ઈતિહાસના પાને નોંધાયેલા છે. તેમાં–'વિક્રમ–લીલાવતીરાસ, લીલાવતીરાસ, ચૌબોલારાણીરાસ' એમ આ રાસના નામો છે. આ લીલાવતી રાણી પુરુષદ્વેષિણી હતી અને તેથી પુરુષોને ધિક્કારની નજરે જોતી હતી! છતાં રૂપ-રૂપના અંબારસમ એ રાજપુત્રીને ઝંખનારા ઘણા રાજકુમારોની ઉપાધિમાંથી છૂટવા તે રાજકન્યાએ પ્રતિજ્ઞા કરી હતી કે–"રાત્રિના ચાર પ્રહરમાં જે મને પ્રહરે–પ્રહરે એમ ચાર વાર બોલાવે તેને પરણુવું." આ ઉપરથી ચઉબોલા=ચૌબોલારાણી નામ પડેલ. અને વિક્રમરાજાએ તે પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ કરી? તે અધિકાર આ રાસમાં છે.

આ રાસના કર્તા–ખરતરગચ્છીય આ.શ્રી જિનચંદ્રસૂરિના શિષ્ય સોમસુંદર ના શિષ્ય પંડિત શ્રી અભય સોમ–છે. તેઓએ આ

ચોપાઇ, સં. ૧૭૨૫ના પહેલા અષાડ વદિ ૧૦ ના રચેલ છે. આ ઉપરાંત વૈદર્ભી ચોપાઇ, વિક્રમચરિત્ર ખાપરા ચોપાઇ, તેમજ માનતુંગ–માનવતી ચોપાઈ પણ બનાવેલ છે. જે ' રાસમાળા સંગ્રહ ' ના સાતમાં ભાગમાં આપવામાં આવશે.

## ૫ આષાઢાભૂતિ ચોપાઈ

સાધુધર્મમાં ગૃહસ્થને ત્યાંથી આહાર–પાણી ગ્રહણ કરતાં જે ૪૨ દોષો વર્જવાના શાસ્ત્રકારોએ ફરમાવેલ છે. તે પૈકીનો એક–' મયાપિંડ ' દોષ જણાવેલ છે. તે માયાપિંડ ઉપર આષાઢા ભૂતિમુનિની આ ચોપાઇ, અંચલગ્છીય આ. શ્રી ગજસાગરસૂરિના શિષ્ય–લલિતસાગર તેના શિષ્ય માણિકયસાગરના શિષ્ય પંડિતશ્રી જ્ઞાનસાગર કવિએ સં. ૧૭૨૪ ના રોજ ચક્રીપુરમાં બનાવેલ છે.

આ ઉપરાંત તેઓશ્રીએ શુકરાજરાસ, ધમ્મિલરાસ, ઇલાચી-કુમાર ચોપાઈ, શાંતિનાથરાસ, ચિત્રસંભૂતિ ચોપાઈ, રામચંદ્રલેખ પંચઢાળીયું, ધન્નાઅણગાર સજ્ઝાય, પરદેશી રાજાનો રાસ, નંદિષેણરાસ, આર્દ્રકુમાર ચોપાઇ ૧૯ ઢાળ, સનત્ કુમાર ચક્રીરાસ, નલાયન, ધન્નાચરિત્ર, શાંબપ્રદ્યુમ્ન કુમારરાસ, જ્ઞાનછત્રીશી આદિ ઘણાં ગેય સાહિત્યની રચના કરી છે.

શ્રી રાસ માળા સંગ્રહ ભાગ ૬ ઠ્ઠો

# સહાયકોની શુભ નામાવલી

સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ. ના શિષ્યા વિદુષી પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીમ. ના તથા તેઓશ્રીના શિષ્યા-પ્રશિષ્યા પૂ. સાધ્વીજી મહારાજોના ઉપદેશથી

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| રૂા. ૭૫૧ | શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ. | **ચાણસ્મા.** |
| રૂા. ૭૫૧ | પૂ.સા.શ્રી ગુણોદયાશ્રીજીમ. ના ઉપદેશથી શ્રાવિકા સંઘના જ્ઞાનના હઃ શાંતાબહેન | **વલ્લભીપુર** |
| રૂા. ૨૫૧ | તથા તેઓશ્રીના ઉપદેશથી શા. ફુલચંદભાઈ લાલજીભાઈના સ્મરણાર્થે હઃ શ્રી શાંતાબ્હેન કપુરચંદ | **જામનગર** |
| રૂા. ૧૦૧ | પૂ.સા.શ્રી શુભદર્શનાશ્રીજીમ. તથા પૂ.સા.શ્રી અભય રત્નાશ્રીજીમ. ના ઉપદેશથી તેમના સંસારી બ્હેનો વસંતબ્હેન તથા પુષ્પાવતી તરફથી | **મુંબઈ** |
| રૂા. ૨૦૧ | પૂ. સા. શ્રી ગુણરત્નાશ્રીજીમ. ના ઉપદેશથી તેમના સંસારી મોટી બા શ્રી ચંચળબ્હેનના તથા માતુશ્રી હસુમતીબ્હેનનો સ્મરણાર્થે શા. હીરાચંદ કાળીદાસ હરિપુરાવાળા તરફથી | **સુરત** |

**પરમ વિદુષી પૂ. સાધ્વીજી શ્રી શિવ-તિલક-હેમ-તીર્થ-રંજનશ્રીજીના પરિવારના પૂ. સાધ્વીજી મહારાજોના ઉપદેશથી.**

રૂા. ૫૦૦ પૂ. સા. શ્રી મલયાશ્રીમ. ના ઉપદેશથી ખાનપુરાના આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ**

રૂા. ૨૦૧ પૂ. સા. શ્રી **રાજેન્દ્રશ્રીજી**મ. ના ઉપદેશથી લક્ષ્મી-વર્ધક સોસાયટી વિહાર ફ્લેટના આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ**

રૂા. ૨૦૧ પૂ. સા. શ્રી **નિરૂજાશ્રીજી**મ. ના ઉપદેશથી ખાનપુર શ્રી તીર્થ-રંજન વિહારની આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ**

રૂા. ૩૦૦ પૂ. સા. શ્રી સૌમ્યગુણાશ્રીજીમ. ના ઉપદેશથી શ્રી દફતરી જૈન ઉપાશ્રયની આરાધક બ્હેનો તરફથી. **ધ્રાંગધ્રા**

રૂા. ૩૦૧ પૂ. સા. શ્રી પ્રશમશીલાશ્રીજીમ. ના ઉપદેશથી [ પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજીમ. તથા પૂ. સા. શ્રી પ્રગુણાશ્રીજીમ. ના સ્મરણાર્થે ] જૈન મરચંટ સોસાયટીની આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ**

**પરમ શાંતમૂર્તિ-સાધ્વીજી શ્રી પુષ્પાશ્રી-જીમ. ( કપડવંજવાળા ) ના પરિવારના પૂ. સાધ્વીજી મહારાજોના ઉપદેશથી.**

રૂા. ૧૫૧ પૂ. સા. શ્રી મનકશ્રીજીમ. ના ઉપદેશથી શ્રાવિકા ઉપાશ્રયની આરાધક બ્હેનો તરફથી **સુરેન્દ્રનગર**

રૂા. ૨૫૧ પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીમ. ના ઉપદેશથી જાટના ઉપાશ્રયની બ્હેનો તરફથી **કપડવંજ**

રૂા. ૫૦૧ પૂ. સા શ્રી આત્મજ્ઞાશ્રીજીમ. ના ઉપદેશથી ફતાસાની પોળમાં શ્રી નાથીશ્રીના ઉપાશ્રયની આરાધક બ્હેનો તરફથી **અમદાવાદ**

રૂા. ૫૦૧ પૂ. સા. શ્રી આત્મનંદાશ્રીજીમ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ **પ્રતાપગઢ**

રૂા. ૩૫૧ પૂ. સા. શ્રી વિપુલયશાશ્રીજીમ. ના ઉપદેશથી શ્રી તપગચ્છ જૈન સંઘ જેતપુર

* * * *

રૂા. ૩૦૦ પૂ. સા. શ્રી જ્યોતિપ્રજ્ઞાશ્રીજીમ. ના ઉપદેશથી શેઠશ્રી જેઠાલાલ વીરજીભાઇ આરાધના ભુવન–સર્વોદય સોસાયટી તરફથી સુરેન્દ્રનગર

રૂા. ૨૫૧ પૂ. સા. શ્રી અભયશ્રીજીમ. ના ઉપદેશથી જાની શેરી–શ્રાવિકા ઉપાશ્રયની બ્હેનો તરફથી. વડોદરા

રૂા. ૧૦૧ પૂ. સા. શ્રી વસંતશ્રીજીમ. ના ઉપદેશથી ગિરિરાજ સોસાયટી લાવણ્ય વિહારની આરાધક બ્હેનો તરફથી પાલીતાણા

## કાગળના રીમોના સહાયક

રૂા. ૭૫૧ શ્રી આદીશ્વરજી ટ્રસ્ટ–શ્રી જૈન સંઘ–ઝવેરી પાર્ક. અમદાવાદ

રૂા. ૬૦૦ શેઠ શ્રી બચુભાઈ મગનલાલ લાતીવાળાની પ્રેરણાથી ચોટીલા

રૂા. ૫૦૧ શ્રી મહાવીર જૈન શ્વે. મૂ.પૂ. સંઘ–વિજયનગર અમદાવાદ

રૂા. ૨૫૦ પૂ. પં. શ્રી અભયસાગરજીમ. ના ઉપદેશથી જૈન સંઘ. પાટણ

રૂા. ૨૫૦ પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજીમ. ની આચાર્ય પદવીની પ્રથમ વર્ષગાંઠ નિમેતે શ્રાવિકા સંઘ. તરફથી જોરાવનગર

રૂા. ૧૦૧ પૂ. મુનિ શ્રી ગુણસાગરજીમ. ના ઉપદેશથી–મહેતા નવીનચંદ્ર પ્રાણજીવન તરફથી જામનગર

રૂા. ૧૦૧ પૂ. મુનિ શ્રી નિત્યવર્ધનસાગરજીમ. ના ઉપદેશથી જૈન સંઘ ગૌતમપુરા.

# સૂ...ત...ક...વિ...ચા...ર

**ઋતુવંતી સ્ત્રી**-દિન ૩ અડકે નહિ. દિન ૪ પ્રતિક્રમણાદિ કરે નહિં. (સાધ્વીજીઓ તથા ઉપાધાનવાળી બ્હેનો માટે ઉભયટંક આવશ્યક હોવાથી અશકય પરિહાર છે.) તપાસ્યા ગણાય. દિન ૫ પ્રભુ પૂજા ન કરે. રોગાદિ કારણે ૩ દિવસ પછી રૂધિર જણાય તો વિવેકથી પ્રભુ દર્શન તથા અગ્રપૂજા કરે. અંગ-પૂજા ન થાય. સાધુ-સાધ્વીજીને વહોરાવી શકાય. **જન્મ સંબંધમાં**-પુત્ર જન્મે તો ૧૦ દિન, અને પુત્રી જન્મે તો ૧૧ દિન અને રાત્રે જન્મે તો ૧૨ દિનનું સૂતક લાગે. ઘરના માણસો ૧૨ દિન સુધી પ્રભુ પૂજા ન કરે. બીજાના ઘેર જમે તો તેના ઘરના પાણીથી પ્રભુપૂજા થાય. દિન ૧૨ સુધી સાધુ-સાધ્વીજીને તેના ઘરનો આહાર ન કલ્પે. સુવાવડ કરનારી અને કરાવનારી પ્રગટ નવકાર પણ ન ગણે, સુવાવડી ૪૦ દિવસ સુધી પ્રભુપૂજા ન કરે, તેમજ સાધુ-સાધ્વીજીને વહોરાવી ન. શકે ઘરના ગોત્રીને ૫ દિનનું સૂતક લાગે, ગાય-ભેંસ-ઘોડી-ઉંટડી ઘરે પ્રસવે તો ૨ દિન, અને વનમાં પ્રસવે તો ૧ દિનનું સૂતક, ભેંશનું દૂધ ૧૫ દિન પછી, ગાય તથા ઉંટડીનું દૂધ દિન ૧૦ પછી અને બકરી તથા ઘેટીનું દૂધ ૮ દિન પછી કલ્પે, આપણી નિશ્રાના દાસ કે દાસીના જન્મ કે મરણનું સૂતક ૩ દિન. **મૃત્યુ સંબંધમાં**-જેના ઘેર મૃત્યુ થયું હોય તે ઘરવાળાને દિન ૧૨ સુધી પ્રભુપૂજા ન થાય, અને દિન ૧૨ સુધી તેના ઘરના ગોચરી-પાણી-સાધુ-સાધ્વીજીને ન કલ્પે, જૂદા ઘરે જમનારા તેના ઘરના પાણીથી પ્રભુપૂજા કરી શકે, તેમ શ્રી નિશીથ-ચૂર્ણિમાં કહેલ છે. મૃતક પાસે સૂનારા અને કાંધિયાને દિન ૩, શબનો સંઘટ્ટો કરનારને દિન ૨, પરંપરાએ અડકનારને દિન ૨, સાથે જનારને દિન ૧ પ્રભુ પૂજા ન કરાય, પ્રતિક્રમણાદિક બે દિવસ મનમાં કરાય, મૃતકને અડકયા ન હોય તો સ્નાન કરવાથી શુદ્ધ થાય જન્મે તે દિવસે કે દેશાંતરે મૃત્યુ થાય તો દિન ૧, આઠ વર્ષનું બાળક મરે તો ૮ દિન જેટલા મહિનાનો

ગર્ભ પડે તેટલા દિવસનું સૂતક લાગે. ગાય આદિના ઘરે મૃત્યુ થયું હોય તો કલેવર લઈ ગયા બાદ ૧ દિવસનું અને અન્ય તિર્યંચનું કલેવર લઈ જાય ત્યાં સુધીનું એમ સૂતકવ્યવહાર છે.

## ગ્ર....હ....ણ....વિ....ચા....ર.

૧ અંત્યજ કે અડચણવાળી સ્ત્રીઓના અશુભ પદ્ગલો ભગવંતની પ્રતિમા ઉપર ન પડે તેટલા માટે જેમ પડદો રખાય છે તેમ ગ્રહણના પુદ્ગલો તો બહોળા પ્રમાણમાં અશુભ હોવાથી ભગવંત ઉપર તેની છાયા પણ ન તે પડે માટે **દહેરાસરો બંધ રખાય છે.**

૨ દેરાસરમાં લોકો ચૈત્યવંદનાદિ સૂત્રો બોલીને શ્રુતને અભડાવે નહિ તે માટે પણ દેરાસરો બંધ રખાય છે.

૩ ગ્રહણ વખતે શુભ ક્રિયા થાય નહિ માટે **દેરાસરો બંધ રખાય છે.**

૪ દેરાસરની જોડે થયેલ મૃતકની અસજ્ઝાય એક દિવસની છે, છતાં તે મૃતકલેવરને દેરાસરની સામેથી લઇ જવાનું હોય તો તેટલો સમય જેમ દેરાસર બંધ રખાય છે, તેમ ગ્રહણની પણ અસજ્ઝાય તો આખો દિવસ છે, પરંતુ દેરાસરો તો ગ્રહણના સમય પૂરતાં જ બંધ રખાય છે. અને તે જ શાસ્ત્રમાર્ગ આચરણા સત્ય છે. કારણ કે શબ નીકળતી વખતે જે અશુભ પુદ્ગલો ઉછળી રહ્યા હોય છે, તે પુદ્ગલો શબ ગયેથી કે ગ્રહણ મૂક્ત થયેથી તેટલા પ્રમાણમાં તે સ્થાને હોતા નથી. [ આવી રીતે શાસ્ત્ર અને સુવિહિત આચરણા, સાંપ્રતકાળે વિદ્યમાન હોવા છતાં જુનું ઉખેડી નવાની સ્થાપના કરવાના રસીયા આત્માઓ, આજે સંતિકરં-સૂતક-ગ્રહણ-ચોમાસા યાત્રા નિષેધ આદિના માર્ગો લોપી રહ્યા છે તે ખરેખર ભવાભિનંદિતાનું લક્ષણ ગણાય. ]

# શ્રી વનેચંદ રાજાનો રાસ.

॥ શ્રી ગોડી પારસનાથજી સત છે. ॥ શ્રી શારદાયનમઃ ॥ શ્રી સરસતીની કરપા છે. ॥ શ્રી ગોતમસામીની લબધ છે. ॥ શ્રી વનેચંદનો રાસ લખો છે. ॥

## ॥ દુહા ॥

સરસ વચન દીઓ સરસતી, અને વરસતી વચન વિલાસ;
કવીજન કેરી માય તું, આપો બુદ્ધિ પ્રકાશ. ॥૧॥
વનેચંદ ગુણ ગાયવા, અને માતા દીઓ મુજ આશ;
હુ મુઢમતી અજ્ઞાન છું, તે રસના કરો વીશાલ. ॥૨॥
વળતું તે સરસ્વતી એમ વદે, અને ભકત મ આણીસ ભાર;
વનેચંદ ગુણ ગાયવા, હું આવીશ એકે ચંત. ॥૩॥
અંગ જ તાહરે અવતરીસ, અને બોલીશ વચણ રસાલ;
જો તું એહવું ઉચરે, અને તે હું કરૂં રસાલ. ॥૪॥
કહો વનેચંદ કીહાં હુઆ? અને કહીશું ધર્મ પ્રકાસ;
સરસતીની સેવા કરી, તેણે થયો લીલ વિલાસ. ॥૫॥

જે કોઈ સરસ્વતી ચિત ધરે, અને સારે તેહનાં કાજ;
જીવદયા જે પાળશે, તેહને રહેશે હૃદય મઝાર. ॥૬॥
વનેચંદરાજા થયા, અને સરસ્વતી તણો પસાય;
એકમને જે સર્વ સાંભળે અને કહેશું તસ ઉપાય. ॥૭॥

## ॥ ઢાળ પહેલી ॥

॥ ચોપાઇની દેશી. ॥

જંબૂદ્વીપ માંહે જે સાર, અને ભરતખંડનો ન લહું પાર; હવે સોમપુરી તે સોહામણી, અને વિવિધ પુરની શોભા વણી. ॥૧॥ તીંહા વસે લોક બહુ પુન્યવંત, અને હૃદયમાં રાખે શ્રી ભગવંત; તે નહીં કોઈની નિંદા કરે, અને સહુકો ધર્મ અધિકો આદરે. ॥૨॥ હવે સોમપાલ રાજાનું નામ, અનેં તેહતણાં શું કરીએ વખાણ?; તીહાં ન્યાયવંત નવી દંડે લોક, અને પૃથ્વીપતી તો રહે પુન્યવંત ॥૩॥ હવે વેપારી વેપારજ કરે, અને ઝોડ ઝપટ કોનેં નવ નડે; હવે તે નગરના વેપારીઓ, શેઠ રૂષભદત્ત જગ જાણીઓ. ॥૪॥ હવે તેહનેં ધનતણો નહી પાર, અનેં પુત્ર પાંચ સુકરમી અપાર; તે રીખમાદે સ્રીનું નામ, અને રૂપકલા ગુણ બહુ નીધાન. ॥૫॥ તે નીશદીન પીયુની સેવા કરેં, અને અહોનીશ સદા દાન નીગમેં; હવેં પ્રથમ પુત્ર સદાદંત ભલો, અને બીજો રતનદત્ત તે ભલો. ॥૬॥ તે લક્ષ્મીદત્ત ત્રીજો જગસાર, અને આદતદત્ત ચોથોસાર; વીમલદત્ત તો પાંચમો સહી, અને કાંય વિદ્યા મુખ ચડે નહી. ॥૭॥ તે ચાર પુત્ર તો પંડિત જાણ, અનેં વીમલદત્ત મુરખ નીરવાણ;

તે ભુંડી બુધ તો મનમાં ધરે, અને પીતાજીનું કહ્યું નવ કરેં ॥૮॥ તે માતા વચન કાનેં નવ ધરે, અને બંધવ શીખામણ મન નવ ધરેં; તે જે રઢ લે તે મેલેં નહી, અને નામ તેવું પરીણામ જ નહી. ॥૯॥ તે ભણતાં અક્ષર મુખ ચડેં નહી એક, અનેં જાણેં પંડયો મારે રેખ; હવેં ઘરનો ઘરમાં ચોરી કરે, અને જઇ પંડયાનું ઘરજ ભરે. ॥૧૦॥ હવેં સાત-વરસ નીશાળમાં સાર, અનેં તે થયો બારતણો અધીકાર; તે શાસ્ત્ર અક્ષરનો ન લહે વીચાર; અને તેહનેં કન્યા કોઈ ન વરે. ॥૧૧॥ હવેં એકસમેં રીખવદત્ત વદેં, અનેં પાંચે પુત્ર સાંભળજો રદેં; હવે માહરી રે અવધ થઇ છે કાય, અનેં શું જાણીએ દિન કેવારે જાય. ॥૧૨॥ તે તમો શો કરશો વેપાર, અને તે મુઝ આગળ કહોનેં વીચાર; કેણીવીધેં અમારો ચલાવશો વ્યવહાર, અને જેમ રાખશો વેપારીમાં તેણીવાર. ॥૧૩॥ એટલા માટેં કહો રે તમો, અને શ્રીદત્ત કહે પીતા સાંભળો; અમો વણજ વાહણનો કરશું ભલો, અનેં પરદેશીમાલ મંગાવશું ઘણો. ॥૧૪॥ વળતું તે રતનદત્ત એમ વદેં, અને સાંભળો પીતાજી કહું તે રદેં; અમે ઉદ્યમ કરશું ઝવેરી તણો, અને તેમાં પારખું છે મુઝ ઘણો. ॥૧૫॥ વળતો લક્ષ્મીદત્ત કહે વાત, અને સાંભળો વચન અમારૂં તાત; નાણાવટી અમો કરશું સહી, અને હુંડી આડત લખશું વહી. ॥૧૬॥ આદતદત બોલ્યો મહાધીર, અને સુણો પીતા મુજ ચારે વીર; અમો દોશીનો કરશું વેપાર, અને વખારે ઉતારશું

માલ. ॥૧૭॥ અવર વેપાર કરશું અનેક, અને જે માંગે તેહને મળે રે વસેક, પીતારે પુત્ર તે ચારે મળી, અને મુર્ખચટકને પુછયું વળી. ॥૧૮॥ કહે રે મુર્ખચટક તું વાત, અને કીઓ ઉદ્યમ કરીશ તું ભ્રાત ?; વળતું રે મુર્ખચટક એમ વાણી વદે, અને સાંભળો ભ્રાત તાત તમો રહે. ॥૧૯॥ રાજા સોમપાલને કાઢીરે બહાર, અને જઈ બેસીશ સિંહા-સન સાર; એહવી વાત પીતાએ સાંભળી, અને હૈયામાં હોળી પરજળી. ॥૨૦॥ એહવી વાત કોઇક સાંભળે, અને જઇ રાજાને કાન જ ભરે, રાજા પછે દંડજ કરે, અને વાણી પુત્રરે બોલો એ શું ખરે ?. ॥૨૧॥ અમો શ્યો ઉત્તર દેશુ ચંડાલ !, અને છંડો દ્વારથકી નીરધાર; પીતા ભણે રે એ છોરૂની કાચ, અને બંધવ કહે એ મુઓ ન કાંય. ॥૨૨॥ તે મારી મોંઢે ઠોંટે કરી, અને ઉઠી ગયો તે દુઃખીઓ ભરી; નગર બાહેર નીકળ્યો રોળતો, અને તેહને કોઇએ નવી દીધો સાસતો. ॥૨૩॥ માત પીતા બહુ ચિંતા કરે, અને બંધવ ચારે દુઃખ અતી ધરે; તે એ કથા એટલેથી રહી, અને મુરખચટકની કહેશું સહી. ॥૨૪॥

॥ દુહા ॥

મુરખચટ તીહાંથી સહી, અને ચાલ્યો વનહ મઝાર;<br>
વાટે વણઝારો મળ્યો, અને જઈ લાગ્યો તસ પાય. ॥૧॥

વણઝારો મુખ એમ વદે, અને કહે તુજ ઉત્તમ ઠામ;<br>
કોણ નગર તાહરૂં સહી, અને કોણ તુજ માત ને તાત? ॥૨॥

મુરખચટ વળતું કહે, અને મુજ નહીં માત ને તાત;<br>
નહીં બંધવ નહી બેનડી, અને ન લહું માહરી જાત. ॥૩॥

નાયકે બોલ તે સાંભળીં, અને કીધો મન વિચાર;
પોઠીયા માહરા તું જાળવે, અને આપીશ તુજને આહાર. ॥૪॥
એમ કરતાં તેણે સમે, અને નાયક કર્યો સંગ;
માસ ખટ તે વહી ગયા, અને ચાલ્યો વનહ મઝાર. ॥૫॥
શીતલપુર એક આવીયું, અને નગર અનોપમ સાર;
નાયકથી અળગો થયો, અને પેઠો નગર મઝાર. ॥૬॥
તેહને નહીં કોઈ ઓળખે, અને નહીં તેહને રે સુઝ;
અધ્યારૂને ઓટલે, આવી રહ્યો અબુઝ. ॥૭॥
નિશાળીઆ ભણતા હતાં, અને તેહને રે દીઠો સાર;
અધ્યારૂને જઈ કહ્યું, અને આ કોણ બેઠો બહાર. ॥૮॥
પંડયો કહે વાટેસરૂં, અને તાહરે શું છે કામ?
હમણા ઉઠી જાયશે, અને ભણ તું બેઠો ઠામ ॥૯॥
તેણે સમે રાત પડી ગઈ, અને નીશાળીઆ સહુ ગયા;
મુરખચટ ઉઠયો નહીં, અને બેસી રહ્યો તસ ઠાય. ॥૧૦॥
દેવકૃષ્ણ બ્રાહ્મણ સહી, અને અધ્યારૂં છે જેહ;
મુરખચટને પુછીઆ, અને ઉઠી આવ્યો તેહ. ॥૧૧॥
વળતું મુરખચટ વદે, અને સાંભળો ગોરજી વાણ;
ભુલ્યો એટલે આવીયો, અને તમપાસે નિરવાણ. ॥૧૨॥
દેવકૃષ્ણ એમ ઉચરે, અને કોણ ગામ? કોણ દેશ;?
કવણ નગરમાં ઉપન્યા, અને કહેને મુઝ ઉપદેશ? ॥૧૩॥
વળતું તે મુરખચટ કહે, અને સાંભળો સ્વામી વાત;
સોમપુરીમાં ઉપન્યો, અને રીખવદત્ત મુજ તાત. ॥૧૪॥
રીખમાદે માતા સહી, અને પાંચ ભ્રાત વિખ્યાત.
કુટુંબમાં રહેતો થકો, અને કરતો લીલવિલાસ. ॥૧૫॥
ભ્રાત ચારે પંડિત સહી, અને તે સહુ કોય ચતુર સુજાણ;

પણ મુજને વિદ્યા નાવડી, તે હું મુરખચટ અજાણ. ॥૧૬॥
સાત વરસનો હું થયો, અને ન થયો મુખ અભ્યાસ;
એકસમે બેઠાં થકાં અને એમ પુછયું મુજને તાત. ॥૧૭॥
તું કેમ જીવીશ મુરખા ? અને તે મુજ વીસમે વાત;
તવ મેં બોલ કઠન કહ્યો, તે લાગ્યું સર્વને દુઃખ. ॥૧૮॥
મોઢે ઠોઠે મુજને મારીઓ, અને ફરી ન બોલ્યો મુખ;
તિહાંથી ઉઠી નિસર્યો, અને આવ્યો તે નગર બહાર. ॥૧૯॥
વણઝારો વાટે મળ્યો, અને આવ્યો તે તમસાર;
રાખતો પોઠીઆ તેહનાં, અને આપતો મુજને આહાર ॥૨૦॥
વણજારો હવે વહી ગયો, અને આવ્યો હું આ ઠામ;
વળતું પંડયો એમ ઉચરે, અને રહે તું માહરી પાસ. ॥૨૧॥
વિદ્યા તુજને શીખવું, અને કરજે મુખ અભ્યાસ;
માહરી ચિંતા તુઝ લગે, અને કરજે મુજ સંભાળ. ॥૨૨॥
મુરખચટ તો તિહાં રહ્યો, અને દેવકૃષ્ણઘરે સાર;
અનુદિન વિદ્યા શીખવે, પણ મુખ ન ચડે લગાર. ॥૨૩॥

## ॥ ઢાળ બીજી ॥

દેશી. ચોપાઈ

હવે દેવકૃષ્ણ એમ વાણી રે વદે, અને સાંભળ મુરખચટ તું રદે; માસ ચાર થયા નિરવાણ, પણ અક્ષર એક ન શીખ્યો જાણ. ॥૧॥ હવેં હું કહું તે મનમાં ધરે, અને સરસ્વતીની સેવા કરે; નીશાળમાં નીશાળીઆ તણાં, અનેં પાટી ખડીઆ છે અતિ ઘણા. ॥૨॥ તેહનેં તું તિહાં માંજી આપ, અને ઝીંઝી તે પણ છાણુંડી આપ; મુરખચટ એહવું વચન સાંભળી, અને સેવા કરવા લાગ્યો

વળી. ॥૩॥ કરે ભક્તિ ગોર ગોરાણી તણી, અને, નીશાળીઆની પણ કરતો વળી; [1]વનો કરતાં વાધે વાન, અને વનો કરતાં આવે શાન. ॥૪॥ મુરખચટ જે હતું રે નામ, અને વનેચંદ ઠરાવ્યું તામ; હવે શીતલપુરનો શીતલરાય, અને કહીશું તેહતણો મહિમાય. ॥૫॥ શીતલનગરી તે સોહામણી, અને જાણો ઈંદ્રપુરી હરી તણી; જાળી ગોખ જડીત્ર બારણા, મંદિર મોટા દીસે સોહામણા. ॥૬॥ શીતલપુરનો રાજા પુન્યવંત, અને રદયમાં રાખે શ્રી ભગવંત; તેહતણી પટરાણી ખરી, અને પ્રેમવતી તે પ્રેમે ભરી. ॥૭॥ તેહની પુત્રી અતિ અભિરામ, અને વિદ્યાવિલાસી રૂપનિધાન; રૂપે રંભા કે રોહીણી, અને જાણો ઈંદ્રતણી મોહીની. ॥૮॥ અમરકુમરી કે ઉર્વશી, અને નાગલોકની નારીજશી; તે કુંવરી પંડયાને પાસ, અને દેવકૃષ્ણમુખ શીખવે અભ્યાસ. ॥૯॥ રાયતણો છે જે પ્રધાન, અને કનકબુદ્ધિ બહુ બુધ જવાન; ચંદ્રબુદ્ધિ તસ ઈસ વિલાસ, અને ભણવા તે જાયે નીશાળ. ॥૧૦॥ દેવકૃષ્ણ ભણાવે સહી, અને કાવ્ય વિદ્યા વ્યાકરણમાં કહી; સો એ શાસ્ત્ર વિચારજ કરે, અને એણીપરે અર્થ અનેરા લહે. ॥૧૧॥ અનુ દિવસ બેહુંજણા, શીખે શાસ્ત્ર સકલ આગલા; ચંદ્રબુદ્ધિ ને કુંવરી રાયતણી, તેહને પ્રીત બંધાણી ઘણી. ॥૧૨॥ વનેચંદ તેહની સેવા કરે, અને તે પણ તેહનું પેટ જ ભરે; હવે એકસમે કુંવરી કહે વાત, અને સાંભળ ચંદ્રબુદ્ધિ વિખ્યાત. ॥૧૩॥ આપણે બેહુને

[1] વિનય

સબળ પ્રીત, અને તારૂં મારૂં મન એક ચિત્ત; માહરા મનમાં તું આજ શમ્યો, અને તું રે વિના વર કોઇ નવી ગમે. ॥૧૪॥ જો હું પુછું મુઝ તાતને, તો તેહનેં નવિ ગમતી વાત; કહેશે પ્રધાનને કેમ દીજીએ, અને એહની હોય તો આપણ લીજીએ. ॥૧૫॥ આપણથી જે મોટા હોય, અનેં તેહનેં હું પરણાવું સોય; ચંદ્રબુદ્ધિ કહેં સાચું કહ્યું, અનેં માહરા મનમાં અવીચળ થયું. ॥૧૬॥ રાજાની પરણેં રાજા હોય, અને એહવો ન્યાય બોલે સર્વ કોય; કુમરી કહેં એ વાતે મરણ, અનેં મુજનેં સ્વામી તમારૂં શરણ. ॥૧૭॥ વળતું ચંદ્રબુદ્ધિ એમ વદે, અનેં સાંભળ વાત કહું તે રદે; તાહરા પીતાને જે નવી ગમે, અને તે વાત કેમ કરીએ અમે?. ॥૧૮॥ તવ કુમરી કહે સુધી વાત, અને સાંભળ ચંદ્રબુદ્ધિ વિખ્યાત; આપણે બેહુ કરીએ ઉપાય, અને મુજને તું ઇહાંથી લેઇ જાય. ॥૧૯॥ બીજા દેશ અનેરા અછે, તીંહા જઈ સુખ ભોગવશું પછે; ચંદ્રબુદ્ધિ કહેં એ ખોટી વાત, અનેં કેમ મુકીએ માતને તાત. ॥૨૦॥ માહરી માતાને હું છું એક, અનેં તે વળતી શું કરે વિશેષ; તવ કુમરી કહેં સુણો પ્રધાન, અને વિદ્યા વિલાસી માહરૂં નામ. ॥૨૧॥ જો માહરૂં કહ્યું નવ કરે, અને તો સહી તુજ મસ્તક ઉતરે; તે માટે કહું છું રે આજ, અને તાહરો મોહ લાગયો મહારાજ ॥૨૨॥ ચંદ્રબુદ્ધિ કહે સાંભળ વાત, અનેં આપણ બેહું જાશું પરભાત; પરસ્થાનક જઇ રહેશું સહી, અને આપણને તીંહા કોઇ ઓળખે નહી. ॥૨૩॥

વિવિધ પોહરની ક્રીડા કરી, અને આપણ તીંહા રહેશું સુખ ધરી; નગરબાહીર દેહરૂં છે જેહ, અને આદિશ્વરનું કહે તેહ. ॥૨૪॥ તેણે થાનક તું આવજે સહી, અનેં જાણો રાત મધ્ય વેળા થઇ; સખી સાથે એક ધાવ લાવજે, અનેં વારૂં ધન વિશેષ આણજે. ॥૨૫॥ તે માટેં કહુ છું તે જામ, અને હું પહેલો જઇ બેસીશ ઠામ; ભલે તુરંગ ચડી આવજે, અનેં મુજને રેવંત તું લાવજે. ॥૨૬॥ ચંદ્રબુદ્ધિએ એમ વાત જ કહી, અને વિદ્યાવિલાસી બોલી સહી; સાંભળો સ્વામી કહું છું આજ, અને હું લેઈ આવીશ સરવે સાજ. ॥૨૭॥ એહવું સુણી ચંદ્રબુદ્ધિ જાય, પણ મનમાં ઘણી વિમાસણ થાય; ધીકૂ ધીકૂ પ્રીતઆ બેહુની જાણ, અનેં માતપીતા છંડાવે ગામ. ॥૨૮॥ જો નવ જાઇશ એહની સાથ, અનેં તો સહી શીષ છેદાવેં કાલ; બેહુંપરેં પંડીતે આજ એ કેમ લહેશેં દુઃખનોદાઝ. ॥૨૯॥ એહવું વિચારી આવ્યો તિહાં, અને વનેચંદ નીશાળમાં જીહાં; વનેચંદ તવ બેઠો થયો, અને કરી પ્રણામનેં ઉભો રહ્યો. ॥૩૦॥ વનેચંદ મુખ બોલ્યો ઈશું, અનેં, રાજ પધાર્યા તે કારણ શ્રીશું ?; ચંદ્રબુદ્ધિ તવ બોલ્યો વાણ, અને તુજનેં હું પરણાવું આજ. ॥૩૧॥ કહ્યું એક અમારૂં કરો, તો વિદ્યાવિલાસી કન્યા વરો; વનેચંદ કહે નહી અમારેં લાગ, અને એતો સ્વામી તમારે ભાગ્ય. ॥૩૨॥ મુજ મુરખનેં એ શું કરે ? અને તમસરખા હોય તેહને વરે; ચંદ્રબુદ્ધિ વળતું એમ વદે, અનેં

વનેચંદ સાંભળજો રહે ॥૩૩॥ મુજ ઉપર છે ઇચ્છા ઘણી, પણ નવી મન માને મુજ તણી; વનેચંદ તવ બોલ્યા ઇશું, અને મન ન માને તે કારણ કીશું? ॥૩૪॥ ચંદ્રબુદ્ધિ હવે બોલ્યો વાત, અને સાંભળો વનેચંદ વિખ્યાત; એહનો પીતા પરણાવે નહી, અને બલે પરણવા હીંડે સહીં ॥૩૫॥ કહે છે આપણે ઇંહાથી જાઇએ, અને એક પરસ્થાનકે જઇને રહીએ; એ વાત મુજને ગમતી નથી, અને માત તાતના વિરહ થકી. ॥૩૬॥ તે માટે તું સાચું જાણ, અને પરણી પરદેશે જઈ માણ; અને વનેચંદ કહે સાંભળો ઇશ, કહેશો તે ચડાવું શીષ. ॥૩૭॥ વસ્ત્ર આભુષણ આપું તે પહેરજે, અને મધ્યરાતતણે સમે ઉઠી જાયજે; આદીશ્વરનાં દેહરે જાયજે, અને મૌન-ધરીને તિહાં બેસજે. ॥૩૮॥ વિદ્યાવિલાસી તિંહા આવશે, અને તુજને દેખી મન ભાવશે; તેને તું દેવ સાખે પરણજે, અને વળતો પરદેશે લેઈ જાયજે. ॥૩૯॥ દેઈ શીખામણ ગયો પ્રધાન, અને આવી નિજ મંદિર અભિરામ; રચ્યો પ્રપંચ મંદિર જઈ ઇશો, અને વિદ્યાવિલાસી નવ જાણે કીશો. ॥૪૦॥ હવે મધ્ય-રાતનો રણકો થયો, અને વનેચંદ વળતો સજ્જ થયો; પહેર્યાં વસ્ત્ર આભરણ અતિ સાર, અને દૂર જઇને કર્યો નમસ્કાર. ॥૪૧॥ અધ્યારૂજી દીયો આશીષ, અને અમે જાશું અમારે દેશ; અધ્યારૂ વળતો જાગીઓ, અને બાર ઉઘાડીને પાસે ગયો. ॥૪૨॥ વનેચંદ સાંભળ તું વાત, કેમ જાઈશ ઘણી છે રાત; વનેચંદ કહે ગુરુજી સાંભળો, અને આ વેળા મુજ

સાથ જ મળ્યો. ॥૪૩॥ તે માટે મુજનેં હેતેં કરી, અને અપો શીખ તમારી ખરી; ગુરૂ કહે શ્રીંહા વારૂ છું અમો ? અને સુખે પધારો નીજ ઘર તમો. ॥૪૪॥ મુજ મંદિર રહ્યો ખટમાસ, અનેં કાંઇ ન કીધો એકે અભ્યાસ; મુજને દુઃખ લાગે છે ઘણું, અને કાજ ન સીધ્યું તુજતણું. ॥૪૫॥ ઘડી ચાર જો રહે નીરધાર, અને ઉપાસણ માંડું અતિ સાર; સરસ્વતીને વિનતિ કરૂં, અને કાંઈક ભાગ્ય વળે તુજતણું. ॥૪૬॥ દેવકૃષ્ણ દહેરાસર ગયા, અને પીતાંબર પહેરી સજ થયા, દેવકૃષ્ણે નામ્યું શીષ, અને દંડપ્રણામ કીધા દસ વીશ. ॥૪૭॥ સ્વામિની સુત તાહરો અવધાર, અને હું સેવક તાહરો છું સાર; તું ભગવતી તું ભારતી, અનેં શીકોતર તું સરસ્વતી. ॥૪૮॥ અને તાહરે તેજે ત્રિભુવન સુખી.

॥ દુહા ॥

સાયરજળથી અધિકો અધિક, અનેં તે તાહરો ભંડાર;
ત્રૂઠી કવિજન કેરડે, અને કોણે ન લીધો પાર. ॥૧॥
તાહરૂં તેજ તપી રહ્યું, અને તું છે જગત્રય આધાર;
હું બાળક છું તાહરો, અનેં માતા કરો મુજ સાર. ॥૨॥

## ॥ ઢાળ ત્રીજી ॥

॥ દેશી ચોપાઈની ॥

વળતી સરસ્વતી કહે વચન, અને દેવકૃષ્ણને થઇ પરસન; તેં આરાધી શાનેં કાજ, અને જે માગે તે આપું હું આજ. ॥૧॥ દેવકૃષ્ણ એમ વાણી વદે, અને સાંભળ વાત કહું તે રદે; એહનેં તાહરો છે

વિશ્વાસ, અને મુજ મંદિર રહ્યો ખટ માસ. ॥૨॥ એહને નહી વિદ્યાઅભ્યાસ, માતા એ છે તાહરો દાસ; ગુરૂ નીશાળીઆ ગોરાણી તણી, તાહરી સેવા કીધી ઘણી. ॥૩॥ હવે ઉઠીને એમ જાયશે, તો માતા મુજને ખોટ લાગશે; તે માટે મયા કરો પસાય, જેમ એ વિદ્યાએ પુરણ થાય. ॥૪॥ વળતી સરસ્વતી થઇ તુષ્ઠમાન, અને માતાએ આપ્યું વરદાન; વનેચંદ- શીર મુકયો હાથ, અને વળતી મુખથી બોલી વાત. ॥૫॥ તું બોલીશ તે અવીચળ થશે, અને તેજ વાન તાહરો વાધશે; વનેચંદ તવ લાગ્યો પાય, દેવકૃષ્ણ મન હરખ ન માય. ॥૬॥ વળતી માતા થઈ અંતરીક્ષ, વનેચંદ રહ્યો દેવકૃષ્ણ પાસ; વનેચંદ તવ માંગે શીખ, અધ્યારૂજી દીયો આશીષ. ॥૭॥ અમને તમો વિસારો રખે, અને વળી શું કહીએ મુખે; વનેચંદ તે બોલ્યા પછે, અને સ્વામી આ દેહ તમારી અછે. ॥૮॥ તે કેમ તમને વીસારીએ, અને જીંહા લગે અમો જીવીએ; એહવું કરી વને- ચંદ ગયા, અને દેવકૃષ્ણ વળાવી વળ્યા. ॥૯॥ તીંહાથી ચાલી દેહરે ગયા, અને મૌન ધરી તિંહા બેસી રહ્યા; એ કથા એટલેથી રહી, અને વિદ્યા- વિલાસી તવ સજ્જ થઇ. ॥૧૦॥ પહેરી અંગ સકલ શણગાર, અને તેજી ત્રણ લીધા તોખાર; ધન સબલ લેઇ પરવરી, અને સખી ધાવને આગળ કરી. ॥૧૧॥ એક અશ્વે તે પોતે ચડી, અને બીજે ધાવ ચડાવી કરી; ત્રીજે ઘોડો દોરી કરી, અને આવી દેહરે જઈ ઉતરી. ॥૧૨॥ દેહરા માંહે આવી સાર,

અને બેઠો દીઠો તિહાં ભરથાર; પાસે જઈને બોલી વાણ, સ્વામી હું આવી નીરવાણ. ॥૧૩॥ જે શીખામણ દીધી સાર, અને તે હું કરી આવી નિરધાર; વનેચંદ તો બોલે નહી, અને વિદ્યાવિલાસી ઝાંખી થઇ, ॥૧૪॥ સ્વામી શાને નવી બોલો વાણ ?, અને સ્ત્રી ઉપર એવડી શી તાણ ?; દીવો હોય તો મુખ ઓળખું અને અંધારે કેમ થાય ઠાવકું ?. ॥૧૫॥ કુમરી મુખ વિચારે એમ, અને મોટા નર નવ બોલે એમ; શાસ્ત્રમાં બોલ્યું એહવું સહી; અને રાત્રે નૈવ ચ નૈવ ચ કહી. ॥૧૬॥ તે માટે વિચારૂં સહી, અને રાત્રે હું બોલાવું નહી; એહવું વિચારી એ તતકાળ, કુમરીએ કંઠે ઠવી વરમાળ. ॥૧૭॥ દેવસાખે કર સાહ્યો વળી, અને પરણી ફિઠયા મન જ રળી; આદીશ્વરનેં કરી નમસ્કાર, અને વેગે અશ્વ થયા અસવાર. ॥૧૮॥ આગળ શુકન ભલેરા મળ્યા, અનેં કુમરીતણાં મનોરથ ફળ્યા; આગળ વનેચંદ સહી, અનેં વિદ્યાવિલાસી વચમાં રહી. ॥૧૯॥ પાછલ ધાવ ચઢી તુરંગ, અને એહવી જુગતે ચાલ્યા મનરંગ; તસ સ્થાનક મુકી ખરી, અને એક પહોર રજની રહી ખરી. ॥૨૦॥ પાણીપંથા તિહાંથી પરવર્યા, જોજન બાર ઓળંગ્યા ખરા; એહવે સમય ઉગ્યો સૂર, અનેં કુમરી તેજ તપી છે પુર. ॥૨૧॥ અશ્વદોડી પાસે પરવરી, અનેં દુહો એક કહેતી સંચરી;

॥ દુહા ॥

તુજ મુખ જોવા અલજો સહી, અનેં જાણો ચંદ ચકોર;
મેઘ કાજે ટહુકા કરેં, અનેં વનમધ્યે જેમ મોર. ॥૧॥

હું તુજને તે ઈચ્છંતી, અને તેં પુરી મુજ આશ;
એકવાર ફરીને જુઓ, અને જેમ પામું મન ઉલ્લાસ. ॥૨॥
વનેચંદ બોલ્યો નહી, અને પાસે ગઈ તતકાળ;
વનેચંદ મુખ નીરખીઓ, અને હૈડે ઉઠી જાળ. ॥૩॥
તેજી ઉપરથી ઢળી પડી, અને ધરતી તે મોઝાર;
મુર્છાપાપી અતી ઘણી, અને ન રહી શુધ લગાર. ॥૪॥

## ॥ ઢાળ ચોથી ॥

॥ દેશી ચોપાઈની. ॥

હવે કથા સાંભળજો સહી, અને શીતલપુરની શી ગતી થઈ;? વિદ્યાવિલાસી દીસે નહી, અને શોધી કરી પછી બેઠા સહી० ॥૧॥ વિદ્યાવિલાસી લાધી નહીં, અને નગર ઠામ શોધાવ્યા સહી; હવે વાત સાંભળજો સહી, અને વનેચંદની શી ગતી થઈ?. ॥૨॥ રેવંત રાખી ઉભો રહ્યો, અને મનમાંહે તે ઝાંખો થયો; ધાવ તુરંગ થકી ઉતરી, અને કુમરી પાસે જઈ પરવરી. ॥૩॥ કહે બાઈ તુજને શું થયું?, અને એ તો મેં કાંઈ નવી લહ્યું; આંહીલગે આવી રળીઆત, અને હવે શું થયો ઉત્પાત? ॥૪॥ તે કારણ હું પૂછું તુજ, અને સાચું કહેને પુત્રી મુજ; વળતી કુમરી બોલી વાણ, અને સાંભળ ધાવ મારી ચતુર સુજાણ. ॥૫॥ કરમ ભોગ આવીને નડ્યા, અને બેહુ હાથ પૃથ્વીએ પડ્યા; હું લેવા ગઈ ફુલ સહકાર, અને કર્મે આવ્યું વિષફળ લાલ. ॥૬॥ સુડો જાણી સાહ્યો હાથ, અને કાગ થઈ બેઠો વિખ્યાત; હંસ હતો તે ઉડી ગયો, અને કર્મે

બંગલો આગળ થયો. ॥૭॥ ચંદ્રબુદ્ધિએ મુજને છેતરી, અને વનેચંદ મુકયો ઠગ કરી; તે માટે હું દુઃખણી ઘણી, અને આ વાત કર્મે જ મુજતણી. ॥૮॥ વળતી ધાવ એમ વાણી રે વદે, અને વિદ્યાવિલાસી સાંભળ રહે; કર્મે લખ્યું પાછું નવ ફરે, અને ચિંતા શી વાત? જો મનમાં રહે. ॥૯॥ શ્યો અવગુણ છે એમાં સહી, અને એહવા દુઃખ ધરે છે સહી; વિદ્યાવિલાસી બોલી વાણ, સાંભળ સખી કહું નીરવાણ. ॥૧૦॥ નીશાળે સહુનો ચાકર ખરો, અને વળી વિશેષે માહરો વૈતરો; એ પણ મુરખચટ જ સહી અને એહને મુખ બ્રહ્મ અક્ષર નહી. ॥૧૧॥ ધાવ-કહે એ કારણ કીશું, અને તેજવાન મુખ દીસે છે ઘણું; એહવું મુખ મુરખનું નહી, અને પ્રતાપવંત દીસે છે સહી, ॥૧૨॥ વિદ્યાવિલાસી બોલી વાંણ, અરે સખી કાં થઇ અજાણ; કાલે નીશાળીઆ મહે એહ, કામ સહુનાં કરતો તેહ. ॥૧૩॥ પાટી પાટલા માજી આપતો, અને પછી અધ્યારૂ નું ધાન જ ઘાલતો; સાંજ સમે સહુ એહ, અને અમે એકડાં હુંતાં તેહ. ॥૧૪॥ તે મુજને શું કહે છે આજ, અને માહરે અંગે ઉઠી છે ઝાળ; વસ્ત્રાભરણ ચંદ્રબુદ્ધિ તણાં, અને પહેરીને આવ્યો છે અતિ ઘણાં ॥૧૫॥ તે માટે સખી કહું છું એક વાત, અને એહને મેં આપ્યો છે હાથ; અવર પુરૂષ મુજ ભાઇને બાપ, એ સાથે પણ નહીં ભોગ વિલાસ. ॥૧૬॥ નહી જોઉં એહનું મુખ સહી, એહવી વાત વિલાસીએ કહી; કરમે લખ્યું પાછું નવી ફરે, અને મુજને ચંદ્રબુદ્ધિ છેતરે. ॥૧૭॥ એહવું કહીને ઉભી થઈ, અને ઘોડા ઉપરબેઠી

જઇ; કુમરીએ ઘોડો પાછળ કર્યો, અને ધાવતણો લઇ વચમાં ધર્યો. ાા૧૮ાા આગળ અશ્વ વનેચંદ જાય, વિદ્યાવિલાસી મન શોક ન માય; એહવે જુગતે ચાલ્યા જણ ત્રણ, અને રણ દેસ આવ્યું છે તેણે ઠાણ. ાા૧૯ાા દિવસ બાર ચાલ્યા વન માંહે અનેંનગર એક આવ્યું છે ત્યાંહ; આગળ દેશ છે અતી અભિરામ, પ્રસિદ્ધ હેમપુરી ગામ. નામે ાા૨૦ાા હેમરથ તેહનો ભુપાલ, અનેં જે જગ જીવ દયા પ્રતિપાલ; હેમપ્રિયા રાણીનું નામ, અને બહુ પ્રેમ ધરે રાજન. ાા૨૧ાા તેહનીપુત્રી લીલાવતી, અને રૂપકલા ગુણે અતી શોભતી; કદલી થંભજેસી પાતળી, અને દાંત દીસે દાડમની કળી. ાા૨૨ાા નિર્મળ નાશીકા સોહામણી. અને આંગળી જાણે મગની ફળી ;રત્ન જડીત રાખડી, અને લોચન જેસી કમલ પાંખડી. ાા૨૩ાા. રાતા અધર વારૂ વિદ્રુમલે, જાણો જીભ અમીરસ ઢળે, ચંદન લલાટે ઝલકે એક. અનેં કડે જાણે કેસરીલંક. ાા૨૪ાા ઉર ઉપર મુકતાફળ હાર, અનેં પાયે નેપુરનો રણકાર; કાને કુંડલ તેજ અપાર; અનેં વેણીદંડ સોહે અતિસાર. ાા૨૫ાા ઉન્નતપીન પયોધર માન, અને કુમરી રૂપ શરીરે રંભસમાન; મધુરા મીઠાં બોલે બોલ, જાણેં કુમરી વિદ્યાવિલાસી તોલ. ાા૨૬ાા લીલાવતીનું દેખી રે રૂપ, અનેં હેમરથરાય થયો મનદુઃખ; એહનેં જોગ વર કોણ જ હશે? અનેં રાજાનેં મન ચિંતા બહુવસે. ાા૨૭ાા હવે હેમપુરીની શોભા ઘણી, અનેં વિવિધ પોહરની રચના ઘણી; સરલા શેરી નવ સાંકડી, અનેં ખાઈ વલણા વળી વાંકડી. ાા૨૮ાા ચોરાશી ચહુટ મંડાણ, અને માંડ-

વીધા અતીમણે દાણ; માણેકચોક તેમધ્યે સરા, અને નગર વારૂ છે જોજન ચાર. ॥૨૯॥ તિંહા વસે લોક બહુ ધનવંત, અને રદયમાં રાખે શ્રીભગવંત; કોઈ ઉપર રાજા રાડ નવી ધરે, અને દીયે દાન દેવપૂજા કરે. ॥૩૦॥ આપ આપણો રાખે વ્યવહાર અને વરણ અઢાર કરે વ્યાપાર; વારૂ વન વાડી આરામ, અને વાવ સરોવર સુંદર ઠામ. ॥૩૧॥ કૌતકીઆ તિંહા કૌતક કરે, અને બેઠા સર્વ પાસે રમે; નહી કોઈને મતિ ભુંડી ગમે, અને એણીપરે કાળ સદા નિરગમે. ॥૩૨॥ વિદ્યાવિલાસી વનેચંદ જેહ, અને ધાવસખીશું કહેતો તેહ; હેમપુરીમાં આવ્યા સહી, અને કહેશું જે વીધ તેહની થઈ. ॥૩૧॥ મંદીર એક લીધું તતકાળ, અને તે મધ્યે જઇ રહ્યા વિશાળ; વિદ્યાવિલાસી વનેચંદ સાથ; તસ બંધનની આવી વાત. ॥૩૪॥ વનેચંદનું મુખ નવિ જુવે, અને પુરવ પાપ સંભારી રૂવે; વનેચંદને ન કરે સંગ, અને અળગી રહે થઇ મનભંગ. ॥૩૫॥ વિદ્યાવિલાસી ત્રીજે માળ, અને વનેચંદ તે હેઠલ નિરધાર; પરસ્પર ધાવ પ્રીછવે સહી, અને વિદ્યાવિલાસી માને નહી. ॥૩૬॥ કોઈ કોઈનો સંગ ન કરે, એણીપરે કાળ સદા નિરગમે; વનેચંદ વળતો શું કરે, અને વસ્ત્ર પહેરી ચોટે સંચરે. ॥૩૭॥ જોવે રચના નગરજ તણી, અને સાંજ પડે આવે ઘરભણી; હેઠલ સેજ વનેચંદ તણી, અને તિંહા સુતો છે સુખમન ધરી. ॥૩૮॥ વિદ્યાવિલાસી ઉપર સહી, અને સુતી ધાવ તે પાસે જઇ; ધાવ કહે

સાંભળ રે માત, એવડું શું બોલોવિખ્યાત. ॥૩૯॥ પરણ્યા પહેલા નવિ ઓળખ્યો, અને જેવો તેવો કરમેં લખ્યો; તેમાટે તનેં કહું વિચાર, અનેં આપણ કુળનો એ આચાર. ॥૪૦॥ તેમાટે કહ્યું અમારૂં કરો,અનેં વનેચંદની સેવા કરો; વિદ્યાવિલાસી બોલી વાંણ, અનેં હમણાં તુજનેં આપીશ પ્રાણ. ॥૪૧॥ એહવું વચન કહું છું મુખેં, અનેં તું તાહરે બેશી રહેં સુખેં; એણી દેહશું માહરે નહીં કાંમ, અનેં હું નથી લેતી કેહનું નામ. ॥૪૨॥ વળતી ધાવ બોલી તવ મુખેં, અનેં તું તાહરે બેસી રહે સુખે; તે દિવસ તો રાતજ ગઈ, અનેં હવેં પરભાતે જાગી સહી. ॥૪૩॥ ધાવ હેઠલ રસોઇ કરે, અનેં ઉપર વિદ્યાવિ-લાસીની કરે; વિદ્યાવિલાસી સુખેજમેં, અનેં એમ કરતાં દિવસ નિરગમે. ॥૪૪॥ વનેચંદ મુખ ચાવેં પાન, અનેં રદયમાં રહે સાવધાન; પહેરી વસ્ત્ર ચૌટે પરવરે, અનેં સ્ત્રીનું દુઃખ મનમાં નવ ધરે. ॥૪૫॥ ભલા લોકશું મિત્રાઇ કરેં, અનેં વનેચંદ સહુમાં શીરે; આંવે ન્યાય ચૌટામાં ઘણાં, અનેં વનેચંદ ચુકવેં તેહ તણાં. ॥૪૬॥ એણીપરે રહ્યો તે વરસ સાત, અને વિદ્યાવિલાસી નવ જાણે વાત; એહ કથા એટલેથી રહી, હવે વનેચંદની સાંભળજો સહી. ॥૪૭॥

॥ દુહા ॥

સાત સંવત્સર વહી ગયા, અને હેમપુરીની માંય;
રદય ધરે ભગવંતને, અનેં દેવકૃષ્ણ ગુણ ગાય. ॥૧॥
એકસમેં હેમરથજી ભણેં, અનેં સુણો પ્રધાન મુજ વાણ;
મુજ મન ઉલટ ઉપન્યો, અનેં ખોદાવું નવાણ. ॥૨॥

વિબુધમંત્રી વળતું ભણે, સાંભળજો મહારાજ;
ં તુજ ઉલટ ઉપન્યો, અને સાહી કરવું તે કાજ. ॥૩॥
ં ૧૮ તેડાવીને કહે, અને તમે કરો એક કામ;
ખોદો સરોવર અભિનવું, અને અતિ ઉંડું અભિરામ. ॥૪॥
સ ૧૮ને તેડી કરી, અને રાય બોલ્યા મુખવાણ;
ગરનાળાં એહવા કરો, અને પહોળા બંધ નવાણ. ॥૫॥
સલાટે એમ સાંભળી, અને રાયને કર્યો પ્રાણમ;
આવીને માંડ્યું સહી, અને વિગતે શું મંડાણ. ॥૬॥
ઓડ તે લાગ્યા ખોદવા, અને ઉંડું અતિઅ સુજાણ;
ચોપાસે એમ ખોદવા, અને માંડ્યો છે નવાણ. ॥૭॥
તળાવમધ્યે નીકળી, અને ત્રાંબાની બે પાટ;
અઢાર ગજ લાંબી સહી, અને પહોળી તે ગજ આઠ. ॥૮॥
તે ઉપર અક્ષર લખ્યા, અને તે કંકુના જેહ;
વાંચી કોઈ જાણે નહીં, અને રાયમને ચિંતા એહ. ॥૯॥
રાયે પંડિત તેડ્યા સહી, અને બિબુધમંત્રી પ્રધાન;
એ અક્ષર તું ઓળખે, વળતું જોવે પ્રધાન ॥૧૦॥
જોયો પણ જાણ્યો નહી, અને પંડિત તેડ્યા રાય;
એ લીપી જે વાંચી કહે, તે પામે બહુ પસાય. ॥૧૧॥
પંડિત, તિંહા મેલીયા, અને હેમજોશી બુધવાન;
વળી વળી વાંચે સર્વ કોઈ, અને વાત ન થાયે બંધ ॥૧૨॥
મોટા મોટા તપેસરી, અને જે વિદ્યાગુણ સાર;
તે રાજાએ તેડીઆ, અને લીપી જોવા નીરધાર. ॥૧૩॥
તેણે બહુ બુધે જોઈઓ, અને નવિ જાણ્યો તે જાય;
હેમરથ રાજા સહી, અને ચિંતાતુર તે થાય. ॥૧૪॥
રાયે મન વિચારીયું, અને પડહ ફેરવું સાર;

છે કોઈ નગરીમાં વળી, અને લીપી વાંચે નીરધાર. ॥૧૫॥
તેહને પરણાવું દીકરી, અને લીલાવતી જે સાર;
અર્ધરાજ વહેંચી દીઉં, એ મુજ વચન પ્રમાણ. ॥૧૬॥
પડહ કોઈ છબે નહી, અને ફરે તે નગર મંઝાર;
ત્રીજે દીવસે આવીઓ, વનેચંદ ઘેર દુવાર. ॥૧૭॥
વનેચંદ બેઠા હતાં, અને મંદીરમધ્યે સાર;
ધાવને જોવા મોકલી, અને શું છે શોર અપાર?. ॥૧૮॥
સખીએ જઈને પુછીયું, અને આવીને કહી વાત
તળાવ રાયે ખોદ્દાવીયું, અને તીંહા નીકળી છે પાટ. ॥૧૯॥
ત્રાંબાની તે છે સહી, અને ઉપર અક્ષર જેહ;
રાજાએ વંચાવીઆ, પણ કોઈ ન વાંચે તેહ. ॥૨૦॥
રાયે પહો વળી ફેરવ્યો, અને લીપી વાંચે નર જેહ;
તેહને અર્ધરાજ ને દીકરી, પરણાવું હું તેહ. ॥૨૧॥
વનેચંદે તેડાવીઆ, અને ફેરીઆને પાસ;
મહારાજને જઈ કહો, અમે પુરશું તમારી આશ. ॥૨૨॥
વચન તમે જે મુખે કહ્યું, તે અમે ચડાવશું શીષ;
અક્ષર હમણુ વાંચશું, અને ચિંતા શી મન ઈશ? ॥૨૩॥
રાજા આગળ જઈ રહ્યો, અને બોલ્યો મુખથી વાણ;
વનેચંદે જે વિધિ કહી, તે સહુ કહ્યું નિરવાણ. ॥૨૪॥
ભુપે સિંહાસન મોકલ્યું, અને તેડાવ્યો નીજ પાસ;
હરખ્યો મુખ જોતાં ઘણું, અને સાંભળજો મહારાજ. ॥૨૫॥
વનેચંદ વળતું કહે, અને મન પામો ઉલ્લાસ;
એ ઉપર અક્ષર લખ્યા, તે વિધ કહું તે આસ. ॥૨૬॥
પાટ હેઠળ પાંચ ગજ, અને ખોદાવો મહી જાણ;
સવા ગજ આડું સહી, દક્ષિણદિશી નિરવાણ. ॥૨૭॥

તે સ્થાનક ધન અતી ઘણું, અને કહેતાં નાવે પાર;
હેમરથરાયે સાંભળી, અને લેપ ખોલ્યો નીરધાર. ॥૨૮॥
રાજાએ તે સાંભળી, અને ખોદાવ્યું તતકાળ;
ધન તિંહાથી કાઢીઓ. અને મન હરખ્યો ભૂપાળ. ॥૨૯॥
હેમરથ વળતું ભણે, અને સુણો વનેચંદરાય;
તુમશું સગપણ જોડતાં, અને ઉલટ અંગ ન માય. ॥૩૦॥
તસ થાનકથી આવીઆ, અને બેઠાં સભા મોઝાર;
વનેચંદ પગ પખાળીઆ, અને ટીલું કાઢ્યું સાર. ॥૩૧॥
ચોખા ચોડયાં પ્રેમશું. અને મંગલ ગાએ નાર;
શ્રીફલ કરમાં મુકીયું, અને વરત્યો જયજયકાર. ॥૩૨॥
અર્ધરાજ આપ્યું સહી, અને બેઠો અર્ધાસન;
વનેચંદમુખ જે કહે, તે સહી કરવું વચન. ॥૩૩॥

## ॥ ઢાળ ૫ મી. ॥

દેશી. ચોપાઈ

નેચંદ તીંહાથી ઉઠીઆ, સુખાસન બેસી ઘર આવીઆ; વાદે બેહુ તે ચામર ઢળે, અને નગરલોક સહુ જોવા મળે. ॥૧॥ સેવક સર્વે સાથે થયાં, ઘરે મુકીને વળતા ગયા; ઘરમધ્યે આવ્યા વિખ્યાત, મુખથી કાંઇ નવી કાઢી વાત. ॥૨॥ નગરીમાંહે વાત જ થઇ, અને રાજાએ વિવાહ મેળ્યો સહી; વનેચંદ કહેવાયે જેહ, અને તલાવમધ્યે લીપી વાંચી તેહ. ॥૩॥ એહવી વાત ધાવે સાંભળી, અને વનેચંદને પુછયું વળી; એહવી વાત મેં બાહીર સાંભળી, અને વનેચંદજી બોલ્યા જે વળી ॥૪॥ એહી વાત

ખરી સહી જાણ, એહવી વાત ધાવેં સાંભળી, ત્રીજે માળીએ ચઢી તે અરી, અનેં કુમરી આગળ વાત જ કરી. ॥૫॥ વિદ્યાવિલાસી માનેં નહી, અરે બાપડી થઇ અજાણ; એહ લીપી વંચે કેણીવિધ પરે, એહનું કહ્યું તું શ્યાનેં કરેં ॥૬॥ એહવી વાત સાચી મ જાણજે હવેં, અનેં મુરખ જાણે તેમ લવે; નવકુળ નાગ વીછેદે ગયા, અનેં એ ઉખાણા સાચા થયા. ॥૭॥ હવેં સરવે નીપન્યું કામ, અનેં કાશીદા ઘેર આવ્યું રાજ; વળતું ધાવ વચન મુખ વદે, અનેં વિદ્યાવિલાસી સાંભળ રહે. ॥૮॥ તે માટે તુજનેં કહું છું જાણ, અનેં રૂપકલાગુણ બહુ નીધાન; દિનદિન દેખું ચડતી કળા, અનેં વનેચંદ વિદ્યાએ આગલા. ॥૯॥ તે માટે તું કાં થઇ અજાણ, અનેં વનેચંદ ચતુર સુજાણ; વિદ્યાવિલાસી કહે સુણોમાત, મુજનેં ન કહીશ એહની વાત. ॥૧૦॥ હું નવી માનું કોઇનું કહ્યું અનેં એવા પથરાનેં ભેટવું ? વળતી ધાવ અણબોલી રહી, અનેં હેઠલ આવી રસોઈ કરી ॥૧૧॥ વનેચંદ જમે સુખ કરી, અનેં સેજે પોઢે મન રળી; ચડી તુરંગ સભામાં જાય, આદરમાન અધિકા થાય. ॥૧૨॥ અનુદિન એહવી જુગતે રહેં, ઘરની વાત કોઈનેં નવી કહેં; રાયતણો વાણંદછે જેહ, અનેં વનેચંદ તેડાવે તેહ. ॥૧૩॥ નખ ઉતારી મર્દન કરેં, અનેં વનેચંદ નહીં મનમાં ગલેં; ભોજન કરવા બેઠો તિસેં, અનેં વિદ્યાવિલાસી બોલી પછે. ॥૧૪॥ વાણંદ ઘેર આવ્યો છે જેહ, અનેં ઉપર તેડી લાવો તેહ; તેહનેં તેડો ખપજ કરી, અનેં નખ ઉતારવા

પ્રપંચ કરી. ॥૧૫॥ નખ ઉતારી લેઈને વળ્યો, અને હેમરથરાજાને મળ્યો; સાંભળો રાજા વાત નીરધાર, વનેચંદને ઘર એહવી નાર. ॥૧૬॥ અંગ તેહનું મેં દીઠું નહી, અને નખ તેહના એહવા છે સહી; દેખી રાજા થયો હેરાન, અને વિબુધ મંત્રીશું બોલ્યો વાણ. ॥૧૭॥ એહવી સ્ત્રીને નયણે નીરખીએં, અને મન અમારૂં અતી હરખીએ; જમાઈ ઘરની જે કહીએ નાર, અને તે તો અમારે પુત્રી વેવાર. ॥૧૮॥ તે માટે કાંઇ કરી પ્રપંચ, અને જેમ પુત્રી મુખ દેખું સંચ; વિબુમમંત્રી એમ વાણી વદે, સાંભળ રાય કહું તે રદે. ॥૧૯॥ પુત્રી જોવાનો ખપ જ કરો, અને તો કહ્યું એક અમારૂં કરો; વનેચંદ આવે પ્રભાત, અને તેવારે અમે કાઢશું એક વાત. ॥૨૦॥ મહારાજને ઇચ્છા અતી ઘણી, અને મંદીર જોવાને તમતણી; તમ ઘર કાલે રસોઈ સાર, રાય જમે પીરસે તમ નાર. ॥૨૧॥ તે માટે કહું છુ અમો, અને હજી લગે કુંવારા તમો; પરણ્યા પહેલાં ભોજન ઘટે, પરણ્યા પછી જળ નવ ઘટે. ॥૨૨॥ એહવી વાત કરશું અમો, અને પુત્રી જોવા પધારજો તમો; એહવી કહી પ્રધાને વાત, અને તેણે સમે હુઓ પરભાત. ॥૨૩॥ વનેચંદ રેવંતે ચડી, અને સભામાં આવ્યા પરવરી; બહુમાન દીધું રાજન, અને વળતો એણીપરે વદે પ્રધાન. ॥૨૪॥ રાજા આગળ કહીતી વાત, અને વનેચંદને કહી વિખ્યાત; તમારી અસતરી લીલાવતી, ભેદ ભદ્રા પણ ગણતા નથી. ॥૨૫॥ એહવો ઉલટ છે મનરાય, અને જમાઇ ઘેર

જશે સુખ થાય; વનેચંદ બળતું એમ વદે, અને સાંભળ સ્વામી કહું તે રદે. ॥૨૬॥ અમારા મનમાં ઇચ્છા હતી, અને તે ભગવંતે પુરી ભાવતી; આજ અમારૂં હતું મન, અને તે વાત બોલ્યા રાજન. ॥૨૭॥ દિલભર દિલ તો એહવા સહી, અને બેહુ-જણનું મન રાખે કહી; પ્રભુ આજ ભોજન તિંહા કરો, અને અમ ઉપર કૃપા મન ધરો. ॥૨૮॥ એહવું કહી વનેચંદ જાય, પણ મનમાં ઘણી વિમાસણ થાય; રાયને તેડું કીધું સહી, અને ઘરની વાત નવિ જાયે કહી. ॥૨૯॥ વનેચંદજી ઘરમાં જાય, અને હૈયાનું દુઃખ કહ્યું નવ જાય; ચિંતાતુર મુખ દીઠું સહી, અને વળતી ધાવે વાણી કહી. ॥૩૦॥ વળતો વનેચંદ કહે વાત, અને કીધું સર્વે માંડી વિખ્યાત; સાંભળજો વનેચંદ મહારાજ, અને શું દુઃખ તમને એવડું છે આજ? ॥૩૧॥ વાત કહેજો તે તમતણી, અને દીલગીરી દેખું છું ઘણી; તે માટે દુઃખ લાગે છે ઘણું, અને કહ્યું ન કરે તે અમતણું. ॥૩૨॥ રાય ભોજન કરવા આવશે, અને તને વળી તે કોણ પીરસશે ?; જો રાયને એ પીરસે આજ, અને તો માહરૂં સહુ સીઝે કાજ. ॥૩૩॥ ધાવ કહે સુણો મુજ વાણ, અને જઇ પુછું એહને નીરવાણ; એહવું કહીને ઉપર ચડી, અને પુત્રી પાસે ગઈ તે ઘડી. ॥૩૪॥ વાત સઘળી હૈયે ધરી, અને વિદ્યાવિલાસી બોલી ઇશું, અને કહેવા આવી તે કારણ કીશું ?૦ ॥૩૫॥ વળતી ધાવ મુખે બોલી વાત, અને વને-ચંદે જે કહી વિખ્યાત; ઘણીપરે સમજાવી સહી,

અનેં વિદ્યાવિલાસી પ્રીછે નહી. ॥૩૬॥ હું કેમ પીરસું રાયનેં સાર, અનેં મુરખ તણો ન રાખું ભાર; તે માટેં માહરૂં નહી કામ, અનેં તું બેસી રહે તાહરે ઠામ. ॥૩૭॥ વળતું ધાવ મુખ એહવું વદે, અનેં વિદ્યાવિલાસી સાંભળ રદે; જો તે એહને આપ્યો હાથ, અનેં કહ્યું એક કરો ને માત ॥૩૮॥ એટલું કામ કરો મન રળી, અનેં પછી કાંઇ કામ ન કહું વળી; વિદ્યાવિલાસી બોલી વાણ, અનેં જો તું કહે તે ચતુર સુજાણ. ॥૩૯॥ મુજસરખી સ્ત્રી લાવે સોળ, અનેં તો હું પીરસું રાયને રંગરોળ; વળતી ધાવ એ બોલી સહી, અનેં તાહરી જોડ બીજી કોઈ નહી. ॥૪૦॥ કીંહાથી લાવે વનેચંદ સોળ ?, અનેં વિદ્યાવિલાસી કહેં મુખ બોલ; તાહરે શું છે ? તું જઇને કહે, અનેં ચતુર હશે તો મનમાં લહે. ॥૪૧॥ આવી ધાવ વનેચંદ પાસ, અનેં તિંહા જઇને મેલ્યો નિસાસ; વનેચંદ મુખ બોલે સહી, અનેં તમનેં તીંહાતે શી વિધી કહી ?. ॥૪૨॥ ધાવ ભણેરે એ બોલી બોલ, અનેં મુજ સરખી સ્ત્રી લાવે સોળ; તો નેં રાયને પીરસું સહી, અનેં એહવી વાત વિલાસીએ કહી. ॥૪૩॥ વનેચંદ કહે સીધ્યું કાજ, અનેં એહવી સોળ સ્ત્રી હું લાવું આજ, ચૌટે આવી ઉભા રહ્યા, અનેં સોળ શણગાર લીધા જુજુઆ. ॥૪૪॥ છાબભરી મંદીર આવીઆ, અનેં તતક્ષણ ધાવેં બોલાવીઆ; સ્વામી કીંહા સ્ત્રી લાવ્યા સોળ, અનેં કહે વનેચંદ એહમાં ખોલ. ॥૪૫॥ છાબ માંહે

તે સોળે ખરી, અને આપો જઇને વેગે કરી; છાબ ભરીને ઉપર ગઇ, અને વિદ્યાવિલાસી ચમકી સહી. ॥૪૬॥ કરવું કામ જે આપ્યો બોલ, અને એ તો લાવ્યો નારી સ્ત્રી સોળ; એહવું કહીને હેઠે ઉતરી, અને બત્રીશી રસોઇ કરી. ॥૪૭॥ સોળ ઘરને એક પડશાળ, અને સોળે બારણે તેહની ચાલ; એહવી યુક્તિની રચના કરી, અને રહી વિવિધ શણગાર જ ધરી. ॥૪૮॥ આવ્યા રાય મંદીરમાં સાર, અને વનેચંદ મન હરખ અપાર; બત્રીશી રસોઇ સાર, અને તે કરતાં ન લાગીવાર. ॥૪૯॥ માંડયું બેસણું જમવા સાર, અને શીગો થઇ ઉઠયા મહારાજ; (લક્ષ) લાખપાકશું મર્દન કરી, અને અશાસ્ત્રાદિક જળભરી ॥૫૦॥ નાહી કરી ઉઠયા નિરધાર, અને પીતાંબર પહેર્યું અતિ સાર; પાવડીએ ચડી આવ્યા તિંહા, અને બેઠાં બેસણા માંડયા જીંહા. ॥૫૧॥ આગળ માંડી સોવનમય થાળ, અને સોળ કચોળે બાંધી પાળ; હાથ પખાલણા આપ્યા વાર, અને વિવેકે પીરસે ઘરની નાર. ॥૫૨॥ બબ્બે વાનાની સુખડી સાર, અને એકબારણે પીરસે નાર; પીરસીને તે પછી વળે, અને બીજે બારણે જઇ નીકળે. ॥૫૩॥ બીજે ઘર બીજો શણગાર, અને એહવી ચતુર વિલાસી નાર; બત્રીશવાનાની સુખડી, અને સોળ બારણે પીરસી વળી. ॥૫૪॥ એમ જુજુઆ કરી શણગાર, અને રાયે ન જાણ્યો તેહ વિચાર; રાજા મન વિચારે એહ, અને સોળે સરખી દીસે દેહ. ॥૫૫॥ દેખી રાજા મન વિસ્મય થયો; અને એહ

વિચાર કાંઈ મેં નવી લહ્યો; એક છે કે સોએ સહી, અનેં એવી રાય મન વિમાસણ થઈ. ॥૫૬॥ જમી કર ઉઠયા મહારાજ, પણ કાંઈ ન સિદ્ધયું એકે કાજ; સેવધર્ન સોપારી સાર, અનેં લવીંગ એલચી તે અતિસાર. ॥૫૭॥ ઉપર આપ્યા બીડાંપાન, અનેં વનેચંદે દીધા બહુમાન; વનેચંદના ઘેરથી તે વળ્યા, અનેં પ્રધાનનેં જઇ વેગે મળ્યા. ॥૫૮॥ અમો જમી તિંહાથી આવીઆ, અનેં જમ્યા પણ નવ સિદ્ધયું કાજ: વિબુધીમંત્રી તવ બોલ્યો ઇશું, અનેં કાજ ન સીદ્ધયું કીશું ?. ॥૫૯॥ વળતું રાય બોલ્યા મુખવાણ, અનેં જે હુંતી તે કહી નિરવાણ

॥ દુહા ॥

વિબુધીમંત્રી વળતું કહે, અને સાંભળજો મહારાજ;
એહ વચન તમેં ભાખજો, અનેં હું જે કહું વિચાર. ॥૧॥
વનેચંદ આવે સહી, અને જેવારે સભા મોઝાર;
જો તમ ઉલટ ઉપન્યો, પુત્રી જોવા સાર. ॥૨॥
લગ્ન દિવસ થોડા રહ્યા, તે માટે કહું વાણ;
અમ કુળ એહવી રીત છે, અનેં જેમ હોએ કલ્યાણ. ॥૩॥
નગર બાહીર વાડીવિશેં, અનેં દેરૂ છે અતીસાર;
ચંડીકામાતા તેહ તણું, અનેં ભવાનાં અતીશ્રીકાર. ॥૪॥
તસ થાનક નાચે સહી, અનેં જે કહે તમ નાર.
વીણા વગાડવી તિંહા સહી, અનેં તમો તિંહા નીરધાર. ॥૫॥
કુળની રીત તે કીજીએં, અનેં તે એ દેખેં પ્રધાન;
વનેચંદ તિંહા આવીઆ, અનેં સહીપની દીધું માન. ॥૬॥
બેઠાં અર્ધ આસનવિષે, અનેં એમ બોલ્યા રાજન;

વનેચંદજી સાંભળો, અને કહું છું એક વચન. ॥૭
અમ કુળ એહવી રીત છે, અને તે તમને કહું વાત;
વિબુધી પ્રધાને જે કહી, અને તે કહી સઘળી વાત. ॥૮
તે માટે તમને કહું અને સાંભળજો મુખ વાણ;
માતા ભકિત કરીએ સહી, અને જેમ થાયે કલ્યાણ. ॥૯
તે માટે વેલાં જઈ, અને આવો તિંહા મહારાજ;
સાંજ સમે વાડીવિશે, અને દેવથાનક તિંહા આજ. ॥૧૦
તમેં અમોને જે કહ્યું, તે શુભ કરવું કામ;
માતા ભકિત કરતાં થકાં, અને હોયે જેમ કલ્યાણ. ॥૧૧
એહવું કહીને ઉઠીયાં, અને વનેચંદ નિરધાર;
રાય ઉઠી ઉભા થયા, અને આવ્યા મંદીર મોઝાર. ॥૧૨
મન વિમાસણ અતી ઘણી, શ્યો કરવો પરપંચ;?
એ તો કહ્યું માને નહી, અને વાત ન આવે સંચ. ॥૧૩

## ॥ ઢાળ ૬ ઠી ॥

॥ દેશી ચોપાઈની ॥

*એ કથા એટલેથી રહી, અને વિદ્યાવિલાસીની* કહેશું સહી; વિદ્યાવિલાસી પીરસી કરી, અને ત્રીજે માળીએ ચડી મન રળી. ॥૧॥ મનમાં ઘણી વિમાસણ કરેં, અને એકેવાતનેં પોચેસરે; એણેં લીપી વાંચી નીરવાણ, અને એ તો કાંઇક વાત વિશ્રામ. ॥૨॥ એ મુરખ હું જાણું સહી, અનેં તે વાતમાં સંદેહ નહી; મહીપતી માન દીએ અતિઘણું, અને એ અચંભો મુજ લાગે ઘણો. ॥૩॥ હું મુખથી જે બોલી વાત, અનેં પુછું કોઇકને વિખ્યાત;

તે તો એ સ્ત્રી લાવ્યો સોળ, રાય ભોજન કરવા આવ્યો મોહોલ. ॥૪॥ એ પઠપારણુ હું જાણું સાર, અને તે શુ એવડો લહે વિચાર; એ મુરખને શું આવડે, અને કીરતી કરતો હશે ધન વડે. ॥૫॥ ધનથી જે કરીએ તે થાય, અને ધન હોય તો માને રાય; કોઈ પંડિતને પુછી વળી, અને લાવ્યો સોળ સ્ત્રી તે સાંભળી. ॥૬॥ એહનો હું શું કરૂં વિચાર, એ મુરખ શું જાણે સાર; તે માટે હવે માહરે સહી, અને મુખ તો એહનું જોવું નહી. ॥૭॥ એહવો મનશું કરી વિચાર, અને આપોપે બેઠી નિરધાર; વનેચંદ વિચાર જ કરે, એહવી વિમાસણ હૈયે ધરે. ॥૮॥ પહોર એક રહ્યો દીન ખરો, અને વનેચંદ કરે ખરખરો; ચિંતા મનમાં સબળી ગ્રહી, અને ધાવે તો મુખ દીઠું સહી. ॥૯॥ પુછે વનેચંદને તે વાત, અને કહો સ્વામી મુંજને વિખ્યાત; વનેચંદ કહે પુછે ધાવ, કહું એટલું કરે કદાચ. ॥૧૦॥ વનેચંદે કહ્યુ તેહ પરમંત, અને ધાવશું એ લહ્યું દુઃખતંત; એ વાત હું પુછું જઇને સહી, અને સ્વામી મુજને જે વિધ કહી. ॥૧૧॥ વળતી ધાવ સુણ વાતજ લહી, અને વિદ્યાવિલાસી પાસે ગઈ વહી; જે વીધ વનેચંદે કરી માત, અને સખીએ સકલ કહે અવદાત. ॥૧૨॥ વિદ્યાવિલાસી બોલી ઇશું, અરે માત તેં એ કહ્યું કીશું? એ મુરખ શું વીણા જ વજાય? અને પશ્ચિમદીશી જો રવિ થાય. ॥૧૩॥ હુતાશન જો શીતલ થાય, તો

એ મુરખ વેણુજ વાય; જો શશીહર દાવાનલ દહે, તો એ મુરખ વેણુજ લહે. ॥૧૪॥ એહ વિણા ન વાએ રંગ, માહરા નામમાં કરે સર્વ ભંગ; વળતી ધાવ બોલી મુખ વાણ, અને સાંભળ પુત્રી ચતુર સુજાણ. ॥૧૫॥ આપોને વેણ વનેચંદ હાથ, અને જોઇ નાદ જજે એહ સાથ; કાંઈક મન પલકયું તેણીવાર, અને આપી વેણ સખી કર સાર. ॥૧૬॥ એહને આપતું વેગે વળી, અને પ્રગટ પારખું જોઈએ કળી, આપી વેણ વનેચંદે પણ, અને કર્યો નાદ વેગે સહી જાણ. ॥૧૭॥ તેણે નાદે મોહ્યા સુરનાથ, વિદ્યાવિલાસી કેહી માત્ર?; સુણીનાદ મન ચમકી વળી, અને દેહતણી સુધ સઘળી ટળી. ॥૧૮॥ વનેચંદ તો વેણુજ વાય, અને ઉપર વિદ્યાવિલાસી હરખાય; સંગીત તાન તિંહા માંડયું સહી, અને નાચે એ લી ઉપર રહી. ॥૧૯॥ વિદ્યાવિલાસી બોલી વાંણ, અને સાંભળ ધાવ મુજ ચતુર સુજાણ; તું કહેતી તે સર્વ ખરૂં, અને પ્રગટ મેં જોયું પારખું. ॥૨૦॥ વરસ આઠની ભાંજવી લાજ, અને કેમ બોલાવું હું મહારાજ ?; તે માટે સાંભળ મુજ માત, અને અણબોલી હું આવીશ સાથ. ॥૨૧॥ આવ્યા પછી કાંઇક કરી ઉપાય, અને હું બોલાવીશ માહરો નાહ; એહવું કહીને હેઠી ઉતરી, અને વિવિધપરે શણગારજ કરી. ॥૨૨॥ સુખાસન બેસી સંચરી, અને સખી ધાવ સાથે પરવરી; આવ્યા વાડીમધ્યે તે સાર, અને ચંડીકામાતાને

૧ વીણા *

કર્યો નમસ્કાર. ॥૨૩॥ વનેચંદ રેવંતે ચડી, અને તેણે ઠામ આવ્યા તે વડી; વેગે સો ત્યાંહા આવ્યા રાજન, અને વિબુધીમંત્રી સાથે પ્રધાન. ॥૨૪॥ હવે નીશા એક પહોર જ ગઈ, અને સંગીત તાંન તીંહા માંડયું સહી; નાટક કરે વિલાસીનાર; અને વાહે વેણ વનેચંદ સાર. ॥૨૫॥ નાટક રંભા મોહ્યા સુરરાજ, અને વિબુધી મંત્રી મોહ્યા મહારાજ; મોહ્યા સુરનર કિંનર દેવતા, અને મોહ્યાં નાગલોકનાં જે હતા. ॥૨૬॥ વિદ્યાધર પામ્યા છે મોહ, અને જોવા આવ્યા છે સહુ કોઈ; શશીહર તો તીંહા થરથર્યા. દેખી નાટકને મોહ પામીઆ. ॥૨૭॥ વેણ વાએ વનેચંદ સાર. અને તેનાં નાદનો ન લહું પાર; તેણે નાદે મોહ્યો મેઘરાજ, અને મોહ્યા હસ્તી જે ગજરાજ. ॥૨૮॥ મોહ્યા મૃગ મોટા વનચર, અને મોહ્યા નાગ તે વેણને સ્વર; વિબુધીમંત્રી મોહ્યા મહારાજ, અને ડોલ્યા સ્વર્ગથકી સુરરાજ. ॥૨૯॥ દેવ કહે એ કારણ કીશું ?, અને મર્ત્યલોકમાં નાટક કીશું ?, વનેચંદ વાએ વેણ સાર, અને નાચે વિદ્યાવિલાસી નાર. ॥૩૦॥ હૈ હૈ પામ્યો હેમરથ રાય, અને કહે પ્રધાન એ શું કહેવાય; માહરા મનમાં જેહવું ઉપન્યું. અને તેહવું કામ સહી નીપન્યું. ॥૩૧॥ પુત્રી જોઈ થયો રળીઆત, અને જમાઇની શું કહેંવી વાત; વિદ્યાવિલાસી નાચી રહી, અને મધ્યરાત તે વેળા થઇ. ॥૩૨॥ વિબુધીમંત્રી રાજાશું વળ્યા, અને આવ્યા નગર મધ્યે તે મળ્યા; વિદ્યાવિલાસી વિચારે એમ અને પીયુને હું બોલાવું કેમ ? ॥૩૩॥ હવે

ડાબાપગનું નુપુર જેહ, અને એણે થાનક તે મેલ્યું તેહ; એણે મિસે બોલાવું ફરી, અને નુપુર સ્વામી તિંહા વિસરી. ॥૩૪॥ ઈસ્યું વિચારી મુંકુ સહી, અને સુખાસન પર બેઠી જઇ; પાસે ધાવ બેસારી ખરી, અને ચાલી તે નીજ મંદીર પરવરી. ॥૩૫॥ વનેચંદ થયા અસવાર, અને સાથે મંદીરમધ્યે સાર; જઇને ઉભા રાહ્યા, અને વિદ્યાવિલાસીએ જે બોલ કહયા. ॥૩૬॥

॥ દુહા ॥

વિલાસી મુખ એમ કહે, અને સાંભળજો મહારાજ,
નૃત્ય કરંતા તિંહા સહી, અને નુપુર પડીયું આજ. ॥૧॥
વનેચંદ વળતું કહે, અને સાંભળ કહું છું સાર;
નૂપુર તાહરા ચરણનું, અને હું લાવું નિરધાર. ॥૨॥
સ્વામી કેમ તિંહા જશો, અને ઘણી ગઈ છે રાત;
દરવાજા દીધા હશે, અને સીધાવજો પ્રભાત. ॥૩॥
તમને હું કેમ મોકલું, અને આ વેળા મહારાજ;
નેઉર માહરા ચરણનું, જો જાએ તો જાય. ॥૪॥
એમ કહી છેડો ગ્રહ્યો, અને નાખ્યો કોટમાં હાથ;
જાવા નહીં દઉં નાથજી, એમ કહી ભીડી બાથ. ॥૫॥
વનેચંદ એમ ઉચરે, અને સાંભળ સ્રી તું વાણ;
નેઉર જો લાવ્યા વિના, અમને નહી હોવે સુખ જાણ. ॥૬॥
એહવું કહીને સંચર્યા, અને વનેચંદ મહારાજ;
સ્ત્રી કહે વહેલા આવજો, અને શીઘ્ર થઈ મહારાજ. ॥૭॥

## ॥ ઢાળ ૭ મી ॥

॥ રાગ ચોપાઇની. ॥

વનેચંદ ઘરથી નિસર્યા, અનેં વાડીમધ્યે જઇનેં સંચર્યા; નૃત્ય કર્યું તે થાનક જેહ, અનેં નુપુર પડયું હતું તીંહા તેહ. ॥૧॥ તે તિંહાથી લીધું તેણીવાર, અનેં હરખ હૈયામાં થયો અપાર; તે તિંહાથી વેગે આવીઆ, અનેં દીઠાં દરવાજા ભીડીઆ. ॥૨॥ વનેચંદ વિમાસે ઇશું, અનેં હવેં કારણ કરવું કીશું ?; હવેં બાહેર જો વાસો રહું, અનેં તો તિંહા દુઃખ પામે છે સહુ. ॥૩॥ જો ભોગળ ઉઘડાવું સાર, અનેં ત્યારે ઓળખેં સહુ તેણી વાર; કહેશેં એહવી રાતજ મળી, અનેં વનેચંદ તે શયાનેં વળી. ॥૪॥ કહેશે ચાકર સહુ કિંહા ગયા, અનેં સ્વામી તમેં બાહિર કેમ આવીઆ ?; એહવી વાતે સુજનેં હસશે સહી, તે માટેં ઉઘડાવવું નહી. ॥૫॥ ઈંહા રહી કાંઇક કરૂં પ્રપંચ, જેમ નગરમાં જાઉં સંચ; ગરનાળામાં પેસી કરી, જાઉં વેગે મંદીર સંચરી. ॥૬॥ ગરનાળામાં પેસે રંગ, અનેં તિંહા બેઠો હતો એક ભોરીંગ; ડશ્યો ચરણ વનેચંદ તણો, પડયો ભોમ ધમકાર અતિ ઘણો. ॥૭॥ સંભારી ભગવંતજીનું ધ્યાન, અને દેવકૃષ્ણ ગુણ તે રાજન; વનેચંદ પડયા મહીજાણ, રે રેકાર શબ્દહુઓ તેણેં ઠામ. ॥૮॥ નગર બાહિર ગણિકા છે જેહ, અને મણિમંજરી કહેં તેહ; શબ્દ વેધી તે જાણો

સાર, અને રૂપકલા ગુણ ન લહું પાર; ॥૯॥ જાણી વિચાર ધબકાર જ તણો, અને બત્રીશ લક્ષણા પુરૂષ જ તણો !; એહવું જાણીને ઉઠી સહી, અને આવી વનેચંદ પાસે રહી. ॥૧૦॥ વનેચંદ નયણે નીરખીઆ, અને મણિમંજરી હૈડાં હરખીઆ; હવે માહરૂં સીધ્યું કાજ, અને વનેચંદને ઘરે રાખું આજ. ॥૧૧॥ ભુજંગને પડયું હતું વેર, અને મણિમંજરીએ ઉતાર્યું ઝેર; વનેચંદ થયા સાવચેત, અને બોલ્યા વારૂ વચન તેહ. ॥૧૨॥ માંગ માંગ વર આપું સાર, અને મણિમંજરી કહે તેણીવાર; સ્વામી વાત કહું નીરધાર, અને જો મુજ વર આપ્યો છે સાર. ॥૧૩॥ તે હું વચન કહું છું આજ, અને મુજ આવાસે રહેવું મહારાજ; અરહું પરહું તો જાવું નહી, અને એ વર હું માગું છું સહી. ॥૧૪॥ વનેચંદ એહવી વાત જ સુણી, અને એકવાત સાંભળો અમતણી; જયારે આજ્ઞા આપશો સાર, અને ત્યારે અમો જાશું તેણીવાર. ॥૧૫॥ મણિમંજરી બોલી વાત, અને વારૂં વચન કહ્યું મુજનાથ, આવો અમારે આવાસે જઈએ, અને સ્ત્રી ભરથાર થઇને રહીએ. ॥૧૬॥ એહવું કહીને ચાલ્યા રે વહી, અને નીજ મંદીર આવાસે સહી; વનેચંદ વળતું એમ વદે, અને સાંભળ મણિમંજરી તું રદે. ॥૧૭॥ શીયલ ધર્મ માહરો છે એહ, અને સ્ત્રી ભરથાર થઇ કેમ રહે તેહ; મણિમંજરી તવ બોલી વાણ, અને સુણો વનેચંદ ચતુર સુજાણ. ॥૧૮॥ માહરે તો એક તમો ભરતાર, અને નહી બીજો એણે સંસાર; મુજ સાથે

કરો ભોગ વિલાસ, અને જેમ હું પામું ઉલ્લાસ. ॥૧૯॥ આપ્યો બોલ કોલ નવી ફરે, અને વનેચંદ વિલાસ જ કરે; રાતે ભોગ કરે મન ધરી, અને દીવસે રાખે પોપટ કરી. ॥૨૦॥ મંત્ર બોલ કરી દોરો સાર, અને જમણે પગે બાંધ્યો તેણી વાર; તેણે દોરે પોપટ થયો, અને કનકપાંજરામાં રાખીઓ. ॥૨૧॥ રાત્રે પુરૂષ કરે તે નાર, અને ભોગ વિલાસ કરે અતિસાર; દિવસે દોરો બાંધે વળી, અને મણિમંજરી મન પહોંચે રળી. ॥૨૨॥ પાંચમે માળ ઉપર નિરધાર, અને તીંહા એહની સેહજ છે સુખસાર; તે ઉપર કનક પાંજરૂં, અને વનેચંદ પોપટ તેહ તણું. ॥૨૩॥ એહવી જુગતે અનુદીન રહે, અને તે વાત કોઈ નવી લહે; એ વાત તે ઇહાંથી રહી, અને વિદ્યાવિલાસીની શી ગતી થઇ.? ॥૨૪॥

## ॥ ઢાળ ૮ મી. ॥

॥ રાગ વેરાડીનાં છે. ॥

પીયુ પીયુ કરી વિલાસી રૂવે, નવી આવીઓ નાહ રે; બોલ હાથે રે મુજ દેઈ ગયો, કહેને કહું મનની વાત રે. પીયું. ॥૧॥ હા હા ફોગટ મે મોકલ્યો, લેવા નેઉર કાજરે; રાત આખીરે વહી ગઈ, નવી આવ્યો મારો નાહરે. પીયુ. ॥૨॥ દુઃખ ધરતાં દિન ઉગીઓ, જોઇ વાટ અપાર રે; મે જાણ્યું પોળ બાહીર રહ્યા, વાસો વાડી મોઝાર રે. પીયુ. ॥૩॥ મેં સહી જાણ્યું હવે આવશે, તે તો નાવ્યો

નેહરે; ઘરમાંહેથી રે આવું આંગણે, વળી જાઉં ઘરમાંહે રે. પીયુ. ॥૪॥ ધાવને પુછે રે સુંદરી, શ્યો થયો ઉત્પાત રે; આઠવરસનાં રે રૂસણાં, સહી સંભારી બાત રે: પીયુ. ॥૫॥ મેં એહવું જાણ્યું નહી, કે છે ચતુર સુજાણ રે; ફોગટ હું અળગી રહી, માહરા કર્મનો વાંક રે. પીયુ. ॥૬॥ મેં સ્વામીને બોલ કઠણ કહ્યા, બહુ વેધે અપાર રે; તે મનમાં ધર્યા નહી, એહના ગુણનો નહીં પાર રે. ॥૭॥ ધાવને પુછે એમ ઉચરે, સુણ બાઇ તું વાત રે; હું તુજને કહેતી સહી, તું નહી માનતી માત રે. પીયુ. ॥૮॥ રીસ ઘણી વરસ આઠની, કાઢી સામટી તેહરે, એહવું જાણીને મેલી ગયા, જોઈ માહરો છેહ રે. પીયુ. ॥૯॥ એણે દુઃખે અન્નજ પરીહરૂં, તજું સકલ શણગાર રે; નિદ્રા ન આવે મુરત, કરેં દુધનો આહાર રે. પીયુ. ॥૧૦॥ જળ-વિના જેમ માછલી, તેમ ટળવળે નાર રે; કોઇ કહે વનેચંદ આવીઆ, આપું રૂદ્ધિ અપાર રે. પીયુ. ॥૧૧॥ માસ ખટ જુઓ વાટડી, જો નહીં આવે નાથ રે; અગ્નિમાં સિન્ચું જાતડી, સખી સાંભળ વાત રે. પીયુ. ॥૧૨॥ હેમરથરાયેં સાંભળ્યું, થઈ ચિંતા અપાર રે; કિંહા ગયા વનેચંદ ગુણ ભર્યા, જોયું નગર બહુવાર રે. પીયુ. ॥૧૩॥ વિબુધીમંત્રીને રાયે પુછીયું કહે આ શું કહેવાય રે; વનેચંદ આજ રીસાવીઆ, સહી નાચી આ માટે રે. પીયુ. ॥૧૪॥ આપણે ફોગટ કહ્યું, વળી નાચવા નાચ રે; તે માટે ઇહાંથી ગયા, સહી માનજો સાચરે. પીયુ. ॥૧૫॥

એવડું મેં નવી જાણીયું, જે દુહવાશે નર એહ રે; તે માટે રે તજી ગયા, આપણ દેઇ ગયા છેહ રે. પીયુ. ॥૧૬॥ એહવું કહીને રે ઉઠીઆ, સભા તજી તેણીવાર રે; હાહા હાહા દેવ તેં શું કર્યું ! આવ્યા જીંહા રહી નાર રે. પીયુ. ॥૧૭॥ નારીને વાત કહી વળી, પડી ધરતી મોઝાર રે; એહવો જમાઈ કિંહાથી રહે, ઘેર આપણે બાર રે. પીયુ. ॥૧૮॥ મુજમન હરખ હતો ઘણો, સરખા સરખી જોડ રે; કાંઇક તમેં દુહવ્યા હશે, કર્મેં પડીઓ છેહ રે. પીયુ. ॥૧૯॥ ભોજન ન ભાવેં રાયનેં, સુતાં ક્ષણ ન રહેવાય રે; રાજસભામાં આવેં નહી, ન કરે કોઇનો ન્યાય રે. પીયુ. ॥૨૦॥ ચતુરાઇ શુ કહું એહની, હું તો ઉત્તમ જાત રે; વનેચંદ શ્યાને માટેં ગયા, એ તો વસમી છે વાત રે. પીયુ. ॥૨૧॥ રાયે ઢંઢેરો ફેરવ્યો, વળી નગર મોઝાર રે; વનેચંદની જે સુધ કહે, આપું તેજી તોખાર રે. પીયુ. ॥૨૨॥ નીત્ય પડહો એમ ફેરવેં, પણ કોઈ ન કહે તસ ભાળરે; તેમ તેમ દુઃખ લાગે ઘણું ચડે રાયનેં કાળ રે. પીયુ. ॥૨૩॥ વિબુધીપ્રધાન પ્રત્યે કહે, સાંભળજો મુજ વિચાર રે; વનેચંદ ન આવે ખટમાસમાં, દેહી છંડશું સાર રે. પીયુ. ॥૨૪॥ લીલાવતીએ શ્રવણેં સુણ્યું, ગયા વનેચંદરાય રે; હા હા કરતી રે ધરણી ઢળી, મુરછાગત થાય રે. પીયુ. ॥૨૫॥ સખીએ ચિત્ત વાળ્યું સહી, બેઠી મંદિર જીંહાય રે; વાત કરેં દુઃખ અતિ ધરેં, વિચારે મનમાંય રે. પીયુ. ॥૨૬॥ હું મનમાંહે હરખતી, તે તોડાવી

મુજ આશ રે; હા હા! દેવ તેં શું કર્યું? હવે થઈ નિરાશ રે. પીયુ. ॥૨૭॥ કુમરીએ સ્વાદ સર્વે તજ્યા, કરે કુરકો આહાર રે; વસ્ત્રાભરણ સર્વે તજ્યા, તજ્યા કાજલ સાર રે. પીયુ. ॥૨૮॥ સફેદ વસ્ત્ર પહેરી એક રહી, બેઠી અગાશી મોઝાર રે; ધ્યાન ધરે વનેચંદ તણું, અવર ભરતાર ન સંસાર રે. પીયુ. ॥૨૯॥ સોવન ખાટડી દોરડા, તજ્યા મુખનાં તંબોળ રે; અનુદિન ધ્યાન એહનું ધરે, નવિ દે કોઇને બોલ રે. પીયુ. ॥૩૦॥ કોઇ કહે વને-ચંદ આવીયા, આપું મણી એક સાર રે; જીભ ઘડાવું સોવનતણી, આપું નવલખો હાર રે. પીયુ. ॥૩૧॥ માસ ખટ જોઉં વાટડી, નાવે વનેચંદરાય રે; કાષ્ટ દીઉં આ દેહડી, હોમું કાષ્ટમાં કાય રે. પીયુ. ॥૩૨॥ એમ કરતાં રે થયા સહી, પુરણ ખટ માસ રે; ત્રણ દિવસ ઓછા હતાં, તુટી સર્વની આશ રે. પીયુ. ॥૩૩॥

॥ દુહા ॥

આશા તુટી સર્વની, અને બોલાવે તસ ગામ;
વનેચંદ લાધ્યા નહી, અને દુ:ખ પામે રાજન. ॥૧॥
વિબુધી મંત્રીને કહે, અને હું દેહ તજું નિરવાણ;
વચન અમારૂં જો ફરે, અને પશ્ચિમ ઉગે ભાણ ॥૨॥
વિદ્યાવિલાસી એમ વદે, અને સાંભળ ધાવ સુજાણ;
વનેચંદ આવ્યા નહી, અને પ્રાણ તજું નિરવાણ. ॥૩॥
લીલાવતી એમ ચિંતવે, અને નાવ્યો મુજ કંત;
કાષ્ટ ભક્ષણ હવે હું કરૂં, અને તેમ ન પામું શાંત. ॥૪॥

એહવો પરઠ કરી રહ્યા, આપ આપણું મન એક;
વનેચંદ જાણીઆ, અમ સહુ પામસે ચેતન. ॥૫॥
તેણે દિવસે મણિમંજરી, અને ભોગ કરી અતિ સાર;
પોપટ ઘાલી પાંજરે, અને ખીલી ન દીધી બાર. ॥૬॥
નિદ્રાભર સુતી હતી, અને આળસ કીધું જાણ;
ખીલી દેવી વિસરી, અને સુતી સહી નિરવાણ. ॥૭॥
મધ્યરાતે તેણે સમે, અને વનેચંદ છે જેહ;
પોપટરૂપે પાંજરે, અને તિંહાથી ઉડયો તેહ. ॥૮॥
વિલાસી ઘર આવીયા, અને દીધા દીઠાં દ્વાર;
તિંહાથી વેગે આવીઆ, અને રાયકન્યા જિંહા સાર ॥૯॥
અગાશી ઉપર સહી, અને બેઠી છે નિરધાર;
ઉંઘ ન આવે ઝુરતાં, ધ્યાન ધરે વનેચંદ સાર. ॥૧૦॥
લીલાવતી કર જઈ રહ્યો, અને પોપટ તેણીવાર;
લીલાવતી મુખ એમ કહે, અને આવો પ્રાણ આધાર. ॥૧૧॥

## ॥ ઢાળ નવમી ॥

॥ રાગ ગોડીમાં ॥

ભલે રે આવ્યો રે વાલો પોપટો, પોપટ કહો કાંઈ નગરીની વાત રે; રાત સમે રે કેમ આવીયા?, શું મુજ મંદીર કાજ રે?. ભલે. ॥૧॥ વનેચંદરાય તો કિંહા ગયા, જાણો કાંઈ તેહની વાત રે; તે મુજ આગળ દાખવો, જેહથી થાઉં રળીઆત રે. ભલે. ॥૨॥ પોપટ વળી એમ ઉચરે, સાંભળ લીલાવતી નાર રે; વનેચંદ છે સહી નગરમાં, કુશળ જે દેહ નીરધાર રે. ભલે૦ ॥૩॥ લીલાવતી એમ વળતું

કહે, સાંભળો પોપટ વાત રે; નગરમાંહે કિંહા ઠામ છે? તે મુજ કહો અવદાત રે. ભલે૦ ॥૪॥ જ્યારે સાંભળું સુખ ઉપજે, દુઃખ દૂરે તે જાય રે; વનેચંદજીની શુધ જેમ કહે, જેમ સુખ પામું હુંકાર રે. ભલે૦ ॥૫॥ પોપટજી વળતું વદે, સાંભળ લીલાવતી નાર રે; વનેચંદ છે તુજ માળીએ, મ ધરીશ દુઃખ લગાર રે. ભલે૦ ॥૬॥ લીલાવતી મુખ વળતું વદે, સાંભળ પોપટ સાર રે; પોપટજી વળતું કહે, અસત્ય ન ભાખું હું સાર રે. ભલે૦ ॥૭॥ વનેચંદ સહી તુજ માળીએ, તુજ કર બેઠો છે ધીર રે; લીલાવતી વચન વળતું કહે, સાંભળો કંથજી વાત રે. ભલે૦ ॥૮॥ સ્વામીજી પોપટ કેમ થયા? તે મુજ કહો નિરધાર રે; પોપટજી એમ ઉચરે, સાંભળ નાર તું વાત રે. ભલે૦ ॥૯॥ વનેચંદ પરવશ છે સહી, વચને બાંધી છે જાત રે; તે માટે હું તુજને કહું, દે તારા બાપનો બોલ રે. ભલે૦ ॥૧૦॥ વનેચંદ સહી હમણાં મળે, તવ તું પાળજે કોલ રે; લીલાવતી એમ ઉચરે; સુણો સ્વામી મુખ બોલ રે. ભલે૦ ॥૧૧॥ વનેચંદ થઈ મુજને મળે, સાત પેઢીનો આપું કોલ રે; પ્રભુજી તમે કહો તેમ કરૂં, પ્રગટ થાઓ પ્રાણ આધાર રે. ભલે૦ ॥૧૨॥ તુમવિના હું અતિ ટળવળું, ટળવળે વિલાસી નાર રે; તુમ વિના સર્વે સુનું પડયું, દુઃખ ધરે અતિ ધાવમાત રે. ભલે૦ ॥૧૩॥ વિબુધીમંત્રી દુઃખીઓ થયો, ટળવળે માત રાજન રે; તે માટે રે વહેલા થઈ, પ્રગટ કરો અવતાન રે. ભલે૦ ॥૧૪॥ તેમાં સહુને સુખ ઉપજે,

હરખ હૈયા મોઝાર રે; વનેચંદે ચરણ આગળ ધર્યો, નારી આ દોરડો છોડ રે. ભલે૦ ॥૧૫॥ હમણાં રૂપ પ્રગટ કરૂં, પહોંચશે તાહરા કોડ રે; નારીએ દોરો છોડીઓ, વનેચંદ થયા તેણીવાર રે. ભલે૦ ॥૧૬॥ રહ્યા સંગે ભીડી રહી, નયણેં વહે જળધાર રે; લીલાવતી તવ પુછતી, કહેજો પ્રભુજી તમતણી-વાત રે. ભલે૦ ॥૧૭॥ કોંણ નારેં તમનેં રાખીઆ?, કહો મુજ સકલ અવદાત રે; વનેચંદ વળતું કહે, સાંભળ નારી તું વાત રે. ભલે૦ ॥૧૮॥ પોળબાહીર મણિ મંજરી, ગણીકા છે તેહની જાત રે; તેહ વાસે અમેં રહું, પંજર પાંચમે માળરે. ભલે૦ ॥૧૯॥ તે માટે તુજનેં કહું, વાત પડે રખે બહાર રે; અળગો તેડી કહેજે રાયનેં, માંગે પોપટ સાર રે. ભલે૦ ॥૨૦॥ ગુણકા શું પ્રાણ માંડશે, વનો કરજે ન કરીશ જોર રે; જીવ આપ્યો મને એણીએ, મ કરીશ ઘણો તે શોર રે. ભલે૦ ॥૨૧॥ વનેચંદ એમ ઉચરેં, દોરડો બાંધ તું સાર રે; જાઉં વેગે નીજ પાંજરેં, રખેં જાગે મંજરી નાર રે. ભલે૦ ॥૨॥ લીલાવતીએ દોરો બાંધીયો, જઈ બેઠો પાંજરા માંહે રે; મણિમંજરી જાગી નથી, હરખ્યો અતિ મનમાંહે રે. ભલે૦ ॥૨૩॥

॥ દુહા ॥

લીલાવતી વિચારતી, અને હૈયે હરખ અપાર;
ક્યારે દીન ઉગેં સહી, અનેં કહું પીતાનેં સાર. ॥૧॥
એમ કરતાં દીન ઉગીયો, મન પામી ઉલ્લાસ;
વેગે ચાલી સુંદરી, અનેં આવી રાયની પાસ. ॥૨॥

પીતાએ મુખ નીરખીયું, કહો કાંઈ કારણ એહ;
અહીં આવી તું હરખતી, અને છે કાંઈ સન્દેહ. ॥૩॥
લીલાવતી કહે તાતજી, અને વચન સુણો મુજ સાર;
વનેચંદ આવ્યા હતાં, તે તમને કહું વિચાર. ॥૪॥
હું બેઠી હતી માળીએ, અને દુઃખણી થઈ નિરધાર;
પોપટરૂપે આવીઆ, અને મુજ કર બેઠા સાર. ॥૫॥
તે વારે મેં પુછીયું, અને કહો પોપટજી સાર;
વનેચંદ દીસે નહીં, તે જાણો કાંઈ વિચાર. ॥૬॥
વળતું તેણું એમ કહ્યું, અને દોરો પગથી છોડ;
તવ મેં દોરો છોડીયો, અને પહોંચ્યા વંછિત કોડ. ॥૭॥
વનેચંદ રૂપ પ્રગટ થયું, તવ મેં પુછી વાત;
સ્વામીએ મુજને કહ્યું, તે તમને કહું તાત. ॥૮॥
વચન સુણી પુત્રી તણા, રાય પામ્યો અતિ સુખ;
માસ ખટ દોહિલ ગયા, ધન ધન વનેચંદ ભુપ. ॥૯॥
હેમરથરાય મન હરખીયો, અને વેગે કર્યો પસાય;
વિબુધીમંત્રી આગળ કહ્યું, અને ઉલટ અંગ ન માય. ॥૧૦॥
રાયે સેવક એક મોકલ્યો, અને વિદ્યાવિલાસી પાસ;
વનેચંદજી પ્રગટ સહી, તે મન પામી ઉલ્લાસ. ॥૧૧॥
રાય પ્રધાન સર્વ સંચર્યા, અને વનેચંદજીને કાજ;
ગણીકાવાડો ખોળવા, અને માંડયો છે મહારાજ. ॥૧૨॥
ખોળી ખોળીને આવીયા, મણિમંજરી ઘરે દુવાર;
વેગે હેઠે ઉતરી, કહે મુજ ધન્ય અવતાર. ॥૧૩॥
મંદિર મધ્યે પધારીયા, અને સ્વામીજી મહારાજ;
ભાગ્ય માહરા ભવતણાં, તમો પધાર્યા રાજ. ॥૧૪॥
એહવા વચન સુણી ગયા, ઘરમધ્યે સર્વે સાથ;

જોવે રચના અતિઘણી, અને નવનવેરી ભાત. ॥૧૫॥
ચાર માળ મુકી કરી, આવ્યા પાંચમે સાર;
સેહેજ ઉપર પાંજરૂં, અને દીઠું તેણીવાર. ॥૧૬॥
સેહેજ ઉપર બેઠા જઈ, અને રાય મન હરખ અપાર.
વિબુધીમંત્રી પાસે રહ્યા, અને બીજા સુભટ સાર. ॥૧૭॥
પોપટજીને દેખતાં, અને રાય બોલ્યા મુખ વાત;
મણિમંજરી સાંભળી રહી, અને જોડીને બેહુ હાથ. ॥૧૮॥
મણિમંજરી સાંભળ સહી, અને હું માંગુ તુજ પાસ;
તે અમને તું આપજે, અને મન ધરી ઉલ્લાસ. ॥૧૯॥
મણિમંજરી વળતું વદે, વચન સુણો મુજ ઈશ;
સર્વ તમારૂં છે સહી, અને વન પોપટ મુજ શીષ. ॥૨૦॥
વળતું તે મહીપતી એમ કહે, અને સાંભળ તું ગણીકા પાત્ર;
તું મંદીર અમે આવીયા, અને પોપટ છે કઈ માત્ર. ॥૨૧॥
પ્રધાન કહે મણિમંજરી, અને આપો પોપટ આજ;
ના કેમ કહીજે તમે, અને માગે છે મહારાજ. ॥૨૨॥
મણિમંજરી વળતું ભણે, અને વાત સુણો મુજ ઈશ;
પોપટ પછી લેઈ જજો, પહેલું લીયો મુજ શીષ. ॥૨૩॥
હેમરથ રાય વળતું વદે, નહી કાંઈ બળનું કામ;
જે તું માગ મુજ કને, તે આપું વરદામ. ॥૨૪॥
સુભટ સહુ કોઈ એમ વદે, અને રાજા કરો પસાય;
તે માટે મણિમંજરી, મુખ ન કરશે ન્યાય. ॥૨૫॥
વળતું તે મણિ મંજરી, રાય આપું વરદાન;
વચન તમારૂં પાળવું, અને જે માંગું નિરવાણ. ॥૨૬॥
રાય પ્રત્યે વળતું કહે, સાંભળજો કહું સાર;
પોપટ રૂપે પાંજરે, વનેચંદ નિરધાર. ॥૨૭॥

તતક્ષણ દેશે છોડીઓ, અને થયા વનેચંદ રૂપ;
રાય ઉઠી ઉભા થયા, અને હરખે મળીઆ ભુપ. ॥૨૮॥
મણિમંજરી વળતુ વદે, અને માંગું છુ નિરધાર;
વિલાસી લીલાવતી, તેમ હું ત્રીજી નાર. ॥૨૯॥
સુણી વચન વનેચંદ પ્રત્યે, અને વળતું પુછે રાય;
વનેચંદ, મુખ ઉચરે, ખરૂં કહે છે ન્યાય. ॥૩૦॥
આ દેહી છે એહ તણી, અને એહનો બહુ ઉપગાર;
અમો પદારથ જે લહું, અને તેહનાં એ આધાર. ॥૩૧॥
અછતું તો નહી સહી, અને મણિમંજરી નીચ નાર;
મધ્યમની ઉત્તમ કરી, વનેચંદે તેણીવાર. ॥૩૧॥

## ॥ ઢાળ દસમી ॥

॥ ચોપાઇની દેશી. ॥

તસ થાનકથી ઉઠયા તે વળી, અને આવી ઘર પહોંચ્યા મનરળી; હરખે વિદ્યાવિલાસી મળી, અને તેની પ્રીત નવ જાએ કળી. ॥૧॥ ધાવ હરખ તણો નહીં પાર, અને તેહતણો શું કરૂં વિચાર; પરણી મણિમંજરી આવી તિહાં, વિદ્યાવિલાસી તે ઘર માંહી૦ ॥૨॥ તે બેહું રહે એકઠા સહી, અને બેહુની પ્રીત નવ જાયે કહી; ધાવ કહે સુણો મણિ-મંજરી, અને તુજને કહું છું વાત જ ખરી૦ તું માહરે મન પુત્રી સહી, અને જેહવી વિદ્યા-વિલાસી કહી; એણીપરે સુખ ભોગવે અપાર, અને હેમરથરાય કરે વિચાર૦ ॥૪॥ લહું લગનજ ઉતા-વળું, અને સકલ દેખી વર જોતાં ભલું; મહીપતી મંડપ કરે વિશાળ, અને જાચક બહુને આપે

દાન૦ ।।૫।। મનમાં હરખ ધરે રાજન, અનેં વિવાહ સામગ્રી કરવા કામ; લગન દીવસ જબ આવ્યો સહી, લીલાવતી કન્યા સજ થઈ૦ ।।૬।। વનેચંદ વરઘોડે ચડયા, અનેં વાંજિત્ર બહુછંદે ગડગડયા; તોરણ દ્વાર તે આવ્યા સહી, અનેં હેમપ્રીયા પોંખે સજ થઈ. ।।૭।। નાક સાહીને વર નીરખીઆ, અનેં રાજાદિક સહુ હરખીઆ; ત્રણેં ઘાટ ઘાલી તાણીઆ, અનેં વેગેં માયરામાં આણીઆ. ।।૮।। લીલાવતી જાલી વરમાળ, અનેં વનેચંદ કંઠે ઠવી રસાળ; હાથેહાથ મેળ્યા તેણીવાર, અને સહુકો બોલે જય-જય કાર. ।।૯।। ચોરીની રચના લહું અપાર, અનેં હેમપ્રીયા પાસેં કણસાર; મંગલ ફેરાફેરી કરી, અનેં લીલાવતી વનેચંદને વરી. ।।૧૦।। પહેરામણી જે આપી સાર; અનેં તેહતણોં નવ પામું પાર; પરણી નેં મંદીર આવીઆ, અનેં વનેચંદ મન હરખીત હુઆ. ।।૧૧।। જેહવી કરી વિલાસીનાર, અનેં તેહવી મંજરી ગુણભંડાર; તેહવી ત્રીજી લીલાવતી, અનેં વનેચંદનેં મન ભાવતી. ।।૧૨।। ત્રણેં નારનો સંપજ ઘણોં, પાર ન પામું તેહજ તણોં; વનેચંદ સોહે અતી અંગ, અનેં ત્રણેં સ્ત્રીશું રાખે રંગ. ।।૧૩।। એક સંવત્સર વોલ્યો સહી, હેમરથરાયનેં વાતજ કહી; જો સ્વામી અમનેં ઘો આદેશ, તો અમો જઈએ અમારે દેશ. ।।૧૪।। માતપિતા દુઃખ ધરતા હશે, અનેં તેહ મુજનેં ચિંતા બહું વસે; મહીપતી કહે વનેચંદ સુણોં, અનેં કહ્યો બોલ માનોં અમતણો. ।।૧૫।। તમો પધારો શ્યાને તિંહાં ? ર ા

માતપિતાને તેડવો ઇંહા હેમનગર તમારૂં સહી, અને આ વાતમાં સંદેહ નહીં. ॥૧૬॥ મુકી જાશો મહારાજ, અને સુખે કરો ઇંહાનું રાજ; વનેચંદ વળતું એમ વદે, અને સાંભળો રાય કહું તે રદે. ॥૧૭॥ જો કરીએ ઇંહાનું રાજ, અને તો માહરૂં નવી સીઝેંકાજ; તે માટે કહુંછું આજ, અને સસરા પાંસે રહેતાં લાજ. ॥૧૮॥ માત તાતનું નામ નવ લહે, અને રાજજમાઈ સહુ કો કહે; રાજાકહે વનેચંદ સુણો, અને જો તમને ઉલટ છે ઘણો. ॥૧૯॥ તો તમને કિંહા વારૂં છું અમો, અને સુખે પધારો નિજઘરે તમો; એહવું સુણી વનેચંદ વળે અને ચાલવાની સામગ્રી કરે. ॥૨૦॥

## ॥ ઢાળ દસમી ॥

॥ રાગ રામગીરીમાં ॥

રૂદ્ધિ અનંત ત્રણ સુંદરી સાથે, સુખ ભોગવે તે અતિસાર; ચતુરનર સેવોને સરસ્વતી સાર. દીવસ કેટલેક તિંહાથી, અનુક્રમેં નૃપ સુવિચાર. ચતુ. ॥૧॥ અમ પીતાને મળવા કારણ, અને ઉલટ એમ અતિ થાય, ચતુ. જો આદેશ દીઓ પૃથ્વીપતી, તો સોમનગરમાં જાય. ચતુ. ॥૨॥ રાયે કર મોકલ્યા મન મોહોટા, અને આપે ગરથ ભંડાર; ચતુ. ગજ રથ અશ્વ અમુલક પાયક, અને વસ્ત્ર વિવિધ પ્રકાર. ચતુ. ॥૩॥ વનેચંદના ગુણ સંભારી, અને મહીપતી રૂદન કરેં તેહ, ચતુ. નગર અમારૂં સર્વ સુખી કીધું અને તે કેમ વીસરી જાય. ચતુ૦ ॥૪॥ રાજાદિક

પુરલોક સઘળાં, અને વનેચંદને વળાવે. ચતુ૦ અર્ધરાજ્ય પરિવાર પોતાનો, આપણી સાથે ચલાવે. ચતુ૦ ॥૫॥ લીલાવતી મણિમંજરી સાથે, અને વિદ્યાવિલાસી નાર, ચતુ૦ રૂદ્ધિ અનંત કટકદલ સાથે, અને ચાલ્યા વનેચંદરાય. ચતુ૦ ॥૬॥ સોમપુરીને થોડે પહોંચ્યા, અને રાયે સુણ્યો અધીકાર; ચતુ. મીલણા લેઇને સામો આવ્યો, અને મન એક પામ્યો પાર. ચતુ૦ ॥૭॥ વેગે ચાલી ગયો નીજ પાસે અને ભુપતી મળીઓ અંગ; ચતુ૦ મયા કરો અમ ઉપર સ્વામી, અને નગર મધ્યે નિરધાર. ચતુ૦ ॥૮॥ સોમકળા પુત્રી અમારી, અને નેને કરો અંગીકાર; ચતુ૦ સોમકળાનો વિવાહ મળ્યો, અને વનેચંદ શું રાય. ચતુ૦ ॥૯॥ સાથે તેડી નગરમાં આવ્યા, અને ઉલટ અંગ ન માય; ચતુ૦ શેઠ રીખવદત્ત રીખમા ઘરે, અને વધામણીઆ જાય. ચતુ૦ ॥૧૦॥ રૂદ્ધિ અનંત કટકદલ સાથે, અને આવ્યા વનેચંદરાય; ચતુ૦ વાતસુણી રીખબદત્ત કુંમરશું મળીઓ, અને લોચને ચાલ્યા નીર. ચતુ૦ ॥૧૨॥ પ્રેમ ધરી બંધવશું મળીઆ, અને હરખ્યા ત્યારે વીર; ચતુ૦ વનેચંદ નીજ સૈન સકળશું, અને ઘરે આવ્યા તેણીવાર. ચતુ૦ ॥૧૩॥ રીખમાદે-માતા તવ મળીઓ, અને ઉલટનો નહીંપાર; ચતુ૦ તેણે સમે સોહાગણ બેહની, અને પહેર્યા નવરંગ ચીર. ચતુ૦ ॥૧૪॥ થાળ ભરી મુકતાફળ ઢોળ્યાં, એને વધાવે વનેચંદ વીર; ચતુ૦ લીલાવતી મણિ મંજરીનાર, એને વિદ્યાવિલાસી સાર. ચતુ૦ ॥૧૫॥

પાયે પડી સાસુનેં વેગે, અનેં પ્રેમધરી અપાર; ચતુ. રીખમાદે અતિ મનમાં હરખી, અનેં દેખી વહુરો અતિસાર. ચતુર૦ ॥૧૬॥ નીજ વીતી કહી સર્વ માંડીનેં. અને માત તાત નેં ભાત; ચતુ૦ વરસ બારની વાત કરંતા, અનેં વેગે થયું પ્રભાત. ચતુ૦ ॥૧૭॥

॥ દુહા ॥

સોમપાળ આવ્યા સહી, અનેં શેઠ રીખબદત્ત પાસ;
રીખબદત્ત ઉભા થયા, અનેં મન પામ્યો ઉલ્લાસ. ॥૧॥
સોમપાળ એમ ઉચરે, અનેં સાંભળ શેઠ વચન;
તુમશું સગપણ જોડતાં, અનેં ઉલટ અધિકો મન. ॥૨॥
રાય વનેચંદ અભિનવા, અનેં જે તમતણો કુમાર;
સોમકળા વરજોગ છે, અનેં કરૂં જમાઈ સાર. ॥૩॥
વળતું શેઠ વચન કહે, અનેં સાંભળો રાય સુજાણ;
જે વચન તમેં મુખથી કહ્યું, અનેં તે હું કરીશ પ્રમાણ. ॥૪॥
લીધું લગન ઉતાવળું, અનેં જોઈ ઊત્તમ સાર;
સોમપાળ મન હરખીઓ, અનેં ઉલટનો નહીં પાર. ॥૫॥
વિવાહ સામગ્રી કરી, અનેં રાજાએ તેણીવાર;
મંડપ રચના અતિ ઘણી, અનેં કહેતાં ન આવે પાર. ॥૬॥
અન્યોઅન્ય વિવાહ વેગે કરી, અનેં બેહુંજણ સઘળી રીત;
જાચકનેં બહુ દાન સહી, અનેં બેહુનાં છે એક ચિત્ત. ॥૭॥
લગ્ન દિવસ જવ આવીઓ, અનેં નાહી કન્યા સાર;
સર્વ શણગાર પહેરી રહી, અનેં રૂપતણો નહી પાર. ॥૮॥
વનેચંદ વરઘોડે ચડયા, અનેં સાંબેલા બહુ સાથ;
સજન સહુ આગળ થયા. અનેં જેમ શોભે સુરનાથ. ॥૯॥

તોરણદ્વાર પધારીઆ, અને વનેચંદ મહારાજ;
સોમવતી તવ સજ થઈ, અને પોંખણ કેરે કાજ. ॥૧૦॥

રોમવતી પોંખી વળી, અને સોમકળા તતકાળ;
વનેચંદ કંઠે ઠવી, અને વેગે લેઈ વરમાળ. ॥૧૧॥

હાથેહાથ મેળ્યો સહી, અને વરત્યા મંગળ ચાર;
સોમવતી વેગે કરી, અને પીરસે તિંહા કંસાર. ॥૧૨॥

જાચક જસ બહુ તિંહા વદે, અને વરત્યો જયજયકાર;
વનેચંદરાય પરણીઆ, અને સોમકળા નીજ નાર. ॥૧૩॥

પહેરામણી આપી ઘણી, અને સોમપાળ ભુપાળ;
ગજરથ ગેરલ અતિ ઘણાં, અને મણી માણેક તતકાળ. ॥૧૪॥

અર્ધરાજ આપ્યું સહી, અને તિલક વનેચંદ શીષ;
આણ દાણ ફેરી સહી, અને અર્ધનગરનો ઈશ. ॥૧૫॥

પરણી મંદીર આવીઆ, અને નારી સંઘાતે પ્રેમ;
ચારેશું સુખ ભોગવે, અને આણંદ કુશલ ક્ષેમ. ॥૧૬॥

નહીં ઓછી અધિકી નહીં, અને ચારે છે સમતોલ;
રાયવનેચંદ પાંચમાં, અને કરતાં નીત્ય કલ્લોલ. ॥૧૭॥

લીલાવતી મણિમંજરી, અને વિદ્યાવિલાસી નાર;
સોમકળા શશીહર સમી, અને રૂપતણો નહીં પાર. ॥૧૮॥

## ॥ ઢાળ ૧૨મી ॥

॥ ચોપાઇની દેશી. ॥

એમ કરંતા બહુ દીન ગયા, અને સોમનગરનાં રાજી થયા; વનેચંદ મુખ બોલ્યા વાત, અને સુણો ભ્રાત તાત વિખ્યાત. ॥૧॥ જે વચન મુજ મુખથી

નીસર્યું, અનેં તે નાથેં સફલું કર્યું; હું તવ બોલ્યો લેશું રાજ, અનેં તે ભગવંતે આપ્યું આજ. ॥૨॥ વળતું મુખથી બોલ્યા તાત, અનેં અકલ સ્વરૂપ છે જગનાં નાથ; એ વાત તે ઇંહાથી રહી, અનેં શીતલ-પુરમાંવાતજ થઇ. ॥૩॥ શીતલ મહીપતીશ્રવણેં સુણ્યું, અનેં હૈયામાં સુખ પામ્યો ઘણું; ધન્ય ધન્યરે પુત્રી અવતાર, અનેં વનેચંદ સરખો ભરતાર. ॥૪॥ પ્રેમ-વંતી રળીયાત જ થઈ, અનેં ચંદ્રબુધીશું વાત જ લહી; હરખ્યો મનશું કરે વિચાર, અને ધન્ય ધન્ય વનેચંદ તુજ અવતાર. ॥૫॥ દેવકૃષ્ણશું જાણી વાત, અને હૈયે હરખ પામ્યો મનસાથ; ભલે સરસ્વતી થઈ તુષ્ટ-માન, અનેં એ બાળકનાં સીધ્યાં કામ. ॥૬॥ પંડ્યાણીનેં કહે વિચાર, અનેં મુરખચટ થયો તપસાર; પંડાણીએ શ્રવણેં સુણ્યું, અનેં હૈયામાં સુખ પામી ઘણું. ॥૭॥ માતા સરસ્વતીનો આધાર, અનેં વનેચંદ પામ્યો સુખસાર; ભલું થયું જે પામ્યો રાજ, અનેં વંછીત સરીયા એહનાં કાજ. ॥૮॥ એહવી વાત અન્યોઅન્ય કરી, અનેં શીતલ પામ્યો મન ધરી, હવે વાત સાંભ-ળજો સહી, અનેં સોમનગરીની કહેશું સહી. ॥૯॥

## ॥ ઢાળ ૧૩મી ॥

॥ ધનાશ્રીમાં ॥

સોમનગર રાજ ભોગવેં, આણંદશું રે. તંહા વનેચંદ વીર કે; મનભગવંતશું રે. માત તાત આગળ કરેં, આણંદશું રે. ભ્રાત ચારે મહાધીર કે. મન. ॥૧॥ વનેચંદરાય સોહામણાં, આ૦ સુંદર દીસેં અંગ

કે; મન૦ ચારેય સ્ત્રી રળીયામણી, આ૦ રાખે સહુશું રંગ કે. મન૦ ॥૨॥ સોમપાળ હરખ્યો ઘણું, આ૦ ધન્ય-ધન્ય વનેચંદરાય કે. મન૦; દિન દિન દેખી ઉલ્લસે, આ૦ ઉલટ અંગ ન માય કે. મન૦ ॥૩॥ સદ્‌ગુરૂ વચન હૈયે ધર્યું, આ૦ દયાવંત રાજન કે; મન૦ સરસ્વતીનાં આધાર શું, આ૦ દેવકૃષ્ણ ગુણ કે મન૦ ॥૪॥ દેવકૃષ્ણને તેડાવીઆ, આ૦ વનેચંદ દીએ બહુમાન કે; મન૦ ચરણ પખાળીને પુજીઆ, આ૦ આપ્યા વંછિતદાન કે. મન૦ ॥૫॥ દેવકૃષ્ણ સાથે મોકલી, આ૦ ભેટ ભલી અતીસારકે; મન૦ ચંદ્રબુદ્ધિને આપજો, આ૦ કહેજો અમારો જુહારકે. મન૦ ॥૬॥ નગરજન સહુ સુખી કર્યા, આ૦ ધન્ય ધન્ય વનેચંદરાય કે; મન૦ આશીષ સહુ-કોઈ એમ દીએ, આ૦ ધન્ય ધન્ય રીખમાદે માત કે. મન૦ ॥૭॥ રાજ અખંડ ભોગવે, આ૦ આણંદ લીલવિલાસ કે; મન૦ દેવપૂજા નિત્ય કરે, આ૦ પહોંચી વંછિત આશ કે. મન૦ ॥૮॥ ઘેર સ્ત્રીઓને પુત્ર રહ્યા, આ૦ ચારેને આવ્યા નિધાન કે; મન૦ વિલાસીકુમર વિલાસી તણોં, આ૦ મણીરત્ન મહાવીર કે૦ મન૦ ॥૯॥ રૂપકુંવર લીલાતણોં, આ૦ સરસકુંવર મહાધીર કે; મન૦ ચારે પુત્ર સોહામણાં, આ૦ સરખા સહુના રૂપ કે. મન૦ ॥૧૦॥ પુત્રને દેખી ઉલ્લસે, આ૦ નાતમાં વનેચંદ ભુપ કે; મન૦ કાળ કેટલોક વહી ગયો, આ૦ મન વિચારે મહારાજ કે. મન૦ ॥૧૧॥ રાજકાજ અસ્થિર છે એ દેહી, આ૦ સારૂં ઉત્તમ કામ કે; મન૦ રાજતિલક સુતને કરી, આ૦ લીધો સંજમભાર કે. મન૦ ॥૧૨॥ અખંડ ચારિત્ર

પાળી કરી, આ૦ પહોંચ્યા મુકિત મોઝાર કે; મન૦ એહ વાત જે સાંભળે, આ૦ એકમના નરનાર કે. મન૦ ॥૧૩॥ આશા પહોંચે તેહતણી, આ૦ પામે ભવનો પાર કે; મન૦ વનેચંદ ગુણ ગાવતા, આ૦ પહોંચે વંછિત કોડ કે. મન. ॥૧૪॥ ચંદ્રઉદેય બેહુ મળી, આ૦ હરખેં કીધી જોડ કે; મન૦ સુરત શહેર સોહામણું, આ૦ મહીધરપરામાં વાસ કે. મન૦ ॥૧૫॥ નાત ચોરાશીમાં વાણીયો, આ૦ તેહતણોં શણગાર કે; મન૦ શ્રી શ્રીમાળીની થાપના, આ૦ લખુશાખા નીરધાર કે. મન૦ ॥૧૬॥ માત તાત આરોગ્ય છે, આ૦ બુદ્ધિ વિચાર સુજાણ કે; મન૦ ધરે તો ધર્મ ભોગવે, આ૦ શ્રાવકકુળ આચાર કે. મન૦ ॥૧૭॥ સત્તરસો બત્રીશમાં, આ૦ દીવાળીને દીન કે; મન૦ તે દહાડે બેહુંજણા મળી, આ૦ હરખેં કીધી જોડ કે. મન૦ ॥૧૮॥ માંડયો એ ઉલાસથી, આ૦ દેવદીવાળીને દીન કે; મન૦ ભાઈ બેની બુધથકી, આ૦ કીધો એ પ્રતિબંધ કે. મન૦ ॥૧૯॥ તે દહાડે એમ બેઠાં થકી, આ૦ ઉલટ ઉપન્યા અંગ કે; મન૦ તે માટે ગુણ ગાઇએ, આ૦ ધન ધન વનેચંદરાય કે. મન૦ ॥૨૦॥ ઇતિશ્રી વનેચંદનો રાસ સંપૂર્ણ, સમાપ્ત.

॥ સંવત ૧૮૩૬ વરસે. ॥ માગશીર માસે. ॥ શ્રાકૃષ્ણ પક્ષે ૦ ॥ બીજદીને ૦॥ શનીસરવારે લખીતાચ સોરઠ દેશે ॥ શ્રી વેલાવલબંદર મધ્યે૦ ॥ ભટારકીઆ શ્રી ખરતરગછે. ॥ વણારસ ભવાનજીગણી તસ શીષ્ય૦ ॥ પંન્યાસ ધરમચંદજી ત. । ભાવચારિત્રીયા ચેલા. ॥ ગોવરધન. ॥ લાલચંદ૦ । સરૂપચંદ

લખીતં૦ ॥ શા તારાચંદ કલ્યાણચંદની ચોપડી મધ્યે. શા માણકચંદ અમરચંદનો લખેલ છે તે મધેથી દીઠો તે રીતે ઉતરો (ર્યો) છે. ॥ તેમાં કોઅ (ઈ) કાનો ત૦ । અંખેર (અક્ષર) કો ઓછો અધકો લખાણો હોઅ (ય) તે મછામદોકડં (મિચ્છામિ દુક્કડં)૦॥ ॥ શ્રી વેલાવલ (વેરાવલ) બંદરે પુર વાસતવ (વાસ્તવ્ય ૦ ॥ અભંતર ગનાતીઅ (અભ્યંતરજ્ઞાતીય૦) ઓસવંશે૦॥ નાહટા ગોતરી (ગોત્રી) એ શા શ્રી ૫ મદનજી સેસવીર અરથે (અર્થે) લખો છે (લખ્યો છે) તે વાંચો ભણો તીવારે અમને સંભારજો વાંચનારને અમારો ધરમલાભ છે૦॥—:ના ધરમની શાખી લખી છે.॥

॥ દુહા ॥

પ્રથમ તીર્થંકર ગુણ સ્તવું, સમોસરણ ભગવંત;
મેઘતણી પરે વરસતા, વાણી શ્રી અરિહંત. ॥૧॥

ચાર તીરથની શાખી લખી છે :—

તીરથમાં તીરથ વડું, શ્રી શેત્રુંજો ને ગઢ ગીરનાર;
આબુ ચૌમુખ અતિ ભલો, સમેતશીખર જુહાર. ॥૧॥

પૃથ્વી બધી કાગળ કરૂં, લેખણ કરૂં વનરાય;
સાત સમુદ્રકી શાહી કરૂં, જિન ગુણ લખ્યા ન જાય. ॥૧॥

એકેકુ ડગલું ભરે, શેત્રુંજા સાહમું જેહ;
રીખભ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ. ॥૧॥

## ઈતિ શ્રી વનેચંદ રાજાનો રાસ

## સમાપ્ત

શ્રી ગણેશાય નમઃ

ગણિ શ્રી સમય સુંદર કૃત

# શ્રી શાંબ પ્રદ્યુમ્નકુમારનો રાસ

## ॥ દુહા ॥

શ્રી નેમીસર ગુણનીલો, જગજીવન જીનચંદ;
બ્રહ્મચારી ચુડામણી, પ્રણમું પરમાણંદ. ॥૧॥
પુરસાદાણી પાસજીન, થંભણપુર થીરઠામ;
નામ જપંતા જેહનો, સીજે વંછીત કામ. ॥૨॥
વર્ધમાનસ્વામી સુધીર, ધ્યાન ધરો નીસદીસ;
જયવંત તીરથ જેહનો, વરસ સહસ એકવીશ. ॥૩॥
તાસ શીષ્ય ત્રિભુવનતીલો, ગણધર ગૌતમસ્વામ;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, નીત સમરતા નામ. ॥૪॥
શક્તિ નહીં મુજ તેહવી, બુદ્ધિ નહીં સુપ્રકાશ;
વચન વિલાસ નહિં તીસ્યો, એ પણ પ્રથમ અભ્યાસ. ॥૫॥
શાંબ પ્રદ્યુમ્નકુમાર તણાં, ચરીત્ર અનેક અપાર;

કહો કેણીપરે હું વર્ણવું ? પણ છે એ આધાર. ॥૬॥
નહી તરંતા બેલડી, સમુદ્રે વાય સુવાય;
તેમ વળી આલંબન અછે, ગુરૂતણો સુપસાય. ॥૭॥
આઠમે ૨ંગે એ કહીયા, સંક્ષેપે સંબંધ;
પણ હું પ્રકરણથી કહીશ, વિસ્તર કથા સંબંધ. ॥૮॥
સાધુ તણાં ગુણ ગાવતાં, લાભ અનંતા હોય;
પ્રથમ પ્રદ્યુમ્નકુમર તણો, સાંભળજો સહુ કોય. ॥૯॥

## ॥ ઢાળ ૧ લી ॥

॥ રાગ કેદાર ગોડીમાં ॥

લાખ જોયણ જંબુ પરીમાણ, સાધિક ત્રીગુણી પરિધિ વખાણ; પાંચસે છવ્વીશ છ કળા જાણ, દક્ષિણ ભરત ધર્મ અહિઠાણ. ॥૧॥ કંસ વધે જાદવ થયા બલીયા, પણ જરાસંઘને લેઈ ખળભળીયા; સૌરીપુર મથુરા નામ લીઆ, કોષ્ટુક વચન સુણી સચ્ચી ચલીયા. ॥૨॥ આવ્યા સોરઠદેશ મઝારા, પંચરતન જીણ દેશ અપારા; તીરથ તટની તોય સુદારા; તાંબુલ રૂદ્ધિ તણા વિસ્તારા. ॥૩॥ કાલકુમર ભય દુર ગમાયા, ભામા ભાનુ ભ્રમર સુત જાયા; તેણે ઠામે જાદવ મલી આયા, દિન દિન પ્રતપે તેજ સવાયા ॥૪॥ ત્રણ ઉપવાસ કરી આરાધીયા, કૃષ્ણે લવણાધિપ સુર સાધીયા; પાલે તું પુરવ રીત સુરેશા, દીઓ મુઝ નગરી ઠામ નિવેશા. ॥૫॥ સુસ્થિતસુર દીએ નગરી-ઠામ, કૌસ્તુભરતન શંખ અભીરામ; ઇંદ્ર આદેશે ધનદ તીહાં આવે, દ્વારાવતી નગરી નીપાવે. ॥૬॥ નવ નગરી જોયણ વિસ્તારા, બાર જોયણ આયામ અપારા; ચામીકર પ્રાકાર મનોહાર, શત્રુકટક ભટ અગમ અગો-

ચર. ॥૭॥ પંચરતન મણીમય કોશીસા, રાજસરી જાણે આરીસા; તેજ પ્રકાશ પ્રબલ નિશી દીસે, અંધકારનો લેશ ન દીસે. ॥૮॥ ધણ કણ કંચન મણીમય ધારા, ધનદ ભરે કોઠાર ભંડારા; રૂધ્ધિ સમૃધ્ધિ કરાસુખસારા, જાણે અલકાપુરી અવતાર. ॥૯॥ અતી ઉંચા જાદવ આવાસા, દંડ કલસ ધ્વજ પૂર્ણ પ્રકાશા; મણી અંગણ પ્રતિબિંબ તારા, ગ્રહગણ કરે મુકતાફલહારા. ॥૧૦॥ ઉત્તંગ તોરણ જીન પ્રસાદ, રણઝણે રણકે ઘંટ ને નાદ; આપણશ્રેણ અનોપમ સોહે, ચોરાશી ચઉટા મન મોહે. ॥૧૧॥ વનવાડી ગઢ મંદિર મંડીત, પ્રમુદીત લોક વસે અતિ પંડિત; જોર વહે જાદવનો વારો, સરગપુરી સુરનો અનુકારો. ॥૧૨॥

## ॥ ઢાળ ૨ જી ॥

॥ રાગ રામગીરી. પાંચમે ભવ કોલ્લાગ સનિવેશ—એ દેશી. ॥

નયરી દ્વારામતી કૃષ્ણ નરેશ, રાજા રાજ કરે સુવિશેષ; અર્ધભરતનો તે છે ધણી, તેજ પ્રતાપ અધિક દીનમણી. ॥૧॥ રૂક્મણી પ્રમુખ અંતેઊર ઘણી, રૂપે જાણે રંભા અવગણી; સોળ સહસરાજા કરજોડ, સેવ કરે મદ મત્સર છોડ. ॥૨॥ હય ગય રથ પાયક પરીવાર, તે કહેતાં કેમ આવે પાર; વાસુદેવ પદવી ભોગવે, બલ છલ કરી અરીયણ જોગવે. ॥૩॥ રૂક્મણીને ઘણું કૃષ્ણનું માન, પણ ભામાને સાલ સમાન; ભામા રૂક્મણી પાયે પડી, તે દુઃખ સાલે ઘડીયેઘડી. ॥૪॥ એક દીવસ અઇમત્તો જતી, નીમીત્ત પ્રકાસે તો પણ ત્રતી; રૂક્મણીઘેર વહે ણ

આવીઓ, આદરમાન ઘણો તીંહા દીઓ. ॥૫॥ રૂક્ષ્મણી પુછે મન ગહગહી, મુઝ સુત હોશે કિંવા નહીં ?; સત્યભામા પણ આવી, વહી, સાધુ વચન છલ લીધું ગ્રહી. ॥૬॥ એ સુત હોશે માહરે સહી, એહ વાત રૂષી મુજને કહી; ઝઘડો લાગ્યો માંહોમાંહ, કૃષ્ણ પાસે ગઇ છેડો સાહી. ॥૭॥ ન્યાય કરો શ્રીકૃષ્ણમોરાર, રૂક્ષ્મણીકાં શીર ચાઢી નાર; રૂક્ષ્મણી જોઇને એહવી થઇ, સાધુ વચન મુઝ ઝડપી ગઇ. ॥૮॥ દુર્યોધન બાંધવ તુમતણી, કુમરી દેજો અમ્હારે ત ભણી, દુર્યોધનરાજા એમ ભણે, ભામા રૂક્ષ્મણી ર રખી ગણે. ॥૯॥ આંખ બીહુંમાંહે અંતર કિશો, સ ભળી કૃષ્ણ નરેસર હરચો. કૃષ્ણે વીમાસ્યો ઘરનો વેધ, કેમ કીજે અન્યાય નિષેધ ॥૧૦॥ ભામા કહે કાંય કરો અસુર, પણ કરશું અમે તુમ હજુર; અમ બીંહુમાંહે જે જુઠી પડે, તેહ તણે શીર એ દંડ પડે. ॥૧૧॥ પહેલો પરણે સુત જેહને, એ કુમરી વરશે તેહને; મસ્તક મુંડી તેહના કેશ, પડલે ચડશે કીશો કલેશ. ॥૧૨॥ હલધર ગીરધર દુર્યોધના, સાખી હોજો સહુકો જણા; ઝઘડો લાગ્યો એણે પ્રકાર, આપ આપણેંઘર પોહતી નાર. ॥૧૩॥ એણે અવસર સુરસુખ ભોગવી, સાતમાં દેવલોકથી ચવી; જીવ એક ઉત્તમગુણ ભરીયો, રૂક્ષ્મણી ઉદર જઇ અવતરીયો. સુપને દીઠો સરગવીમાન, કૃષ્ણ કહે ફલ અતિ પરધાન; પુત્ર રતન હોશે તાહરે, વંશવિભૂષણ તે માહરે. ॥૧૫॥ સત્યભામા તે જાણી વાત, કુડ વીના નહા આવે

ઘાત; સુપન એક કલ્પીને કહે, કામિની કુડકપટ કુણ લહે. ॥૧૬॥ સુપન એક સ્વામી મેં લહ્યો, મુજ હીઅડું હરખે ગહગહ્યો; શુંડાદંડ કરી શોભતો, ઐરાવણ દીઠો મલપતો. ॥૧૭॥ દૈવજોગ ભામા ભામિની, ગર્ભવતી થઇ કામિની; ઘટ જ્યું વાદ્યું મોટું પેટ, વચન ફલ્યું પણ કુલનો નેટ. ॥૧૮॥ ઉત્તમગર્ભ તણે પરભાવે, રૂક્ષ્મણી ઉદર રહીઓ સમભાવે; પટ પટંતર જોવો સ્વામી, કુડ તણો મુઝ ન ગમે નામી. ॥૧૯॥ ભામા એમ ભંભેર્યો ચણી, મામ પડે જાણે રૂક્ષ્મણી તણી; કૃષ્ણ કહે ઓછભમાં સવે, નીચે ઉપડશે માસે નવે, ॥૨૦॥

## ॥ ઢાળ ૩ જી ॥

રાગ–ગોડી મારવાણી મનોહર માળવો, એ દેશી.

એક દીન દાસી દોડતી, આવી કૃષ્ણુનેં પાસો રે; દેવ દેજોરે વધામણી, પુરો મન તણી આશો રે. ॥૧॥ રૂક્ષ્મણી અંગજ જનમીઓ, હુઓ હુઓ હરખ અપારો રે; ઘેર ઘેર રંગ વધામણાં, બાંધીઆં તોરણ બારો રે. રૂક્ષ્મણી અંગજ જનમીઓ ॥૨॥ એ આંકણી. અંગના આભરણ સવી આપીયા, રાખીઓ મુગટ શીર સોય રે; દાસીય અકરમ દૂરેં કીઓ, જલશું શીર ધોય રે. રૂક્ષ્મણી૦ ॥૩॥ ધવલ મંગલ ગાવે ગોરડી, રામા રાસ રમંતી રે; નાનાવીધ નાટક પડે, નવ નારી નીરખતી રે. રૂક્ષ્મણી૦ ॥૪॥ ભામાપેટેં ધ્રાસકો પડયો, જાયો પુત્ર તતકાળરે; દાસીએ દીધી વધામણી, ભલું ભણે ભૂપાળ રે. રૂક્ષ્મણી૦

॥૫॥ અંગ ઉમાહો અતિ ઘણો, પુત્રને પેખણ કંતરે, રૂક્ષ્મણી મંદિર આવીયા, બેઠા કૃષ્ણ એકાંતરે. રૂક્ષ્મણી૦ ॥૬॥ રૂક્ષ્મણીએ કૃષ્ણને આપીયો, નીજ નીજ પુત્ર રતન રે; કંત રૂડીપરે રાખજો, કરજો કોડ જમન રે. રૂક્ષ્મણી૦ ॥૭॥ દશદિશા તેજ તનુ દીપતો, દીઠો પુત્ર અતી ચંગ રે; નામ પ્રદ્યુમ્ન પીતા દીઓ, અંગ અધીક ઉછરંગ રે. રૂક્ષ્મણી૦ ॥૮॥ એણે અવસર એક દેવતા, બેઠો દેવવીમાન રે; નયરી ઉપર અંબર વહે, ધુમકેતુ અભીધાન રે. રૂક્ષ્મણી૦ ॥૯॥ કૃષ્ણઅંકે કુમર ક્રીડતો, દેખી જાગીઓ વિદ્વેશરે; નભથકી નીચો ઉતર્યો, કીધો રૂક્ષ્મણી વેશ રે. રૂક્ષ્મણી૦ ॥૧૦॥ બાલ આપો પીય અમતણો, હુઈ અતી ઘણી-વાર રે; કૃષ્ણે હાથોહાથે સોંપીઓ, કુડનો કોણ લહે પારો રે.? રૂક્ષ્મણી૦ ॥૧૧॥ દેવ વૈતાઢય લેઈ ગયો, ભૂતરમણ ઉદ્યાન રે; અધમ ક્રોધે ચડયો ચિંતવે, દીઉં દુઃખ અસમાન રે. રૂક્ષ્મણી૦ ॥૧૨॥ ઝાલી પછાડું પત્થરે, છેદું શીશ કરવાલ રે; અગ્નિ પરજાલું એહનેં, તો તે મરે તતકાળ રે. રૂક્ષ્મણી૦ ॥૧૩॥ તેમ કરૂં એહ દુઃખીઓ હુવે, મરે કુમર જેમ રે; શીત તાવડ ક્ષુધા પીડવું, વાળું વૈર હું એમ રે. રૂક્ષ્મણી૦ ॥૧૪॥ આકાશથી નીચો નાખીઓ, પડયો અરણ્ય મઝાર રે; ચરમશરીરી નવી મરે, કરે ક્રોડ પ્રકાર રે. રૂક્ષ્મણી૦ ॥૧૫॥ તેણે પ્રસ્તાવે થંભ્યો તીંહા, ઉપરજાતે વીમાન રે; કાલ-સંબર ચીત ચમકીઓ. પેખે કુમર પ્રધાન રે. રૂક્ષ્મણી૦ ॥૧૬॥ કનકમાલા મુજ કામિની, નહીં૦

પુત્ર સંતાનો રે; રાત દીવસ રહે ઝુરતી, આપું એહ નીધાન રે. રૂક્ષ્મણી૦ ॥૧૭॥ બાલકને તે લેઈ ચલ્યો, ગયો મેઘકુટ ગામરે; કનકમાલા પુત્ર તુમ દીઓ, દેવતાએ અભીરામો રે. રૂક્ષ્મણી૦ ॥૧૮॥

॥ દુહા ॥

ગુઢ ગરભ મુઝ ગોરડી, જનમીઓ સુત જગસાર;
કાલખેચર સંબર કરે, ઓચ્છવ અતિ વિસ્તાર. ॥૧॥
પંચ ધાવે પાલીજતો, રૂપકલા સંપુન;
દીન દીન વાધે દીપતો, નામે કુમર પરજુન. ॥૨॥
કુમર તીંહાથી અપહર્યો, ધુમકેતુ દુરદંત;
જાદવને દુઃખ જે હુઓ, તે સાંભળો વીરતંત. ॥૩॥

## ॥ ઢાળ ૪ થી ॥

॥ રાગ મારવાણી (સાંભળજો તમે અદ્ભુત) ॥

રુખમણીરાણી અંગજ માગે, આપણા પીઅને પાસેં રે; હાથોહાથ દીઓ મેં હવડાં, ભોળી એહ શું ભાખે રે.? ॥૧॥ પીઅ આપો રે મારો પુત્રરતન, પ્રીતમ સારંગપાણી રે; રુક્ષ્મણી રાણી અતિ વીલખાણી, બોલેં ગદગદ વાણી રે. પીઅ૦ ॥૨॥ હાંસાંની વેળા નહીં હવડાં, એણ હાંસે હાડ ભાંજે રે; આપો પુત્ર અમારો પ્રીતમ, પુરો વાંછીત કાજે રે. પીઅ૦ ॥૩॥ જીવનપ્રાણ અમારો પુત્ર, પુત્ર વીના પ્રાણ છુટે રે; હાંસાથી વેખાસો થાશે, અતી તાણ્યો પણ તુટે રે. પીઅ૦ ॥૪॥ કૃષ્ણ કહે હું સુંસ કરૂ સુણ, જો મેં તુજને નાપ્યો રે; દેવતણી માયા દેખીને, પુરુષોતમ પણ કંપ્યો રે. પીઅ૦ ॥૫॥ હૈ હૈ ધરણી

ઢળી હરિરાણી, વજ્રહત મુરછાણી રે; શીતલવાય સચેતન કીધી, વીલવે પુત્ર વીહુણી રે. પીઅ૦ ॥૬॥ રે રે દેવ! દુષ્ટ દોષીજન, મેં તુઝ શું અપરાધ્યો રે; ? પુત્ર વીજોગ કીઓ કાં પાપી, શું કહીને તેં સાધીઓ રે. પીઅં૦ ॥૭॥ નયણે દેવ નીધાન દેખાડી, હાથથી ઝડપી લીધો રે; અનોપમ પુત્રરતન ઉદાલીઓ, એવડું દુઃખ કાં દીધોરે ?. પીઅં૦ ॥૮॥ રે રે દેવ! કાંઇ તેં સરજી, ગર્ભથકી કાં ન ગાળી રે; ઝોળી ટુટી તરત કાં ન મુઇ, કાં ન પડી તરૂડાળ ભાંગી રે? પીઅ૦ ॥૯॥ કાં પરણી કાં થઇ હરિ-ઘરણી, કાં તનું કંચનવરણી રે; કાં રૂપે રંભા મનહરણી પુત્ર વીના શું કરણી રે. ? ॥૧૦॥ કે મેં તાપસ રૂષી સંતાપીયા, કે મેં કરકડ મોડયાં રે; કે મેં શોકતણાં સુત માર્યા, કે મેં ઈંડા ફોડીયારે. ? પીઅ૦ ॥૧૧॥ કે કીડીબીલ પાણી નામ્યા, કે ઉંદર-બીલ ભાંગ્યા રે; કે પખીંના માળા પાડીયાં, તે મુઝ પાતક લાગ્યા રે. પીઅ૦ ॥૧૨॥ કે હંસ મયુર સારીકા સમળી, શુક બક ગોવાછરૂ આરે માત વિજોગ પમાડયા મુગ્ધા, અંતરાફલ વીરૂઆરે. પીઅ૦ ॥૧૩॥ કે મેં પાપણી ગરભગળાવ્યા, કે કાચાફૂલ તોડીઆરે; કે મોટા ફળ હાથે વિદારીઆં, કે સુકૃત વખોડીઆં રે. પીઅ૦ ॥૧૪॥ પંખવિહુણી પંખિણી હું હવે, પુત્રપખે કેમ સારૂં રે; એક હાણ વળી ભામા હાસો, કેતા દુઃખ સંભારૂં રે. પીઅ૦ ॥૧૫॥ અથવા રંકતણે ઘર એહવું, ચિંતામણી કેમ છાજે રે; અથવા જન્મ દાલિદ્રી આગે, પંચ શબ્દ કેમ વાજે રે ?. પીઅ૦ ॥૧૬॥ ક્ષણ એક રડે આરડે ક્ષણ એક, ક્ષણ એકપડે અચેતી રે; ક્ષણ

નીચું ક્ષણ ઉંચું જોવે, ક્ષણ ઝબકે પરીઅચેતી રે. પીઅ૦ ॥૧૭॥ નાટક ગીત વિનોદ નિષેધીયાં, વાત વધી અસમાન રે; દેવસમીનગરી થઈ દ્વારીકા, શોકતણી રાજધાની રે. પીઅ૦ ॥૧૮॥ ઉદાસીન થયા સવી જાદવી, રૂક્મણીનું દુઃખ નિરખીરે; જેમ રાજા પ્રજા થઈ તેમ, સત્યભામા તે હરખી રે. પીઅ૦ ॥૧૯॥ દાનવ દેવ દુષ્ટ વિદ્યાધર, કુમર ગયો કુણ લેઈ રે; વાત વિચાર કરેં જાદવશું, બલભદ્ર માધવ બેઈ રે. પીઅ૦ ॥૨૦॥

॥ દુહા ॥

એણ અવસરેં નારદ મુનિ, હસ્ત કમંડલ સાર;
અંબરથી તિહાં આવીયો, જાદવસભા મઝાર. ॥૧॥
જુગત સંઘાતેં જાદવેં, કીવો ચરણ પ્રણામ;
સિંહાસન બેસણ ઠાવીઓ, બેઠો રૂષી અભિરામ. ॥૨॥
નારદ પુછે તેહશું, એક અચંબો થાય,
પુરૂષોત્તમ! કાંઈ પર્ષદા, દીસે વદન વીછાય. ॥૩॥
જાત માત્ર રૂક્મણી તણો, પુત્ર ગયો કોઈ લેય;
નીરત કરો નારદ તુમે, જગ સઘલોઈ જોય. ॥૪॥
એ અઈમત્તો આગે હુંતો, સંશય ભંજણહાર;
તે સંપત્તિ મુગતે ગયો, નહીં કોઈ ભરત મઝાર. ॥૫॥
વિહરમાન જીનવર અછે, પુરવ મહાવીદેહ;
જઈ સીમંધર પુછશું, ભંજીશ મન સંદેહ. ॥૬॥

## ॥ ઢાળ ૫ મી. ॥

॥ રાગ ગોડીમાં દેશ મનોહર માળવો એ દેશી. ॥

સમવસરણ સુરવર રચ્યું, સિંહાસન અતી સારો રે; દીએ મધુર ધ્વની દેશના, બેઠી પર્ષદા બારો રે. ॥૧॥ સીમંધર સ્વામી ઉપદીસે, પુરવભવ વીરતંતો રે, શાંબ પ્રદ્યુમ્નકુમર તણો, સાંભળજો તુમે સંતો રે. સી૦ ॥૨॥ નારદ પાયકમલ નમી, પ્રશ્ન કરે પરમાદો રે; હરીનંદન કુંણે અપહર્યો? પુજ્ય કરો પ્રસાદો રે. સી૦ ॥૩॥ પર ઉપગારી તું પ્રભુ, કેવલજ્ઞાન અનંતો રે; લોકાલોક પ્રકાશતો, ભયભંજણ ભગવંતો રે. સી૦ ॥૪॥ ધુમકેતુ તસ અપહર્યો, પુરવ વૈર પ્રયોગે રે; નોધારો ગીરનાખીઓ, ન મુઓ પુન્ય સંજોગો રે. સી૦ ॥૫॥ કાલસંબર વિદ્યાધરૂ, લેઈ દીયો નીજ નારો રે; માત મનોરથ પૂરતો, કુમર વધે સુખકારો રે. સી૦ ॥૬॥ કવણ વયર સ્વામી તેહશું, ભાંજો મનની ભ્રાંતો રે; સીમંધર કહે સાંભળો, એહનાં ભવ એકાંતો રે. સી૦ ॥૭॥ જંબુદ્વીપ ભરત માંહે, મગધદેશ શાલ ગામો રે; નામ મનોરમ વન તિંહા, સુમના જક્ષનું ઠામો રે. સી૦ ॥૮ સોમદેવના સુત તીંહા, અગ્નીલા કુંખે ઉપન્ના રે, અગ્નીભુતી વાયુભુત બે, ચૌદ વિદ્યા સંપન્ના રે. સી૦ ॥૯॥ તે વિદ્યાગુણ આગળા, વિદ્યા ધન અભિમાનો રે; વાદ કરે તે વાદી સેંતી, ન ગણે કેહનો જ્ઞાનો રે. સી૦ ॥૧૦॥ તેણે અવસર તીંહા વિહરતાં, નંદિવર્ધન ગણધારો રે; તેણે વને આવી

સમોસર્યા, સાધુ તણે પરિવારે રે. સી૦ ॥૧૧॥ નગરલોક ગયા; વાંદવા, સાંભળ્યો ધર્મનો મર્મ રે; નરનારી સહુકો કહે, સાચો શ્રી જીનધર્મો રે. સી૦ ॥૧૨॥ અણસહતા વીપ્ર આવીઆ, કોપે કંપે શરીરો રે; મુલ બ્રામણની જાતને, પ્રતીઆસેતી વૈરો રે. સી૦ ॥૧૩॥ રે રે! મુંડ૦ શું આરડે, કર અમ સેતી વાદો રે; શત સાધુ પુછે તમે, કીંહાથી આવ્યા સમ-દોરે. સી૦ ॥૧૪॥ શાલીગ્રામથી આવીઆ, એમ પુછ્યો નહી વીપ્રો રે; કેણભવથી તુમે આવીઆ, વીપ્ર થયા અવિકંપો રે. સી૦ ॥૧૫॥ જ્ઞાનનહીં જાણે નહીં, અબુઝ રહ્યા તે અંધારે; સાધુ કહે તુમે સાંભળો, પુરવભવ પ્રબંધો રે. સી૦ ॥૧૬॥ રે રે વંપ્ર! તુમ હુતા, માંસભખી શંગાલો રે; હાલિક વાધ્ર ભખ્યું ઘણું, પ્રાણ તજ્યા તત્કાલો રે. સી૦ ॥૧૭॥ સોમદેવના સુત થયા, કિશો જાતિ અહંકારો રે; હાલી પણ જંબુક મુઆ, દીઠા ક્ષેત્ર મઝારો રે. સી૦ ॥૧૮॥ તે હાલી પણ તિંહા થકી, કાળ કરી શાલી-ગ્રામો રે; પુત્રગૃહે પુત્ર અવતર્યો, કરમતણો પ્રમાણો રે. સી૦ ॥૧૯॥ જાતી સ્મરણે જાણીઓ, પ્રત્યક્ષ મહોટો પાપો રે; માત વધુને કેમ કહું, કે મ કહું પુત્રને બાપો રે? સી૦ ॥૨૦॥ બોલાવ્યો બોલે નહીં, મૌન રહ્યો સુત તેહો રે; તે બાલક આણ્યો તીહાં, પ્રત્યક્ષ પરચો એહો રે. સી૦ ॥૨૧॥ અમ વાણી સુણી બોલશે, જ્ઞાન પરતખ સારો રે; લોક મળ્યા ઘણું કૌતકી, આણીયો મુક કુમારો રે. સી૦ ॥૨૨॥ મુનિ બોલાવ્યો મુકને, બોલ તું કેહી લાજે રે; અણબોલ્યા

નરભવ તણો, કેમ સરશેં તુઝ કાજેરે ?૦ સી. ॥૨૩॥ નટુઆની પરે નવનવા, જીવ બનાવે વેશોરે; પુત્ર પીતા માતા વહુ, નીજ નીજ કરમ વિશેષેં રે. સી૦ ॥૨૪॥ સાધુ વચન સુણી બોબડો, હુઓ પ્રગટ વચન્નો રે; વાત કરો સવી પાછલી, લોક અચંભ ઉપન્નો રે. સી૦ ॥૨૫॥ સાધુ પ્રશંસા સવી કરે, માનભ્રષ્ટ થયાં વીપ્રો રે; મુનિવરનેં મારણ-ભણી, આયા નિસો નરચીપ્રો રે. સી૦ ॥૨૬॥ ખડ્ગ કાઢયુંમુનિ મારવા, તતક્ષણ થંભીઆ હસ્તો રે; લોક ઉ હ્યા ફીટ ફીટ કરે, પાપના ફલ પ્રત્યક્ષો રે. સી૦ ॥૨૭॥ માત પીતા બ્રાહ્મણ તણાં, કરે આક્રંદ પોકારો રે; જક્ષ કહે છોડું જીવતા, જો લીઓ સંજમભારો રે. સી૦ ॥૨૮॥ દુષ્કર દીક્ષા નવિ પળેં, લીધો શ્રાવક ધર્મો રે; માત પીતા મિથ્યાત્વમાં, મુંઝી રહ્યા ભારી કર્મો રે. સી૦ ॥૨૯॥ બે બંધવ શ્રાવકપણું, પાળી નીરતિચારો રે; ખટ પલ્યોપમ આઉખેં, પહુતા સ્વર્ગ મઝારો રે. સી૦ ॥૩૦॥ બે બાંધવ તિંહાથી ચવી, ગજપુર નયર ઉદારો રે;અર્હ-દ્દાસ ઘરે અવતર્યા, પુત્રપણેં સુવિચારોરે. સી૦ ॥૩૧॥

॥ દુહા ॥

પૂર્ણભદ્રનામે પ્રથમ, બીજો સુત મણિભદ્ર;
ચતુર વિચક્ષણ અતિ નિપુણ, શ્રાવક શુદ્ધ અક્ષુદ્ર ॥૧॥
એણેં અવસર ગુરૂ આવીયા, શ્રી મહેન્દ્ર ગણધાર;
અર્હદ્દાસ વ્રત આદર્યો, સફલ કીયો અવતાર. ॥૨॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી. ॥

॥ દાન કહે જગ હું વડો. સિધારથના રે. એ દેશી. ॥

બે બાંધવ વાંદણ ચાલીઆ, ધરમે આળસ કેહા રે; એક ચંડાલ બીજી કુતરી, દેખી પ્રગટીયા નેહા રે. ॥૧॥ પુરવભવ તુમે સાંભળો, શાંબ પ્રદ્યુમ્ન કેરો રે; આછુ ચરિત્ર શ્રવણે સુણી, આણંદ હુઓ અધિકેરો રે. પુરવ૦ ॥૨॥ ગુરૂ પ્રણમીને પૂછીઓ, તેહનો કારણ દાખો રે; સૂરિ કહે તમે સાંભળો, એહનો સંબંધ આગો રે. પુરવ૦ ॥૩॥ સોમદેવ તુમ જે પિતા, તે તો સુખપુર ગામો રે; મોટો છત્રપતિ હુઓ, રાજા જીતશત્રુ નામો રે. પુર૦ ॥૪॥ સોમભુત બ્રામણ પ્રીયા, અગનીલા કુખે ઊપનીરે, રૂક્ષ્મણી રૂપે રૂઅડી, તરૂણપણે મનમાની રે. પૂ૦ ॥૫॥ એક દીવસ નૃપ આંગણે, રૂક્ષ્મણી બ્રામણી આવી રે; રાજા રૂપે મોહીઓ, ભામિની મનમાંહે ભાવીરે. પુ૦ ॥૬॥ સોમભુત બ્રામણ ભણી, દોષ જુઠો શીર દાખી રે; કામ લંપટ રાય રૂક્ષ્મણી, અંતેઊરમાંહે રાખી રે. પુ૦ ॥૭॥ સહસ વરસ સુખ ભોગવી, રૂક્ષ્મણીશું અતિ રંગે રે; જીતશત્રુનૃપ નરકે ગયો, ત્રણ પલ્યોપમ લગે રે. પુ૦ ॥૮॥ નરક થકી તે નીસરી, હુઓ હરણવ નમાંહે રે; ધીવરે માર્યો નરક થકી, હાથી હુઓ સુરમાંહે રે. પુ૦ ॥૯॥ જાતી સ્મરણ પામીઓ, આપણો ભવ સુની હાળ્યો રે; અણસણ તતખીણ આદર્યો, દીવસ અઢારહ પાળ્યો રે. પુ૦ ॥૧૦॥ ત્રણ પલ્યોપમ આઉખે, ઊપન્યો સુર

સુવીશાળો રે; તિંહાથી ચવીને એ હાથીઓ, કરમ વિશેષે ચંડાળો રે. પુરવ૦ ॥૧૧॥ રૂક્ષ્મણી પણ ભવમાંહે ભમી, શુની થઈ ભવ એણે રે; માત પીતા એ તુમતણાં, સ્નેહ ઉપન્યો તેણે રે. પુરવ૦ ॥૧૨॥ બે બાંધવ ભવ આપણા, જાતી સમરણે જાણ્યાં રે; માત પીતા પ્રતિ બુઝવ્યા, વૈરાગે મન વાળ્યાં રે. પુ૦ ॥૧૩॥ ચંડાલ માસ સંલેખણા, નંદીશ્વર સુર હુઓ રે; શુની પણ તીહાં ઉપની, શંખનરેસર ધુઆ રે. પુ૦ ॥૧૪॥ વલી પુછીઓ ગુરૂ એકદા, કહો તે કિહાં ઉપન્યા રે; સાધુ કહે એક દેવતા, એક ઇહાં રાજકન્યા રે. પુરવ૦ ॥૧૫॥ રાજકન્યા પ્રતિબુઝવા, બે બાંધવ તિંહા આઇ રે; રાજસુતા પ્રતિબુઝવી, દેવતા પદવી પાંઇ રે. પુરવ૦ ॥૧૬॥ બે બાંધવ શ્રાવકપણે, પાલી નીરતીચારો રે; પહેલે દેવલોક ઉપન્યા, ભોગવે સુખ અપારો રે. પુ૦ ॥૧૭॥ બે બાંધવ તિહાંથી ચવી, ગજપુર નયર અભિરામોરે; વીશ્વસેનસુત અવતર્યા, મધુ કૈટભ તણે નામો રે. પુ૦ ॥૧૮॥ તે નંદીશ્વર દેવતા, ભૂરી ભમી સંસારોરે; વટપુર-નગર તણો ધણી, હુઓ કનકપ્રભ સારોરે. પુ૦ ॥૧૯॥ તે શુનીજીવ તેહની, ચંદ્રપ્રભા થઇ રાણીરે; રૂપવંત અતી વાલહી, જીવનપ્રાણ આધાર રે. પુ૦ ॥૨૦॥ મધુને રાજા થાપીયો, કૈટભને યુવરાજોરે; રાયે સંયમ આદર્યો, સાર્યાં આતમકાજો રે. પુ૦ ॥૨૧॥ દેશ ભંજક પલ્લીપતી, સીમ સાધવા નૃપ આવેરે; કનકપ્રભરાજા ઘરે, ભોજન ભગતી કરાવે રે. પુ૦ ॥૨૨॥

॥ દુહા ॥

મણી માણેક મોતી ભલા, હય ગય અંબર હેમ;
કનકપ્રભ કરે ભેટણો, પણ મધુ નવી લીએ એમ. ॥૧॥
ચંદ્રવદન મૃગલોયણી, રૂપે રંભા સમાન;
ચંદ્રપ્રભા ચિત્તમેં વસી, તે દીયો મ કરીશ તાણ. ॥૨॥
કનકપ્રભ આપે નહીં, મધુશું માંડયો જંગ;
જોરે રાજા લેઈ ગયો, ભોગવે સુખ અભંગ. ॥૩॥

## ॥ ઢાળ ૭ મી. ॥

॥ રાગ જેતસરીમાં ॥

કનકપ્રભ ઘેલો થયો, ચિત્ત ધારણથી ચુકયો રે; જીવનપ્રાણ ગયા પછી, ચિત્ત ન રહે કાહુકો રે૦ ॥૧॥ હા ચંદ્રાભે કિંહા ગઇ ?. સાદ દીએ સસનેહોરે; વીણ અપરાધે વાલહી, ઝટક ન દીજે છેહો રે..હા ચંદ્રા૦ ॥૨॥ દીર્ઘ રોષ નવી દાખીએ, પ્રીતમ પ્રેમ સુજાણ રે; તુઝ પાખેં હું કેમ રહું ?, તું મુઝ જીવન-પ્રાણરે..હા ચંદ્રા૦ ॥૩॥ ગહીલો નર ગલીયાં ભમે, કરતો વિરહવિલાપોરે; રાજકાજ ચિંતા તજી, નેહથી નેટ સંતાપોરે..હા ચંદ્રા૦ ॥૪॥ ગામ નગર ભમતો થકો, આવીયો ગજપુર ઠામો રે; ચંદ્રાભા નજરે ચડયો, હા શો કીધો કામો રે૦ ? હા ચંદ્રા૦ ॥૫॥ એક દીવસ રાજા મધુ, મોડો મંદિર આવ્યો રે; ચંદ્રાભા આગળ કહે, પારદારિક દંડાવ્યો રે. હા ચંદ્ર૦ ॥૬॥ કહે ચંદ્રાભા કંતનેં, પારદારિક પુજીજેં રે; વાત વિચારો આપણી, એ અન્યાય કેમ કીજેં રે?

હા ચંદ્રા૦ ।।૭।। કનકપ્રભ ભમતો થકો, તેણે અવસરે તીંહા આવ્યો રે; ચંદ્રાભા ગોખે ચડી, મધુને મીટ દેખાડ્યોરે.....હાચંદ્રા૦ ।।૮।। દેખી મન રાજાચીંતવે, દુઃખ એહને કાંઇ દીધો રે; કામલંપટ મેં પાપીએ, કવણ અકારજ કીધો રે. હા ચંદ્રા૦ ।।૯।। ધીગ ધીગ એ સંસારને, વિષય તણાં ફલ વિરૂઆ રે; તુચ્છ સુખ એ ભવતણાં, દુર્ગતીનાં દુઃખગીરૂઆ રે.... હા ચંદ્રા૦ ।।૧૦।। રાજ્યે ભત્રીજો થાપીયો, કેટભ સહિત ઉલ્લાસે રે; વૈરાગે વ્રત આદર્યો, વીમલવાહનગુરૂ પાસેરે ....હા ચંદ્રા૦ ।।૧૧।। સમિતિ ગુપ્તી અતી શોભતા, દ્વાદશાંગવ્રતધારી રે; તપસી માંહે શીરોમણી, સાધુ વૈયાવચ્ચકારીરે.... હા ચંદ્રા૦ ।।૧૨।। વિનયવંત વૈરાગીઆ, સાધુ ગુણે અતિસોહે રે; ગામ નગર પુર વિચરતા, ભવિકજીવ પડીબોહે રે....હા ચંદ્રા૦ ।।૧૩।। વરસ સહસ બહુ આઉખો, પાળી નીરતીચારો રે; વળી આલોઈ પ્રિડક્કમી, અણસર કીધું સારો રે.... હા ચંદ્રા૦ ।।૧૪।। કાળ કરી થયા દેવતા, સાતમે સુર આવાસોરે; બે બાંધવ સુખ ભોગવે, નીરૂપમ લીલવિલાસો રે....હા ચંદ્રાભે૦ ।।૧૫।। ત્રણ સહસ વરસાંલગે, ભોગવી દુઃખ અનેકોરે; કનકપ્રભ થયો જોતીષી, ધુમકેતુ સુવીવેકો રે. હા ચંદ્રાભે૦ ।।૧૬।। સચીવ તાપસ થઈ તપી, વૈમાનીક થયો દેવો રે; મધુ મહર્ધીક મારણભણી, તીંહાંપણ ન ટળી ટેવો ૨....હા ચંદ્રા૦ ।૧૭।। તીંહાંથી ચવા ભવમાં ભમી, લહી માનવ અવતારોરે; ધુમકેતુ થયો દેવતા, પુણ્યત અનુસારો રે.... હા ચંદ્રા૦ ।।૧૮।।

તેણે અવસર તિંહાથી ચવી, દેવતા જીવ મધુનોરે; કૃષ્ણતણે ઘર અવતર્યો, પુત્રરતન પ્રદ્યુમ્નોરે.... હા ચંદ્રાભે૦ ॥૧૯॥ ધુમકેતુએ દીઠો, તિંહા, જાગીઓ મન વિદ્વેષો રે; તતક્ષણ તિંહાથી અપહર્યો, પુરવ વૈર વિશેખોરે.... હા ચંદ્રા૦ ॥૨૦॥ કહો સ્વામી મલશે કદા, રૂક્ષ્મણીને એ પુત્રો રે?; સોળ વરસ વોલ્યા પછી, પડશે વાત સુસતોરે.... હા ચંદ્રા૦ ॥૨૧॥

॥ દુહા ॥

કુમરની કર્મગતી કહી, જાણી એ સવી હેવ;
વૈર વિષમ એમ દોહીલા, વળી દાખો જીનદેવ. ॥૧॥

જે પાતક રૂક્ષ્મણી કીયા, પુરવલે ભવ જેમ;
સોળવરસ વિરહો હશે, તે દાખો મુઝ તેમ, ॥૨॥

વળતું જીનવર એમ ભણે, વાણી સરસ અપાર;
રૂક્ષ્મણી હુંતી બ્રાહ્મણી, પુરવલે અવતાર. ॥૩॥

વ્રત વિશેષે વન ગઈ, રમતી બહુઅ કુમાર;
મોરીએ ઈંડાં મુકીઆં, છે તે વનહ મઝાર. ॥૪॥

માણસના સ્પર્શ થકી, ઊડી મોરી તેહ;
ઈંડાં અલગા દીઠાં, તિંહા, કુસરી ક્રીડા તેહ. ॥૫॥

કુંકુમ ખરડે હાથડે, સાહીયા એ બહુવાર;
વર્ણ ફેર થયાં બહુ, વળી મુક્યા તેણે ઠાર, ॥૬॥

વર્ણ ફેરથી મોરડી, નવી લીએ પાછા તેહ;
રૂદન કરે સોલહ ઘડી, તવ તિંહાં વુઠો મેહ. ॥૭॥

જળધારા પાવન થયા, મુલગે વરણે થાય;
તવ આવી મોરી ગ્રહે, દુઃખ હૈયાનું જાય. ॥૮॥

પણ વિછોહ સોલહ ઘડી, મોરીય ઈંડા જેહ;
પાપકરમ બાંધ્યું ઘણું, બ્રાહ્મણપુત્રી તેહ. ॥૯॥
તે કુમરીજીવ અનુક્રમે, રૂક્ષ્મણી હરિભરતાર;
તેણે પાપે સુત વિરહે, ઘડીએ વરસ વિચાર. ॥૧૦॥
એમ જાણીને જીવડા, કરજો મૈત્રી ભાવ;
વિરહ વિજોગ મ પાડજો, જાણી એહ પ્રસ્તાવ. ॥૧૧॥
એમ નિસુણી બહુજણા, સંજમધારી હોય;
દેશવિરતધારી ઘણાં, સમકિતધારી જોય. ॥૧૨॥
કર જોડી નારદ કહે, ધન ધન તું ભગવંત;
લોકાલોક પ્રકાશ કર, કેવલજ્ઞાન અનંત. ॥૧૩॥
સીમંધર પ્રણમી મુદા, નારદ રીષિ સંવેગ;
કુમર પ્રદ્યુમ્ન જોઈ કરી, આવ્યો દ્વારીકા વેગ. ॥૧૪॥
મેઘતણી પરે જોવતાં, મુનિ આવિયો મહંત;
જાદવ અતિ હરખિત થયા, સાંભળી સવિ વિરતંત. ॥૧૫॥
રોમાંચિત થઈ રૂક્ષ્મણી, પ્રગટયો પરમાનંદ;
સીમંધર સામા થઇ, પ્રણમે પય અરવિંદ; ॥૧૬॥
હવે ભવિઅણ તુમે સાંભળો, કુમરતણો અધિકાર;
વિદ્યાધર ઘર વાધતાં, કુણ કુણ થયો પ્રકાર. ॥૧૭॥

## ॥ ઢાળ ૮ મી. ॥

॥ નમો નમો ખંધક મહામુનિ એદેશી ॥

કનકમાલા એમ ચિંતવે, દેખી પ્રદ્યુમ્ન સ્વરૂપરે; નલ કુબેર કોઇ નહીં, એહવો અતિ સુંદર રૂપરે.... ॥૧॥ મનમોહન માહરો માનવી, નીકા નયનથી બલિહારી રે; ચટચટી લાગી એણશું, ભોગકો હું

સુખપાઉં રે.... મન૦ ॥૨॥ મનમોહન મહિમા ગુણનીલો, કમનીય કલા ગુણખાણરે, જોબનભર તિહાં આવીયો, મુખ બોલે અમૃતવાણરે.... મન૦ ॥૩॥ અદ્ભુત વેશ બનાવીઓ, શીરે લાલસુરંગી પાગ રે; પીતાંબર ઓઢણ ઓઢણે, સુંદર એણુકોસો ભાગરે.... મન૦ ॥૪॥ મુખ પુનમકો ચંદલો, નિર્મલ શશીદલ ભાલરે; લોચન અણીઆળાં દીસતાં, ભાંભલા ભોગીકાં ગાલરે.... મન૦ ॥૫॥ નાશીકા નીશી દીપકશીખા જીસી, દંતપંકતી મોતીની માળરે; મુખકો મટકો હી ભલો, રંગ રાતા અધર પરવાલરે.... મન૦ ॥૬॥ બાહડલી લટકો ભલો, ઊર મોતનકો હાર રે; ચંદ સુરજ સારીખું તેજ છે, શ્રવણે હોય કુંડલ સાર રે.... મન૦ ॥૭॥ તાન માન સુકંઠે આલવે, દેવગાયન સરખો નાદરે; વિદ્યા બળપુરો સહી, ન કરે ઇણશું કોઇ વાદરે.... મન૦ ॥૮॥ ગલીયમાંહે ચાલે મલપતો, મળતો ભળતો ગજગેલરે; અદ્ભુત ચતુરાઇ ભલી, નરનારી મોહન વેલરે.... મન૦ ॥૯॥ સકલ સુરાસુર રવી શશી, કિન્નર વિદ્યાધર કોડરે; રૂપવંત કોઇ ન દીઠો ઇશો, જેહ આવે એણ કી જોડરે.... મન૦ ॥૧૦॥ વૃક્ષ ઉછેરીયું હાથશું, મીઠાંફળ કોણ ન ખાય રે ? એણસેંતી સુખ ભોગવું, નહીંતો ભવ નિષ્ફળ જાયરે.... મન૦ ॥૧૧॥ લાજ તજી લક્ષણ ગયા, કામિની વળી કામાંધરે; માતા હું તાહરી નહીં, સઘળો તે કહ્યો પ્રબંધરે.... મન૦ ॥૧૨॥ વિદ્યાધરને ખગસુતા, મુજ ગોરી વંશ વિશુધરે; ઉત્તમકુળ ઉપની, ગૌરીવિદ્યા સુપ્રસિદ્ધ રે.... મન૦ ॥૧૩॥ મુઝ

હૈડું રાચ્યું ઘણું, પ્રજ્ઞપ્તિવિદ્યા દીધ રે; આદર મુજને તું સહી, આપું વિદ્યા પાઠસિદ્ધ રે. મન૦ ॥૧૪॥ દીઓ વિદ્યા એકવાર તું, પછે માનું તુઝ બોલરે; વિદ્યા બેઉં દીધી ભામિની, ભુલી તેહ નિટોલરે. મન૦ ॥૧૫॥ કુમર કહે સુણ કામિની, પહેલી તું મોરી માય રે; હવે વિદ્યાગુરૂણી સહી, કેમ એહ અકારજ થાયરે ? મન૦ ॥૧૬॥ આજ પછી મુઝ એહવી, મત વાત સુણાવે કાન રે; એહભવ અપજસ હોય બહુ, પરભવ દુઃખ અસમાનરે. મન૦ ॥૧૭॥ કનકમાળા કોપે ચડી, હા!હા! હાથ ઘસે વિલખાણી રે; મનમાંહે પસ્તાણી કામિની, ન થઇ મનની વાત જાણીં રે. મન૦ ॥૧૮॥ કુમર કલેશથી ઉભગ્યો, વનમાંહે ગયો તતકાળરે; પુંઠે પાપણી તે કોપી, રાચી વિરચી વિકરાળરે મન૦ ॥૧૯॥ આપશું આપ વંલુરીઓ, નીજ કંચુક નાખ્યો ફાડ રે; વેણીદંડ છુટો કરે, પોકાર કરે બુંબ પાડીરે મન૦ ॥૨૦॥ પુત્ર પીતા પરિયણ મલ્યા, કહે જાઓ પાપી પુત્રરે; અબલા તેહશું બલ કરી, એહવું કીધું અખત્રરે. મન૦ ॥૨૧॥ કાલકરતાં તજશો કોપો, કાલ સંવર કીધી કેડરે; સુત આગલ કીધી એહવી, પહેલી કીધી તેણે છેડરે.... મન૦ ॥૨૨॥ કુમર પ્રદ્યુમ્ન વિદ્યા તીહાં, સમરી કીધો સંગ્રામ રે; કટક ભટક ભાગી ગયો, કાલસંબર આયો તામરે. મન૦ ॥૨૩॥ હા ! કેમમારૂં તાતને ?, સઘળી કહી વાત વૃત્તાંતરે; કાલ-સંબર ચમકિયો ચિત્તમેં, જુઓ વાત થઇ

વિપરીતરે. મન૦ ॥૨૪॥ એ ઉત્તમ દીસે સહી, એહની નહીં દૃષ્ટિ વિકારરે; કાલસંબર જાઇ મલ્યો, પુત્રની પરેં પ્રેમ અપારરે. મન૦ ॥૨૫॥ બુદબુદ શબ્દ તુરંગનો, મેઘનો ગર્જારવ સાર રે, આગલી ભવિતવ્યતા, સ્ત્રી ચરિત્ર ન લહીએ પારરે. મન૦ ॥૨૬॥

॥ દુહા ॥

એણે અવસર નારદ તિહાં, આવ્યો થયો ઊછાહ;
વર્તમાન કહેં વારતા, જે છે દ્વારકામાંહે ॥૧॥

તુઝ માતા છે રૂક્ષ્મણી, કૃષ્ણતણી પટરાણી;
સત્યભામાશું હઠ પડી, પણ કીધે. કસ જાંણી. ॥૨॥

સત્યભામા ઘરે માંડીઓ, ભાનુકતણો વિવાહ;
સકલ નગર શણગારીઓ; ગીતગાન ગહગાહ ॥૩॥

ભામા માંગે ભામિની, રૂક્ષ્મણી મસ્તક કેશ;
તેણેં કારણ તુઝ માતને, મોટો પડીઓ કલેશ. ॥૪॥

તેણે કારણ તું તિંહા જઈ, વિદ્યાબલ પ્રદ્યુમ્ન;
પુર મનોરથ માતના, ભામાડંબર ભંજ. ॥૫॥

પુત સુપુત તીકે કહ્યો, જે જનની સુખદાય;
ભારભૂત ઉદરે ભરી અવરે પત્થર પરાય. ॥૬॥

સંબે નારદ સાથ લઈ, વિદ્યા રચી વિમાન;
અંબરચારી આવીઓ, કુમર પુરી ઉદ્યાન. ॥૭॥

સુંદર નગરી દ્વારીકા, નીરખી નયણ હજૂર;
કુમર ચમકિયો ચિત્તમાં, ઐ ઐ પુન્ય પડુર. ॥૮॥

# ॥ ઢાળ ૯ મી. ॥

સ્વામી તુમે કાંઇ કામણ૦. એ રાગ.

દેવવીમાન બાહેર ઠવીઓ, કુમર નગર જોવા આવીઓ; મંડાણો ભાનુક વિવાહ, દેખે ઘેર ઘેર અધીક ઉછાહ. ॥૧॥ તે કન્યા વરઘોડે ચડી, છપનકોડ જાદવની જુડી; ઢોલ દદામાને હુડબડી, ભેર ભુંગલ વાજે તવલડી. ॥૨॥ કુમરે તે કન્યા અપહરી, દેવવીમાન માંહે લેઇ ધરી; કહે નારદ મત બીહે રતી એ છે કૃષ્ણકુમર શુભમતી. ॥૩॥ વાનર રૂપ કરી ઉલ્લાસ, ફળ માંગે આરામિક પાસ; કહે માળી ફળ કેમ દેવાય, સત્યભામા અમશું રીસાય. ॥૪॥ ભાનુકના વિવાહ નિમિત્ત, વનવાડી રાખ્યા એક ચિત્ત; વાનર કોપ ચડયો વિકરાળ, વાડી વિધ્વંશી તતકાળ. ॥૫॥ અશ્વરૂપ કરી કુમર અબીહ, સઘળો નગર ભમ્યો જેમ સીંહ; ભામા મેળાવીઓ જલ ઘાસ, તેહતણો સવિ કીધો નાશ. ॥૬॥ વળી થયો સોદાગર વાણીયો, અશ્વ એક વેચણ આંણીઓ; ભાનુક પરીક્ષા કરવા ચઢીઓ, દરોડતો ઉધે શીર પડીઓ. ॥૭॥ હાડ ગુડા થયાં ઝાંજરા, વળતી વાત એહવી નહી કરાં; હસવા લાગ્યો સઘળો લોક, બુધ ન રહે કઇએ બોક. ॥૮॥ કુમર કરે આણંદ કલોલ, સતભામા ઘરે પડીઓ દંદોલ; કીધું શું જુઓ ? કરશું હવે, સતભામા શીર ઉપર હવે. ॥૯॥

# ॥ ઢાળ ૧૦મી. ॥

॥ કપુર હોવે અતિ ઉજલોરે. એદેશી ॥

રૂપ કીધો બ્રાહ્મણ તણોરે, ચાલીઓ નગર મોઝાર; હાથે લીધો ટીપણોરે, વાંચે તિથી ને વાર. જોષીડો જાણે જોતીષસાર, એ તો નિમિત્ત પ્રકાશે અપાર. જોષીડો૦ ॥૧॥ સ્નાન કરી જલનીતટે રે, ઢળતાં મુકયા કેશ; માથે બાંદ્યો ફાળીયોરે, વારૂ બનીયો વેશ. જો૦ ॥૨॥ તીલક કીધું કેસરતણું રે, વિચમે નખસુચીર; અદ્ભુત આઠ બીહુંગમારે, સુંદર ચક્ર શરીર.... જો૦ ॥૩॥ ખંધે ખીરોદક ધોતીયું રે, જનોઈ સુવિશાળ; હરી વિશ્નુ મુખે જપેરે, તુલશીની જપમાલ.... જો૦ ॥૪॥ હેમકમંડલ હાથમાંરે, નીર ભરીઓ નિજ જાંણ; વેદ ભણે મુખે વેદીઓરે, કહે સહુને કલ્યાણ.... જો૦ ॥૫॥ ભમતો ભામાઘેર ગયો રે, દીઠી કુબ્જાદાસી; સુંદર રૂપ સરલ તનુ રે, તતખીણ કીધું તાસ.... જો૦ ॥૬॥ અચરિજ દાસી ઉપન્યોરે, કીધો ચરણ પ્રણામ; પુછીઓ કેથ પધારશો રે ? ભમશું ભોજન કામ.... જો૦ ॥૭॥ સત્યભામા મુજ સ્વામિનીરે, આવો તસ આવાસ; મોદક મીઠાં આપશું રે, દેશું તુઝ સાબાશ.... જો૦ ॥૮॥ વીપ્ર બહાર મુકી માંહે ગઈરે, દાસી ભામા પાસ; દીવ્યરૂપ નવી ઓળખીરે, રહીઅ રહીઅ વિમાસ.... જો૦ ॥૯॥ કુબ્જાદાસી હું તુમતણીરે, કહી બ્રામણની વાત; દોડી તેડી આવે તેહને રે, સિદ્ધપુરૂષ સુવિખ્યાત.... જો૦ ॥૧૦॥ વેદભણંતો

આવીઓરે, દીધો આશીરવાદ; ભામા ઉઠી ઉભી થઇરે, પ્રણમ્યા ચરણ પ્રસાદ.... જો૦ ॥૧૧॥ તેણ તેહને માને ઘણું રે, કૃષ્ણજીકંત મોરાર; અધિકકરો રૂપ માહરૂં રે, માનીશ તુમ ઉપગાર.... જો૦ ॥૧૨॥ ચિત્ત ઉતારો કંતનુંરે, રૂક્ષ્મણીથી એકવાર, તો હું જાણું માહરૂંરે, જીવિત સફળ સંસાર.... જો૦ ॥૧૩॥ વીપ્ર કહે વિધિ છે ઘણીરે, તે તો સર્વ કરેશ; તો રૂપ થાયે તેહવો રે, દેખી વિસ્મય ધરેસરે.... જો૦ ॥૧૪॥ જે કહો તે સ્વામી કરૂં રે, વેગ મ લાવો વાર; મસ્તક મુંડ તો આપણો રે, આભરણ સર્વ ઉતાર.... જો૦ ॥૧૫॥ ખંડીત દંડીત અતિ જર્યોરે, પહેરી પુરાણા ચીર; મસ્તક મુખ આંખ મશ ઘસીરે, સઘળું લેપ શરીર.... જો૦ ॥૧૬॥ જેમકહ્યું તેમ ભામા કર્યું રે, અરથી ન દેખે દોષ; અર્થીહોય તે ન જાણે રે, પીડા પરકેરો દુઃખ.... જો૦ ॥૧૭॥રૂંડ મુંડ સ્વાહા રે, અષ્ટોતરસો વાર; મંત્ર ગણે અણબોલતી રે, હોશે રૂપ અપાર.... જો૦ ॥૧૮॥ ભામા હું ભુખ્યો થયોરે, ભોજન દીયે ભરપુર; બેસારો વીપ્ર જમવારે, પીરશ્યાં બહુ ઘૃતપુર.... જો૦ ॥૧૯॥ પીરશ્યાં લાડું ખાજલારે, વિવાહનાં પકવાન; નિરખંતા સવિ નિઠવીઆરે, અચરીજ એ અસમાન.... જો૦ ॥૨૦॥ રે રે વીપ્ર ! તું કુણ અછેરે, તૃપ્તિ ન પામે કેમ ?; ઉઠ ઉઠ તું ઇંહાથીરે, પભણે દાસી એમ.... જો૦ ॥૨૧॥

॥ દુહા ॥

વેશ કીયો લઘુ સાધુનો, વીપ્રવેશ સવિ છંડ;
કાંધે લાખીણી લોબડી, હાથે અમુલક દંડ. ॥૧॥

કોમલ પટકુલ કલપડો, ઓઘો કક્ષા માંહિ;
જીવજતન મુખે મુહપત્તિ, ઈર્યાસમિતિ ઉછાહ. ॥૨॥
આયો રૂક્ષ્મણી આંગણે, મુનિવર અકલ અબીહ;
હરી સિંહાસન ઉપરે, બેઠો જાણે સીંહ. ॥૩॥

## ॥ ઢાળ ૧૧ મી. ॥

॥ ગુજરાતી કુલડાની ઢાળ, કુંવર ગભારો નજરે૦ ॥

તેણે અવસર રાણી તિહાંરે, બેઠી ચિંતાતુર બારરે; ભોજનવિધિ ભુલી ગઈરે, દુઃખ અનેક પ્રકારરે. ॥૧॥ ભલેરે પધાર્યા તુમે સાધુજી રે. રૂક્ષ્મણી વાંદે બે કરજોડે રે; તુમ દીઠે તન મન ઉલ્લસેં રે, પહુંચે પુત્રની કોડરે.... ભલે૦ ॥૨॥ કહે રૂક્ષ્મણી સુણ સાધુજીરે, એહ સિંહાસનથી ઉઠ રે; કૃષ્ણ કે કૃષ્ણઅંગજ પખેં રે, સાંસે નહીં દેવ હુઠરે.... ભલે૦ ॥૩॥ ભલેરે પધાર્યા તુમે સાધુજી રે, ॥ એ આંકણી ॥ સાધુના પુન્ય પ્રભાવથીરે, વિપરીત ન કરે કોઈ રે; કહો કેણ કારણ આવીઆ રે, રૂષીકહે ભીક્ષા હેત રે. ભલે૦ ॥૪॥ સોળવરસનો પારણો રે, નહીં પીધું માતાનું દુધ રે; અધીક તપીઓ તપ આકરો રે, કાયા કીધી તેણે શુધરે.... ભલે૦ ॥૫॥ કહે રૂખમણી હસી સાધુનેં રે, એતો તપ નવો નિરધારરે; જૈનશાસન-માંહે સાંભળ્યો રે, વરસીતપ અધિકારરે.... ભલે૦ ॥૬॥ શી ચરચા માંડી સાધુશું રે, વહેરાવે તો વહેરાવરે; કહે રૂખમણી રાંધીયું કેણેંરે, પુત્રચિંતા પ્રસ્તાવરે.... ભલે૦ ॥૭॥ કાંઈ ચિંતા ? પુછીયું જતીરે, વાત કહે સુવિચીત રે; સીમંધર નારદ કહ્યો રે,

સોળે વરસે મળશે પુત્ર રે.... ભલે૦ ॥૮॥ આરાધી કુલદેવતા રે, છેદવા માંડીઓ શીશ રે; માં માં કરી મુજ કર ગ્રહીરે, પહોંચે મનહ જગીસરે.... ભલે૦ ॥૯॥ આંબો ફળશે આંગણેરે, તુજ સુત મળશે તામરે, આજ અકાલ આંબો ફળ્યો રે, નંદન નવ મલીઓ સ્વામ રે.... ભલે૦ ॥૧૦॥ સર્વજ્ઞપુત્ર કહ્યા જતીરે, જોવોને લગન કુંડાલરે; ઠાલે હાથે નવી પૂછીએ રે, ફળે ફળે તતકાળ રે.... ભલે૦ ॥૧૧॥ જે કહો તે આપું મુદારે, સાધુ કહે ખીર ખાંડ રે, અગ્નિ પરજાળી નવિ જલે રે, સાધુ પ્રભાવ પ્રચંડ રે.... ભલે૦ ॥૧૨॥ મીઠાં મોદક માટું ભર્યું રે, કૃષ્ણ આરોગે એહ રે; તે કહો તો તમને દીયુંરે, પણ જરશે નહીં તેહરે.... ભલે૦ ॥૧૩॥ કહે મુનિવર ભય કો નહીં રે, તપતણી શક્તિ અનંત રે; ભસ્મ હોશે મોદક ભખ્યારે, મુનિવર લબ્ધિ મહંત રે.... ભલે૦ ॥૧૪॥ રૂક્ષ્મણી મોદક આપીયારે થાળ ભરી સસનેહ રે; રાંકતણી પરે ખાઈ ગયો રે, અચરિજ ઉપન્યો એહરે.... ભલે૦ ॥૧૫॥

॥ દુહા ॥

ભામા ભદ્ર કીઆ પછી, જપીયા ઘણાંહી જાપ;
પણ પરને કહેતાં પાડુંઉં, પોતે લાગ્યું પાપ. ॥૧॥

રે! રે! વીપ્ર કિંહા ગયો, મુઝને એણિપરે કીઅ;
લુણી દરહના (ઘરો) લે ગઈ, ઘરનાં ચુકા ધીઈ. ॥૨॥

ખાજાં લાડું ખાવતાં, તૃપ્તિ ન પામે તેહ;
ભડભડતો ઉઠી ગયો, જાણે રાક્ષસ એહ ॥૩॥

તીણવેળા આવી તિંહા, ઠાંમ ઠામ પોકાર;
ભામાને અતિ દુઃખ થયું, ક્ષત ઉપર વળી ખાર. ॥૪॥
કોઈ ગયો કુમરી અપહરી, કોઇ ગયો વાડી લઠાય;
કોઈ ગયો કુમર દુઃખવી, ખડ પાણી ગયો ખાય. ॥૫॥
સતભામા સહુને કહે, મત પરકાસો વાત;
એકવાર હું આપણી. દેહી આણું વ્હાત. ॥૬॥
તો પણ ભામા ચિંતવે, દુઠ રૂઠ દાઠીક;
શીર મુંડાવું શોકનું, જેમ તેમ લાવું લીક. ॥૭॥

## ॥ ઢાળ ૧૨ મી. ॥

॥ ભેખ રે ઉતારો રાજા ભરથરી. ॥

ભામા દાસી મોકલી, પડલો દેઇ હાથ; રૂક્ષ્મણી આપો આપણા, કેશ પડલા સાથ. ॥૧॥ અચરિજ જોવે એહવું, દીસે દીનરાત; સાચી નીરતી પડે નહીં, દૈવનિર્મિત વાત.... અચ૦ ॥૨॥ રૂંડ મુંડ મસ્તક થયો, પડલો ભરીઓ કેશ; દાસી સવે નાશી ગઇ, વળી નહીં આવેસ.... અચ૦ ॥૩॥ ભામા કહે દાસી સુણે, કુણ એહ પ્રકાર; જેહવી સોહે સ્વામિની, તેહવો તસ પરિવાર.... અચ૦ ॥૪॥ વળી સતભામા મોકલ્યા, નાઇને તતકાળ; જાઓ જોર કરી ગ્રહો, રૂખમણીનાં વાળ.... અચ૦ ॥૫॥ ભદ્ર થયાં શીર તેહનાં, ચરબરતે ચરમ; જીવ લેઇ નાશી ગયા, કેહનો લાગ્યો કરમ. અચ૦ ॥૬॥ ભામા બલભદ્ર તેડીઆ, તેડીઆ કૃષ્ણનરેશ; સાખી હુ આ શું તમે? રૂક્ષ્મણી નાપે કેશ. અચ૦ ॥૭॥ તમે મુંડાવ્યું તેટલે, સારો ભામા નાર; હરી આવી શું હસે? નીજ બોલ સંભાર.... અચ૦

॥૮॥ કૃષ્ણેં બલભદ્ર મોકલ્યા, રૂખમણીનેં પાસ; બેઠાં દીઠાં બલભદ્રે, આગેં કૃષ્ણ ઉલ્લાસ. અચ૦ ॥૯॥ લાજ્યો વેગે પાછો વળ્યો, દીધો વળી ઓલંભ; મુઝશું બાંધવ રાધવા, તુમે કીધો કો દંભ? અચ૦ ॥૧૦॥ હરી બોલ્યા હું નહીં ગયો, ગળેં વાહું હાથ; શું થયું એહ સંશયે, પડયો ગોપીનો નાથ. અચ૦ ॥૧૧॥ તેણેં અવસર નારદ તિંહા, આવ્યા મુનિ પાસ; કહે તું મુલગું આપણું. રૂષી રૂપ પ્રકાસ. અચ૦ ॥૧૨॥ કુમરેં રૂપ પ્રકાશીઓ, લાગ્યો જનની પાય; નારદે પુત્ર જણાવીઓ, પામ્યો પુન્ય પસાય. અચ૦ ॥૧૩॥ માતા હીઅડે ભીડીયો, આણંદ અંગ ન માય; આંખે ઝરે આંસુ હરખનાં, હીઅડો ટાઢો થાય. અચ૦ ॥૧૪॥ ઉઠકોડ રોમરાયની, વીકસી તેણીવાર; પ્રગટયો પાનો દુધનો, પુત્ર પ્રેમ અપાર. અચ૦ ॥૧૫॥ માત તમે મત બોલજો, કરૂં અચરિજ એક; રથેં બેસારી રૂક્ષ્મણી, નીસરીયો સુવિવેક. અચ૦ ॥૧૬॥ રે રે! ગીરધર! જાદવા! સુણજો સહુ કોય; લેઇ જાઉં છું રૂખમણી, આડો આવીઓ કોય. અચ૦ ॥૧૭॥ કૃષ્ણ સુણી કોપેં ચડયો, કીધી તેહની કેડ; સારંગ ધનુષ ચડાવીઓ, નાખીઓ ઉંથેડ. અચ૦ ॥૧૮॥ રે! રે! મુરખ!, બાપડાં!, કાંઇ તું મરે અકાલ; કુણ છે? મુક તું રૂક્ષ્મણી; એમ બોલે ગોપાળ. અચ૦ ॥૧૯॥ કુમર પ્રદ્યુમ્નેં કેળવી, વિદ્યા અનુકુળ; કૃષ્ણ કટક ભાંગી ગયો, વાયે જિમ આકતુલ. અચ૦ ॥૨૦॥ સારંગ પણું સંશય પડયો, કુણ છે નર એહ;? તેણ વેળા દક્ષિણ

ભુજા, ફરસી સસનેહ. અચ૦ ॥૨૧॥ કુણ કારણ બાંધવ કહો, વિનવીયો બલદેવ; દષ્ટ કાંતિ પ્રીઅ આપણો, મલસેં પ્રતીતમેવ. અચ૦ ॥૨૨॥ વળી આવ્યો નારદ તિંહા, વાર્યો કુમર સંગ્રામ; તાત સંઘાતે તુમનેં, નહીં યુદ્ધનો કામ. અચ૦ ॥૨૩॥ હંહો હરી! તું શું કરે, એણસેતી યુદ્ધ ?; નાનાવિધ વિદ્યાનીલો, એ અંગજ છે તુઝ. અચ૦ ॥૨૪॥ વિનય વિવેક કલાધરૂ, શાંબ-પ્રદ્યુમ્નકુમાર; પાયકમલ પ્રણમેં મુદા, હરીનાં વારં-વાર. અચ૦ ॥૨૫॥ બલભદ્ર કૃષ્ણ કુમર મળ્યાં; પહોંચ્યા મનનાં કોડ; નગર પ્રવેશ ઓછવ કરે, જાદવ છપ્પન-ક્રોડ. અચ૦ ॥૨૬॥

## ॥ ઢાળ ૧૩ મી. ॥

॥ રાગ ધનાશ્રી. ભરતનૃપ ભાવશું એ ॥

કુમર મહોછવ માંડીઓએ, નાનાવિધ બહુ ભાત....કુમર ભલેં આવીઓએ; ગોખ ચડી ઘણી ગોરડીએ, કુમર વિલોકન ખાંત....કુમર૦ અતિ ઘણોં હરખ અપાર....કુમર. ॥૧॥ ઘર ઘર ગુડી ઉછળીએ, શણગાર્યાં સવી હાટ....કુમર૦; ગલીએ ફુલ બીછા-વીઆ એ, મળીયા માણસ થાટ....કુમર૦ ॥૨॥ કુમર પ્રદ્યમ્ન રાણી રૂખમણીએ, બળભદ્ર કૃષ્ણ ગોપાળ; કુમર૦; હસ્તી ઉપર ચડયા હરખશું એ, બેઠાં ઢળકેં ઢાલ. કુમર૦ ॥૩॥ ધવળ મંગલ ગાવે ગોરડીએ, સોહગ દીએ આશીષ....કુ૦; વાજે વાજીંત્ર અતિ ઘણાંએ, નાટક પેડા બત્રીશ....કુ૦ ॥૪॥ બંદીજન જય જય કરે એ, પસર્યો સુજસ પવિત્ર....કુ૦; ચામર ઢાળેં

ચિંહુ દિસેં એ, મોઘડંબર છત્ર. કુ૦ ॥૫॥ હય ગય રથ પાયક તણો એ, પુહવી ન લાભે પાર....કુ૦; એણેં આડંબર આવીઓ એ, રૂક્મણી ભવન મઝાર....કુ૦ સકલ લોક શણગારીઓએ, નવી હરખી ભામાનાર.... કુ૦; લાજ નહીં હજી તેહનેં એ, સહેજ ન જાએ સંસાર.... કુ૦ ॥૭॥ ભામા એહવી ભામિનીએ, રતીઆ માંહે શીરદાર....કુ૦; તો પણ મદ મછર કરેં એ, જુઓ જુઓ કરમ વિચાર. કુ૦ ॥૮॥ નારદઋષીનાં પાય નમીએ, રૂક્મણી દીએં આશીષ....કુ૦; પર ઉપગારી તું પ્રભુ એ, જીવો કોડવરસ.... કુ૦ ॥૯॥ કાલસંબર આણ્યો હુંતો એ, માનીઓ બાપનેં ઠામ;.... કુ૦; સંપેડીઓ સંતોષશું એ, પહુતો આપણે ઠામ. કુ. ॥૧૦॥ તે કન્યા પરણે નહીં એ, મુજ ભોજાઇ હોય....કું૦ કુમર વિવાહ મંડાવીઓ એ. સાજન મલ્યા સહુ કોય. કું૦ ॥૧૧॥ વડા વડા રાણા રાજીઆએ, વડા વિદ્યાધર ભુપ....કુ૦; તેહ તણી કન્યા તિંહાંએ, આણી સકલ શણગાર.... કુ૦ ॥૧૨॥ ચંદ્રવદની મૃગ લોયણીએ, રૂપેં રંભા સમાન....કુ.; ગુણમણી ઓરડી ગોરડીએ, ગોરડીભીંને વાન....કુ. ॥૧૩॥ એક દિવસ એકેસમેંએ; પરણાવી પચાસ....કુ૦; મનમાન્યો વિવાહ થયો એ, રૂક્મણી પુગી આશ.... કુ૦ ॥૧૪॥ કૃષ્ણે દીધો દાયજો એ, ઉંચા મહેલ આવાસ....કુ૦; પ્રમાદશું પ્રેમે રમે એ, આણંદ લીલ વિલાસ. કુ૦ ॥૧૫॥ રૂપ કલા ગુણ આગળો એ, પ્રતપે તેજ પ્રતાપ....કુ૦; વિનયવંત વિદ્યાનિલો એ, માન દે માય ને બાપ.... કુ૦ ॥૧૬॥ પુત્ર રતન જગ પરવડોએ, રૂક્મણી જીવનપ્રાણ....કુ૦; કામ

ભોગ સુખ ભોગવે એ, દેવ દોગુંદક જાણ....કુ૦ ॥૧૭॥ કુમર પ્રદ્યુમ્ન તણાં કહ્યા એ, અષ્ટ ભવાંતર એહ....કુ.; સાંભળતાં સુખ સંપજે એ, નિર્મળ થાયે દેહ....કુ૦ ॥૧૮॥ સમયસુંદર કહે એહના એ, ગુણ ગાયા બહુ ભાંત....કુ.; પ્રથમ ખંડ પુરો થયો એ, બીજાની છે ખાંત. કુ૦ ॥૧૯॥ ઇતિ સાંબ પ્રદ્યુમ્ન સબંધે પ્રથમ-ખંડ સંપૂર્ણ

## ॥ અથ દ્વિતિય ખંડ ॥

### ॥ દુહા ॥

શ્રી કાશ્મીર મુખ મંડની, પ્રણમું તોરા પાય;
હવે બીજો ખંડ બોલશું, સાંનિધ કરજો માય. ॥૧॥

સાતભામા હરી ભામિની, પેખી કુમર પ્રતાપ;
અણખ અદેખાઈ કરે, શોકયમાતા સંતાપ. ॥૨॥

અન્ય દિવસ ભામાસતી, ત્રિસુલો ચાઢી નિલાડ;
તૂટલ ફુટલ ખાટલે, ખરી રીંસાણી હાડ. ॥૩॥

ગલહથો દે ગાલશું, નયણે વરસે મેહ;
ચિંતાતુર બેસી રહી, દુખીયાં લક્ષણ એહ. ॥૪॥

કૃષ્ણ કહે તું કાં પ્રિયા, આમણ દુમણી આજ; ?
કહે તુજને કેણે દુહવી ?, તેહશું નહિં છે કાજ. ॥૫॥

તુઝ પ્રસાદ કુણ દુહવે ?, પણ એ દુઃખની સીમ;
સુત કર રૂક્ષ્મણી સારિખો, નહીંતર જમવા નીમ. ॥૬॥

કહે હું પ્રાણ તજીસ પ્રિય, કે મુજ સરણ અગન;
કે રૂક્ષ્મણીના સારખો, દ્યો મુજને પુત્ર રતન. ॥૭॥

કૃષ્ણ કહે ચિંતા મ કર, ભામા ભોજન જીમ;
સુર આરાધી સુત કરૂં, પડખ પ્રિયા તાં સીમ. ॥૮॥

# ॥ ઢાળ ૧૪મી. ॥

॥ ચંદ્રવદની ડુંગરહાની. દેશી નાગિલાની ભવદેવ ભાઇ ઘરે આવીયારે. ॥

અઠમ ભગતે આરાધીયો રે, દેવતા હરિણગમેષ રે; દેવ કહે વાસુદેવને રે, સમર્યો કેણ વીસેખ રે. ॥૧॥ સરજ્યા પાખે પુત્ર ન સંપજે રે. મત કોઇ કરો વેખાસરે; પુન્ય પ્રમાણે સુખ સંપજે રે, લહીએ સુત લીલવિલાસ રે.... સરજ્યા. ॥૨॥ સત્યભામા હઠ માંડીયો રે, એહને પુત્ર દીયો સાર રે; રૂક્ષ્મણીનાં સુત સારખો રે, પુરવો હરખ અપાર રે. સરજ્યા. ॥૩॥ હાર લેઇ કૃષ્ણ મોતીતણો રે, જેહને કંઠ ઠવેસ રે; સુખ ભોગવશે સંસારનાં રે, તેહને પુત્ર કરેસ રે. સ૦ ॥૪॥ કુમરને ભેદ સઘળો કહ્યો રે, આપણે દેવતા આવી રે, ખબર કરે જસુ દેવતા રે, અઇ અઇ પુન્ય પ્રકાર રે. સ. ॥૫॥ કુમર કહે માતા રૂખમણી રે, કહો તો કરૂં હાર પ્રપંચ રે; પુત્ર હોશે મુજ સારિખો રે, સંપ્રતિ એહવો સંચ રે, સ૦ ॥૬॥ કહે રૂખમણી કૃતારથ થઇ રે, એકણ પુત્ર રતન રે; સીંહણને સુત એકજ હુએ રે, લોક કહે ધન ધન રે. સુ૦ ॥૭॥ ભામાને પુત્ર હોશે ભલો રે, તો વળી દેશે દુઃખ રે; તું કહે તેહને સુત કરૂં રે, શોક કેહી ? શું છે સુખ રે. સ૦ ॥૮॥ રૂક્ષ્મણી કહે પુત્ર માહરે રે, જાંબુવતી જીવનપ્રાણ રે; એણે સહીઆ સુખ દુઃખ એકઠા રે, કેટલા કીજે વખાણ રે. સ૦ ॥૯॥ જાંબુવતી રૂપ ફેરવી રે, સત્યભામા કીધી સાક્ષાત રે; પ્રીતમ પાસ તે મોકલી રે, કુંણ લહે કૂડની વાત રે. ? સુ. ॥૧૦॥ હાર ઠવી કંઠે ભોગવી રે, કૃષ્ણજી

કામિની તેહ રે; તિંહાથકી આવી ઉતાવળી રે, આણંદે આપણે ગેહ. સ० ॥११॥ તતક્ષણ ભામા આવી તિહાં રે, સજી કરી સોળ શણગાર રે; કૃષ્ણ કહે કાંઈ આવી વળી રે, વિષયતૃષ્ણા નહીં પાર રે. સ. ॥१२॥ સત્યભામા કહે સ્વામીજી રે, કુણ આવી તુમ પાસ રે?, મન ન ગમે તો નહીજ હુ રે, બોલીએ વાત વિમાસ રે. સ० ॥१३॥ સત્યભામા સાંસે પડી રે, સુંસ કરે વારંવાર રે; આ હુને પરતખ તુમે, સત્યભામા તું સંભાર રે. સ० ॥१४॥ સત્યભામા પણ ભોગવી રે, કૃષ્ણજી નવી દીઓ છેહ રે; કુમર વાઈ ભેરી તેણે-સમે રે, કૃષ્ણ કંપીઓ ભયે દેહ રે. સ० ॥१५॥ કૃષ્ણ કહે ભામા, તાહરે રે, પુત્ર હોશે સહી જાણ રે; પણ ભીરુક હોશે ભયે રે ભવિતવ્યતા પરીમાણ રે. સ० ॥१६॥ કૃષ્ણજી રૂક્ષ્મણી મંદિરે રે, આવીયા ઉગતે સુર રે; હાર પહેરી દીઠી જંબુવતી રે, પ્રગટયો આનંદ પુર રે. સ० ॥१७॥ કૃષ્ણે પૂછીયું હાર કિંહાથકી રે?, પ્રીતમ તુમ પ્રસાદ રે; રાતની વાત શું વિસરી રે? આપે કીધો જે આલ્હાદ રે. સ० ॥१८॥ કૃષ્ણે જાણ્યો છલ કુમરનો રે, વાત કીધી વિપરીત રે; જંબુવતી પ્રિયા તાહરે રે, કુત્ર હોશે સુવિદીત રે. સ० ॥१९॥ તેણે સમે જીવ કૈટભ તણો રે, દેવ ચવી વર વંસ રે; જંબુવતી કુંખે અવતર્યો રે, માનસરોવર હંસ રે. સ० ॥२०॥ સુપન દીઠો રાણી સીંહનો રે, પુત્ર જાયો પ્રધાન રે; નામ દીયો શાંબ પુત્રનોરે, ધવળમંગલ ગીત-ગાન રે. સ० ॥२१॥ ચંદ્રની પરે ચડતી કલારે, કુમર વાધે દીન દીન રે; રુપ કલા ગુણ રુઅડો રે, જેહવો

કુમર પ્રદ્યુમ્ન રે. સ૦ ॥૨૨॥ જોબનવય પરણાવીયો રે નારી પચાસ નિજ તાત રે; કુમર લીલા સુખ ભોગવે રે, મેદની માંહે વિખ્યાત રે. સ૦ ॥૨૩॥ બે નલ કુબેર સારિખા રે, બાંધવ અવિચલ જોડ રે; રમલ કરે રહે એકઠાં ર, પુરવે મનતણાં કોડ રે. સ૦ ॥૨૪॥ માત મનોરથ પૂરતાં રે, કુમર કલ્લોલ કરંત રે; પુણ્ય પુરુષ જગપરવડાં રે, પૂરવ પ્રીત ધરંત રે. સ૦ ॥૨૫॥

॥ દુહા ॥

એકદીન રૂક્ષ્મણી આપણાં, જણ મુકયા તીંહા યજા;
ભોજ કટક ભુપતિ તિંહાં, રૂકૂમી બાંધવ રાજ. ॥૧॥

કર જોડી સેવક કહે, આપે બહેન આશીષ;
વૈદભી પ્રદ્યુમ્નને, પરણાવો સુજગીશ. ॥૨॥

કુમરી સોવન મુદ્રડી, કુમર અમુલખ નંગ;
સુંદર તું સોની હુજો, અમ મન એહ જગીશ. ॥૩॥

કહે રૂકમી કોપે ચડયો, નિર્દાક્ષીણ નિટોલ;
આગે રૂક્ષ્મણી અપહરી, તે પણ સાલે બોલ. ॥૪॥

એ ઉત્તમકુલ ઉપની, હરીનું કુળ આહીર;
વર વરશું ચંડાલનો, પણ નાપું કહે વીર. ॥૫॥

વેગે દુત પાછો વળ્યો, ન ચડી વાત પ્રમાણ;
રૂક્ષ્મણી આમણ દુમણી, દીઠી કુમર સુજાણ. ॥૬॥

## ॥ ઢાળ ૧૫ મી. ॥

॥ રાગ—ખંભાયતી. જેસલમેર જીરાવલે રે. ॥

સંબકુમર હરખે ચલ્યા રે વિદ્યાબળે આકાશો રે; રુપ કીયો ચંડાલનો રે, કાંતિ કલા સુપ્રકાસો રે....

તોરે ક્રોડે રે પરણું વૈદર્ભીકુમરી રે, મોરી માતાજી. મન આશા પૂરૂં તોરી રે. ॥૧॥ ભોજકટક માંહે ભમે રે, ગાયે ગીત રસાળો રે; વીચ વીચ વાયે વાંસળી રે, એક વીણા એક તાલો રે....તોરે૦ ॥૨॥ હાહા હુહુ અવતર્યો રે, દિવ્યગાયન દેવરૂપો રે; સંગીત ભેદ સમુચે રે, સુંદર સકલ સરૂપો રે....તો રે૦ ॥૩॥ સપ્ત સ્વર ત્રણ ગ્રામશું રે, મૂર્છના એકવીશ માનો રે; સ્વર મંડલ પૂરો સજે રે, ચાલીશને તન વારો રે....તોરે૦ ॥૪॥ ટોળે ટોળાં મળે તિંહા રે, નરનારીનાં વૃંદો રે; દેવવિમાન થંભી રહે રે, પામે પરમાણંદો રે....તોરે૦ ॥૫॥ પામે સુખ સંયોગીની રે, વીરહણી રાહુ આરાધે રે; ચંદ્રવાહન મૃગ નવી ચલે રે, નાદે વેધ્યો નિશિ વાધે રે....તોરે૦ ॥૬॥ કાચીત હાર પરોવતી રે, અધવચ નાખી આવે રે; કાચીત પ્રીયને પીરશ્યો રે, ધી અણપીરશ્યો ધાવે રે....તોરે૦ ॥૭॥ કાચીત ગીત વિનોદની રે, પ્રીય હટકી વીલખાંણી રે; કાચીત પગ બે માંડણે રે, અણસુકેંજ જાણી રે....તોરે૦ ॥૮॥ કાચીત ઘર ધીનો ઘડો રે, નીસરી મુકી ઢળતો રે; કાચીત્ ધાન ચુલે ચડયો રે, મુગ્ધા મુકે બળતો રે....તોરે૦ ॥૯॥ કાચીત્ ન ગણે નાહલો રે, ગાલ દેતો ઉછળતો રે; કાચીત છાયલ છેહડો રે, ઉંચો ન લે મહી રલતો રે....તોરે૦ ॥૧૦॥ કાચીત વેણી ગુંથાવતી રે, નીસરી છૂટે કેશો રે; કાચીત ભોળી ભામિની રે, અરધો પહેર્યો વેશો રે. તોરે૦ ॥૧૧॥ નાદે મોહ્યો મૃગલો રે, આપે આપણો શીશો રે; નાદે મોહ્યા વિષધરા રે, ડોલે મુકી રીશો

રે. તોરે....॥૧૨॥ નાદેં મોહ્યા કૃષ્ણજી રે, નાદેં ઈશ્વર નાચીઓ રે; નાદેં બ્રહ્મા વશ કીઓ રે, સુર રમણીશું રાચીઓ રે....તોરે૦ ॥૧૩॥ નાદેં ચિત્તવિનોદશું રે, દુઃખીયા કાલ ગમાવે રે; નાદેં સુખીયા સુખ લહેરે, જોગી ચિત્ત રમાવેં રે....તોરે૦ ॥૧૪॥ ચાર વેદ તેમ પંચમો રે, એ ઊપવેદ સવાદ રે; વળી વિશેષેં વખાણીઓ રે, નારી મોહન નાદો રે....તોરે૦ ॥૧૫॥ નાદવિના શોભે નહીં રે, પંડિતનેં મુખ વાણી રે; માન વિના શોભે નહીં રે, જેમ રાજા પટરાણી રે....તોરે૦ ॥૧૬॥ લુણ વિહુણી રસવતી રે, જમતાં સ્વાદ ન આવે રે; લોકમાંહે હાંશી લહે રે, કંઠ વિના આલાપે રે. તોરે૦ ॥૧૭॥ દીપકરાગ દીવા બળેં રે, અગ્નિ વિના તતકાળો રે, પંચમ નવપલ્લવ તરૂ રે, એમ સવળી રાગમાલોરે. તોરે૦ ॥૧૮॥ મમ તું ગાયેડુંબડારે, હીઅડે હરખીત હોય; નરનારી મોહી રહ્યા રે, સાંભળતા સહુ કોય રે. તોરે. ॥૧૯॥ વૈદર્ભીં વાત સાંભળી રે, તેડીઆ ડુંબ તુરંતો રે; વાત ઉછંગે બેસી કરી રે, ગવરાવીયા ગુણવંતો રે....તોરે૦ ॥૨૦॥ પુછીયું કિંહાથી આવીયા રે, સ્વર્ગથકી સુખવાસો રે; દ્વારીકાનગરીમાંહે થઈ રે, અમે આવ્યા તુમ પાસો રે....તોરે૦ ॥૨૧॥ કમરી કહે સુત કૃષ્ણનો રે, જાણો કમર પ્રદ્યુમ્નો રે; સંબ કહે કોણ ન ઓળખે રે એહવા પુરૂષ રતનો રે....તોરે૦ ॥૨૨॥ સોભાગી મહિમાનીલો રે, ત્રિભુવન કરેં પ્રસંશો રે; નારીનાં વૃંદ જેહનેં રે, વાંછે કામરી રંસો રે.... તોરે૦ ॥૨૩॥ કુમરી મન મોહ્યો ગુણેં રે, પ્રેમ ધરીઓ

પ્રછન્નોરે; જો પરણું તો એહને, નહીતર અગ્નિ સરણો રે. તોરે૦ ॥૨૪॥ એહવે રાજઆલાનથી રે, છુટયો કરી વિમાશો રે; કુણ નર ઝાલે એહને રે, જઈ ન શકે કોઇ પાસે રે. તોરે૦ ॥૨૫॥ રાજા પડહ વજાડીઓ રે. જે હાથીને ઝાલે રે; રાજા રંજયો તેહને રે, જે માગે તે આલે રે....તોરે૦ ॥૨૬॥ ઢાઢી ઢંઢેરો છબ્યો રે. લોક અચંભો આણે રે; ગાયને ગજ વશ આણીયે રે, સહુ સાબાશ વખાણે રે....તોરે૦ ॥૨૭॥ માગો માગો માંગણો રે, પુરૂં મુઝ પ્રતિજ્ઞા રે; રાંધણહારી કો નહીં રે, દે વૈદર્ભીકન્યા રે. તોરે૦ ॥૨૮॥ રૂઠો રાજા એમ ભણે રે, ગામ શીમથી કાઢો રે; નગર વીટાળ્યું ડુંબડે રે, એ ભાંજોઆખાઢોરે. તોરે૦ ॥૨૯॥ ગાયક ગામ બાહિર ગયા રે, રાજાશું નહિં જોરો રે; સંબહે ક પ્રદ્યુમ્નનેરે. વિદ્યાબલ કોઇ ફેરો રે. તોરે૦ ॥૩૦॥

॥ દુહા ॥

કુમર આકાશે ઉડીયો, વિદ્યાતણે અભ્યાસ;
નિશિભર સુતી નિંદ્રમે, ગયો વૈદર્ભી પાસ. ॥૧॥

રૂક્ષ્મણીનામે લેખ લખી, દીધો કુમરી હાથ;
વહેલી તું થાજે વહુ, આવે એહને સાથ. ॥૨॥

કુમરી પુછે કોણ તું?; કુમર કહે સુવચન;
મનમાન્યો જે તાહરે, તે હું કુમર પ્રદ્યુમ્ન. ॥૩॥

## ॥ ઢાળ ૧૬ મી. ॥

॥ રાગ આશાઉરી. હવે શુક સુઘોષા વજાવે. ॥

કુમરી જાણે કારજ સિદ્ધ્યો, તાત વિણા પણ દેવે દીધે; નિશ્ચયસેંતી સરજ્યું લહીએ, મન રાખી કાંમ સુખ દુઃખ સહીયે. ॥૧॥ મનરાજી તો શું કરે કાજી ? મનવંછીત કન્યા આરત ભાંજી; અગ્નિની સાખે કુમરી પરણી; આરમ કારમ કીધી કરણી. ॥૨॥ પહેરી પીતાંબર કંકણ બાંધ્યો, હાથ મેલાવે મુહૂર્ત સાધ્યો; રાત રમીને સંબની પાસે, કુમર ગયો મનને ઉલ્લાસે. ॥૩॥ કુમરીને નિશિ નિદ્રા આવી, દીન ઉગ્યા પછી ધાવે જગાવી; દીઠાં કંકણ કોરીસાડી, જાણ્યો પરણ્યો દીધી રાડી. ॥૪॥ રાજાને જઇ વાત જણાવી, રૂઠો રાજા મા પણ આવી; ફીટ ફીટ પાપણી કામ શું કીધુ ?, નિર્મલકુળને લંછન દીધું. ॥૫॥ હા હા !! માહરી વાચા ભાગી. કુમરી નાપી માંગણે માગી; રે રે તેડો તેહજ ઢાઢી, હવે કુમરી ભલી બાહીર કાઢી. ॥૬॥ તેડીઆ તે માંગણ સહુકો સાખી, કુમરી દીધી વાચા રાખી; માંગણ બોલ્યા સુણ તું કન્યા, રાજકુમરી છે તું તો ધન્યા. ॥૭॥ અમે માંગણ ને પરદેશી, કામ-ઘણું ઘરે કેમ કરેસી ?; તું સુકુમાલી કોમલકાયા, કંચનવરણી દીસે કાયા. ॥૮॥ રાજપુત્રી દુહવી નવી જાએ, સાહમો અમને સંતાપ જ થાએ; કુમરી કહે પણ મનમાંહે તાઢીં, વખત બળીઆ મુજ પ્રીતમ ઢાઢી. ॥૯॥ બાપે દીધો તો કુણ પાલે, દૈવસંઘાતે જોર ન ચાલે; લોક સમક્ષ બંધવ બેઇ, તિંહાથી

ચાલ્યા કુમરી લેઈ. ॥૧૦॥ નગરી બાહેર રાતે રહીઆ, કામ થયો તેણે મન ગહગહીઆ; દેવવીમાન સરીખો સાર, મહેલ રચી માંહે બેઠા કુમાર. ॥૧૧॥ વીણા વેણુ માદલ ધોંકાર, નાટક પડે બત્રીશ અપાર; ગીત વિનોદ સંગીત વિચાર, ઇંદ્રસભા જાણ અવતાર. ॥૧૨॥ પાછલ રૂકમી રાજા બાપ, કરવા લાગ્યો પશ્ચાતાપ; હા હા ! મેં શું કીધો કામ, વૈદભી કેમ દીજે આમ ?. ॥૧૩॥ મેં મોટો કીધો અન્યાય, ચંડાલ નેં ઘેર બાંધી ગાય; મેં પાપી કાં કીધો કરોધ ?, હવે મુઝનેં લાગ્યો પ્રતિબોધ. ॥૧૪॥ ક્રોધે ચડીયો નર થાયે અંધ; ક્રોધ ચડયો કરે કર્મનો બંધ; ક્રોધ ચડયો કરે આતમઘાત, ક્રોધ ચડયો પુત્ર મારે તાત. ॥૧૫॥ ક્રોધ પુરવક્રોડ ચારિત્ર બાળેં, ક્રોધસમો નહીં કોઈ ચંડાલ; રૂક્ષ્મણી માંગી હુંતી જહીએ, વારૂ હુંતી જો દીધી તહીએ. ॥૧૬॥ એમ રાજા કરે ક્રોડ વિલાપ, તેણેં અવસર સાંભળ્યો આલાપ; માણસ મુકી ખબર કરાવી, સંબ પ્રદ્યુમ્ન વધામણી આવી. ॥૧૭॥ હરખીત હુઓ રૂકમી રાય, પ્રભાતે ઉઠી સામો જાય; સંબ પ્રદ્યુમ્નને સાથે મળીઆ, મનવાંછીત સહુકોનાં ફળીઆં. ॥૧૮॥ અતિઆડંબર રાજા કીધો, ઘર તેડી ઘણો દાયજો દીધો; સબલ કટક ભટ સાથે તેડયા, સંબપ્રદ્યુમ્ન ઘરે સંપ્રેડયા. ॥૧૯॥ આવ્યા દ્વારીકાનયર ઉલ્લાસ, રૂક્ષ્મણીની મન પુગી આશ; બે બાંધવ ભોગવે સુખભોગ, પુણ્ય પ્રમાણ સદા સંજોગ. ॥૨૦॥ એકદિન મદિરા કીધો પાન, દ્વીપાયન દુહવ્યો અસમાન; દ્વારીકાદાહ નિદાન વીચાર્યો, તપજપનો ફલ સહુ તેણે હાર્યો.

॥૨૧॥ એકદિન કમલામેલા કરતો, સાગરચંદ દીઠો તેણે ફરતો; પાછલ જઈ નેં મીંચી આંચ, કમલામેલા દરિશણ દાખ. ॥૨૨॥ કમલામેલા નહી હું તેહ, કમલામેલા મેળક એહ; વાચા અવીચળ સાગરે માંગી, કુમરી મળી તે ચિંતા ભાગી. ॥૨૩॥

## ॥ ઢાળ ૧૭ મી. ॥

॥ જાદવરાય રંગ લાગ્યો : જીહો પ્રણમું દિનપ્રતિ જિન. એ દેશી ॥

જીહો ભીરૂક સુત ભામાતણો લાલા, નહીં તે શાહ સધીર; જીહો સંબ કર રમ્યો થકો લાલા કૃષ્ણકરે તસુ ભીર. ॥૧॥ કુમરની ક્રીડા અનેક પ્રકાર....જીહો અચરિજ સુણતાં ઉપજે લાલા, બળવંત સંબકુમાર. કુમરની૦ ॥૨॥ જીહો કૃષ્ણે ઓલંભો આપીઓ લાલા, જંબુવતી સુત રાખ; જીહો સંબ સુહાળો માહરો લાલા, સહુકો આપે શાખ. કુમરની૦ ॥૩॥ જીહો સીંહણ કહે મારો સીંહલો લાલા, સંતપર કરતી સુકુમાલ; જીહો નાદે ભંજે ગજઘટા લાલા, તેમ તોરે મન વાલ. કુમરની૦ ॥૪॥ જીહો પ્રત્યક્ષ ચાલો દેખાડશું લાલા, સઘળું કુમર સ્વરૂપ; જીહો જંબુવતી આહીરણી લાલા, હરી કીયો આહીર રૂપ. કુ૦ ॥૫॥ જીહો નગરી બાહેર જઇ રહ્યા લાલા, કુમર કરે જીહાં કેલ; જીહો ગોરસ વહેચણ નીસરી લાલા, જંબુવતી ગજગેલ. કુમરની૦ ॥૬॥ જીહો સંબે દીઠી સુંદરી લાલા, બોલાવી દે ગાળ; જીહો ગોરસ લીઓ ગોવાલણી લાલા, દેશું દામ સકાલ. કુમરની૦ ॥૭॥ જીહો જંબુવતી જાતી ડરે લાલા, [illegible]તમ લીધો રે સાથ;

જીહો જોરે દેવલમાંહે જઇ લાલા, બાંહે ઘાલી બાથ કુમરની૦ ॥૮॥ જીહો રે રે સંબ તું શું કરે લાલા, માથા ટળ પાપીષ્ટ; જીહો પ્રગટ કીયો રૂપ આપણો ઠો લાલા, નાઠિં સંબ અનીષ્ટ. કુમર૦ ॥૯॥ જીહો કૃષ્ણ કહે હવે કાં પ્રીયા લાલા, દીઠો પુત્ર કૃતાંત; ? જીહો તું તહીએં માને નહી લાલો, હવે પોતે અનુભુત. કુ૦ ॥૧૦॥ જીહો બીજે દીન ગોવિંદજી લાલા, બેઠા સભા મઝાર; જીહો ખીલી ઘડતો આવીઓ લાલા, સંબ પ્રદ્યુમ્ન તેણીવાર. કુ૦ ॥૧૧॥ જીહો કૃષ્ણે પુછ્યું સંબને લાલા, ખીલી કેણ વિશેષ ?; જીહો કહેશે વાત જે કાલની લાલા, તે મુખ મારીશ મેખ. કુ૦ ॥૧૨॥ જીહો મુજથી નવી ગુદરીઓ લાલા, કોપે કૃષ્ણ મોરાર; જીહો દેશવટો દેઇ કાઢીયો લાલા, બાહેર સંબકુમાર. કુ૦ ॥૧૩॥ જીહો વિદ્યા દીધી આપણી લાલા, પ્રધાનપતી પરજુન, જીહો પ્રીત ઘણી એક પાછલી લાલા, બીજો પોતે પુણ્ય. કુ૦ ॥૧૪॥ જીહો ભીરૂકને મારેંવળી લાલા, રૂક્ષ્મણીરાણીનો નંદ; જીહો ભામા ક્રોધમુખી ભણે લાલા, કાંઇ વધે હુએ દાદ. કુ૦ ॥૧૫॥ જીહો સંબ તણી પરે તાહરૂં લાલા, ઇંહાથી કર તું અદીઠ; જીહો લાવું કહો તો માતજી લાલા, જઇ સમશાને બેઠા. કુ૦ ॥૧૬॥ જીહો પાછો આવું હું કદા લાલા, અવધી વદો અભીરામ; જીહો સંબકુમર હાથે ગ્રહી લાલા, આણુ આવે તામ. કુ૦ ॥૧૭॥; જીહો રૂક્ષ્મણીનંદન ગયો લાલા, નગર બાહેર મસાણ, જીહો સંબકુમર ભમતો થકો લાલા, આવી મળ્યો જીવપ્રાણ. કુ૦ ॥૧૮॥ જીહો સતભામા વિવાહ સજે

લાલા, ભીરુકકુમર નિમિત્ત; જીહો નવાણું કન્યા મળી લાલા, સુંદર રુપ પવિત્ત. કુ૦ ॥૧૯॥ જીહો સતભામા જોતી ભમેં લાલા, એકણ કન્યા કાજ; જીહો રુક્મણી-નંદન ચિંતવ્યો લાલા, વારૂ અવસર આજ. કુ૦ ॥૨૦॥ જીહો રુક્મણી સુત સેના સજી લાલા, વિદ્યાનેં પરભાવ; જીહો આપ થયો રાજા તિંહા લાલા, જીત્યો તેણેં પ્રસ્તાવ. કુ૦ ॥૨૧॥ જીહો સંબ તણો રૂપ ફેરવી લાલા, કીધો કન્યા વેશ. કુ,; જી હો ભામા ગઈ વાત સાંભળી લાલા, મોહી રહી રૂપદેખ. કુ૦ ॥૨૨॥ જીહો સોમી કન્યા શોભતી લાલા, એહ મળી મુજ ભાગ; જીહો જેમ તેમ આપો ભીરૂંને લાલા, સગપણ એણે સંભોગ. કુ૦ ॥૨૩॥ જીહો તો આપું જો હાથશું લાલા, તેડી જાયેં સાથ; જીહો હાથ ન લાવેં એહનો લાલા, ભીરૂક ઝાલે હાથ. કુ૦ ॥૨૪॥ જીહો માની વાત કહીં તીકા લાલા, કુમરી કહે આવીશ; જીહો જીતશત્રુ પણ આવ્યો ઘરે લાલા, પુગી અવધી ઉલાસ. કુ૦ ॥૨૫॥ જીહો વિદ્યાબલેં દેખેં સહી લાલા, ભામા આપણો સંબ; જીહો પણ જાણે પરિવારશું લાલા, કન્યા ભામા સંબ. કુ૦ ॥૨૬॥ જીહો આરમ કારમ સવી કીયા લાલા, બેઠાં (ચોરી) માયરા માંહે, જીહો સો કુમરી પરણેં સામટી લાલા, ભીરૂક મન ઉછાહ. કુ૦ ॥૨૭॥ જીહો હાથ મેલાવો કુમરી તણો લાલા દીઠો ડાબો રે પાણ; જીહો દક્ષિણ પાણ પરંપરા લાલા, વિમાસેં કન્યા જાણ. કુ૦ ॥૨૮॥ જીહો ચોથું મંગલ વરતીયું લાલા, પરણ્યો ભીરૂકુમાર; જીહો દેખે કન્યા સંબને લાલા, સફલ ગણેં અવતાર. કુ૦ ॥૨૯॥ જીહો

વિવાહ કરી સહુકો ચલેં લાલા, આપ આપણ નીજ ગેહ; જીહો સંબ નવાણું સુંદરી લાલા, લેઈ ચલ્યો સુસનેહ. કુ૦ ॥૩૦॥ જીહો ભીરુક કહે એ માહરેં લાલા, સંબ અલીક મ ભાખ; જીહો સંબકુમર પરણી સહી લાલા, સહુકો દીધી શાખ. કુ૦ ॥૩૧॥ જીહો કહે ભામા કોપે ચડી લાલા, સંબ તું આણ્યો કેણ ?; જીહો માતા તુમેં મનેં આણીયો લાલા, પરણાવ્યો તુમેણ. કુ૦ ॥૩૨॥ જીહો નવાણું કુમરી નવી લાલા, પરણી સંબકુમાર; જીહો મંદિર આવ્યો મલપતો લાલા, જંબુવતી જયકાર. કુ૦ ॥૩૩॥

॥ દુહા ॥

એણી પરેં સંબ પ્રદ્યુમ્નની, ક્રીડા અનેક પ્રકાર;
ગ્રંથાંતરથી જાણજો, તિંહા છે બહુ વિસ્તાર. ॥૧॥
કહેતાં પાર ન પામીયેં, વાધે ગ્રંથ અપાર;
ભણતાં આળસ ઉપજે, આણ્યો અલ્પ વિચાર. ॥૨॥
બાંધવ સંબ પ્રદ્યુમ્ન બે, સંયમ લેશે સાર;
સાવધાન થઈ સાંભળો, અનુપમ એ અધિકાર. ॥૩॥

## ॥ ઢાળ ૧૮ મી. ॥

॥ સુત સિદ્ધારથ ભૂપનો રે. ॥

તેણેં અવસર તિંહા વિચારતાં રે, જગગુરૂ નેમિજીણંદ; સાધુ સંઘાતે પરિવર્યાં રે, આવ્યા પરમાણંદ રે. ॥૧॥ નેમ સમોસર્યા, દ્વારિકાનયર ઉદ્યાનો રે; નંદનવન સમો, નંદનવન પરધાનોં રે, નેમ સમોસર્યા. ॥૨॥ પયતલેં નવ સોવનતણાં રે, કમલ સંચારેં

રે દેવ; પુન્ય પ્રભાવે દેવતા રે, ક્રોડ કરે નીત સેવરે. નેમ૦ ॥૩॥ અતિઉંચો સોનાતણો રે, સહસ જોયણનો દંડ; ગયણાંગણ લહકે ધજારે, પાડે કુમતી પાખંડ રે. નેમ૦ ॥૪॥ મળીયા ચઉવિહ દેવતા રે, મળીયા ચોસઠ ઇંદ્ર; સમવસરણ વીરચે તિહાં રે, દિવ્ય વળી દેવછંદ રે. નેમ૦ ॥૫॥ ચરણ કમલ દુંદુભી રે, વાએ નાદ સુરંગો; દેવ કરે અતિ નૃત્ય કલા રે, અપછરા નાચે રાગો રે. નેમ૦ ॥૬॥ સિંહાસન બેસણ ઠવ્યો રે, બેઠા શ્રીભગવંત; ભામંડલ પુઠે ભલું રે, કાંતે કરી ઝળકંત રે. નેમ૦ ॥૭॥ જીણે નયણે કરી નીરખીયાં રે, સમવસરણ મંડાણ; ધન ધન તે નર જાણીએ રે, તેહનો જન્મ પ્રમાણ રે. નેમ૦ ॥૮॥ ધર્મ પ્રકાસે જગધણી રે, જીનવર જગદાધાર; સાવધાન મન સાંભળે રે, બેઠી પર્ષદા બાર રે. નેમ૦ ॥૯॥ વન પાલક વધામણી રે; દીધી અતિ પરધાન; હરી ગોવીંદ હરખીત થયા રે, આપે વાંછિત દાન રે. નેમ૦ ॥૧૦॥ હય ગય રથ પાયક સજી રે, અંતેઉર પરિવાર; નેમિજીનેશ્વર વાંદવા રે, ચાલ્યો કૃષ્ણ મોરારો રે. નેમ૦ ॥૧૧॥ પાંચે અભિગમ સાચવી રે, બેઠાં કૃષ્ણ નરેશ; વાણી જોજન ગામિની રે, દીયે જીનવર ઉપદેશો રે નેમ૦ ॥૧૨॥

## ॥ ઢાળ ૧૯ મી. ॥

॥ ચિત્ત ચેતો રે. ॥

દશ દ્રષ્ટાંતે દોહિલો....પ્રતિબુઝો રે, માનવનો

અવતાર....જીવ પ્રતિબુઝો રે; સાંભળવો સિદ્ધાંતનો....
પ્રતિ૦, સદ્દહણા સુવિચાર. જીવ૦ ॥૧॥ દાન શીયલ
તપ ભાવના. પ્ર, ધર્મ કરે બહુ ભંગ૦, જી૦ ॥૨॥
કાયા તે પણ કારમી. પ્ર., ક્ષણમાં વીણસી જાય.
જી૦; સોલે રોગ સમાકુલી પ્ર૦, કલમલ અશુચી કહાય.
જી૦ ॥૩॥ અથિર ચંચળ એ આઉખો. પ્ર૦, જાતા
ન લાવે વાર. જી૦; જન્મ મરણના ભયથકી. પ્ર૦,
કોઇ ન રાખણહાર જી૦ ॥૪॥ વિહડે બાંધવ આપણો
પ્ર૦, વિહડે પુત્ર કલત્ર જી૦; માતપિતા વિહડે વળી
પ્ર૦, વિહડે વાલમ મીત્ર જી૦ ॥૫॥ સહુકો વિહડે
જગસહી પ્ર૦, વિહડે નહીં જીનધર્મ જી૦; આરાધો
ધર્મ એકમના પૂ.,ભૂલો મા ભવ ભર્મ. જી૦ ॥૬॥ રમ-
ણીરંગ પતંગનો પ્ર૦, રાતો સંધ્યાનો રાગ જી૦; ક્ષણ
રાચે વિરચે ક્ષણે પ્ર૦, વારૂ એક વૈરાગ. જી૦ ॥૭॥
સાંજ સમય તરૂ પંખીયા પ્ર૦, આવી એકઠા થાય
જી૦; આપાપણી દિશે જુજુઆ, પ્ર૦ પ્રહ ઉઠીને જાય. જી૦
॥૮॥ એણીપરે સકલ કુટુંબ મલ્યો. પ્ર૦, પુત્ર કલત્ર
માબાપ; જી૦, જાયે તે ગતિ જુજુઆ પ્ર૦, પંચ દિવસ
મેલાપ. જી૦ ॥૯॥ પરમારથ કો કેહનો પ્ર., નહીં છે
નિશ્ચય એ જી૦; સ્વારથનાં સહુકો મળ્યાં પ્ર૦, સ્વારથ
વીણ દ્વીયે છેહ. જી૦ ॥૧૦॥ વિષય તણા ફલ પાડુઆ,
પ્ર., દુર્ગતીનાં દ્વીએ દુઃખ જી૦; છેદન ભેદન વેદના....
પ્ર., તાડન તર્જન તીખ, જી૦ ॥૧૧॥ તન ધન જોબન
કારમો પ્ર૦, જાણો ઇંદ્રનો જાળ.... જી.; રૂપકલા રમ-
ણીયતા પ્ર૦, સુપન તણી જંજાલ. જી૦ ॥૧૨॥ મદ
માંસ વેશ્યા સુરા પ્ર૦, પાપર્ધિ પરદાર; જી૦; ચોરી

તે પણ મત કરો પ્ર૦, સાતમો વીસ ન સંભાર. જી૦ ॥૧૩॥ દોષ અભક્ષ તણા ઘણાં, પ્ર૦, અનંતકાય બત્રીશ જી૦; નિશિભોજન પણ વરજતો પ્ર૦, શ્રાવકનેં નીસદીસ. જી૦ ॥૧૪॥ ધર્મવિના ધંધે પડયો પ્ર૦, રાત દિવસ જે જાય. જી૦; તે સઘળા અકીઆરથ થયા પ્ર૦, ગણતી માંહે ગણાય. જી૦ ॥૧૫॥ શ્રાવકનાં વ્રત સોહિલા પ્ર૦, પાળો નિરતિચાર. જી૦; સમકિત સુધો સદ્દહો પ્ર૦, પામો ભવનો પાર. જી૦, ॥૧૬॥ સંજમ મારગ આદરો પ્ર૦, સુધો મુગતીનો પંથ જી૦; સમિતિ ગુપ્તિ ગુણ સાધના પ્ર૦, નિર્મળતપ નિર્ગ્રંથ. જી૦ ॥૧૭॥ જન્મ મરણ ગર્ભવાસના પ્ર૦, દુઃખ અનંત અપાર જી.; સઘળા દુઃખથી છુટીયા પ્ર૦, જૈનધર્મથી જયકાર. જી૦ ॥૧૮॥ એણીપરે શ્રીઅરિ-હંતની પ્ર૦, સાંભળી દેશના સાર જી૦; પ્રતિબુજ્યા પ્રાણી ઘણાં પ્ર૦, જાણી અથિર સંસાર. જી૦ ॥૧૯॥ પ્રતિબુઝયા પ્રાણીજીકે પ્ર૦, તેહતણાં કહું નામ જી૦; પાપ પખાળું આપણા૦, પ્ર. પામું વાંછિત કામ. જી૦ ॥૨૦॥

## ॥ ઢાળ ૨૦ મી. ॥

॥ ધન ધન શાસન મંડન મુનિવરાં ॥

ગૌતમ સમુદ્ર સાગર ગંભીર વરા, વીમલ અચલ કપીલોજી; અક્ષોભ પ્રસેનજીત વિશ્નુકુમર દસે, જેણે જીત્યો ભવમલ્લો જી૦ ॥૧॥ નેમી સમીપેં સંજમ આદરી, સફળ કીઓ અવતારોજી; આઠે કર્મ ખપાવી આપણાં, પામીઆ ભવનો પારોજી. નેમ૦ ॥૨॥ એ અંગજ ધારણી અંધકતણા, વૈરાગે વ્રત

લીધોજી; આઠ આઠ અંતેઉરી પરિહરી, કારજ ઉત્તમ કીધોજી. નેમ૦ ॥૩॥ [1]બારવ્રતમાં ગુણરત્ન સંવછર, કીધી નિર્મલ કાયોજી; અંગ અગ્યાર સૂત્ર અરથ ભણ્યા, બાર વરસ પર્યાયજી. નેમ૦ ॥૪॥ માસ સંલેખન મુનિવર આદરી, શ્રી શેત્રુંજગિરિ શૃંગોજી; મુકિત પહોતા અજરામર થય, પામ્યા સુખ અભંગોજી. નેમ. ॥૫॥ જાદવવંશ વિભૂષણ દિનમણી, અક્ષોભ સાગર નેં સમુદ્રોજી; હીમવંત અચલ ધરણ પુરણભલા, અભિચંદ ક્ષમા સમુદ્રોજી. નેમ૦ ॥૬॥ એ આઠે અંધક ધારણી તણા, હુઆ સોળ વરસ વ્રતધારોજી; તપ જપ પ્રમુખ ગુણે ગૌતમસમા, આઠમેં અંગ વિચારોજી. નેમ૦ ॥૭॥ વડવૈરાગી મુનિવર વર્ણવું, જાલી મયાલી ઉવયાલોજી; પુરૂષ સેણ વખાણીએં જીવદયા પ્રતિપાલોજી. નેમ. ॥૮॥ વસુદેવ ધારણીમાતા જનમીઆ, નાર તજી પચાસોજી; બારહ અંગ ભણીઆ જેણેં, ગુરૂમુખે દીક્ષા સોળસ વાસોજી. નેમ૦ ॥૯॥ બીજેં ગુણ સારિખા, નેમીશ્વર શિષોજી; અંત સમય થયાં અંતગડકેવલી, ચરણ નમું નિશદિશોજી. નેમ૦ ॥૧૦॥ નંદન સમુદ્રવિજયરાજા તણાં, શીવાદેવી માત મલ્હારોજી સત નેમીસહોદરા, જાલીસમો અધિકારોજી. નેમ૦ ॥૧૧॥ વૈદભીંમાતા પ્રદ્યુમ્નપિતા, અનિરૂદ્ધનામ કુમારોજી; જાલીતણીપરેં સંયમ આદરી, પહોતો મુકિત મોઝારોજી. નેમ૦ ॥૧૨॥ વાસુદેવ ધારણીમાતા અંગજ, સારણ ગુણ અભિરામોજી; દુમહ કુમર દારૂક અનાધૃતિ, નિત સમરીજે નામોજી. નેમ૦ ॥૧૩॥ એ સંસાર

[1] બાર ભેદે તપમાં *

અસાર કરી ગણ્યો, પરિહરી પચાસ નારેજી; ચઉદહ-પુરવવાસ વરસ દીક્ષા, ગૌતમસમ ગુણધારેજી; નેમ૦ ॥૧૪॥ ધારણીમાતા અને બલભદ્રપીતા, સુમુખકુમર સુકુમાલોજી; સારણની પરેં સાધુગુણેં ભર્યો, મુજ પ્રણામ ત્રિકાલોજી. નેમ૦ ॥૧૫॥ ઢંઢણ રુષી જસમાતા ઢંઢણા, કીધો કર્મનો છેદોજી; સબલ અલાભપરિસહ જેણેં સહ્યો, નાણ્યો મનમાંહે દોષોજી. નેમ૦ ॥૧૬॥ દુકર-કારક નેમેં પ્રશંસીઓ, ધન ઢંઢણ રુષીરાયોજી, વાસુદેવ દેઇ પ્રદક્ષિણા, પ્રણમ્યા જેહનાં પાયોજી. નેમ૦ ॥૧૭॥ મોદક વહેરાવ્યા મુનિવર સુઝતા, કૃષ્ણ લબ્ધિ પ્રધાનોજી; પરઠવતાં મોદક જીણેં પામીયું, નિર્મલ કેવળજ્ઞાનોજી. નેમ૦ ॥૧૮॥ અનીકયેશાદિક ખટ મુનિ આવીયા, વહોવવા દેવકી ગેહોજી; ત્રીંહુ સંઘાડેં મુનિવર સારખા, પડિલાભ્યા સસનેહોજી. નેમ૦ ॥૧૯॥ કેણ કારણ કહોં પૂછેં દેવકી, આવીયા ત્રીજી વારોજી; સુલસા નાગતણાં અંગજ અમેં, ભદ્દીલપુર અવતારોજી. નેમ૦ ॥૨૦॥ વૈરાગેં મન વાળ્યો આપણો, નેમ સમીપેં દીખોજી; છઠતપ પારણે આવ્યા, જુજુઆ. સહોદર એક સરિખાજી. નેમ૦ ॥૨૧॥ પ્રદ્યુમ્નેં પૂછયો કારણ નેહનો, ભાખેં શ્રી ભગવંતોજી; એ અંગજ સઘળા તુજ દેવકી, દાખીઓ દેવ વૃતાંતોજી. નેમ૦ ॥૨૨॥ દેવકીનાં મનમાંહે દુઃખ થયું, પુત્ર ન પાળ્યો એકોજી; અઠમ ભક્તિ આરાધ્યો દેવતા, પુત્ર થયો વિવેકોજી. નેમ૦ ॥૨૩॥ લઘુવયે નેમ સમીપેં વ્રત લીયો, ગજસુકુમાલ સુજાણોજી; ધન ધન દીક્ષાદિન કાઉસગ્ગ રહ્યા, શ્રીલમહા સ્મશાનોજી. નેમ૦ ॥૨૪॥

સોમલસસરે શિસ પરજાલીઓ, મસ્તક સુધી અંગારોજી; સમતાથી સુખ પામ્યા શાશ્વતા, સાધુતણી બલિહારોજી. નેમ૦ ॥૨૫॥ નેમીજીનેશ્વર બાંધવ ગુણનીલો, મુનિવર શ્રી રહનેમોજી; રાજીમતી મન વાળ્યોં જેહનોં, અંકુશ વશ ગજ જેમોજી. નેમ૦ ॥૨૬॥ અતીચાર આલોઇ પડિકકમી, આતમ શુદ્ધ અદ્દીનોજી; મેરૂતણીપરે નિશ્ચલ મન કરી, શીવરમણીશું લીનો રે. નેમ૦ ॥૨૭॥ ઉગ્રસેનરાજાની અંગજા, રાજીમતી સુખલીલોજી; રહનેમી વચને જે રાચી નહીં, પાળ્યો નિર્મલશીલોજી. નેમ૦ ॥૨૮॥ પાલીઓ અષ્ટ ભવાંતર પડીવન્નો, પ્રણમી પય અરવિંદોજી; નેમનાથ સય હથ સંજમ લીઓ, પામી પરમાણંદોજી. નેમ૦ ॥૨૯॥ એણે અવસરે શ્રી કૃષ્ણનરેસરૂ, પ્રશ્ન કરે સુવિચારોજી; દેવનિર્મીત દીસે દ્વારીકા, જાદવનો જયકારોજી. નેમ૦ ॥૩૦॥ એ સ્વામી છે સહુએ શાશ્વતી ?, કિંવા અવર પ્રકારોજી ?; દ્વેપાયન દહશેં એ દ્વારીકા, મદિરા મૂલ વિકારોજી. નેમ૦ ॥૩૧॥

॥ દુહા ॥

કૃષ્ણ સુણી ભયે કંપીઓ, પભણે બે કરજોડ;
દે દીક્ષા તું સ્વામી મુજ, એ સંકટથી છોડ. ॥૧॥
નેમ કહે કેશવ, સવે, હુંતી નિયાણા બદ્ધ;
નિશ્ચય ચારિત્ર નવિ લીએ, પાલ તું સમકિત શુદ્ધ. ॥૨॥
ધન ધન જાલી મઆલ જે, લીધો સંજમભાર;
હા હા હવે શું કરૂં ? એમ બોલે ગોપાલ. ॥૩॥
હરી ઢંઢેરો ફેરીઓ, નગરમાંહે તેણીવાર;
નગરી દ્વારીકા હવે, થાશે અવર પ્રકાર. ॥૪॥

માત પિતા ભગિની સુતા, પુત્ર કલત્ર પરિવાર;
પીતરીઆ બાંધવ પ્રમુખ, લેજો દીક્ષા સાર. ॥૫॥
લીએ દીક્ષા તે લેઅજો, મેં દીધો આદેશ;
દીક્ષા ઓછવ હું કરૂં, વળી નિર્વાહ કરેશ. ॥૬॥

## ॥ ઢાળ ૨૧ મી. ॥

॥ રાગ ઉપરની ઢાળનો. ॥

એમ નિસુણી રાણી પદ્માવતી, ગૌરી ને ગાંધારીજી; જંબુવતી સત્યભામા રૂક્ષ્મણી, લક્ષ્મણા સુશીમા નારીજી. નેમ૦ ॥૧॥ એ આઠ અગ્રમહિષી કૃષ્ણની, લીધો સંજમ ભારોજી; અંગ અગીઆર વીસવરસ દીક્ષા, માસ સંલેખણ સારોજી. નેમ૦ ॥૨॥ સંબકુમાર તણી બે કુમરી, મુલસીરી મુલદત્તાજી; તપ જપ પ્રમુખ ગુણે પદ્માવતી, નેમ સમીપે ચારિત્તોજી. નેમ૦ ॥૩॥ એમ અનેક જીવે વ્રત આદર્યાં, સાર્યાં આતમ કાજોજી; સમયસુંદર કહે મોરી વંદના, ત્રિકરણ શુદ્ધ પ્રણામોજી. નેમ૦ ॥૪॥

### ॥ દુહા ॥

જગગુરૂની વાણી સુણી, મીઠી અમીય સમાન;
સંબ પ્રદ્યુમ્નકુમર કહે, તાર તાર જગભાણ. ॥૧॥
પરમારથ પ્રિછયો હવે, એ સંસાર અસાર;
જન્મ મરણ વેદન જરા, દુઃખ તણો ભંડાર. ॥૨॥
માત પિતા પાસે જઈ, લીધો વ્રત આદેશ;
દીક્ષાનો ઓછવ કરે, નરહર કૃષ્ણ નરેશ ॥૩॥

દીક્ષા દીધી નેમજીન, પંચમુષ્ટિ કરી લોચ;
નારી પચાસ તજી કરી, ધાર્યો ધર્મ આલોચ. ॥૪॥

## ॥ ઢાળ ૨૨ મી. ॥

॥ વીર મધુરી વાણી ભાખે. એ દેશી. ॥

સંબને પ્રદ્યુમ્ન મુનિવર, સુધા સાધુ નિર્ગ્રંથ રે; વિનયવંત વિચાર સુંદર, સાધે મુક્તિનો પંથ રે. સંબ૦ ॥૧ સમિતિ સમિતા ગુપ્તિ ગુપ્તા, પાલે પ્રવચનમાત રે; કરે નીત્ય કઠોર કિરિયા, શીષ દુવિધ વિખ્યાત રે. સંબ૦ ॥૨॥ ચિત્ત ચોખા નહીં દોષા, ચતુર ચારિત્ર પાત્ર રે; સતરસ સંવેગ ઝીલે, મલીન અંબર ગાત્ર રે. સંબ. ॥૩॥ શયન ગમનાગમન આસન, ભણણ ભોયણ પાન રે; યતિ જયણા કરે સઘલા, સાધુજી સાવધાન રે. સંબ૦ ॥૪॥ સાધુની દસ સામાચારી, સાચવે મનશુદ્ધ રે; જાણે સૂત્ર સિદ્ધાંત ગુરુમુખ, સબલ નિર્મલ બુદ્ધ રે. સંબ૦ ॥૫॥ ઉષ્ણકાલે કરે આતાપના, શીતરૂતુ સહે શીત રે; કૂર્મની પરે ગુપ્ત કાયા, રહે પાઉસ રીત રે. સંબ૦ ॥૬॥ રણે વને રહે મુનિવર, કરે કાઉસગ્ગ નીત રે; વીશ ને બે સહે પરીસહ, વચન બોલે સત્ય રે. સંબ૦ ॥૭॥ પઢમ પોરસી કરે સ્વાધ્યાય, બીજી પોરસી ધ્યાન રે; ત્રીજી પોરસી કરે નિદ્રા, ચોથી ધ્યાન પ્રધાન રે. સંબ૦ ॥૮॥ આકરાં તપ તપે અહનીસ, વહે પ્રતિમા બાર રે; ગુણ રત્નતપ કરી કાયા, શોષવે સુવિચાર રે. સંબ૦ ॥૯॥ ઉંચ નીચ કુલે અટંતા, ભમે નગર મોઝાર રે; દોષ બેંતાલીશ ટાળે, લીએ

શુદ્ધ આહાર રે. સંબ૦ ॥૧૦॥ વિનયવંત કરે વેયા-વચ, સદ્દગુરૂ સેવા લીન રે; શ્વાસ ને ઉસ્વાસ છોડી, ભીજે સુગુરૂ આધીન રે. સંબ૦ ॥૧૧॥ બાર અંગ ભણ્યા બહુશ્રુત-સાધુ થયા બેઉ રે; ભવિકને ઉપદેશ આપે, બુઝવે બહુ હેઉરે. સંબ૦ ॥૧૨॥ ક્ષમાનાં ભંડાર ભગવન, શાંત દાંત અપાર રે; નહીં મમતા નહીં માયા, નહીં લોભ લગાર રે. સંબ૦ ॥૧૩॥ ભાવના મન બાર ભાવે, સત્ય જાણે સર્વ રે; આપ કરણી કરે ઉત્તમ, પણ કરે નહીં ગર્વ રે. સંબ૦ ॥૧૪॥ પંચઈન્દ્રીય વિષય તન મન-વશ કરે સુવિવેષ-રે; અપ્રમત્ત અદંભ અમદંન, હણે રાગ ને દ્વેષ રે. સંબ૦ ॥૧૫॥ જ્ઞાન દર્શન શુદ્ધ કિરીયા, ગુણતણો નહીં પાર રે; મહાનુભાવ મહામુનીસર, મુગતિનાં દાતાર રે. સંબ૦ ॥૧૬॥ સોલ વરસસીમ સંજમ, પાલે નિરતિચાર રે; નેમજીનને શીશ નામી, લેઇ અનુ-મતી સાર રે, સંબ૦ ॥૧૭॥ વિમલગિરિને શૃંગ ઉપરે, કરી સંલેખન માસ રે; મુકતે પહોંચ્યા બેઉ મુનિવર, લહ્યા લીલવિલાસ રે. સંબ૦ ॥૧૮॥ શ્રુત પ્રકરણ તણી સંમતે, ગ્રંથ કીધો જાણ રે; દેવગુરૂ મુજ કરી સાનિધ, ચડયો તેણે પ્રમાણ રે. સંબ૦ ॥૧૯॥ અધિક ઓછો કહ્યો અથવા, કહ્યો ઉપયોગ પાખે રે; મિચ્છામિદુકકડં તેહ મુજને, સંઘની છે શાખ રે. સંબ૦ ॥૨૦॥ આજ મુજ મન થયો સુપ્ર-સન, આજ પુગી આશ રે; આજ સફળ પ્રયાસ માહ , સફલ વચનવિલાસ રે. સંબ૦ ॥૨૧॥ સંબ

ને પ્રદ્યુમ્ન બેની, હુઇ અવિચલ જોડ રે; સમયસુંદર કહે સહુનાં, પુરવે મનકોડ રે. સંબ૦ ॥૨૨॥

॥ દુહા ॥ રાગ–ધન્યાસી.

આઠમે અંગે એ કહ્યો, સંબ પ્રદ્યુમ્ન અધિકાર;
સોહમસ્વામી ઉપદિશે. જંબુને સુવિચાર. ॥૧॥
સુવિચાર સુંદર મુનિપુરંદર, સોભાગી મહિમાનીલો,
ચારિત્ર પાત્ર મહંત મુનિવર, સકલ સાધુ ગુણે ભલો;
ગીરૂઆતણાં ગુણ ગાવતાં, મુજ હૈયો હરખે ગહગહયો,
ગણિ સમયસુંદર કહે સંબંધ, આઠમે અંગે એ કહયો. ॥૨॥

સંબ પ્રદ્યુમ્ન ગુણ ગાવતાં, દુખ દોહગ ગયા દૂર, રૂદ્ધિ સમૃદ્ધિ સુખ સંપદા, પ્રગટયો પુન્યપડુર. ॥૩॥ (ત્રોટક) પ્રગટયાં પુણ્યપડુર ઘર ઘર રલાય રંગ વધામણા, નવનવા ગીત વિનોદ ઓછવ, ધવલ મંગલ અતીઘણા; શ્રીકૃષ્ણનંદન જગ આનંદન, ધ્યાન તસુ મન ધ્યાવતાં, ગણિ સમયસુંદર કહે આણંદ, સંબ પ્રદ્યુમ્ન ગુણ ગાવતાં. ॥૪॥ શ્રી ખરતરગછ દીપતો. દિન દિન અધિકે વાને, શ્રી જિનચંદ સૂરીશ્વરૂ, જંગમ જુગ પ્રધાન. ॥૫॥ (ત્રો૦) જંગમ જુગ પ્રધાન પદવી–પાદશાહ અકબર દીએ, જગમાંહે જીવદયાતણો, જસ પડહ ફેરવીઓ જીએ; તસ શીષ્ય અતુલ પ્રતાપ જિનચંદ (સિંહ) સુરિ અરિઅણ જીપતા, ગણિ સમયસુંદર કહે દિન દિન શ્રી ખરતરગછ દીપતા. ॥૬॥ શ્રી સંઘ સુજસ જગીશ એ હીયડે હરખ અપાર, થંભણપાસ પસાઉલે, ખંભાયતે સુખકાર; ॥૭॥ સુખકાર સંવત સોલ ઓગણસઠ–વિજય દશમીદિને, એકવીશ ઢાળ

રસાળ, એ ગ્રંથ રચ્યો સુંદર શુભમને જિનચંદસૂર
વિનય પંડિત, સકલચંદ સુશીષ્ય એ, ગણિ સમય-
સુંદર એમ પભણે-સંઘ સુજસ જગીશ એ. ॥૮॥

ઇતિશ્રી સંબપ્રદ્યુમ્નનો રાસ. બીજો ખંડ સંપૂર્ણ છે. ॥ સંવત ૧૮૩૬ના વરસે. મહાસુદ ૪ વાર બુધે ॥ લખી તાચ શ્રી વેલાવલબંદર મધ્યે. ॥ વણારસ શ્રી ૫ ભવાનજી ગણિ ત. પંન્યાસ ધરમચંદજી લખિતં૦ ॥ સુશ્રાવક નાહટાગોત્રીએ શા શ્રી ૫ મદનજી સેસવીર અર્થે લખ્યો છે વાંચો ભણો તેવારે અમને સંભારજો૦॥ અમારો ધરંમ લાભ છે (ઉભયખંડ મીલને ગાથા ૬૩૫, ઢાલ ૨૧, શ્લોક સંખ્યા ૮૦૦)

લ. સં. ૧૮૩૬ મ. શુ. ૪ બુધ વેલાવલબંદરમધ્યે વણારસ શ્રી ૫ ભવાંનજી ગણિ ત પંનાસ ધરમચંદજી લખતં (શાસકંટકોદ્ધારકસૂરિ હસ્તલિખિત જ્ઞાનભંડાર પ્રત ૧૨૩૮ પાના નં ૧૯)

—મહો. શ્રી જ્ઞાનસાગરજી વિરચિત

# સનત્કુમાર ચક્રીનો રાસ

॥ દુહા સોરઠી ॥

પ્રણમું પારસનાથ, વંછીત દાયક વલ્લહો;
હરખે જોડી હાથ, ધવળ ધિંગ ગોડી ધણી. ॥૧॥
કહું છું કરી મનોહાર, ચોથો ચક્રી ગાવતાં;
શરણા ગતિ સાધાર, સાંનિધ્ય કરજો સાહિબા ॥૨॥
ગણધર પ્રણમી જેહ, સિદ્ધાંતે શ્રુતદેવતા;
હું પણ પ્રણમું તેહ, જિન મુખ પંકજ વાસિની. ॥૩॥
કહું છું મનને કોડ, માણિક સાગર મુજ ગુરૂ;
જુગતે થાયે જોડ, સાનિધ્ય કરજો શિષ્યનાં. ॥૪॥
ચક્રીનો અધિકાર, ઉત્તરાધ્યયન અઢારમે;
વૃત્તિ થકી વિસ્તાર, તે હું આણીશ ત્યાં થકી. ॥૫॥

## ॥ ઢાળ ૧લી. ॥

॥ રાગ ગોડી. રામચંદ્રકે બાગમેં ચંપો મોહી રહયો રે.એ દેશી ॥

જંબૂદ્વીપ મોઝાર, દક્ષિણ ભરત વિરાજે; કુરૂદેશ મનોહાર, હથિણાઉર પૂર છાજે ॥૧॥ લાંબો જોજન

બાર, તે નવ જોજન પહોળો; મણી કંચનશું સાર, ધનધાન્યે કરી બહોળો ॥૨॥ કુરૂવંશી ભૂપાળ, રાજ્ય કરે છે ઉરો; ન્યાય ધર્મ પ્રતિપાળ, અશ્વસેન સનૂરો ॥૩॥ ઇંદ્રાણી અનુહાર, સહદેવી તસ રાણી; સતીઓમાં શીરદાર, ચોસઠ કળા ગુણ ખાણી ॥૪॥ પ્રીત જેસી જળ મીન, તેહ થકી અધિકેરી; પ્રીત જેસી નખમંસ, રાય ને રાણી કેરી ॥૫॥ નર લોકે નૃપ સોય, ઇંદ્ર તણે અવતારે; પંચ વિષય સુખભોગ, વિલસે વિવિધ પ્રકારે ॥૬॥ સૌધર્મેંદ્રનો જીવ, સૂર લોકથી ચવીયો; સહદેવીની કુખ, છીપ જયું મોતી ઠવીઓ ॥૭॥ ચઉદ સુપનશું તેહ, પુત્રપણે અવતરીઓ; ભૂમિથી પ્રગટયું રત્ન, તેણે પ્રસઠયો ગુણ દરીયો ॥૮॥ ઉત્સવ કરીય અપાર, નામ દીયે નૃપ તેહને; કહીઓ સનત્કુમાર, કંચનવરણી દેહને ॥૯॥ જનના નયન પીયૂષ, કળશે શું સિચંતે; નવ કલ્પદ્રુમ જેમ, શોભે તેહ વધંતે ॥૧૦॥ સફળ કળા અભ્યાસ, કીધો અનુક્રમ તેણે; સુરગુરૂ પણ સુવિશેષ, બુદ્ધિએ જીયો જેણે ॥૧૧॥ પામ્યો યૌવન વેશ, યુવતિના મન મોહે; ધનુષ્ય બેંતાલીશ તાલ, ઉંચપણે તનુ સોહે ॥૧૨॥ મહેન્દ્ર સિંહકુમાર, સુરકાલંદ્રી કેરો; નંદન છે ગુણવંત, તેહને મિત્ર ભલેરો ॥૧૩॥ સાથે જનમીયા દોય, સાથે વયશું વાધ્યા; પાઠક પાસે સાથ, શાસ્ત્રાદિક તેણે સાધ્યા ॥૧૪॥ ધર્મ ને જેમ વિવેક, પામે વૃદ્ધિ બે સાથે; નૃપસુત મંત્રીપુત્ર, બે વધીઆ એમ સાથે ॥૧૫॥ એ કહી પહેલી ઢાળ, જ્ઞાનસાગર બુધ રંગે; ગોડી રાગ રસાળ, કહીઓ ચાતુરી સંગે ॥૧૬॥

॥ દુહા ॥

અશ્વસેન નૃપ અન્યદા, બેઠો સભા મોઝાર;
આવ્યો લઈ ફલ ફૂલ તવ, આરામિક તેણે ઠાર ॥૧॥
કર જોડીને તે કહે, અવધારો મહારાજ;
ઋતુ વસંતની રૂઅડી, આવી છે પ્રભુ આજ ॥૨॥

## ॥ ઢાળ ૨૭. ॥

॥ રાગ-કેદારો. ॥

(તુમ જાનડીઓ નંદ લાલ પ્રીતમ ચોરી હમારી કયું ફારી)

અશ્વસેન નૃપ આનંદ પાયો, સુણકે સનત્કુમાર;.... રાજન, ખેલનકું સઘળી મળી ટોરી ॥આંકણી॥ છય લખણે છોગાળ.... રાજન ખેલનકું સઘળી મળી ટોરી; કેસર ઘોળી લીએ ભરી મટકા, સોવનકી પીચકારી રાજન....ખે૦ ॥૧॥ સાથે લીએ હૈ ફૂલેલકે સીસા, ભરકે ઝારી ગુલાલ.... રા૦ ખે૦; બાજત હૈ શ્રીમંડળ વીણા, પખાવજ ઓર તાલ....રા૦ ખે૦ ॥૨॥ સનત્કુમાર મહીંદ સીંઘયું, ઓર સખાકી જોરી રા૦ [1]છીરકે ચંબેલ અબીર ઉડાવત, આયે બાગકી [2]પોરિ રા૦ ખે૦ ॥૩॥ છીરકત ભરી પીચકારી કેસરશ્યું, ઓર ગુલાલ ઉડાય....રા૦ છીરકે છયલ કહે હો હોરી, અજબ ધુમાલો ગાય રા૦ ખે૦ ॥૪॥ રુતુ વસંતકે વન મકરંદમેં ખેલત ઈનવિધ ખે રા૦ [3]વાટ દે 'સબહીકું' ફગુઆ, મેવા મીઠાઈ તેલ રા૦ ખે૦ ॥૫॥ ઐસે વિનોદસેં બાગમેં બેઠકે, બેઠા જબ મહારાય

૧ નાખે ૨ દ્વારને વિષે ૩ વહેંચી દે.

॥૨॥ ભેટ કીયો એક અજબ તુરંગમ, તીણ બીરચાં કુણ આય રા૦ ॥૬॥ એહ ઇસ્યો છોંડુ સીનામે, ચશ્વ ઉદધિ કલ્લોલ રા૦; અદ્ભૂત હય દેખી નૃપ એસો, ચિંતે ચિત્તસ્યું ચોળ રા૦ ખે૦ ॥૭॥ સૂરજકે રથ વહે રેવંત હે, આયો હે ઈણ ઠાર રા૦; રે જ્ઞાનસાગર બુધ દૂજી ઢાળે, કહે સુણો અચરીજ ઓર. રા૦ ખે૦ ॥૮॥

॥ દુહા ॥

કરીને વનક્રીડા જીસે, આવ્યો સનત્ કુમાર;
તત્ર આવ્યો નૃપ અશ્વ તે, થઈ આપે અસ્વાર ॥૧॥
ઘોડે જબ બેઠો ચઢી, ખેંચાણી તવ [1]વાગ
તીવ્ર ગતે ચાલ્યો [2]તુરિ ન જુએ માર્ગ અમાર્ગ ॥૨॥

## ॥ ઢાળ ૩ જી. ॥

॥ રાગ મારૂ ॥ પ્રભુ પાસનું મુખડું જોવા... ॥

શરદભ્રતણી પરે તિહાં રે, ગયા કુમરને ઘોડો જીહાં રે; જેમ વીજલડી ચમકાર, દીઠો ક્ષણ એક કુમાર ॥૧॥ ધાયો નૃપ સેના લેઇ, જોવા અંગજને તેઇ; હયના પગને અનુસારે, ચાલ્યો કેડે તેણી વારે ॥૨॥ વાયે અતિ કારણ પાયો, ગગને રજ લાગે ધાયો; આકાશે જ્યું નિશ અંધારી, થયો ચંડ વાયુથી ભારી ॥૩॥ પગલા પણ વાજીના વાઇ, ફેસાણાં નવી લેવાઇ; તવ મહિંદસિંહ પ્રણામ, કરી કહે નૃપને તેણે ઠામ ॥૪॥ હયદુષ્ટને કારણ તેહવો, વિધીએ કિમ ઘડયો દુર્ધર એહવો; તેણે આપણને મહીનાથ, કિમ મળશે કહું

૧ લગામ ૨ અશ્વ

પરમાર્થ ॥૫॥ અરિહંત ધર્મ ગુણખાણી, જેમ ન દુર્ભવ્ય પ્રાણી; તેમ કુંવર સનત્કુમાર, દુર્લભ મળવા નીરધાર ॥૬॥ શશી સૂર વિના નિશી કાળી, પ્રસરે ખજુઆ ચમકાળી; તેમ તુમ વિણ [1]મહિમાં સ્વામી, રિપુ ખજુઆ ઠામો ઠામી ॥૭॥ ઉત્પાત્ કરે મહારાય, તેણે થોભો કરી સુપસાય; હું પામી તુમ આદેશ, એકાકી દેશવિદેશ ॥૮॥ મુજ મિત્રની જોઇશ શુદ્ધ, હું આણીશ ઈહાં ભલી બુધ; એમ આગ્રહ કર્યો એણે નૃપ પેઠો પૂરમાં તેણે ॥૯॥ હવે મહિંદ ચલીઓ રાહે, એકાકી અટવી માંહે; ખેડું તરવાર સુજાણ, કર ઝાલી ધનુષ્યને બાણ ॥૧૦॥ યમને ક્રીડાભૂ જેહવી; હતી દુસ્તર અટવી તેહવી; સિંહ વાઘ ને હસ્તી કેરાં, જીહાં રીંછના [2]યૂથ ઘણેરાં ॥૧૧॥ નૃપ પ્રાપ્તિનો જશ મોટો, તેણે શ્વાપદ ભય ગણે છોટો; તેણે ગિરિકંદર અહીઠાણે, જોતો તે ઠાણો ઠાણે ॥૧૨॥ ક્ષીણ પુણ્ય પુરૂષને જેમ ન મળે ધન ભમતાં કેમ; જળ સ્થળ અટવી અતીક્રમતા, તેમ મિત્ર મળ્યો નહીં ભમતાં ॥૧૩॥ તો પણ તે મિત્રને મોહે, ગામાગર પૂર અંદોહે; હઈડામાં મિત્રને રાખી, ફરે નિશદીન રવી શશી નાખી ॥૧૪॥ મિત્રવિરહ તણું દુઃખ ધરતાં, એક વરસ ગયું તસ ફરતાં; બુધ જ્ઞાન કહે ત્રીજી ઢાળે, કહી મારૂ રાગ રસાળે ॥૧૫॥

---

૧ પૃથ્વીમાં ૨ ટોળાં

એમ જાતા વનમાંહી, મહિંદ સિંહ કુમાર તે;
સારસનો [1]રવ ત્યાંહી, શ્રવણે સુણે સોહામણો ॥૧॥
સહી કો સરોવર આંહી, છે ઈમ મનમાં અટકળી;
ચાલ્યો તિણ દિશે ચાહી, ચુપ ધરીને ચિત્તશું. ॥૨॥

## ॥ ઢાળ ૪થી ॥

તાહરા મોહલા ઉપર મેહ જબુકે વીજળી હો લાલ...એ દેશી

કમળનો પરિમલ તામ, પવનથી અતિ ભલો હે લાલ.... પવન૦; નિશ્ચય ' સર ' જળ ઠામ; લહ્યો તેણે ગુણનીલો હો લાલ.... લહ્યો૦ ॥૧॥ જાઈ જુઈ મકરંદ, ચંપક ને કેવડો હો લાલ.... ચંપક૦; મહકયા વળી મચકુંદ, બકુલ પરિમલ વડો હો લાલ.... બકુલ૦ ॥૨॥ ગંધતણે અનુસારે, ચતુર તે ચાલીઓ હો લાલ,. ચતુર૦; માનસસર મનોહાર, નજરમાં ઘાલીઓ હો લાલ.... નજરમાં૦ ॥૩॥ સરલા હંસનો સાદ, સુકોમલ તવ સુણયો હો લાલ.... સુકોમલ૦; ગંધ તણો ઉન્માદ, ભમરગણ રણઝણયો હો લાલ.... ભમર૦ ॥૪॥ દેખી [2]પ્રૌઢી પોળ, ચઢયો તવ ત્યાં ધસી હો લાલ.... ચઢયો૦; દીઠો બાગ વિશાળ, ક્રીડી અતિ ઉલ્લસી હો લાલ.... ક્રીડી૦ ॥૫॥ માદલને કંસાલ, વીણા ને વાંસળી હો લાલ.... વીણા૦; શ્રી મંડળ ને તાલ, બાગ માંહી વળી હો લાલ કે.... બાગ૦ ॥૬॥ સબળ સંગીતશું નૃત્ય, વેધક વેધે જેણે હો લાલ.... વેધક૦; તુર શબ્દ સુણી ચિત્ત, હરી લીધો તેણે હો લાલ...

૧ શબ્દ ૨ મોટી પોળ

હરી લીધો૦ ॥૭॥ યુવતી જનના વૃંદ, વિચાળે પરવર્યો હો લાલ.... વિચાળે૦; [1]અમરીમાં અમરીંદ્ર જ્યું સ્વર્ગથી ઉતર્યો હો લાલ.... જ્યું૦ ॥૮॥ દીઠો સનત્કુમાર, સિંહાસન ઉપરે હો લાલ.... સિંહાસન૦; ચામરશું અતિ સાર, છત્ર ધર્યું શીરે હો લાલ.... છત્ર૦ ॥૯॥ દેખી દૂરથી 'તેહ, વિચારે' એહવો હો લાલ.... વિચારે૦; મન વિભ્રમ શ્યું એહ, થાએ છે કહેવું હો લાલ.... થાએ છે૦ ॥૧૦॥ બેઠો છે શ્યું મુજ, હૃદયથી નીસરી હો લાલ.... હૃદયથી૦; એક એ મોટી ચિત્ર, વિચારે એણીપરે હો લાલ.... વિચારે૦ ॥૧૧॥ બંદીજન નૃપ આગળ, એમ તીંહા જંપીઓ હો લાલ.... એમ૦; અશ્વસેન કુળ નભતળ, તું શશિધર જીઓ હો લાલ.... તું શશી૦ ॥૧૨॥ [2]કુરૂ જનપદ સ્થિર થંભ, તું થોભણને દિયે હો લાલ.... કે થોભણ૦; રતિપતિ પાયો અચંભ, તે રૂપે જીપીઓ હો લાલ.... તે રૂપે૦ ॥૧૩॥ મહિંદસિંહ સુણી તીંહા, એમ બીરૂદાવલી હો લાલ કે.... એમ૦; હરખ્યો હઈડામાંહી, ગયો નૃપ આગળે હો લાલ.... ગયો૦ ॥૧૪॥ કીધો ચરણે પ્રણામ, શીશ ધરી ગોદશું હો લાલ.... શીશ૦; ગદગદ સ્વરે ગુણધામ, કહે મિત્રને મોદશું હો લાલ કે.... મિત્રને૦ ॥૧૫॥ મેં ત્રિભુવનનું રાજ્ય, લહ્યું તુમ ભેટતાં હો લાલ.... લહ્યું૦; થઇ પરસા સિદ્ધ આજ, તુમ પયતળ ભેટતાં હો લાલ.... તુમ૦ ॥૧૬॥ નવરાવ્યો અતિ નેહ, હરખ આંસુજળે હો લાલ.... હરખ૦; વળી પૂજ્યો ગુણ ગેહ, નયનને ઉત્પલે હો

૧ દેવીમાં ૨ દેશ

લાલ, નયનને૦ ॥૧૭॥ મહિંદસિંહ મનરંગ, શ્રી સનત્કુમારજી હો લાલ.... શ્રી૦ આલિંગ્યો દૃઢ-અંગ, હૃદય શુભકાર જી હો લાલ.... હૃદય૦ ॥૧૮॥ વિરહાનલ કૃતતાપ, નયન અમૃત રસે હો લાલ...., નયન૦; ઠારે નેહ સંતાપ, વદન પંકજ હસે હો લાલ.... વદન૦ ॥૧૯॥ ચોથી ઢાળ રસાળ, જ્ઞાનસાગર કહે હો લાલ કે....; જ્ઞાન૦ સુણો ભવિ ઉજમાળ, ચક્રિ-ગુણ ગહગહે હો લાલ.... ચક્રિ૦ ॥૨૦॥

॥ દુહા ॥

બેસાડ્યો બહુમાન દઈ, આસન આપી પાસ;
પૂછે સનત્ કુમારજી, કહો બંધવ ઉલ્લાસ. ॥૧॥
મુજ વિરહાનલ તાપ જલ, તાત તણો સુપવિત્ર;
ચરણ-કમળ કોમળપણું, કહો કેમ રહે છે મિત્ર.? ॥૨॥
આ અટવી અતિ વિસ્તરા, મુજ જોવાને લોભ;
પાર લહી કેમ દુસ્તરા, આયા કિંહા કિંહા થોભ ? ॥૩॥
મહિંદસિંહ કુંવરે કહ્યો, સઘળો નિજ વૃત્તાંત;
વરસ દિવસ ફરતાં થકાં, તુમ દર્શન લહ્યો તંત. ॥૪॥
મર્દન કરી ફૂલેલશું, મહિંદસિંહને હેવ;
સઘળી ભોજાઈ મળી, નવરાવ્યો તતખેવ ॥૫॥
વસ્ત્ર અને આભરણશું, શોભાવી તસ અંગ;
જમાડી તંબોલ શું, કીધો વદન સુરંગ. ॥૬॥

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ કેદારો, વિસરદે કોટવાળ સુણે ગ્યાયાર વિસર દે ....એ દેશી.

હવે મહિંદસિંહ મનકોડે, પૂછે [1]વિતી કર જોડે

૧ આપવીતી

લાલ, ગુણ દરીઆ; પ્રાણેશ્વર પ્રભુજી ગુણ દરીઆ, કહો જીવન વિભુજી ગુણ દરીઆ, અશ્વે હરીઆ જીહાંથી, ધૂરથી માંડીને તીહાંથી લાલ, ગુણખાણી. કહો મુજ વિભુજી ગુણખાણી, પ્રાણેશ્વર પ્રભુજી ગુણ ભરીઆ ॥૧॥ [1]હય હરી ગયો કેણે ઠામ, લલના [2]લચ્છી કેણે-પરે પામી લાલ.... ગુ૦ ક૦; એમ સુણીને સનત્કુમાર, ચિત્તે ચિંતવ્યુ તેણીવારે લાલ.... ગુ૦ ॥૨॥ નિજ ચરિત્ર જે નિજ મુખ આપે, કહેવું નહીં જુગતું પ્રાયે લાલ....ગુ૦; તેણે અન્યતણે મુખ વાત કહાવી સમ-જાવું ભ્રાત લાલ.... ગુ૦ ॥૩॥ ચંદ્રવેગ ખેચરપતિ-કેરી, પુત્રી શતમાંહી વડેરી લાલ.... ગુ૦; નિજ પ્રિયા બકુલમતિ નામે, વ્યતિકર કહેવાને કામે લાલ૦ ॥૪॥ દીધો તેને આદેશ, વ્યતિકર દૂરથી સુવિશેષ લાલ.... ગુ૦; વિદ્યાને પૂછી કહેજે, હું નિદ્રા લઉં છું લહેજે લાલ.... ગુ૦ ॥૫॥ એમ કહીને પોતે જાય, પોઢે રાતે ઘરમાંય લાલ.... ગુ૦; વિદ્યાને પૂછી ત્યારે, કહે બકુલ-મતિ સુવિચારે.... ગુ૦ ॥૬॥ હો દેવરજી રૂડા.... ગુ૦ ચાતુરમાંહી સુડા.... ગુ૦ તુમ મિત્ર જે અશ્વે હરીઓ, વિપરીત ગતે સંચરીયો લાલ.... ગુ૦ ॥દે૦॥ ચા૦. જેમ જેમ રાખેવા સારૂ, સંજ્ઞા કરે તેમ અપારૂલાલ.... ગુ૦ દે૦ ॥૭॥ પવને શું [3]તેજ પુરાઈ, દેવળપર અતિ ઉજ્જાઈ લાલ.... ગુ૦; ચઢતી (૨) ગતિ ચાલ્યો, વિષમી અટવીમાં ઘાલ્યો લાલ.... ગુ૦ ॥૮॥ શ્વાસે તે તુરંગ ભરાણો, ભૂખે તરસે અકળાણો લાલ.... ગુ૦; દીન બીજે દુસરી વેળા, ઉભો રહ્યો આપે હો

૧ ઘેડો ૨ લક્ષ્મી

લાલ હેલા.... ગુ૦ ॥૯॥ તાવ અશ્વથકી ઉતરીયો, [1]જીન છોડી અળગો ધરીઓ લાલ.... ગુ૦; ભૂપીઠે ઘોડો પડીઓ, અકળાઈ મરણ આવડીઓ લાલ.... ગુ૦ ॥૧૦॥ તુમ મિત્ર તૃષાતુર ત્યાંહી, ભમતાં જળ ન લહ્યું કયાંહી લાલ.... ગુ૦; આંબો એક નજરે આવ્યો, શીઘ્ર ગયો તેની છાયો લાલ.... ગુ૦ ॥૧૧॥ તરસે ગળું હોઠ સુકાણો, પડયો ભૂમિ જઇ મૂર્છાણો લાલ.... ગુ૦; ત્યાં રહે તે વનને જક્ષે; કરૂણાપુરમાં અતિ દક્ષે લાલ.... ગુ૦ ॥૧૨॥ હિમ સરખું શીતળ પાણી, તનુ સિંચ્યું કુંવરનું આણી લાલ.... ગુ૦; સિંચ્યું જળ શીતળ નીરે, તવ ચેતન વળીઓ શરીરે લાલ.... ગુ૦ ॥૧૩॥ કર્યો સાવધાન જળ પાઇ, તવ કહે તેને કહો ભાઈ લાલ.... ગુ૦; તમે કોણ અકારણ મિત્ર, કિમ, જીવિત દિયું સુવિચિત્ર ? લાલ.... ગુ૦ ॥૧૪॥ એ અમૃતથી અતિ મિષ્ટ, જળ આણ્યું કયાંથી ઇષ્ટ લાલ.... ગુ૦; તે કહે હું જક્ષ છું વીર, દેખી તુજ સાહસ ધીર લાલ.... ગુ૦ ॥૧૫॥ મુજને નિરભર નેહ આવ્યો, માન સરોવરથી જળ લાવ્યો લાલ.... ગુ૦; તેને મુજ પતિ કહે તામ, પંથ દેખાડો ગુણધામ લાલ.... ગુ૦; ॥૧૬॥ જો ઝીલું તે સર જાઇ, અતિ શીતળ તો તનુ થાઈ લાલ.... ગુ૦; કર સંપુટ ગ્રહીને તેણે, મુકયો માન સરોવર એણે લાલ.... ગુ૦॥૧૭॥ સિરી કરતાં જળ અવગાહી, ગયો તાપ તનુ દાહે લાલ.... ગુ૦; નાગવલ્લી દલપ્રાય, થયો તેહ પુનઃ નવ કાય લાલ.... ગુ૦ ॥૧૮॥ એ તો કહી પંચમી

[1] પલાણુ

ઢાળ, બુદ્ધ જ્ઞાન સાગર સુરસાળ લાલ....ગુ૦; શ્રમ મારગનો સવિ વારી, નીકળીઓ સરથી તીવારી લાલ.... ગુ૦ ॥૧૯॥

॥ દુહા ॥

વાસી ગિરિ વૈતાઢ્યનો, આસીત જક્ષ એણે નામ;
વૈરી પૂરવ ભવ તણો, તે આવ્યો તેણે ઠામ ॥૧॥
કીહાં જઈશ દૃષ્ટે ચડયો, રહે રહે રે આજ;
દેખી કોપારૂણ થઈ, ધાયો મારણ કાજ. ॥૨॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

( રાગ–બંગાળો. રાજા જો મળે ) દેશી...

આર્યપુત્રકને નિરદક્ષ, આવ્યો ઉદ્ધત આસીત જક્ષ....ક્રોધે કર્યું લડે; ઉડે વૃક્ષ ને જેણ, પ્રથમ પવન એમ છોડે તેણ....ક્રોધ કર્યું લડે ॥૧॥ ત્યાર પછી નભતળ નિરધાર, છાયો ધુળી કીયો અંધકાર.... ક્રોધે૦ તાળ પિશાચ તણો કીયો વેશ, અગ્નિ વરણ જશ પિંગળ કેશ ક્રોધે૦ ॥૨॥ તીખી અગ્નિ તણી વિકરાળ, મુકંતો મુખમાંથી જ્વાળ ક્રોધે૦; હડ હડ હડ હડ કરતો હાસ, ક્ષણ ભૂતળ ક્ષણમાંહે આકાશ.... ક્રોધે૦ ॥૩॥ નયન માંહેથી જ્વાળા જોર, મૂકી તાલ પિશાચે ઓર.... ક્રો૦; બીધો નહીં તો પણ તુમ મિત્ર, અડગ મેરૂ રહ્યો દૃઢચિત્ત....ક્રો૦ ॥૪॥ બાંધ્યો નાગ પાસે દૃઢ તેણે, ક્ષિર જન્યું (?)તણી પેરે એણે.... ક્રોધે૦; અથવા જ્ઞાની કર્મને જેમ, ત્રોડે ત્રટ ત્રટ ત્રોડે તેમ.... ક્રોધે૦ ॥૫॥ રોશે શું રાક્ષસ વળી તામ, કુંવર ઉપર ઘાલી

હામ.... ક્રોધે૦; મોગર લોહમય હાથમાં લેઇ, હણવા લાગ્યો ઘાયને દેઇ.... ક્રોધે૦ ॥૬॥ નૃપનંદન તરૂવર હેવ, ઉખેડી મોટો તતખેવ....ક્રોધે૦; ધાયો રાક્ષસ કેડે ભ્રિંગ, કુદ્યો તરૂવર શું કોટીંગ.... ક્રોધે૦ ॥૭॥ જાવા લાગ્યો ઉંચો જેમ, પેઠો કાંટો પગમાં તેમ.... ક્રોધે૦; છેદે વૃક્ષ પડે જ્યું કોય, ધડ હડ ભૂમિએ પડીઓ સોય.... ક્રો૦ ॥૮॥ ત્યાર પછી રાક્ષસ રહી દૂર, કુંવર તણા શિર ઉપર ભૂર.... ક્રોધે૦; મૂકયો ડુંગર મોટો એક, કુંવર તેણે પીડાણો છેક... ક્રોધે૦ ॥૯॥ થયો અચેત ગઈ તસ સાન, ચેતન આપ લહ્યો તેણે ઠાન... ક્રોધે;૦ હાહાકાર કરી તેની સાથ, આવ્યો કુંવર બાથા-બાથ... ક્રો૦ ॥૧૦॥ કર મોગરના દેય પ્રહાર, જક્ષ-કિયા શતખંડ પ્રહાર.... ક્રો૦; ન મુઓ અમર હતો તેણે એહ, નાઠયો ચીસ પાડીને તેહ.... ક્રોધે૦ ॥૧૧॥ સુર વિદ્યાધર કૌતુક હેત, જોવા આવ્યા તીહાં કેણુ તેત.... ક્રોધે૦; જીત્યો જક્ષ દેખીને દૃષ્ટ, કીધી કુસુમતણી સુરે વૃષ્ટ.... ક્રોધે૦ ॥૧૨॥ પ્રશંસે ગગને જક્ષરાજ, ધન ધન તું સુભટ શિરતાજ, ક્રોધે૦; જય જય જય જય તુમ ગુણગેહ, અહો અહો અતુળી બળમાં રેહ.... ક્રોધે૦ ॥૧૩॥ રાગ બંગાળે છઠ્ઠી ઢાળ, જ્ઞાનસાગર બુધ સુરસાળ.... ક્રોધે૦; સરથી કુંવર પુણ્ય અંકુર, ચાલ્યો ગયો જેમ પશ્ચિમ સુર.... ક્રોધે૦ ॥૧૪॥

॥ દુહા ॥

થોડીશી ભૂમિ ગયો, તે સર મૂકી જાસ;
દીઠી તવ મનોહારીણી, આઠ તરૂણી અભિરામ. ॥૧॥
નંદન વનમાંહે થકી, જેમ દિશા કુમારી આઠ;
આવીને ઉભી રહી, તેમ મુખ આગળ ઠાઠ. ॥૨॥

## ॥ ઢાળ ૭ મી ॥

( ગિદુડાની દેશી )

તે આઠે કુંવરી તિહાં રે, હોજી સનત્ કુંવરનું દેખી રૂપ, એ રૂડો રે; રતિ રાણી કંત એ રૂડો રે, નળકુબેર તંત એ રૂડો રે, નયન કમળ મધ્યે તારીકા રે, હોજી બેઠા જાણે ભમર અનૂપ એ રૂડો રે એ રૂ૦ ॥૧॥ નાશા શુકચચું જીસી રે, હાંજી દોય શ્રવણ દોલા ઉપમાન.... એ રૂ૦; આઠમના શશિ સારીખું રે, હાંજી સોહે તેનું ભાલ પ્રધાન એ.... રૂ૦; ॥૨॥ અધર ‘ વિદ્રુમ ’ દળ સારીખો રે, હાંજી સોહે મુખ પુનમચંદ ....એ રૂ૦; શંખ જેસી ગ્રીવા બની રે, હાંજી દીઠે નયન અમીરસ વૃંદ.... એ રૂ૦ ॥૩॥ શ્રીવચ્છશું અતિ સોભતો રે, હાજી [1]પૃથુલ હૃદય જાણે કપાટ એ ....રૂ૦; હરી લીધી ગતિ હંસની રે, હાંજી જઈ રહ્યા માનસસર તીણ માટ....એ રૂ૦ ॥૪॥ ભોગળ પુરના દ્વારની રે, હાંજી તેહ સરીખા દીપે ભૂજદંડ....એ રૂ૦; જઠર તે વાયના જેહવું રે, હાંજી ઉંડી એહની નાભી પ્રચંડ....એ રૂ૦ ॥૫॥ ઉર ગજ સુંડાકારસી રે, હાંજી મૃગની જંઘા જાસ.... એ રૂ૦; ઓપ્યા તે

૧ પહોળું

કનકના કાચબા રે, હાંજી ઉન્નત એહવા પદયુગ ખાસ ....એ ૩૦ ॥૬॥ હાથ અને પગનાં તળાં રે, હાંજી રાતા જાણે જાસુ ફૂલ.... એ ૩૦; અજબ સુઘટ ઘાટે ચડયો રે, હાંજી આઠે મદના તુર અમુલ....એ ૩૦ ॥૭॥ વિસ્મિત વ્યામોહે ઘણું રે, હાંજી ભલી દેખી જસ કાય ....એ૦; નયનબાણ છોડે ઘણાં રે, હાંજી [1]ભ્રમુહ[2]કબાણુક શિશ કરાય એ૦ ॥૮॥ આઠે વનદેવી જીસી રે, હાંજી તુમ મિત્ર જાણી તેણી વેળ એ૦; એ૦. રતિ રાણી રૂપે તે રૂડી, અમરી અનોપમ રૂપે તે રૂડી; જ્ઞાનસાગર બુધ સાતમી રે, હાંજી ઢાળ કહી વારૂ મન મેલી....એ રૂડી રે; સુણતાં સુખની ખાણ, તે રૂડી છે તે અમીઅ સમાન.... તે૦ ॥૯॥

॥ દુહા ॥

બોલાવી તેને હવે, કુંવરે મધુરી વાણ;
અહો બાળા તુમે કોણ છો, અટવીમાં ગુણખાણ ? ॥૧॥
આવા શૂન્ય અરણ્યમાં, કેમ રહો હવે એણે ઠામ ?;
વનદેવીની પરે તુમે, વન રહો છો કેણે કામ ? ॥૨॥

## ॥ ઢાળ ૮મી ॥

ઉભી ભાવલદે રાણી અરજ કરે છે — એ દેશી

કુમરીઓ તે કહે કર જોડી, વીનતડી અવધારો હો.... પ્રભુ રણમાં હો શુરા, ગાઢા પ્રબળ પ્રતાપી; પ્રીયસંગમા નામે છે નયરી, રાજ તીહાં પધારો હો.... પ્રભુ૦ ॥૧॥ ભાનુવેગ નામે વિદ્યાધર, રાજ કરે છે રૂડો....

૧ ભમર ૨ ધનુષ્ય

પ્રભુ૦; દોલતવંત સદા દેદારૂ, સવિ ખેચરમાં સુડો હો.... પ્રભુ૦ ॥૨॥ તેહ તણી તનુજા અમે આઠે, અમ ભાગ્ય બળે તાણ્યા હો.... પ્ર૦; આણે જેમ કોઇ દેવ આકર્ષી, તેમ તુમને અમે આણ્યા હો.... પ્ર૦ ॥૩॥ પુણ્ય પસાયે અમે એણી ભૂમિ, આજ ઇહાં શ્રીણ આયા હો.... પ્ર૦; અમૃત શ્રવા ઈંદુ સરીખો, દરશન તુમચું પાયા હો.... પ્ર૦ ॥૪॥ મુકતાવળી હાર હૃદય જેમ, શોભાવે તે સ્વામી હો.... પ્ર૦; ભૂભૂષણ અમ તાતની નયરી, ભૂષાવો ગયગામી હો.... પ્ર૦; એમ કહી નિજ કિંકર તેણે, સાથે એક મોકલીયો હો....પ્ર૦; મારગ દેખાવણને કાજે, મુજ પતિ નયરે ચલીયો હો....પ્ર૦ ॥૬॥ પ્રિયસંગમા નયરીમાં પ્રેમે, પહોંચ્યો નૃપ આવાસે હો.... પ્ર૦; ભાનુવેગ દેખીને સામો, આવ્યો અતિ ઉલ્લાસે હો.... પ્ર૦ ॥૭॥ આલીંગીને આસન આપી, બેસારી કહે એને હો.... પ્ર૦; આજ અમુલક રયણની જાણે, વૃષ્ટિ થઈ અમગેહે હો....પ્ર૦ ॥૮॥ અથવા સોવનમય પરસાની, સિદ્ધી થઇ સુખકારી હો.... પ્ર૦; આજ તુમારા ચરણતણી રજે, પાવન થઈ મહી મારી હો.... પ્ર૦ ॥૯॥ પહેલા અર્ચીમાલી મુનિરાજે, એમ કહ્યું તું અમને હો.... પ્ર૦; આસીક જક્ષને જે નર જીતે, ગુહ્ય કહું છું તુજને હો.... પ્ર૦ ॥૧૦॥ તે તુજ એ આઠે તનુજાનો, હોશે પતિ એમ ભણે હો.... પ્ર૦; તેણે મહાભાગ! કહું છું તમને, પરખું હીત ચિત્ત આણે હો....પ્ર૦ ॥૧૧॥ ભાનુવેગ ખેચરપતિ કેરી, દેવરજી તુમ મિત્રે હો....પ્ર૦; માની વચન તે આઠે પરણી, કુમરી પ્રેમ પવિત્રે હો.... પ્ર૦ ॥૧૨॥ તે આઠે

શું પરવરી પલંગે, પોઢયો રતિઘરમાંહી હો.... પ્ર૦; સુખભર સુતો દેખી આશીકે, જક્ષે ચિંત્યું ત્યાંહી હો.... પ્ર૦ ॥૧૩॥ નિર્બળનું બળ છે એક છલનું, છલશું રાતે હરીયો હો.... પ્ર૦; નિદ્રામાં અટવીમાં કયાં એક, ધરણી ઉપર ધરીયો હો.... પ્ર૦॥૧૪॥ જાગ્યો કુંવર તવ ભૂપીઠે, દીઠું નિજ તનુ તેણે હો.... પ્ર૦; મંદિર માંહેથી અટવીમાં, મુજને મૂકયો કેણે હો....? પ્ર૦ ॥૧૫॥ સુપન સરીખો મનમાં વિભ્રમ, પાણીગ્રહણનો આવ્યો હો.... પ્ર૦; પણ પ્રત્યક્ષ કરકંકણ દેખી, દીલશું ભેદ ન પાયો હો.... પ્ર૦ ॥૧૬॥ જ્ઞાન સાગર બુધ આઠમી ઢાળે, કહે સુણતે સહુ કોઈ હો.... પ્ર૦; તીહાંથી સનત કુમારને ચલતાં, આગળ અચરજ હોઈ હો.... પ્ર૦ ॥૧૭॥

॥ દુહા ॥

આગળ ચાલ્યો જેટલે, અટવીમાંહી એક;
સદ વૃક્ષે કરી શોભતો, દીઠો ગિરિ અતિ રેક ॥૧॥

કુંવર તે ઉપર ચઢી, શિખરે આવ્યો જામ;
કંચન મણીમય થંભશું, દીઠું મંદિર તામ ॥૨॥

ઈંદ્ર જાળ સરીખો સહી, એ પણ દીસે આંહી;
એમ મનમાંહી ચિંતવી, ચાલ્યો તિણ દિશ ચાહી ॥૩॥

દુઃખભર દયિતા વિલપતી, કરૂણ સ્વરે તેણે દ્વાર;
રૂદન સુણી રામા તણું, પેઠો ભુવન મોઝાર ॥૪॥

# ॥ ઢાળ ૯ મી ॥

( રાગ-કેદારો )

( દેશી-અબ ઘરે આવો ગુણ સારીંગ ઢોળણા )

તે કહે તરૂણી એણીપરે રે ભોળા, જો કર લક્ષ પ્રકાર; તોહિ ન જોઉ રે તુજ હિત લોયણા, મુજ ભર્ત્તા વિના રે ભોળા, અવર પુરૂષ સવિ છાર.... તિણ તિણ જોઉં રે તુજ હિત લોચના ॥૧॥ જે દિનકર કુરૂવંશનો રે ભોળા, તે મુજ જીવનપ્રાણ.... તિણ૦; ઇણે અવતારે માહરે રે ભોળા, તે સાહેબ સુર તાણ.... તિણ૦ ॥૨॥ જો હુવે સુરપતિ જીસો રે ભોળા, તું રતિ પતિ અવતાર.... તિણ૦; સુપને પણ ઇણ કાયમેં રે ભોળા, ન કરૂં તુમ ભર્ત્તાર.... તિણ૦ ॥૩॥ એ ચંદ્રહાસ ખડ્ગે કરી રે ભોળા, જો તું કરે શતખંડ.... તિણ૦; જો તું બીહીવરાવે ઘણું રે ભોળા, ભીષણ શબ્દ પ્રચંડ.... તિણ૦ ॥૪॥ કિંહા જઇશ મુજ કર ચઢી રે ભોળા, પરણી કર મુજ કંત.... તિણ૦; એમ ગોરી રે બોલી બોલણા, કરડી રસના એ કરૂં રે ભોળા, એ જીવિતનો અંત.... તિણ૦ ॥૫॥ અતિ આક્રંદ કરૂણારસે રે ગોરી, કરતી વિવિધ વિલાપ; કહે પિયુ રે દર્શન દેવણા, સહદેવી સુત મુજ ધણી રે ભોળા, કરતી એમ પ્રલાપ.... અબ પીયુ આવો રે દરશણ દેવણા ॥૬॥ અશ્વસેન કુલચંદલો રે ભોળા, નિકલંકી સુખકાર.... તિણ૦; પરભવ પણ પતિ માહરે રે ભોળા, હોજો સનત્કુમાર.... તિણ૦ ॥૭॥ શરણ હજો મુજ તેહનો રે ભોળા, મુજ પિયુ તેહ મયાલ.... તિણ૦; જ્ઞાનસાગર કહે ભવિ સુણો રે ભોળા,

નિરૂપમ નવમી ઢાળ.... અબ પીયું આવો રે દરીશણ દેવણા ॥૮॥

॥ દુહા ॥

તવ મેડી ઊપર ચઢયો, કુમર સુણી નિજ નામ:
રામા શોકાતુર ઘણી, રોતી દીઠી તામ ॥૧॥
શરણ કર્યું તેં જેહનું, કોણ તે સનત કુમાર;
કુમરે પૂછયું તવ કહ્યું, તે મારો ભરતાર ॥૨॥
આસન આપીને કહે, સુણજો મુજ વૃત્તાંત;
પુર સાકેતે રાજવી, છે રાજા બલવંત ॥૩॥
સુર પ્રભ નામે ભલો, પરતાપી સસનેહ;
ચંદ્રજસા તેની પ્રીયા, રૂપવતી ગુણ ગેહ. ॥૪॥

## ॥ ઢાળ ૧૦ મી. ॥

મુજરો માનો હો જાલીમ જાટણી – એ દેશી

ચંદ્રજસા કુખે ઊપની, તનુજા હું સુકુમાળ; નામે સુનંદા હો કુમરી યૌવન આવી હો જામ, મુજ તાતે મુજ નામ.... નામ સુનંદા હો કુમરી દીધી સનત કુમારને, ગજપૂરે ભાગ્ય વિશાળ.... ના૦ ॥૧॥ પરણાવી નહોતી મુજને, એક દીન ખેચર કેણ.... ના૦; રમતી મંદિર ઉપરે, નજરે દીઠી હો તેણ.... ના૦ ॥૨॥ પુરૂષ અધમ તેણે પાપીએ, મુજને હરી વિમાન.... ના૦; બેસાડી બળ બહુ કરી, આણી એણે ગિરિ થાન.... ના૦ ॥૩॥ કીધો ભૂવન વિદ્યા બળે, મૂકી મુજને હો આંહી.... ના૦; હમણાં ધવલ ઘરે થકી, ખેચર તે ગયો કયાંહી....ના૦ ॥૪॥ એમ કહી રહી તે કને, તેહવે આવ્યો હો તેહ.... ના૦;

નૃપ નંદનને હો, દેખીને, કોપાકુળ થયો એહ.... ના૦ ॥૫॥
અશનીવેગ ખેચર તણો નંદન તે દુર્બુદ્ધિ.... ના૦; કુમ-
રને ગયણે ઉછાળીયો, રક્ત નયણ કરી ક્રોધિ.... ના૦
॥૬॥ હાહારવ કરતી તિકા, ધરણી પડી તે ગીવાર....ના૦
મુરછાંગત મુળગી થઇ, કોમલ રાજકુમારી.... ના૦ ॥૭॥
તુમ મિત્રે તે દૂષ્ટને, પાડીયો દૃષ્ટિ પ્રહાર.... ના૦
મારીયો મહીતળે તે પડયો, જાણે વૃક્ષ કુઠાર.... ના૦ ॥૮॥
છેદ્યો જેમ પડે ધડહડી, પામ્યો મૃત્યુ અકાલ.... ના૦;
કૃત્યકર્યું હતું જેહવું, પામ્યો ફળ તતકાળ.... ના૦ ॥૯॥
આવ્યો અક્ષત તે ફરી, નૃપસુત કુમરીની પાસ.... ના૦;
આશ્વાસી તેહને તીહાં, નિજ વ્યતીકર પ્રકાશ....ના૦॥૧૦॥
પતિ પોતાનો તે ઓળખી, લજ્જાશું અતિ નેહ.... ના૦
મર્યાદે કહે મોદશું, અવધારો ગુણ ગેહ.... ના૦ ॥૧૧॥
પ્રિતમજી પરણો તુમે, શુભ વેળા એ સાર.... ના૦; માર્યો
શત્રુ મહાબળી, પામ્યા પ્રભુ જયકાર.... ના૦ ॥૧૨॥
પરણી તે અતિ પ્રીતશું, દેવરજી તુમ મિત્ર.... ના૦; જ્ઞાન-
સાગર બુધે કહી, દશમી ઢાળ પવીત્ર.... ના૦ ॥૧૩॥

॥ દુહા ॥

ચક્રીશ્વર ચોથા તણી, નામે સુનંદા નારી;
એ સ્ત્રી રત્ન હોશે સહી, જીવન પ્રાણ આધાર ॥૧॥
ખેચર તેહ હણ્યા પછી, તેહની ભગિની ત્યાંહ;
થોડીશી વેળા પછી, આવી તે ઘર માંહ ॥૨॥
તે કુંવરી સંધ્યાવળી, તે સહોદરને નામ;
માર્યો દેખીને થઈ, ક્રોધારૂણ તેણે ઠામ ॥૩॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

( તેં તો ને આયા ઓળગુ ઓળગાણા જી, કરમત દેશો ગાળી ભાણા—દેશી )

ક્રોધ જીસે મન ઉપન્યો.... તેણી વેળા જી, નિમિત્તિકનું વેણ વળી, સંભારીયો સંધ્યાવળી મન મેળા જી શાંત થઇ ગઇ કોપઝલી ॥૧॥ વજ્ર વેગ કુમારને વિણ લોહે જી, જે હણશે નર અતુલ બલી, સંધ્યાવલી કુમરી તેણે, ગતિ કોહે જી, પતિ હોશે ઇક્ષ્વાણ કુલી ॥૨॥ કર જોડી કહે કુંવરને.... તેણી૦; અવધારો અરદાસ પ્રભુ, કરપીડન મુજશું કરો.... મન૦ બેઠો મુજ પતિ મોજ ધરી ॥૩॥ તે પણ તુમ મિત્રે ઇહાં.... તેણે૦, પરણી અતિ ઉલ્લાસ કરી, દેવરજી દોય નારીશું.... મન૦; હું પણ છું તુમ દાસ વિભુ ॥૪॥ પ્રજ્ઞપ્તિ વિદ્યા ભલી.... તેણી૦, સંધ્યાવળીએ કંથ પ્રત્યે, આપી અતિ આનંદશું ....મન૦ નિજપતિ જીતે જેણ હીતે ॥૫॥ જગમાંહી જોતાં થકા....તેણી૦, સ્વારથ સઘળો મિષ્ટ કહ્યો, ત્રિયને તાત ને બંધુથી.... મન૦, અતિ વલ્લભ ભર્ત્તાર લહ્યો ॥૬॥ વિદ્યાધર દો આવીયા તિણ૦ પ્રણમી તેહને એમ કહે, અશનીવેગ વિદ્યાબળેં.... મન૦ નિજ અંગજનું મરણ લહે ॥૭॥ ચતુરંગ દળ લેઈને.... તિણ૦, આવ્યો છે અતિ કોપ ચઢયો, તે તુમ સાથે ઝુઝવા.... મન૦, વિદ્યાધરને વૃંદ જડયો ॥૮॥ તે માટે અમને ઇંહાં.... તિણ૦ ચંદ્રવેગ નરિંદ્ર રળી, ભાનુવેગ ખેચર પતિ.... મન૦ મુકયા છે તુમ પાસે લળી ॥૯॥ હું હરિશ્ચંદ્ર કુમાર છું....તિ૦ સુત વારૂજી, ચંદ્રવેગ ખેચરેંદ્ર તણો, ભાનુવેગ રાજા તણો

દેદારૂજી સુત નામે ચંદ્રસેન હણો ॥૧૦॥ કરવા રાજ્યની ચાકરી.... તિણ૦ આવશે અમ તાત દળ, આ સન્નાહ ને રથ લીયો.... મન૦ આવી આગળ તેહ ઠવે ॥૧૧॥ હય ગય રથ ને સુભટશું.... તેણી૦, ચંદ્રવેગ નૃપ ગગનથી, ભાનુવેગ નૃપ આવીયો મન૦, નૃપ નંદનની કુમક થકી ॥૧૨॥ વિદ્યાધરના કટકશું.... તેણી૦ પ્રણમીને કર જોડી સહી, ઢાળ એહ અગ્યારમી.... મન૦ જ્ઞાનસાગર બુધે સુપરે કહી ॥૧૩॥

॥ દુહા ॥

વજરવેગ સુતને ઈશે, વયર સંભારી હેવ;
અશની વેગ આવ્યો વહી, સૈન્ય સહીત તતખેવ ॥૧॥
બે બંધવ બહુ દળ સહીત, અસની વેગશું તામ;
નિજ જામાતાની વતી, માંડયો મહા સંગ્રામ. ॥૨॥
અસની વેગે દળ બેહુના, ભજવ્યાં જુંઝે જોર;
કરે ઝુંઝ તુજ મિત્ર તવ, અસની વેગ શું ઘોર ॥૩॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

રાગ સિંધુડો— ( ચિત્રોડો રાજા રે, મેવાડો રાજા રે, તો પાઇ અકબરશાહ મંગાવે ચાકરી રે ) એ દેશી

બેસી રથ ધાયો રે, અરિદળમાં આવ્યો રે, સંગ્રામ મચાવ્યો અશની વેગશું રે; તેણે નાગાસ્ત્ર છોડયું રે, વિદ્યા એ મોડયું રે, ગરૂડાસ્ત્રે તે તોડયું રે કુમરે વેગશું રે ॥૧॥ મૂકયું જબ તેણે રે, શસ્ત્ર અગ્નિનું એણે રે, જળશસ્ત્રશું સિંચી સો શીતલ કીયું રે; વાયો શસ્ત્ર જેવારે રે, છોડયું તેણી વારે રે, કુમરે શૈલાસ્ત્રે તે જીતી લીયું રે. ॥૨॥ તવ ધનુષ્ય

તે લેઇ રે, નારાચ સંધેઇ રે, તિહાં કીણ ધાયો બાણ-
ને મુકતો રે બાણેશું ભેદી રે, પ્રત્યંચા છેદી રે કીયું
ધનુષ્ય નિર્બંધી તે રહ્યો હુંકતો રે ॥૩॥ વલી ખડ્-
ગને કાઢી રે, શીરે ત્રવલું ચાઢી રે, ધાયો તવ કુમરે
તસ કર છેદીયો રે; આયો જબ ધાતો રે, બાહુ યુધને
ચહાતો રે વિદ્યાએ કૃત ચક્રે તસ શીર છેદીયો રે
॥૪॥ તત્ક્ષણ તેણી વેળા રે, અશની વેગને હેલા રે,
સવી રાજ્યની લક્ષ્મી નૃપકને રે; આવી અતિ વારૂ
રે, ખેચર દેદારૂ રે, ચંદ્રવેગ રાજાકને રે ॥૫॥ તુમ
મિત્રને સ્તવતા રે, ભૂરિમ ગુણ કહેતાં રે, આવીને
તે સનતકુમાર જીસ્યું સહુ રે; નભસ્થળથી આયા રે,
વિદ્યાધર રાયા રે, પ્રાસાદ સુવાયા ગીરિ ઉપર લહુ
રે ॥૬॥ નજરે પીયું નીરખી રે, નારી બે હરખી
રે, સુનંદા સંધ્યાવલી ગહ ગહે રે; દ્વાદશમી ઢાળે રે,
કહે જ્ઞાન વિચાલે રે, શ્રોતાજન આગળ સુણજો ગહ-
ગહિ રે ॥૭॥

॥ દુહા ॥

ચંદ્રવેગ આગે હવે, વિદ્યાધર મન કોડ;
વિનય કરીને વિનવે, કુમરને બે કરજોડ ॥૧॥
ગિરિ વૈતાઢયે ગુણનીલય, મયા કરો મહારાજ;
પાવન કરવા ભૂમિને, આવો ગરીબ નિવાજ ॥૨॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

હો જી મેઝુંબે વરસે મેહ, લશ્કર આયો દરીયાખાનકો હો
લાલ—એ દેશી

હો જી વિદ્યાધરને વૃંદ, ચતુરંગ દળે પરવર્યો હો લાલ.... હોજી ઢોલ નિશાનને છંદ, બેસી વિમાને ગહગહ્યો હો લાલ ॥૧॥ હોજી ચંદ્રવેગ મહારાય, ગિર વૈતાઢયે વેગશું હો લાલ.... હોજી મંગળ તુર વજાય, આણીયો નિજપુરે નેહશું હો લાલ ॥૨॥ હોજી આણ્યો મંદિર મોજ, પેસારા ઓચ્છવ કરી હો લાલ.... હોજી બેસાડયો ચિત્ત ચોજ, સિંહાસન ઉલટ ધરી હો લાલ ॥૩॥ ઉત્તર શ્રેણુના ત્યાંહ, દક્ષિણુ શ્રેણ તણાં વલી હો લાલ.... હોજી વિદ્યાધર ઉમાહી, મુજ પતિને સઘળા મળી હો લાલ ॥૪॥ હોજી ખેચર ચક્રી તેણ, થાપ્યો મહોત્સવશું તદા હો લાલ.... ચરણુ નમીને જેણુ, ભેટ ધરી સઘળે મુદા હો લાલ ॥૫॥ હોજી રાજ્ય તણે અભિષેક, ખેચરનો થાય ઉરશે હો લાલ....હોજી સનત્કુમાર વિવેક, પામે રાજ પડુરશું હો લાલ ॥૬॥ હોજી ચક્રીને કર જોડ, ચંદ્રવેગ નૃપ અન્યદા હો લાલ.... હોજી વિનવીયો મદમોડ, અર્ચીર્માળી મુનિ એકાદ હો લાલ ॥૭॥ હોજી મુજને કહ્યું હતું એમ, કેવળીએ પુછયા ભણી હો લાલ.... હોજી સુણુ ખેચર-પતિ હેવ, પ્રશ્ન તણો ઉત્તર ગુણી હો લાલ ॥૮॥ હોજી ચક્રી સનત્કુમાર, તુજ શત પુત્રીનો ધણી હો લાલ ॥૯॥ હોજી ભાનુવેગની જેહ, તનુજા આઠ તણો તિકે હો લાલ.... હોજી હોશે ભર્ત્તાર તેહ, અશ્વે અપહરીયો જી કે હો લાલ ॥૧૦॥ હોજી આજ થકી એક માસ, આવશે માનસ સરોવરે હો લાલ.... હોજી મજ્જન કરતાં તાસ, દેખી સુર અમીરસ ભરે હો લાલ ॥૧૧॥ હોજી અસીત જક્ષ અબુજ, પૂરવભવ વૈરે વળી હો

લાલ.... હોજી કરશે કુમરશું ઝુઝ, હાર્યો જક્ષ જાશે ગળી હો લાલ ॥૧૨॥ હોજી જક્ષનો જીપણહાર, જામાતા તુજ જાણીયે હો લાલ.... હોજી હોશે ગુણ ભંડાર, મન સંદેહ મ આણજ્યો હો લાલ ॥૧૩॥ હોજી પૂછયું વળી વિચારી, કવણ વેર તેહ જક્ષશું હો લાલ.... હોજી એ કહી તેરમી ઢાળ, જ્ઞાનસાગર બુધ નેહશું હો લાલ ॥૧૪॥

॥ દુહા ॥

અર્ચીમાળી હવે કેવળી, પૂરવભવ વૃત્તાંત;
સનતકુમાર અસીક તણો, કહેવા માંડયો તંત ॥૧॥

કંચનપુર સુરપુર જીસ્યો, નગર મનોહર સાર;
જાણે ભૂ 'રમણી' ઉરે, નિર્મળ મોતી હાર ॥૨॥

જાણે સુરપતિ સારીખો, તીહાં વિક્રમ જશ રાય;
શશી વયણી તસ પંચ સય, રાણી કોમળ કાય ॥૩॥

નાગદત્ત નામે તીહાં, સાર્થવાહ ધનવંત;
દાતા ભુકતા દોલતી, રૂપે રતિનો કંથ ॥૪॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

ઈણ માખીકે સાલ મરૂંગી... એ દેશી.

વિષ્ણુશ્રી તેહને ઘેર ઘરણી, મૃગનયણી વર બાળ હો સુંદરી; નરલોકે સુરનારી વિરાજે, તેનિ રૂપ મસાજે શશી વયણી સુકુમાળ હો સુંદરી નરલોકે૦ ॥૧॥ વેણીએ વાસુકી જીત્યો જેણે, પેઠો તે પાયાળ હો.... સુંદરી ન૦; ધનુષ્યસી જેહની ભમુહ વિરાજે, શ્યામ ભમરની અલિ હો સુંદરી.... ન૦ ॥૨॥ તિલના ફૂલસી નાશા જેહની, અધર બિંબ ફળ જાસ હો સું૦ ન૦

અવળાં કેળનાં પત્ર સરીખો, સોહે વાંસો તાસ હો સું' ન૦ ॥૩॥ હરી મત્સ્યોદરી લંકી માનુનિ, ઉંડી નાભિ અપાર હો સુ૦ ન૦; ત્રિવલી જાસ ત્રિવેણી સરખી, ઉર કરી કર આકાર હો સું૦ ન૦ ॥૪॥ ઓપ્યા કનકના કચ્છપ સરીખા, ઉન્નત જેહના પાય હો સુ૦ ન૦; દીઠી વિષ્નુશ્રી તે કયાંહીંક, શ્રી વિક્રમજશ રાય હો સું. ન૦ ॥૫॥ મગન થયો નીરખીને નરપતિ, અહો અહો અજબ સ્વરૂપ હો સું૦ ન૦; અહો અહો ધન યૌવન મદમતિ, ચતુરા એહ અનૂપ હો સું. ન૦ ॥૬॥ અહો અહો લાવણ્ય એ વનીતાનો, અહો એહની કંત હો સું૦ ન૦; અહો અહો હંસી હરાવી ગતિ તેણે, માનસ સર સેવંત હો સું૦ ન૦ ॥૭॥ મદનાતુર થઇ મહીપતિ તેણે, તવ કંચુકી નર પાહી હો સું૦ ન૦; વિષ્નુશ્રીને તુરત અણાવી, રાખી મંદિર માંહી હો સું૦ ન૦ ॥૮॥ છત્ત તળે નવરાવી હો તેને, થાપી નૃપ પટરાણી હો સું૦ ન૦; મોહ ભર્યો વિક્રમ યશ રાજા, માને જીવસમાની હો સું૦ ન૦ ॥૯॥ પરીહરી તે પાંચશે રાણી, પંચ વિષય સુખ ભોગ હો સું૦ ન૦; નર લોકે સુરરાય વિરાજે, રાય વિરાજે તે અધિક દિવાજે હો સું. ન૦ ॥૧૦॥ પ્રબળ પ્રતાપી સોય હો સું૦ ન૦; વિષ્નુશ્રીશ્યું અહનિશ પ્રીતે, વિલસે સરસ સંયોગ હો સું. ન૦ ॥૧૧॥ રાજકાજ મુકી વિષયારસ, રાતો મોહ ને રંગ હો સું૦ ન૦; જ્ઞાનસાગર કહે ચઉદમી ઢાળે, વિણસે નર ત્રિય સંગ હો સું. ન૦ ॥૧૨॥

॥ દુહા ॥

વિરહાનળે પીડયો હવે, મનશ્યું ધરતો શોગ;
નાગદત્ત ઘેલો થયો, વિનીતા તણે વિયોગ ॥૧॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

હરીયા મન લાગો—એ દેશી

હાં હાં શશી વયણી પ્રીયે, દરીશન દેવી આપ રે; શુભગે સસ્નેહી; જ્યાં દેખે જાતી ત્રીયા, તીહાં તીણ કેડે ધાય રે સુ૦ ॥૧॥ શુદ્ધિ નહીં ચીવર તણી, ભમે તે નગર મોઝાર રે; સુ૦ બાળક ખીજાવે બહુ, એ જાયે તુજ નારી રે સુ૦ ॥૨॥ પ્રાણપ્રીયા તું કયાં ગઇ, હાહા જીવનપ્રાણ રે; સુ૦ વિરહાનલ જ્વાળ ઓલવો, આવીને એણે ઠાણ રે સુ૦ ॥૩॥ નાગદત્ત એમ વિલપતો, કાળ ગમાવે તેહ રે સુ૦, વિક્રમ યશ રાજા તણી, રાણી સઘણી જેહ રે વિરૂપ વરીહાળી ॥૪॥ અપમાની સઘળી તેણે, મીલી રાણીં સત પંચ રે વિ૦; વિષ્નુશ્રીને વેરશું, કીધું કામણ પ્રપંચ રે વિ૦ ॥૫॥ કૃષ્ણ પક્ષે શશીની પરે, વિષ્નુશ્રીની કાય રે; વેદનથી બગડી, કામણ વિષમ કર્યા પછી, દિન દિન ગળતી જાય રે વે૦ ॥૬॥ વિષ્નુશ્રી કામણ થકી, પામી મરણ અકાળ રે વે૦; શોકાતુર રાજા થયો, તસ મરણે તત્કાળ રે વે૦ ॥૭॥ નયણે નિઝરણા જેસી, વહે આંસુધાર રે વે૦; રીસાણી છે શા વતી, બોલો પ્રાણધાર રે સુ૦ ॥૮॥એ શું આજ અબોલણું, લીધું છે એણી વાર રે સુ૦; એમ ન ઘટે તુમને પ્રીયા; વિણ હુહવે એણી ઠાર રે સુ૦ ॥૯॥ સેજ સલુણે લોચને; સામું જુઓ

સનુર રે સુ૦; કાંતે કઠીણ ન કીજીએ, પીયૂ શું હઈડું ક્રુર રે સુ૦ ॥૧૦॥ નાગદત્તની પરે થયો, વિક્રમ યશ મહીપાળ સુ૦; ગૃથીલ થયો તે મોહે કરી, વિલપે વદન નિહાળી રે સુ૦ ॥૧૧॥ દેવાનંદી એ દહન તે, વિષ્નુશ્રીને રાય રે સુ૦; મંત્રીએ કરી મંત્રણું, વંચી નૃપ તેણે ઠાય રે સુ૦ ॥૧૨॥ તેહ કલેવર મહોલથી, આણી મૂકયો રાન રે, મંત્રી મતિ ગેહી સુ૦; નૃપ તેહને અણ દેખતો, ન૦ લીયે પાણી ધાન્ય રે મં૦ ॥૧૩॥ ત્રણ દિવસ નૃપને થયા, ભૂખ્યા તરસ્યો જામ રે મં૦; વિણ દીઠે મરશે સહી એમ મન ચીંતી તામ રે મંત્રી૦ ॥૧૪॥ એ એ મોહ વિટંબના, મોટી મોહની જાળ રે મં૦; જ્ઞાનસાગર બુધ કહે સૂણો, એમ પંદરમી ઢાળ રે મં૦ ॥૧૫॥

॥ દુહા ॥

દિન ચોથે મંત્રી હવે, કહે મહીપતિ હેવ;
વિશ્નુશ્રીને જોયવા, પધારો પ્રભુ પ્રેમ ॥૧॥
વિષ્નુશ્રીને રાનમાં, શબ છોડયું છે જયાંહિ;
મંત્રીએ મહારાજને, તેડી આણ્યો ત્યાંહી ॥૨॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

રાગ—ગોડી. મિશ્ર મલ્હાર. અબળા કેમ ઉવેખીયે એ દેશી.

કોહ્યા કલેવર માંહીથી, વિરૂઓ વહે છે રે વારિ; કળવળ તું કીડે ઘણું, બડ બડ તું નિરધારો રે ॥૧॥ દેખી ચિંતવે, ધિક્ ધિક્ મોહનો પાસો રે દેખી૦ ॥૨॥ કાઢી વાયસે ખોતરી, વિષ્નુશ્રીની રે આંખ; ચંદ તુંડ પંખી મળી, ખાય છે ધરી ધાખ રે દે૦ ॥૩॥ અહી

મડથી દુર્ગંધતા; દશ દિશે વ્યાપ્યો રે જોર; વિક્રમ યશ રાજા તિહાં, શબ્દ વિરૂપ અતિ ઘોર રે દે૦ ॥૪॥ અહો અહો અજ્ઞાની થકે, મેં એટલા દિન કાય; સમજ્યો તાપ શરીરનું, ક્ષણભંગુર એમ થાય રે દે૦ ॥૫॥ સડે પડે વણશેજી કે, શો તિણશું અંદોહ; મેં મુરખ મંદી બુધે, હા હા શું ધર્યો મોહ રે દે૦ ॥૬॥ એમ નિજ આતમ નિંદતો, પામ્યો નૃપ વૈરાગ્ય; તૃણ જેમ સજ્જનને તિકે, છંડીને મહા ભાગ્ય રે દે૦ ॥૭॥ રાજન સંજમ આદરે; સંવેગી શિર તાજો રે, સુત શાપી રાજવી; સારે આતમ કાજે રે સમ૦ ॥૮॥ સુવૃત્તાચાર્ય કને. ચઢતે મન પરિણામ; ચાર મહાવૃત ઉચ્ચરી, શમતા-શું ગુણ ધામ રે સમ૦ ॥૯॥ છઠ અઠમાદિક બહુ, જેહ કરી નિરધાર; તપ કરી કાયા શોષવી, જીત્યો કામ વિકાર રે સમ૦ ॥૧૦॥ અંતસમય અણસણ કરી, ત્રીજે કલ્પે દેવ; તપ સંયમથી અવતર્યો, સુખ વિલસે નિત્યમેવ રે સમ૦ ॥૧૧॥ ઢાળ કહી એ સોળમી જ્ઞાનસાગર બુધનેહ; વિરમે જેહ નર વિષયથી, પામે સુખ બહુ તેહ રે સમ૦ ॥૧૨॥

॥ દુહા સોરઠી ॥

પૂરણ પાળી આયુ, ત્રીજા કલ્પથી દેવ તે;
રત્નપૂરે શુભ ઠાય, શ્રેષ્ટિ તણો સુત તે અવતર્યો ॥૧॥

જિનધર્મી એણે નામ, યૌવન વય પામ્યો જસે;
સમકિત આદે ઠામ, બાર વ્રત તેણે ઉચ્ચર્યાં ॥૨॥

સાત ધાતશું રંગ, રંગાણી જિન ધર્મશું;
આણી ઉલટ અંગ, પર્વતિથે પોસહ કરે ॥૩॥

પૂજે દેવ ત્રિકાળ, જિનધર્મી ઉલટ ધરી;
દેશ વિરતિ પ્રતિપાળ, પ્રતિક્રમણ નિત્યે બે કરે ॥૪॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

રાગ—સારિંગ : થા વચ્ચાસુત લે દીક્ષા...એ દેશી.

નાગદત્ત ઘેલો હુવે, દઇતાને સુખ સોઈ રે; આર્ત્તધ્યાને તે મરી, થયો તિર્યંચ તેઇ રે ॥૧॥ હે હે મોહ વિટંબના, મોહતણે વશ જીવો રે; નરક તિર્યંચ દુઃખ ભોગવે, પાડંતો મુખ રીવો રે હે૦ ॥૨॥ તિર્યંચ યોનિમાહે ઘણું, કાળ ભમીને તેહ રે, સિંહપુર નગરે થયો, અગ્નિશર્મા દ્વિજ એહ રે હે૦ ॥૩॥ અનુક્રમે તેહ ત્રિદંડીયો, તાપસ થઇને ફરતો રે; માસખમણ બે બે તણે, પારણે તપ કરતો રે હે૦ ॥૪॥ રત્નપુરે તે અન્યદા, ભમતો ભમતો આવ્યો રે; દધીવાહન રાજા તિહાં, તાપસ ભક્ત કહાવ્યો રે હે૦ ॥૫॥ અગ્નિ-શરમા તાપસ તણો, આગમ જાણી ભૂપ રે; આવ્યો વન પગે લાગવા, તાપસ જાણી અનૂપ રે હે૦ ॥૬॥ પગે લાગી પારણા તણો, દિવસે શું નોતરીયો રે; તાપસ નૃપને ઘરે, આવ્યો ઉલટ ભરીયો રે હે૦ ॥૭॥ દૈવયોગે એહવે તિહાં, તે જિનધર્મી શેઠ રે; આવ્યો નૃપને મંદિરે, તાપસ દીઠો દુષ્ટ રે હે૦ ॥૮॥ પૂરવભવ વેરે [illegible], દેખી તે રીસ[illegible] રે; ક્રોધાનળશું ધડહ-ડયો. [illegible] નૃપને વિલખા[illegible] હે૦ ॥૯॥ જો જમાડો મુજને [illegible] કે કહું તે [illegible] રે; થાળ ધ[illegible] આ શેઠ[illegible] ઉપર [illegible] ॥૧[illegible] [illegible] તી તા[illegible] [illegible]ખીર [illegible] [illegible]ર્યાં

વિણ અન્ય થાતું જ પરિ જમું ત્યાંહી રે. હૈં ॥૧૧॥ હૈ હૈ વૈર વિટંબના, જાણીને કિણ સાથે રે; કરીએ નહીં કોઇક ભવે, ભોગવવી પરમાથે રે૦ હૈ ॥૧૨॥ નૃપ કહે બીજા નર તણે, વાંસે થાળ ધરેઈ રે; જમાડું તપસી જમો, કહે પ્રણામ કરેઇ રે. હૈ૦ ॥૧૩॥ તાપસ તે નવ અનુમને, વેર તણે અનુબંધ રે; શેઠજી તવ વાંસો ધરે, રાજાને પ્રતિબંધે રે. હૈ૦ ॥૧૪॥ હલવે હલવે તે જમે, તાપસ તાતી ખીર રે; સમતા પરિણામી ભલો, શ્રાવક સાહસ ધીર રે. હૈ૦ ॥૧૫॥ તાપસ તેહ જમ્યા પછી, થાળ ઉપાડયો જ્યારે રે; ઉખેડયો નવી ઉખડે, ઉપડે સાથે ત્યારે રે. હૈ૦ ॥૧૬॥ ઉખેડયો જોરે કરી, ચાલી રૂધિરની ધાર રે; માંસ નસ તેહની વસા, ઉડી સાથે તે વારે રે. હૈ૦ ॥૧૭॥ ત્યાર પછી નિજ ઘરે ગયો, સજ્જન વર્ગ સવિ મળી રે; સઉ સાથે કરી ખામણા, જિન પૂજી ત્રણ વેળી રે. હૈ૦ ॥૧૮॥ સાત ક્ષેત્રે ધન વાપરી, લઇ ચારિત્ર ઉજમાળ રે; જ્ઞાનસાગર બુધ કહે સુણો, એહ સત્તરમી ઢાળ રે. હૈ૦ ॥૧૯॥

॥ દુહા ॥

નગર થકી હવે નીકળે, જિનધર્મી અણગાર;
હળવે હળવે તે ચઢે, ગિરિ શિખરે એણીવાર ॥૧॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

॥ રાગ આશાવરી. એ મુજને શરણુ હજો એ દેશી. ॥

ગિરી શિખરે ચઢીને કીયો, અણસણનો ઉચ્ચારો જી; ચઢતે પરિણામે કરી, પચખ્યા ચારે આહારો જી

ગિરી૦ ॥૧॥ અરિહંત સિદ્ધ સુસાધુનો, કેવલી ભાષિત જેહ; વિનય મૂળ જિનધર્મનો, મુજ શરણ હોજો તેહ જી ગીરી૦ ॥૨॥ પંચાશ્રવ આદિ વળી, સેવ્યા જે પાપ અઢારો રે; ત્રિવિધ કરી વોસિરે, દુર્ગતિ તણા દાતારો રે ગીરી૦ ॥૩॥ પુઢવી પાણી અગ્નિના, વળી વાયુના જીવ જી; વનસ્પતિ ત્રસ કાયના, મારે મિત્ર સદીવો જી ગીરી૦ ॥૪॥ પૂર્વ દક્ષિણ પશ્ચિમે, વળી ઉત્તરે સુવિચાર જી; પંદર પંદર દિવસ જાકે રે, કાઉસ્સગ્ગ દિશિ ચાર જી ગીરી૦ ॥૫॥ પૂંઠે તે કરડે પંખીયાં, શકરા સમળી કાગ જી; ઉપસર્ગ એમ અહીઆસતો, ચવી સુધર્મે શુભ જાગો જી ગીરી૦ ॥૬॥ અણસણ ધરી દોય માસનું, ઉપન્યો ઇંદ્ર તે કોઇ જી; તાપસ અગ્નિશર્મા મરી, ઐરાવણ થયો સોઇ જી ગીરી૦ ॥૭॥ તીહાં વિગોપી થાપીયો, તેહને શક્રે તામ જી; અજ્ઞાન કષ્ટશું જુઓ, એ અલ્પ ફળનો ઠામજી ગીરી૦ ॥૮॥ એ ઐરાવણ સુર ચવી, નરતિર્યંચમાંહી હેવ જી; ભમી ભમીને અવતર્યો, આસીક જક્ષ એ દેવ જી ગીરી૦ ॥૯॥ તે શક્રપણે તીહાંથી ચવી, હથિણાપુર ભૂકંત જી; અશ્વસેનનો સુત થયો, સનતકુમાર ગુણવંત જી ગીરી૦ ॥૧૦॥ એ વેર કારણ એહનું, સવિ સમજજે ભૂપાળ જી; બુધ જ્ઞાનસાગર કહે સુણો, ભવિ એ અઢારમી ઢાળ જી ગીરી૦ ॥૧૧॥

॥ દુહા ॥

તે વાર પછી મુનિ વચન સુણી, મેં તુમ કાજે દેવ;
ભાનુવેગ નિજ બંધુને, અટવીમાં તતખેવ ॥૧॥

પેખીને પ્રીય સંગમા, નામે નગરી ત્યાંહ;
માનસ સરખી ઢુકડી, કીધી વચમાં રાહી ॥૨॥
ભાનુવેગ આઠે સુતા, પરણાવી તુમ પ્રેમ;
સો કુમરી મારી હવે, પરણો કહું છું એમ ॥૩॥
તુમ મિત્રે તે અનુમન્યું, મહા-મહોત્સવ મંડાણ;
મુજઆદિ પરણી સવે, સો કુંવરી ગુણ ખાણ ॥૪॥
દેહોત્તર સો નારીશું, પંચ વિષય સુખ ભોગ;
વિવિધ પરે વિલસે તિંહા, જયમ સચી પતિ સુરલોક ॥૫॥

## ॥ ઢાળ ૧૯ મી ॥

કલીહે કલ્લી ઉંચો ગોરો પાતળો, અઢીયો ચાખડી આંહી
કલ્લી —એ દેશી

દેવર મે[illegible] રે કરી યાત્રા, તે વાર પછી તમ મિત્ર દેવર; તિંહાં જિનપૂજી શાશ્વતા, કીધો જન્મ પવિત્ર. દેવર વાત [illegible] વારૂ પરે ॥૧॥ હો દેવર! નંદીશ્વર દ્વીપે પછી, જઇ જુહાર્યા દેવ. દેવર; પૂજી સત્તર પ્રકારશું, સારી વિધશું સેવ. દે૦ વાત૦ ॥૨॥ વૃષભ ચંદ્રાનન સ્વામીજી, વારીષેણ વર્ધમાન દે૦; એણે નામે જિનરાજજી પ્રતિમા છે તેણે સ્થાન દે૦ વા૦ ॥૩॥ પૂરી ધનુષ્યસેં પંચની, ઉંચપણે એણે માન દે૦; ઝગમગ જ્યોતે ઝળકતી, પ્રતિમા રત્ન સુવાન દે૦ વા૦ ॥૪॥ અઠ્ઠાઇ મહોત્સવ કરી, કીધો મનને મોદ દે૦; ખેચર વૃંદે પરવર્યો, શિષ ધર્યો જિન ગિદ દે૦ વા૦ ॥૫॥ વૈતાઢયે આવ્યા ફરી, ગિરી કાનન મન મેલ દે૦; સર સરિત ઉદ્યાનની, કરે નિરંતર ખેલ દે૦ વા૦ ॥૬॥ આજ ધર્યો દીલમેં ઇશો, ઉઠી પ્રભાતે દક્ષ

દે૦; માનસ સહ ખેલું જઈ, જીહાં મેં જીત્યો જક્ષ દે૦ વ૦ ॥૭॥ અંતેઉરશું પરિવર્યો, વિદ્યાધરને વૃંદ દે૦; ખેચર ચક્રી ચાલીયો, મંગળ તુરને છંદ દે૦ વા૦ ॥૮॥ જાણે તુમ મળવા ભણી, સામો આવ્યો આંહી દે૦; સિંહાસન ઉપર ઇંહાં, બેઠો વાડી માંહી દે૦ વા૦ ॥૯॥ ગીત જ્ઞાન ગુહીરસરે, માદળને ધોંકકાર દે૦; નાટક મંડાયો જીસે, આવ્યા તુમે તેણી વાર દે૦ વા૦ ॥૧૦॥ મેં ધુરથી માંડી કહ્યો, એ વૃત્તાંત રસાળ દે૦; જ્ઞાનસાગર કહે સુણો, એ ઓગણીશમી ઢાળ દે૦ વા૦ ॥૧૧॥

॥ દુહા ॥

તજી નિંદ્રા ઉઠયો જીસે, નરપતિ સનતકુમાર;
ચતુરંગી દળ પરિવર્યો, ગીરિ વૈતાઢય સુવિચાર ॥૧॥
પહોંત્યો બેસી વિમાનમાં, મનની મોજે તેહ;
મહિંદ સિંહ મિત્રે સહીત, સુખ વિલસે સસનેહ ॥૨॥
અન્ય દિવસ અવસર લઈ, મહિંદસિંહ મન કોડ;
ખેચર ચક્રી વિનવ્યો, પ્રણમી બે કર જોડ ॥૩॥

## ॥ ઢાળ ૨૦ મી ॥

હમીરાના ગીતની દેશી.

કહું પ્રભુ તુમ માતાપિતા, તુમ વિરહે મહીપાળ નગીના; પૂછોજી કહો નેમને, મુખ પંકજ જોયા વિના કેમ, ગાળતા હશે કાળ ન૦ પુ૦ ॥૧॥ પધારો પ્રેમે તીંહાં, દીયો દરીશન સુખ થાય ન૦; સફળ કરો મુજ વીનતી, વિરહ યોગ વ્યથા રહો, કરીએ એહ પસાય ન૦ સ૦ ॥૨॥ તન્નિસુણી ખેચર થયો, ઉત્સુક આનંદપૂર ન૦ માતાપિતા મળવા ભણી, પ્રગટયો

પ્રેમ અંકુર ન૦ દરીશનને અતિ અળજ્યો ॥૩॥ ગજ-રથ પાલખી, મણી માણિક ભંડાર ન૦; સ્થાપી સવી વિમાનમાં, ખેચરને પરીવાર ન૦; દ૦ ॥૪॥ ગગને ઘણું વિમાનશું, યુવતી જનને વૃંદ ન૦; ખેચર ચક્રી ચાલીયો, નોબતનો શુભ છંદ ન૦ દ૦ ॥૫॥ હથ્થીણાઊરપુર બાહિરે, ઉતરીયો ઉદ્યાન ન૦; જરતારી ડેરા દીયા, દેવભુવન ઉપમાન ન૦ દ૦ ॥૬॥ અશ્વસેન નૃપને જઈ મહિંદસિંહ મનરંગ ન૦; પગે લાગી વધામણી, વાધ્યો ઉલટ અંગ ન૦ દ૦ ॥૭॥ સહદેવી રાણી તણે, લાગ્યો જઈને પાય ન૦; અંગજનો આગમ સુણી, આણંદ અંગ ન માય ન૦ દ૦ ॥૮॥ રાય રાણી મનમોદશું, આવ્યાં સુતની પાસ સલુણી; કુંવર પણ સામો જઈ, પગે લાગ્યો ઉલ્લાસ સ૦ દરીશણને અતિ અલ જઈ ॥૯॥ મૂકે આંસુ હર્ષનાં, માતપિતા મન-મોદ સ૦; ચરણ પખાલી ચાહશું, શિશ ધરીને ગોદ ન૦ દ૦ ॥૧૦॥ ઉત્તમાંગ કુંવર તણો, ચુંબીને કહે માય ન૦; દિન દિન દોલતે દિવ્યજ્યા વાધજ્યો મહો ભડવાય ન૦ દ૦ ॥૧૧॥ પગે પડના આગળ ધરે, સાસુને ચિત્ત ચાહી સ૦; વહુવર પગે લાગ્યા પછી, સઘળી ઉલટ ત્યાંહી સ૦ દ૦ ॥૧૨॥ દઈ આશિષ સોહામણી, વછી લલા નિશદીશ સ૦; સુતસંપદ પરિ-વારશું, લીધો સુખ સુજગીશ ન૦ દ૦ ॥૧૩॥ પેસાર્યો ઓત્સવ કરી, અશ્વસેન મહીકંત ન૦; સુતને આણ્યો સૌધમાં, પામ્યો હર્ષ અત્યંત ન૦ દ૦ ॥૧૪॥ નરનારી સહુ નગરમાં આણંદીયાં અતિ રેખ સ૦; જ્ઞાનસાગર કહે વીશમી ઢાળ સુણો સુવિવેક ન૦ દ૦ ॥૧૫॥

॥ દુહા ॥

સનતકુમારને જન્મથી, કરતાં વિવિધ વિલાસ;
કુંવરપણે એમ અતિક્રમ્યાં, વરસ સહસ પંચાસ ॥૧॥

રાજ્ય તણાં અભિષેકની, શામગ્રી સવિ તામ;
અશ્વસેન ભૂપતિ હવે, માંડયો અતિ અભિરામ. ॥૨॥

## ॥ ઢાળ ૨૧ મી. ॥

પછી વડોળેવણુ હું ગઇ રે, મુને મળીયો યોદ્ધો યુવાન રે,
નવો પછી વડો–એ દેશી.

શિર ઉપર સર્વૌષધી રે, કાંઈ ધરીને નિર્મળ નીર રે.... નવો રે રાજવી; હાંરે ર જવી રૂપે કામ રે, રાજવી ગુણનો ધામ રે નવો. ॥૧॥ શોભાવ્યો સખરીપરે, કંઈ વસ્ત્રાભરણ શરીર રે....ન૦ રા૦; સિંહાસન બેસી કરે, કાંઇ મેઘાડંબર છત્ર રે ન૦, ધરીયો નેહશું રે, નેહે ચામર સાર, વિંઝે ગણીકા નારી કરીયો નેહશું રે ॥૧॥ અશ્વસેન સુતને હવે રે; કાંઇ ભાલે તિલક પવિત્ર રે કરી૦; નેહે નેહે રાય જુહાર, કરે નમી નિરધાર ઠવીયો રે રાજવી ॥૨॥ પોતે પ્રણમીને કહે રે, કાંઈ સાંભળ પુત્ર સુજાણ રે.... રસીયા રે રાજવી; રા૦ રસી૦ ॥૩॥ અંગજના કુરૂદેશમાં રે, કાંઈ આજથી તુમારી આણ રે ન૦ ॥૩॥ આપો અમને આજ્ઞા રે, કાંઇ કરીએ ઉત્તમ કામ ન૦; રે મુક્તિનો મારગ સાધીયે રે, કાંઇ ચારિત્ર અભિરામ રે ર૦ ॥૪॥ ધર્મનાથને શાસને રે, કાંઇ કોઇક થવિરની પાસ રે ર૦; અનુમતી લેઇ પુત્રની રે, કાંઇ લીધું ચારિત્ર ઉલ્લાસ રે ર૦

ાા૫ાા સનતકુમાર નરેસરૂ રે, કાંઇ પાળે રાજ્ય પડુર રે ૨૦; વર્ષ સહસ પંચાશનો રે, કાંઇ મંડળીક વડનુર રે ૨૦ ાા૬ાા આયુધશાળાથી ઉપન્યું રે, ચક્રરત્ન તેણી વાર રે ૨૦; પૂજ્યો નૈવેદ્યશું તેહને રે, પુષ્પ ધૂપ જલ-ધાર રે ન૦ ાા૭ાા અઠાઇ ઓચ્છવ કરેરે, કાંઈ ચાલીયો આકાશ રે ન૦; ઢાળ કહી એકવીશમી રે, કાંઇ જ્ઞાન-સાગર સુવિલાસ રે ન૦ ાા૮ાા સર્વગાથા ૩૩૬

### ાા દુહા સોરઠી ાા

લઇ નૃપનો આદેશ, ફરે તવાંચી નગરમાં;
હલ હલ હલ સુવિશેષ, કરો સજાઈ ચડતરી ॥૧॥
મોટા જે મુછાળ, વેણ સુણી તે વાગીયાં;
તે આવ્યા તત્કાળ, કેકાણે ચઢી નૃપકને ॥૨॥
સેનાની સુખકાર, મહિંદસિંહને મન રૂળી;
સ્થાપ્યો સનત્કુમાર, સોનેરી શીરપાવ દે ॥૩॥

## ાા ઢાળ ૨૨ મી ાા

શહેર ભલો પણ સાંકડો રે લાલ, નગર ભલો પણ દૂર રે,
હઠીલા વેરી–એ દેશી.

ભંભ દેવાઈ ચઢતરી રે લાલ, દેઇ દદામે ઘાવ.... મનરંગે રે; ચક્રરત્ન કેડે ચાલીયું રે લાલ, સનતકુમાર મહારાય.... મ૦ ાા૧ાા અસ્વારી અલવે કરી રે લાલ, વાજતે રણતુર.... મ૦; ગજરથ ઘોડાશું વળી રે લાલ, થાપક બહુ દળપુર.... મ૦ અ૦ ાા૨ાા મજલ કરે ચક્રી હવે રે લાલ, દિન પ્રત્યે યોજન એક.... મ૦; જીતી જનપદના ધણી હો લાલ, લઇ સાથે સુવિવેક....

મ૦ અ૦ ॥૩॥ પહોંચ્યા પૂર્વ સાગરે રે લાલ, માગધ તીર્થ હેવ.... મ૦; અઠમ કરી આરાધીયાં રે લાલ, સાધ્યો માગધ દેવ.... મ૦ અ૦ ॥૪॥ આવ્યા ધરણી સાધતા રે લાલ, દક્ષિણ સાયર જ્યાંહ.... મ૦; તીરથ વરદામને વળી રે લાલ, વરદામ જીત્યું ત્યાંહી.... મ૦ અ૦ ॥૫॥ આવ્યા, પશ્ચિમ તીરથે રે લાલ; જીહાં તીરથ પરભાસ.... મ૦; સાધ્યો સૂર પરભાસ ત્યાં રે લાલ; કરી અઠ્ઠમ સુવિલાસ.... મ૦ અ૦ ॥૬॥ સાધી સિંધુદેવી પછી રે લાલ, અઠ્ઠમ એકે તેહ....મ૦; પછી વૈતાઢય કુમારને રે લાલ, એણ વિધિ સાધ્યો એહ.... મ૦ અ૦ ॥૭॥ સેનાનીને આજ્ઞા રે લાલ, દીધી ભૂપ તે તામ.... મ૦; તમસ ગુફા ઉઘાડવા રે લાલ, કરે અઠ્ઠમ અભીરામ.... મ૦ અ૦ ॥૮॥ મહિંદસીંહ અઠ્ઠમ કરી રે લાલ, અશ્વરત્ને અશ્વાર મ૦; થઇને તાસ ગુફા તણે રે લાલ, દ્વારે દંડ પ્રહાર.... મ૦ અ૦ ॥૯॥ દેઇ દ્વાર ઉઘાડીયું રે લાલ, નાટયમાલી સુર આય.... મ૦; અતિ મોદે તે પિણ તીહાં રે લાલ, લાગીઓ નૃપને પાય.... મ૦ અ૦ ॥૧૦॥ ચક્રી ગજરત્ને ચઢી રે લાલ, મણિરત્ને ઉદ્યોત.... મ૦; કાંગણીએ મંડળ મીષે રે લાલ, જેહની અદ્ભૂત જ્યોત... મ૦ અ૦ ॥૧૧॥ તમસ ગુફાથી નીસરે રે લાલ, આધીઆ મ્લેચ્છ નરેશ.... મ૦; આણ મનાવી આવીઆ રે લાલ, ગિરિ હેમતવંત પ્રદેશ.... મ૦ અ૦ ॥૧૨॥ અઠ્ઠમશું આરાધીઓ રે લાલ, હિમવંતકુમાર.... મ૦; રૂષભકૂટ આવ્યા પછી રે લાલ, ચક્રી સનતકુમાર.... મ૦ અ૦ ॥૧૩॥ ઋષભકૂટ કુમારને રે લાલ, આરાધ્યો વિધિ એમ.... મ૦; ઋષભકૂટે નામૂં લખ્યું રે લાલ,

જીતી સૂરને જેમ.... મ૦ અ૦ ॥૧૪॥ ખંડપ્રપા સીતા તીહાં રે, તમસ ગુફા જીમ નેહ.... મ૦; ઉઘાડી અઠ્ઠમ કરી રે લાલ, દંડ રતનશું જેહ.... મ૦ અ૦ ॥૧૫॥ ષંડપપાસી તદા રે લાલ, ગુફાતણો રખવાળ.... મ૦; ચક્રીને ચરણે નમી રે લાલ, આપે સુરકૃતમાળ.... મ૦ અ૦ ॥૧૬॥ ખંડપ્રપાથી નીસરી રે લાલ, આવ્યા ગંગા તીર.... મ; અઠ્ઠમ કરી સાધે તીહાં રે લાલ, ગંગા ચક્રી નીર.... મ૦ અ૦ ॥૧૭॥ નવનીધાન ગંગા તટે રે લાલ, પ્રગટયા પુન્ય પ્રમાણ....મ૦; નવસહસ જક્ષ તેહના રે લાલ, જોડી પ્રણમે પાંણ....મ૦ અ૦ ॥૧૮॥ વરસ એક સહસેં ફરી રે લાલ, સાધીને ષટ્ખંડ.... મ૦; આવ્યા હથ્થીણાઉરપુરે રે લાલ, ભૂજબળ જાસ પ્રચંડ.... મ૦ અ૦ ॥૧૯॥ જનપદ સહસ બત્રીસના રે લાલ, જીતી સવિ ભૂપાળ.... મ૦; જ્ઞાનસાગર બુધ કહે સુણો રે લાલ, એહ બાવીશમી ઢાળ મ૦ અ૦ ॥૨૦॥

॥ દુહા ॥

જાણ્યું અવધી પ્રયુંજીને, જની સૌધર્મી તામ;
ષટખંડ સાધી આવીઓ, ચક્રીશર ગુણ ધામ ॥૧॥

સૌધર્માધિપતિ હુતો, એ મુજ પહેલો આંહી;
તીણ એ બંધવ માંહરો, પ્રગટયો તેહ ઉચ્છાંહી ॥૨॥

રાજ તણો ઓચ્છવ કરૂં, બાંધવનું મન પ્રીત;
ઈમ ચિંતી સુરપતિ કહે, ધનદને રૂડી રીત ॥૩॥

ઈમ નયરે ગજપુર જઈ, ચક્રીનો અભિષેક;
કરો ચક્રીપદનો હવે, હરખે શું સુવિવેક ॥૪॥

## ॥ ઢાળ ૨૩ મી ॥

રાગ-કાફી. માળી કેરે બાગમેં દોય નારીંગ પકવેલો, અ. એ દેશી-

ઇંદ્રે આપી ધનદને, દસ વસ્તુએ વારૂ લે.... અ૦; ચક્રીનો ઓચ્છવ કાજે લો, હાર ને વનમાળા ભલી છત્ર મોડ દીદારૂ.... અ૦ ચ૦ ॥૧॥ ચામર યુગલ સોહામણા, વળી કુંડળ દોઈ લો....અ૦ રયણ સીંહાસન બેસવા, વસ્ત્ર યુગલની કોઇ લો.... અ૦ ચ૦ ॥૨॥ મણી રતને જડી મોજડી, પાયપીઠ સુરંગી લો.... અ૦; આગળ એ ધરી ભેટણું, ક‌જે ઇમ ચંગી લો.... અ૦ ચ૦ ॥૩॥ શક્ર નિજ બાંધવવતી, મૂજરો કહ્યો તમને લો.... અ૦; રાજ્ય તણા અભિષેકને, મુકયા ઇહાં અમને લો.... અ૦ ચ૦ ॥૪॥ રંભાને તિલોત્તમા લેઈ, નાટિક સારૂ લો.... અ૦; દેવ ગાયન સાથે દીઆ, સચીપતિ નીરધારૂ લો.... અ૦ ચ૦ ॥૫॥ વૈક્રીય રૂપ કરી તીકે, વૈશ્રમણ ઇહાંથી લો.... અ૦; દેવદેવીશું પરવર્યો, ગજપુરે ગયો તીહાંથી લો.... અ૦ ચ૦ ॥૬॥ ચક્રી આગળ ભેટણું, સુરપતિનું છોડી લો.... અ૦; ઈંદ્ર તણો મુજરો કહી, વલી કહે કરજોડી લો.... અ૦ ચ૦ ॥૭॥ શક્રે જે કહ્યું હતું, તે સર્વ આખી લો....અ૦; ઉત્તર વૈક્રીય તનુ કીયો, ધનદતે સહુ સાખી લો.... અ૦ ચ૦ ॥૮॥ ચક્રીનો આદેશ લઈ, એક જોજન કેરૂં લો.... અ૦; મણીમય પીઠ વિકુર્વી, પુર બાહ્ય ભલેરૂં લો.... અ૦ ચ૦ ॥૯॥ તે ઉપર અભિષેક ને, મણીરતન મેં કીધી લો.... અ૦; મંડપ શોભી આગળે, તેહ માંહી સીધી લો....અ૦ ચ૦ ॥૧૦॥ સિંહાસન મણી પીઠીકા,

ઉપર તેહ ધરીયું લો.... અ૦; ચક્રીને તેણે ઉપરે, શુભ મજન કરીઉં લો.... અ૦ ચ૦ ॥૧૧॥ મણી કંચનમય કલસ લેઇ, ક્ષીરસાયરના રે લો.... અ; ગાવે સૂર ગાયન ઘણાં, સ્વર અજબભંગી રે લો.... અ૦ ચ૦ ॥૧૨॥ નાચે રંભા તિલોત્તમા, સૂર તુરને નાદે લો.... અ૦; જય જય જય જય ઉચ્ચરે, સૂર મધુરે સાદે લો.... અ૦ ચ૦ ॥૧૩॥ મુગટ ધરી શીર ચક્રીને, સિંહાસન ઠાવી લો.... અ૦; હાર ધર્યો કંઠે તીકે, વનમાળા સોહાવી લો.... અ૦ ચ૦ ॥૧૪॥ છત્ર ધર્યું શીર ઇંદ્રિનું, ચામર પણ તેઇ લો.... અ૦; દેવદુષ્ય પહેરાવીને, સૂર તીલક કરેઈ લો.... અ૦ ચ૦ ॥૧૫॥ આગલે નીજ નીજ ભેટણાં, ધરીને સવી રાજા લો.... અ૦; કરજોડી પ્રણમે લવી, વાજન્તે વાજાં લો.... અ૦ ચ૦ ॥૧૬॥ ગજરતન ઉપરે ચઢી, ગજપુરમાં આણે લો.... અ૦; રાજસભામાં રંગશું, સ્થાપ્યું શુભ ઠાણે લો.... અ૦ ચ૦ ॥૧૭॥ હથ્થીણાઉરપુર ઉપરે, ધનદે મન ભાવી લો.... અ૦; પૂર સઘળે સૂર હરખશું, કંચન વરસાવી લો.... અ૦ ચ૦ ॥૧૮॥ ઉપદેશ માળાની કર્ણિકા, માંહીથી લીધો લો.... અ૦; વૃષ્ટિ તણો અધિકાર એ, છે ત્યાંહી પ્રસીધ્ધો લો.... અ૦ ચ૦ ॥૧૯॥ સોંપી આણ શક્રેંદ્રની પ્રણમીને થોકે લો.... અ૦; ધનદ આદે સૂરને સૂરી, પહોતા સૂરલોકે લો અ૦ ચ૦ ॥૨૦॥ નવનિધિ ચઉદે રતનશું, મહીપતિ સુખ વિલસે લો.... અ૦; જ્ઞાન કહે ઢાળ ત્રેવીશમી, રાગ કાફીમાં મલશે લો.... અ૦ ચ૦ ॥૨૧॥

॥ દુહા ॥

ચોસઠ સહસ અંતેઉરી, તે માંહી નરનાહ;
થાપી સુનંદા વળી, રામા રતન ઉછાંહી ॥૧॥
સનતકુમાર ચક્રી સુખે, ભરતક્ષેત્રનું રાજ;
ઈંદ્ર તણી પરે ભોગવે, શોભાવી શીર તાજ ॥૨॥

## ॥ ઢાળ ૨૪ મી ॥

ઘેર આવોજી આંબો મોહરીઓ—એ દેશી.

સૌધર્માધિપ એકદા, હવે સૌધર્મે સુરમે સુરલોક.... બેઠોજી ગુણનો સેહરો; નાટીક નામે સોદામનિ નીરખંતો હો પોતે સુરલોક.... બેઠોજી ગુણ૦ ॥૧॥ દેવલોક ઇશાનથી, તીંહાં આવ્યો એહવે એક.... સોભાગીજી ગુ૦; સંગમ નામે દેવતા, તે ઈંદ્ર નમે વિવેક.... સો૦ ॥૨॥ તેહની કાયાની કાંતીથી, સઘળાએ સુરની કાંત.... નાઠીજી તેહના તેજથી; ચંદ્રાદિક એહની પ્રભા, જેમ રવિને ઉદએ જંતિ સતિમ નાઠી જી ॥૩॥ સંગમ સુર પાછો વળ્યો, તવ વિસ્મિત સઘળા દેવ; પૂછેળી પ્રણમે ઈંદ્રને, પ્રભુ એણે સુરે તનુકંતિએ, એહવી કેમ લહી કહો હેવ....પુ૦ ॥૪॥ શું દીધું શું વાવયું; એણે શું કીધો તપ નાથ.... પુ૦; તે સુર એહવી દ્યોતિએ પામી, તે કહો પરમાર્થ.... પુ૦ ॥૫॥ તવ ઇંદ્ર કહે એણે કીયો, પૂરવ ભવ તપ પ્રધાન....સોભાગીજી૦; સો ઓળી અંતર વિના, વિધશું આંબિલ વર્ધમાન.... સુ૦ ॥૬॥ પામ્યોજી તપનાં તેજથી, એ સંગમ તનુનું તેજ.... સુ૦; તે નિસુણી સવિ દેવતા, ફરી કહે કરજોડી

હેજ.... પૂછે જી૦ ॥૭॥ રૂપતણી લહી સંપદા, છે બીજો એહવો કોય.... સુ૦; તવ ઇંદ્ર કહે અહો અહો સુરા; પુર હથ્થીણાઊર નરલોય.... સો૦ ॥૮॥ ચક્રી સનતકુમારજી, કુરૂવંશે દીનકર જેહ.... સો૦; રૂપકાંતિ જેહની ઘણી, ઇંદ્ર સુરથી અધીકો તેહ.... સો૦ ॥૯॥ વિજય વૈજયંત બે દેવતા, તે શક્રવચન સુણી તામ.... સો૦; રૂપ ધરી બ્રાહ્મણ તણાં, બે આવ્યા ગજપુર ઠામ સો૦ ॥૧૦॥ રાજદ્વાર ભુવન જઈ કહ્યું, દ્વારપાળ કને સોય.... સો૦; ચક્રીના દેદારને, અમો વિદેશી વિપ્ર સોય.... સો૦ ॥૧૧॥ આવ્યા છીએ દુરે થકી, તીણે દેખણ દીઓ દેદાર....સો૦; લે અનુમતી પ્રતિહારની, તે બ્રાહ્મણ તેણી વાર....સો૦ ॥૧૨॥ ચક્રી તેલ સુગંધસ્યુ, મર્દાવે છે નીજ અંગ.... સો૦; તવ વાડવ આશીષ દઇ, તિહાં નિરખી ચક્રી પ્રત્યંગ.... સો૦ ॥૧૩॥ શક્રે તનુ વરવણ્યો તેહથી, દીઠો અધિકો અતિરૂપ.... સો૦; નીરખી નીરખી જોતાં થકા, બ્રાહ્મણને પૂછે ભૂપ.... સો૦ ॥૧૪॥ અહો અહો વાડવ! કહો તુમે, ઇહાં આવ્યા છો કીંણ કામ.... સો૦; કહે બ્રાહ્મણ કર જોડીને, સુણ મહીપતી કરૂણા ધામ.... સો૦ ॥૧૫॥ ત્રીભુવનમાંહી રૂપ વખાણીએ, તેણે દેખણ કાજે દયાળ.... સો૦; દેખી હૈડું તન ઉલસ્યું, પામ્યા પ્રીત મયાળ.... સો૦ ॥૧૬॥ તે નિસુણી ચક્રી કહે, અતિરૂપ તણે અભિમાન.... સો૦; વસ્ત્રાભરણે અલંકર્યો, જબ બેસું પર્ષદ સ્થાન.... સો૦ ॥૧૭॥ તવ રૂપ તુમે નિરખજો, એમ કહે ગર્વે ભૂપાળ.... સો૦; જ્ઞાનસાગર બુધ કહે સુણો, ભવી એ ચોવીશમી ઢાળ.... સો૦ ॥૧૮॥

॥ દુહા ॥

મજ્જન કરી ચક્રી હવે, ઉત્સુક થઈને તેહ;
વસ્ત્ર અને આભરણશ્યું, શોભાવી નિજ દેહ ॥૧॥
રાજ્યસભામાં બેસીને, તેડાવ્યા તે વિપ્ર;
રૂડાં રૂપને જોયવા; તવ તે આવ્યા ક્ષીપ્ર ॥૨॥

## ॥ ઢાળ ૨૫ મી ॥

ધિક ધિક ધણીની પ્રીતડી રે–એ દેશી.

તેહ દેહ દેખી ભૂપની, મનમાંહી પામ્યા ખેદ; દીલગીરી થઈ બ્રાહ્મણ કહે, ક્ષણભંગુર રે માનવ તનુ-વેદ ॥૧॥ ધીગ ધીગ કાયા કારમી રે, નહીં નિશ્ચળ રે યૌવન ને રૂપ; દીઠું હતું પહેલું જાશ્યું રે, નથી તેહવું રે થયો દેહ વિરૂપ.... ધીગ૦ ॥૨॥ તે નિસુણી ચક્રી કહે, અહો અહો વિપ્રો એમ; તુમે સાયપર થઈને, નીંદો છો રે મુઝ તનુને કેમ ?.... ધીગ૦ ॥૩॥ તવ વિપ્ર કહે મહિપતિ સૂણો, દેવનો વૈક્રય દેહ; પ્રથમ સમયથી માંડીને, હોય તેહવું રે ખટમાસ જ્યાં છેહ.... ધીગ૦ ॥૪॥ રૂપને યૌવન નવી ખસે, દેવનું તેજ લગાર; ખટ્માસ આયુ શેષના, રહે તેહવું રે તનુ કાંતી અપાર.... ધીગ૦ ॥૫॥ તીવાર પછી [1]નિજ૨ તણી, તનુ કાંતી હીણી થાય; જોતાં રે જોતાં તુમ તણી, [2]ધ્યુતિ વિણઠોરે રોગે મહારાય.... ધીગ૦ ॥૬॥ ચક્રી કહે જાણો તમે, કેમ કહ્યું મુઝને હેવ; શક્ર પ્રશંસા જે કરી, તે માંડી રે સર્વ કહી દેવ.... ધીગ૦ ॥૭॥ તે દેવ સૂર લોકે ગયા, ગજપૂર થકી તેણી વાર; સ્વરૂપ

૧ દેવ ૨ કાંતિ

કાયાનું હવે, જુએ પરખી રે નૃપ સનતકુમાર.... ધીગ૦ ॥૮॥ [1]કેયુર બાહુ યુગળ તણા, ઉતારી અળગાં દોય; વળી હાર હૃદય સ્થળ થકી, ઉતારી રે નૃપ નિરખે સોય... ધીગ૦ ॥૯॥ દાધજ્વરના દાઘશ્યું, મણીકંચનની જે કાંત, ઝાંખી થઇ તનૂ તાપથી, દેખીને રે નૃપ ચિન્તે તેથ... ધીગ૦ ॥૧૦॥ હા હા ! એ તનુના મોહથી, અનરથ મહા આરંભ; કીધાં મેં કોડી ગમે જુઓ, ક્ષીણમાંહી રે થયો કુણ અચંભ?... ધીગ૦ ॥૧૧॥ વૈરાગ પામીને હવે, અહો એ સંસાર અસાર; બાજીગર બાજી જીશ્યો, તે ઉપર રે શો મોહ વિકાર?... ધીગ૦ ॥૧૨॥ જીમ અથીર રંગ પતંગનો, જીમ અથીર વાદળ છાંય; જીમ અથીર વાન સંધ્યા તણો, જીસી અથીર રે કાયરની બાંય.... ધીગ૦ ॥૧૩॥ રાજ રિદ્ધિ તૃણ સમ તજી, હવે લઉં સંજમભાર; ચારિત્રને ચડતે ગુણે, પામીજે રે અવિચાળ સુખસાર.... ધીગ૦ ॥૧૪॥ સમતારસ સાથે ભલી, એ પચવીશમી ઢાળ; જ્ઞાનસાગર બુધ એમ કહે, એ તો સુણતાં રે છે અમીય રસાળ.... ધીગ૦ ॥૧૫॥ સર્વગાથા ૪૨૧

॥ દુહા ॥

તેણી વેળાએ તનુજને, તિલક કરીને હેવ;
બેસારી સિંહાસને, રાજ્ય ઠવ્યો તતખેવ ॥૧॥
આરામીક આવ્યો તીસે, કરે નૃપને પ્રણામ;
કહે વનમાંહી સાધુજી, આવ્યા છે ગુણ ધામ ॥૨॥
ધર્મનાથ જિનવર તણા, શાસન શોભાકાર;
શ્રીવર આચારજ સુણી, ગિરૂઆ શ્રી ગણધાર. ॥૩॥

---

૧ બાજુબંધ

હરખ્યો ચક્રી સાંભળી, સુતની અનુમતિ લેય;
શિબીકાએ બેસી કરી, વનમાં પહોતો તેહ ॥૪॥

## ॥ ઢાળ ૨૬ મી ॥

થાં પરવારી માહરા સાહિબા એ દેશી.

ચોસઠ સહસ અંતેઉરી, સુનંદા આદે; પાછળથી આવી તિહાં, કહે ગદ્દગદ્દ સાદે ॥૧॥ યું કયું છોડો ની કહું, ગુનહા વીણ ગોરી; તમે છો શિરના સેહરા, મેં પગરજ તોરી.... યું૦ ॥૨॥ અબળા સાથે રૂસણું, ઇમ સુપુરૂષ કોઈ; કેમ કરી સાહમું જુઓ, થે સૌ નિર્જર હોઇ.... યું૦ ॥૩॥ કીડી પ્રભુ કોડી ગમે, મીળી હોવે જોઇ; ઢેફા એક થકી મરે, ઇમ સમજો તેઇ.... યું૦ ॥૪॥ જીવન કીડી ઉપરે, કટકી શી એહવી, માંડી છે મહારાજજી, મોટા ગઢ જેહવી.... યું૦ ॥૫॥ થુંક પડે જીહાં તાહરૂં, તીહાં લોહી છોડાં; પાઉ ધારો પ્રભુજી જીહાં, તીહાં મેં શીર ઓડા.... યું૦ ॥૬॥ વિનતડી કરે વિલપતી, ચેતી સવી રાણી; ન્હવરાવે નારી મળી, આંસુને પાણી.... યું૦ ॥૭॥ તુમ તનુ નલિની દળ જીસ્યો, અતિ કોમળ તેહવો; ખાંડા ધારે ચાલવું, ચારિત્ર છે એહવો.... યું૦ ॥૮॥ વાયુ તણો પીયુ કોથળો, જ્યું ભરવો દોહીલો; મેરૂ ત્રાકડીએ તોળવો, તો પણ નહીં સોહલો.... યું૦ ॥૯॥ મીણ દાંત લોહમય ચણા, ચાવેવા આણી; સામે પૂરે ગંગા નદી, ઉતરવી જાણી....યું૦ ॥૧૦॥ વેળુ કવળ આહારવા, જેમ તે અતી ભારી; તેમ સંજમ પીયુ દોહીલું, ત્રીકરણશ્યું ધારી.... યું૦ ॥૧૧॥ વનીતાએ વચણ

કહ્યાં બહુ, છવીશમી ઢાળે; જ્ઞાન કહે ધન્ય ધન્ય તીકે, એમ જે મન વાળે.... યું૦ ॥૧૨॥

॥ દુહા ॥

લાખ વરસ ચક્રીપણું, પાળી પરમાણંદ;
ચારિત્ર લેવા તવ થયો, ઉત્સૂક તેહ નરિંદ ॥૧॥

વૃક્ષ અશોક તળે હવે, ચક્રી સનત્કુમાર;
મુગટાદિક આભરણ સવી, ઉતારી તેણીવાર ॥૨॥

કુણ ઈશાને આવીને, પંચ મુષ્ટિ કરે લોચ;
પરણેવા સંયમ સિરી, એમ કીધો આલોચ ॥૩॥

શ્રીધર આચારજ કને, આવીને કહે એમ;
જે [1]ધણથી યસ પામીએ, પરણાવો તે પ્રેમ ॥૪॥

સત્ય તણી [2]ઘરણી દયા, તેહની તનૂજા ખાસ;
કહે ગુરૂજી સંજમ સિરી, તે પરણો સુવિલાસ ॥૫॥

## ॥ ઢાળ ૨૭ મી ॥

સોહલાં ની દેશી.

ઉપશમ (૨) ગયવર ચક્રીશ્વર ચડીયો જી, શિલ ધરી શણગાર; કાયા સત્ય (૨) મંડપ શ્રુત તોરણેજી, સાસુ દયા તેણીવાર ॥૧॥ સનત(૨) કુમર પરણે સંજમ શીરીજી.... એ આંકણી. ધરમ (૨) ધુંસરે પુંખે દસ મુશળેજી, પુન્ય રવાઇઓ હો મીત; દયા સાસુ (૨) ને સમતા સરીએ કરી જી, અજેબ સુરંગી હો રીત.... સનત૦ ॥૨॥ કષાય (૨) ચારની પીઠી ચઉદીસેજી,

૧-૨ સ્ત્રી

નાખીને વળી નેહ; સુમતિ (૨) ઘાટડીએ તાણીને લીએ જી, ત્યાર પછી એ તેમ.... સ૦ ॥૩॥ રાગદ્વેષ શરાવ ચંપાવીએ જી, હરખને માયરે હેવ; બેસારી (૨) સંયમ શ્રી સાથે બાંધીએ જી, નિયમ ગાંઠ તતખેવ.... સ૦ ॥૪॥ હાથ મેળાવો (૨) વ્રત ધરાવાતીકેજી, મુનિવર ચોરી હો માંહી; બાંધીએ (૨) મન વચને તનુ યોગનાજી, ત્રણે વાંસમાં ત્યાંહી..... સ૦ ॥૫॥ ક્રોધનો (૨) જય તે ચાર વળાંજી મહાવ્રત પંચ તે માટ; સંતોષ (૨) કળસાવ્રત છઠો ઘડયો જી, ચેતના ચડકલી થાટ.... સ૦ ॥૬॥ ભાવના (૨) બારે તે દોરી ભલી જી, વીંટી ચોરી હો ખાસ; પ્રવચન (૨) માતા ધવલહરી તીહાં જી, સંવર તે નાગ પાસ.... સ૦ ॥૭॥ કરમ (૨) આઠ જવ તપની આગમાં જી, હોમીયાં તેણી હો વાર; અરિહંત (૨) આદિ મંગળ જાણજોજી, ચ્યારે અતી સુખકાર.... સ૦ ॥૮॥ કરૂણા (૨) સાસુ અતી પ્રીતે કરીજી, પીરસે સખર કંસાર; અમૃત (૨) રસથી અતી મીઠો ઘણુંજી, એ ષણીક આહાર.... સ૦ ॥૯॥ સુસરે (૨) સત્યે જમાઇ ભણીજી, આપી મનને કોડ; સંવેગ (૨) રૂપ સખર પહેરામણી જી, જુગતે દીધી જોડ.... સ૦ ॥૧૦॥ એ કહી (૨) જ્ઞાને સત્તાવીશમી જી, સરસ સુરંગી હો ઢાળ; ચારિત્ર (૨) લેઇ વિચરે છે ગુણી જી, સાધુ ધર્મ પ્રતિપાળ સ૦ ॥૧૧॥ સર્વગાથા ૪૫૧

॥ દુહા ॥

રાજ્યરિધિ તૃણસમ તજી, ચક્રી સનતકુમાર;
છઠ તપ જળ વિણ ઉચ્ચરી, વિચરે ઉગ્ર વિહાર ॥૧॥

## ॥ ઢાળ ૨૮ મી ॥

વાલીમ સુણો ધણની વિનંતી રે દેશી.

સનતકુમાર રૂષિ છઠને પારણે જી, ફરતા નયર મોઝાર; પહોતા એક દુર્બળ ડોશી ઘરે જી, સુમતિ ગુપતિ ગુણધાર.... સનત૦ ॥૧॥ રતન રૂપ છે જેહને રતન શીરે, ફેરીને નિત્ય મેવ; કાંતિ તેહ કરે આજીવીકા રે, દેખી કહે તતખેવ.... સ૦ ॥૨॥ પહોચોજી પહોચોજી આધા પ્રભુ રે, એષણીક લ્યો આહાર; આહાર; ચીણો તેલ [1]છાલીની છાશ છે રે, અનુગ્રહ કરો અણગાર.... સ૦ ॥૩॥ તારોજી તારોજી પડિગ્રહ ધરી રે, તરણ તારણ જહાજ; તે પારણું કંકરી ફરીને વળી રે, છઠ પચ્ચખે મુનિરાજ.... સ૦ ॥૪॥ આગે દાઘજવર રૂષિને હતો રે, તે મળ્યો આહારનો યોગ; ચક્રી રૂષીને અરસ આહારથી રે, પ્રગટયા સાતે રોગ.... સ૦ ॥૫॥ દાઘજવર દીપ્યો તેહથી ઘણો રે, અન્ન અરૂચી થઇ તાસ; આંખની પીડા ને ઉદર પીડા થઈ રે, ખરજ ખાંસી ને શ્વાસ.... સ૦ ॥૬॥ સાત રોગ એ રૂષી અભ્યાસતો રે, વિચરે મહીયળ સોય; ચતુરંગ દળ ચૌદ રતન વળી રે, સાથે ફરે સહુ કોઇ...., સ૦ ॥૭॥ દીક્ષાના દીનથી ખટ માસ જારે, કેડે સવી પરિવાર; રીઓ કેડે પણ રિષીએ કદા રે, નિરખ્યો નહીં એકવાર.... સ૦ ॥૮॥ મોહ રહિત મુનીને જાણી કરી રે, તે સર્વે નિજ ગેહ; પહોંચ્યા ગજપૂરે ચક્ર તજી રે, વાંદી પદ સસનેહ.... સ૦ ॥૯॥ ઉગ્ર ઘોર મહા તપ

[1] બકરીની

કરતા થકા રે, ચક્રી રૂષીને તામ; તપથી નિજ તનુમાં ઉપની રે, સાત લબ્ધિ ઉદ્દામ.... સ૦ ॥૧૦॥ આમો-સહી બીજી ખેલોસહી રે, વિપ્પોસહી એણે નામ, જલ્લોસિદ્ધા ને વળી સવ્વોસહી રે, એણે પ્રભૃતિ અભિ-રામ... સ૦ ॥૧૧॥ સુશ્રુષા ન કરે નિજ શરીરની રે, મુકી મમતા મોહ; રોગ પરીષહને અભ્યાસતો રે, ચઢે સંયમ સોહ.... સ૦ ॥૧૨॥ એહવા મુનિને મારી વંદણા રે, ત્રીકરણ હોજો ત્રિકાળ; જ્ઞાનસાગર બુધ અઠ્ઠાવીશમી રે, એ કહી નિરૂપમ ઢાળ....સનત૦ ॥૧૩॥

॥ દુહા ॥

દેવ સભાશ્યું પરવર્યો, સૌધર્મ સુરલોક;
અવધિજ્ઞાને ભરતમાં, ઇંદ્ર જુએ નરલોક ॥૧॥
દીઠો દેવેંદ્રે ઇશ્યે, તપસીમાં શિરતાજ;
ચોથો ચક્રી ગુણનીલો, સારે આતમ કાજ ॥૨॥

## ॥ ઢાળ ૨૯ મી. ॥

ધન ધન રાણો રાજસીંઘ, ધન ધન હો મેવાડો દેશ; ક્રીપા કરી રે શ્રી નાથજીએ રે લાલ દેશી.

સંવેગી શિર સેહરો, એક ધન ધન હો ઋષી સનતકુમાર; બલીહારી રે અણગારની હો લાલ.... એ આંકણી. કુક્ષિસંબલ જે ધરે, કાંઈ ન કરે હો જે સંનીધિ લગાર.... બલી૦ ॥૧॥ અટવીમાં ભૂખ્યા થકા, કાંઇ ન લીએ હો ફળ ફૂલ સજીવ.... બલી૦; શિતોદક સેવે નહીં, જો તરશ્યે હો તનુ તપે અતીવ.... બલી૦ ॥૨॥ શરણ કરે નહીં આગનો, જો ધ્રુજે હો ટાઢેશ્યું

કાય.... બલી૦; સર્વ સ્પર્શ સહે સદા, ધરણી સમ હો નિશ્ચળ ચિત્ત થાય....બલી૦ ॥૩॥ કોઈ છેદે વાંસલે, કોઇ પૂજે હો ચંદનશું આય.... બલી૦; રૂસે નહીં તૂસે નહીં, સમભાવે, હો રહે તે મુનિરાજ.... બલી૦ ॥૪॥ તૃણ મણી સરખાં લેખવે, જસ સરખાં હો કંચન પાષાણ.... બલી૦; શત્રુ મિત્ર સરખા ગણે, સમતા રસ હો ગુણરત્ન નિધાન.... બલી૦ ॥૫॥ રોગ પરીસહ આકરો, અભ્યાસે હો ચક્રી ઋષી ધીર.... બલી૦; પરિચર્યા કાંઇ કાયની, તેહ ન કરે હો વીરાં શિરવીર.... બલી૦ ॥૬॥ ઔષધ પણ ન કરે કીશ્યું, તે વેદે હો કીધાં નિજ કર્મ.... બલી૦; ક્ષમા મૂળ ત્રિકરણ કરી, આરાધે હો વિધીશું મુનિધર્મ.... બલી૦ ॥૭॥ ઇંદ્રે પ્રશંસા એહવી કીધી, સુણી હો પુરવલા દેવ.... બલી૦; વિજય વિજયંત બે સૂરા, નવી સાંખે હો પરખીશ્યું હેવ.... બલી૦ ॥૮॥ રૂપ ધરીને વૈદ્યના, તેહ આવ્યા હો નરલોકે દોય.... બલી૦; ઢાળ એ ઓગણત્રીશમી, બુધ જ્ઞાને હો ભાખી ગુણ જોય.... બલી૦ ॥૯॥ સર્વગાથા ૪૭૪

॥ દુહા ॥

જયાં જયાં વિચરે સાધુજી, ત્યાં ત્યાં કેડે તેહ;<br>
પૂરમાંહી પૂરબાહીરે, વૈદ્ય ફરે નિત્ય બેહ ॥૧॥<br>
કહે ખરજ ને શ્વાસના, દાઘજ્વર ને દાહ;<br>
નેત્ર ઉદર પીડા તણા, હરીએ રોગ અથાહ ॥૨॥<br>
જવ જન પૂછે તેહને, વૈદ્ય કહે તવ એમ;<br>
રોગ હરૂં રોગી તણા, સાવધાન કરૂં તેમ ॥૩॥

સત્તોતરસો વ્યાધી છે, તેહમાં એકે એક;
ધર્મે કરૂં પડિગણું, અમે ઉપગારી છેક ॥૪॥
એમ કહી રોગી કેઈ, આવે જેણી વાર;
રોગ ગમાવે પલકમેં, કાંઈ ન કરે કાર ॥૫॥
મનમાંહી જાણે ઇશ્યું, જો ઋષિ અમને એહ;
કહે ચિકિત્સા રોગની, તમે કરો ગુણગેહ ॥૬॥
દીન પ્રત્યે મુખ આગળ ફરે, પણ ચક્રી ઋષિ રાય;
ન જુએ બોલાવે નહીં, બેઠા પાસે આય ॥૭॥

## ॥ ઢાળ ૩૦ મી ॥

રાગ– આસાઉરી
ચરણાળી ચામૂંડા રણ ચડે એ દેશી.

કર જોડીને તે કહે, સ્વામી કરી સુપસાયો રે; કહો તો કરીએ પડિગણું, રોગ રહીત તુમ કાય રે.... કર૦ ॥૧॥ કરીએ જી કરૂણા પરૂ, ઔષધ અમે પરમાર્થે રે; જીમ એક ક્ષણમાંહી સમે, સઘળી વ્યાધી એ સાથે રે.... કર૦ ॥૨॥ સનતકુમાર ઋષિરાજજી, મૌન કરી મન માંહી રે; ધ્યાન ધરે બોલે નહીં, વૈદ્ય વયણ સુણી ત્યાંહી રે.... કર૦ ॥૩॥ વારવાર જબ વૈદ્ય તે, એમ કહે મુનિ આગે રે; તે નિસૂણી મુનિવર ભણે, તપ સંયમને રાગે રે.... કર૦ ॥૪॥ એ કાયા છે કારમી, શ્યું તેની ઉપર મોહો રે ?; એ મળમૂત્રની ભાથડી, શું તીણશ્યું અંદોહ રે.... કર૦ ॥૫॥ બાહ્ય અભ્યંતર વ્યાધી જે એ બે માંહી છેહી રે; ઔષધ કરી કહોને તુમ, કે શાકશો કેહી રે.... કર૦ ॥૬॥

વ્યાધિ શરીરથી ઉપજે, સત્તોતેરશો જેહી રે; વૈદ કહે ઔષધ કરી, અમે ઇમ ટાળીશું એહી રે.... એ કાયા છે કારમી ॥૭॥ તવ ઋષિ થુંકે આંગળી, મરદીને દેખાડે રે; કંચન સમ કાયા કરી, વિસ્મય તાસ પમાડે રે.... એ૦ ॥૮॥ બાહ્ય રોગ એમ ટાળતાં, વાર નથી મુજ કોઇ રે; રોગ અભ્યંતર ટાળવા, જો ઉપચાર જ હોય રે.... એ૦ ॥૯॥ તેહ ઉપાય કરો તુમે, છે તેહશ્યું ખપ માહરે રે; બાહ્ય રોગ ટાલ્યે કીશ્યું, જે ફરી પ્રગટે કીવા રે.... એ૦ ॥૧૦॥ કરમ રોગ કંપે જેણે, તીણશ્યું છે મુજ કામો રે; તે ઔષધ સાચો જીકે, ઘે અવિચળ પદ ઠામો રે.... એ૦ ॥૧૧॥ મોટી વ્યાધી સંસારની, જનમ જરાદિક ભારી રે; વૈદ્ય કહે કે તુમ વિના, તેહને ન શકે વારી રે.... ધન ધન ધન અણગાર જી ॥૧૨॥ ધન્ય ધન્ય મહાભાગ તું, ઇંદ્રે પ્રશંસ્યો જેહવો રે; સાધુતણા ગુણે શોભાતો, નજરે નિરખ્યો તેહવો રે.... ધન૦ ॥૧૩॥ મુળ રૂપ બે દેવતા, પ્રગટ કરીને તામો રે; સૌધર્મે કલ્પે તે ગયા, કરી મુનિને પરણામો રે.... ધન૦ ॥૧૪॥ સનત્કુમાર ઋષી સાતશેં, વરસ લગે તેહ રોગ રે; અભ્યાસ્યો અતી આકારો, ન કર્યો ઔષધ યોગ રે.... ધન૦ ॥૧૫॥ સાતે વ્યાધ સાથે સમી, ચક્રી ઋષી ગુણ ખાણી રે; ઉગ્ર વિહારે વિચરતાં, પડિબોહે બહુ પ્રાણી રે.... ધન૦ ॥૧૬॥ ચારિત્ર લાખ વરસ લગી, પાળી નિરતિચારો રે; ગીરિ સમ્મેત શિખરે ચઢી, અણસણ લ્યે સુખકારો રે.... ધન૦ ॥૧૭॥ માસતણી સંલેખના, પાળીને નિરધારો રે; ત્રીજે કલ્પે સુર થયા,

ચક્રી સનત્કુમારો રે.... રે ધન૦ ॥૧૮॥ દેવ ચવી લહેશે તીકે, ઉત્તમકુળ અવતારો રે; મહાવિદેહમાં સીઝશે, કેવળ લહી સુવિચારૂ રે.... ધન૦ ॥૧૯॥ ચઉઠાણે ઠાણાં-ગને, અંતક્રિયા કહી ચાર રે; સનત્કુમાર ચક્રી ગયો, તીણમેં મુગતિ મોઝાર રે.... ધન૦ ॥૨૦॥ આવશ્યક નિર્યુક્તિમાં, ત્રીજો ચોથો બેઇ રે ચક્રી સનત્કુમારની, દેવ થયા છે તેઈ રે.... ધન૦ ॥૨૧॥ વિસંવાદ સૂત્રેગ છે, તે લહે કેવળ નાણી રે; જે જીમ દીઠું ગ્રંથમેં, તીમ આણ્યું એણે ઠાણી રે.... ધન૦ ॥૨૨॥ જ્ઞાનસાગર બુધે નેહશ્યું, એ કહી ત્રીશમી ઢાળ રે; હોજો માહરી વંદણા, સાધુ ધર્મ પ્રતિપાળ રે.... ધન૦ ॥૨૩॥

॥ દુહા ॥

સનતકુમાર મુણીંદના, અહોનીશ સદા ત્રીકાળ;
સાધુ તણા ગુણ ગાવતાં, વાધે મંગળ માળ ॥૧॥

## ॥ ઢાળ ૩૧ મી ॥

( રાગ—ધન્યાશ્રી)

પાસ જિણંદ જુહારીએ—એ દેશી.

ચક્રી સનત્કુમાર તણી પરે, જે જિનધર્મ આરાધે રે; તે ભવિયણ દુઃખ દુરગતી છેદીને, શિવસુખનું ફળ સાધે રે ॥૧॥ શ્રી જિનધર્મ આરાધજો, વિનય મૂળ ગુણખાણી રે; ઈહિભવ પરભવ ઇણ થકી, સુખ અતુળ લહે નિજ પ્રાણી રે;.... શ્રી૦ ॥૨॥ ઉત્તરાધ્યયન સિદ્ધાં-તથી, એ અધિકાર મેં લીધો રે; ઉપદેશ માળાની વૃત્તિમાં, એ ઇમ અધિકાર છે સીધો રે.... શ્રી૦ ॥૩॥

જે મેં રસનાને રસે, ઓછું અધીકું કાંઇ ભાખ્યું રે; સંઘ તણી સાખે કરી, તે મિચ્છા દુકકડં દાખું રે.... શ્રી૦ ॥૪॥ અચળગચ્છે ગીરૂઆ ગચ્છ નાયક, શ્રી ગુણરત્ન સૂરીંદો રે; તાસ પાટ પ્રભાકર સુરિવરૂ, શ્રી ક્ષમારત્ન સુરીંદો રે.... શ્રી૦॥૫॥ બુધ શ્રી લલીત-સાગર તણા, શિષ્ય પ્રથમ સુખકારી રે; માણેક સાગર મુનીવરૂ, મુજ ગુરૂ જ્ઞાન દાતારી રે.... શ્રી૦ ॥૬॥ તે ગુરૂના સુપસાયથી, મેં ચોથો ચક્રી ગાયો રે; રિખવ-દેવ ને સંઘની સાંનિધે, સરસ સંબંધ સુહાયો રે.... શ્રી૦ ॥૭॥ શ્રી ચક્રાપુર ગામમાં, સંવત સત્તર સાડત્રીશે રે; માગશીર વદી પડવે ભૃગુવાસરે; સિદ્ધિયોગ સુજગીશ રે.... શ્રી૦ ॥૮॥ એકાવન ને સાતસે, ગ્રંથાગ્રનો માન રે; કીધો પ્રત્યક્ષર ગુણીને, લખજો ચિત્ત રાખી સ્થાન રે.... શ્રી૦ ॥૯॥ ધન્યાશ્રી રાગે ભલી, કહી એક-ત્રીશમી ઢાળ રે; જ્ઞાનસાગર કહે સાધુના, ગુણ સૂણતાં અમીય રસાળ રે.... શ્રી૦ ॥૧૦॥ ગ્રંથાગ્રમ્-૭૫૧

ઇતિ શ્રી સનત્કુમારચક્રીનો રાસ

સમાપ્ત :

— ખરતરગચ્છીય —

પં. શ્રી અભયસોમ કૃત

# વિક્રમ-લીલાવતી રાસ પ્રારંભઃ

॥ श्री सरस्वत्यै नमः ॥

॥ દુહા ॥

વીણા-પુસ્તક ધારિણી, હંસાસન કવિમાય;
પ્રહ ઉગમતે નિત નમું, શારદ તોરા પાય ॥૧॥

દોય પંચાસીએ બાંધીઓ, કોઈક નવો કોઠાર;
બાથાં ભરીનેં કાઢતાં, કિણહી ન લાધ્યો પાર. ॥૨॥

¹તોહુંતી નવનિધિ હુવે, તોહુંતી સહુ સિદ્ધ;
આજ અને આગાં લગે, મૂરખ પંડિત કીધ. ॥૩॥

તિણું તુનેં સમરી કરી, કહીશ્યું વિક્રમ વાત;
મેં તો ઉદ્યમ માંડીયો, પૂરો ²કરજે માત. ॥૪॥

મોને કીણહી ન છેતર્યો, મેં જગ ઠગ્યાં અનેક;
મોં કલિયુગનેં છેતર્યો, રાજા વિક્રમ એક. ॥૫॥

ચૌબોલી રાણી ચતુર, શીલવતી સુખકાર;
વિક્રમે પરણી જિણવિધેં, કથા કહીશ નિરધાર. ॥૬॥

---

૧ તીરોથી. * ૨ કરશ્યે *

## ॥ ઢાળ ૧ લી ॥

દેશી ચોપાઈની.

જંબૂદ્વીપે ભરત વિશાલ, માલવદેશેં સદા સુકાલ; ઉજેણી નગરી ગુણભરી, ગઢ મઢ મંદિર દેઉલ કરી. ॥૧॥ સાત ભૂમિયાં પ્રાસાદ ઉત્તંગ, તોરણ મંડપ સોહે ચંગ; ઠામોં ઠામિં [1]શત્રુકાર, અન્નપાન જિહાં દેંદેંકાર ॥૨॥ રાજરીતિં પાલે રાજાન, ન્યાયે રામતણી ઉપમાન; સબલ સોભાગી બહુ ગુણ નીલો, શૂરવીર ઉપગારી ભલો. ॥૩॥ ચ્યારે વર્ણ અછેં તિણ પુરિં, પવન છત્રીશ વસેં બહુપરે; રાજા વિક્રમ વંશ પરમાર, વંશ છત્રીશાં ઉપર સાર. ॥૪॥ પૃથવી ઊરણ કીધી જિણેં, પરદુઃખીયાં દુઃખ ભાંજ્યા તિણેં; એક દિવસ મનિં ચિંતે રાત, જોઉં કેહવી માહરી વાત ? ॥૫॥ શ્યામવેશ પહેર્યો નિજ અંગ, કાંધે ખડગ ધર્યો ઉછરંગ; પહોર રાતિં ગઈ જેટલે, રાય ચાલ્યો જોવા તેતલે. ॥૬॥ કાળી રાત્રિ નેં કાલો વસ્ત્ર, કાલી પાઘ નેં કાલા શસ્ત્ર; એણેં વેષે રાજા [2]સંચરે, ધીર વીરનાં લક્ષણ ધરે. ॥૭॥ ચોકી ચહુંટે ગલીએ ગલી, વાત કરે જણ બેઠાં રલી; લોકવચન સાંભલે જસ ભલો, ખાગ ત્યાગ ન્યાયી ગુણનીલો. ॥૮॥ જોઉં કૌતુક બાહિર જઇ, ચોર ચરડ દાણવ કુણ ભઇ ?; ગુફા વિવર વન વાડી ઠામ, નદી નાલા ગિરિ સૂના ઠામ. ॥૯॥ [3]જે જે ઠામ ઠગનાં ઘાટ, જોઇ ચાલ્યો સુધી વાટ; ફરતા ખેદ થયો રાજાન, લ્યે વીસામો એકણ થાન. ॥૧૦॥ છાયા અંબતણી મન ખંતી, ફલ્યો ફુલ્યો

૧ સત્રાગાર, * ૨ ફરે * ૩ મડે મસાણે વિષમા પાટ *

બહુ ભાંતી; ઉપરેં બેઠી સુડાં જોડી, રંગે વાત કરે મન કોડી. ॥૧૧॥ માણસભાષા બોલે બોલ, અમૃતવાણી સાકર તોલ; કહે સૂડો સાંભલ વાલહી, પુરુષરતન શોભા સવિ કહી. ॥૧૨॥ સૂડી કહે જો નારી કને, તો સઘલી શોભા જગ મને; સૂવડા કહે મ વખાણો નાર, સ્ત્રી ભોલી પુરુષાં આધાર. ॥૧૩॥ કામિની કૂડકપટ કોથળી, છાંડી કુટુંબ જાય એકલી; પુરૂષ કરેં વિમાસી જોય, પુરૂષસમો નવિ દૂજો કોય ॥૧૪॥ નર ન વખાણો સૂડી કહે, નેહ પખેં કૂડો નિરવહે; [1]નલરાજા દવદંતી છાંટ, ગયો સૂતી મૂકી રાન. ॥૧૫॥ માંહોમાંહિ કરેં વિવાદ, સૂડી બોલેં સબલે સાદ; પુરૂષ ભલા જો હોવે સહી, લીલાવતી ઈમ કાંઈ રહી? ॥૧૬॥ કુણ લીલાવતી સૂડો કહે, કુણ દેશે કુણ ઠામેં રહેં?; વાત કહો તેહની વિગતાય, સુણ્યા વિના કિમ આવે દાય? ॥૧૭॥

॥ દુહા ॥

દક્ષિણદિશિ સ્ત્રીયાં રાજ છે, કનકપુરિ અભિરામ;
રાજ કરેં લીલાવતી, સારેં ઉત્તમ કામ. ॥૧॥

ના રંભા ના અપછરા, ના કિન્નરી ન કાંઈ;
તિણ આગલિ તૃણ સારિખી, જોતાં નાવે દાય. ॥૨॥

ભાંતિ ભાંતિ એક લીલાવતી, બીજી ઉભતિ નાર;
પગના અંગૂઠે સમી, રૂપેં કો નહિ નાર ॥૩॥

ના જોવે મુહ પુરૂષનો, ના લેખવે લગાર;
આપણ જાણપણા થકી, અંગે વહે અહંકાર. ॥૪॥

---

૧ નલરાજા દવદંતી છાંડી, ગયો સૂતી મૂકિ ઉજાડી. *

એહ વાત સૂડીઈ કહી, શૂક આગલિ મન ખંતિ;
રાજા રે મન સાંભલી, એક ચિત્તે એકાંતિ. ॥૫॥
મન ભેદ્યો માલવપતિ, સાંભલી રાતની વાત;
તે કિણહી વિધ દેખશું, ચિંતવે મનહ મઝાર. ॥૬॥

## ॥ ઢાળ ૨ જી ॥

કરમપરીક્ષા કરણ કુમર ચલ્યો રે.. એ દેશી. રાગ મારૂં

ઘરેં પહોતો રાજા રંગસ્યું રે, રાત ગઈ થયો પ્રભાત; જુડીય સભા મુજરેં સહુ મિલ્યા જી, રાજા નગરમેં વાત. ॥૧॥ મનડો મોહ્યો માલવ મહીપતિજી, સાંભલી રાતની વાત; રંગ લાગ્યો લીલાવતીએં રલીજી, ભેદી સાતે ધાત.... મનડો૦ ॥૨॥ કિંહા નારી કિંહા કિણ માલવોજી, કિહાં તે વિક્રમરાય; જે જિહાંરે મનેં વસેંજી, તેહ તીયારેં ભાય.... મનડો૦ ॥૩॥ થોડી ઘણી પ્રીતડીજી, પૂરવભવની હોય; સાંભલતાંહી સાંભરેજી, દીઠાં અધિકી જોય.... મનડો૦ ॥૪॥ મનની વેદના કહો કુંણ લહેજી, કેહનેં કહી ન જાય; ઓછાનેં આગલે કહીજી, જગ હસારથ થાય.... મનડો૦ ॥૫॥ હું જાણું હમણાં મીલુંજી, દૈવ દેખાડેં દૂર; ભુજબલ કોઇ ન તરી શકેજી, ગંગાકેરો પૂર.... મનડો૦ ॥૬॥ [1]મિત્ર વિના કુણ આગલેંજી, કેહને દાખું ગૂઝ; આપણપેં આલોચીનેંજી, જાણી લેશ્યૂં બૂઝ.... મનડો૦ ॥૭॥ હીયડામાંહે [2]વિચારતાંજી, તેડી કહે મંત્રીશ; રાજતણો કારજ ભલેંજી, નાવું તાહ જગીશ.... મનડો૦ ॥૮॥ કર જોડીને મુહતોં કહેજી, [3]પોંચઉં પાંચસેંમાંહિ; કારજ

૧ યતઃ–દૂહા–કરમાણુંદ કુસાયીયાં, નિશભરિં ગૂઘઝ કિયાંહ; માલાંકેરા ફુલ યું, ઘરિ ઘરિ મહમહિયાં ॥૧॥ * ૨ વિચારીને * ૩ પાંચો *

રાજ કરો સહીજી, પૂરો મનની ચાહ.... મનડો૦ ॥૯॥
રતન અમૂલિક રાજા લીએજી, એકલમલ્લ અબીહ;
ખાંધે ખડગ [1]કરી નિસર્યોજી, જાણે વિરતો સીંહ....
મનડો૦ ॥૧૦॥ ગામ નયર પુરસર પાટણેંજી, નદી
નાલા ગિરિ રાંન; જલ થલ લંધીને આવીયોજી,
અરધપંથ સુખનાથ.... મનડો૦ ॥૧૧॥

॥ દુહા ॥

એક નગર દીઠો ભલો, વન વાડી અભિરામ;
સરવર સૂભર જલ ભર્યો, લીધો તિહાં વિસરામ. ॥૧॥

સ્નાન કીઓ વલી જલ પીઓ, સરવર લાહો લીધ;
ખેદ ઉતારી પંથનો, [2]પેસારો પુર કીધ. ॥૨॥

સૂરથ આથમતેં હુવેં, પંથી દીન દયાલ;
કુણ બોલાવેં કુણ કહેં, ઘરિં આવો ઈણ કાલ. ॥૩॥

પંથીડા દેવલ શરણ, કે સરવરની પાલિ;
પંથી હુવે દયામણો, જિંમ જિમ પડે વિઆલિ. ॥૪॥

તિણ દેસડે ન જાઈએ, જિહાં આપણો ન કોય;
શેરી શેરી હિંડતાં, વાત ન પૂછે કોય. ॥૫॥

રાજા મનિં વિલખો થયો, દેખી સૂના ધામ;
ચલચિત્ત જોવેં ચિહું દિશેં, રાતિ રહું જિણે ઠામ. ॥૬॥

એક પ્રજાપતિ દેખીને, કહેં વિમાસો રાહ?;
આવો માહરેં પ્રાહુણાં, ભગતિ [3]કરીશું ધરી ચાહ. ॥૭॥

૧ ધરી* ૨ પુરમાંહિં ગમ કીધ* ૩ કરીશે ચાહ*

## ॥ ઢાળ ૩૭ ॥

ચાંદલીઓ ઉગ્યો ને હરણી આથમી રે.. એ દેશી.

સુખે રહો ઈણિં થાનકે રે, ભાજન ભોજન દીધ રે.... સુગુણ નર; ભગતિ યુગતિ કરે ભાતિની રે, ખાટ તલાઇ દીધ રે.... સુગુણ૦ સુખે૦ ॥૧॥ વાટ વિસામો પામીઓ રે, સુખે નિદ્રાસંયોગ રે.... સુ૦; પ્રાતઃ સમે નૃપ જાગીઓ રે, વાટ વહે સબ લોગ રે.... સુ૦ સુ૦ ॥૨॥ બે કર જોડી ઘરધણી રે, કહે સ્વામી કુણ કાજ રે.... સુ૦; પરદેશે ફિરતા નહી રે, ડીલ [1]તુમ્હીણઇ સાજ રે.... સુ૦ સુ૦ ॥૩॥ કિસી કામે કિણ થાનકે રે, રાજ પધારો આજ રે?.... સુ૦; મનની વાત મ રાખશો રે, કહેજો છાંડી લાજ રે.... સુ૦ સુ૦ ॥૪॥ રાજા બોલ્યો સ્ત્રીયાં રાજે રે, જાસ્યું જોવા ખાંતિરે.... સુ૦; તવ કુંભાર કહે હસીરે, એહની કેહી તંત રે?... સુ૦સુ૦ ॥૫॥ દૂર પંથ ને દોહિલો રે, [2]રામતિં નહીં છે સ્વામરે.... સુ૦; જો અવશ્ય કરી જાયવો રે, તો કહો કેણે કામરે.... સુ૦સુ૦ ॥૬॥ દેખણને જાઉં સહી રે, લીલાવતીનો રૂપ.... સજ્જન જન; પ્રજાપતિ વલતો કહે રે, સાંભલો મોટા ભૂપ રે.... સ૦ સુ૦ ॥૭॥ પુરૂષજાતિ પેંખે નહીં રે, નામ લીએ કરે સ્નાન રે.... સ૦; જો દૃષ્ટિ આવે કદા રે, મજ્જન સાત વિન્યાંન રે.... સુ૦ સુ૦ ॥૮॥ વાત કથા તેહની સુણે રે, તો ચૌદહવાર સ્નાંન રે.... સ૦; તિણ દિન કાંઇ કરે નહીં રે, ખાન પાન ને ધ્યાન રે.... સ૦સુ૦ ॥૯॥ ઈમ [3]અભિમાન સદા

૧ તુમીણે * ૨ રમત * ૩ અભિમાને.

રે, પુરૂષસ્યું વૈર પ્રચંડ રે.... સ૦; ભૂપ કહે ભાઇ! સુણોરે, મેં તો રાખી મંડ રે.... સ૦ સુ૦ ॥૧૦॥ તું જિમ દાખેં તિમ કરૂં રે, તું ભાઈ તું સયણ રે.... સ૦; તાહરી [1]શીખ ભલી હશે રે, માનીશ તાહરૂં વયણ રે.... સ૦ સુ૦ ॥૧૧॥ ઇમ કરજ્યો નૃપ! માહરા રે, દક્ષિણ દિશનેં ભાગ રે.... સ૦; અરધે પંથ વનખંડ આવશે રે, અટવી એક અથાગ રે.... સ૦ સુ૦ ॥૧૨॥ તિહાં કિણ થાનક ચામુંડનો રે, દેહરો એક ઉત્તંગ રે.... સ૦; મહિમા તેહનો અતિઘણો રે, યાત્રા કરે જાગી રંગ રે.... સ૦ સુ૦ ॥૧૩॥ સરિખી સોલે કન્યકા રે, સ્ત્રીરાજથી નિરવાર રે.... સ૦; અંધારી ચઉદશદિનેં રે, આવે યાત્રા અપાર રે.... સ૦ સુ૦ ॥૧૪॥ નાટક બારેં માસના રે, રંગે રમે દેઇ રાસરે.... સ૦; વિચમેં મૂકેં કંચૂઓ રે, લીલાવતીનો [2]ખાસ રે.... સ૦ સુ૦ ॥૧૫॥ સૂરજની પરેં દીપતો રે, તેજેં કરી ઉજાસ રે,.... સ૦; હાથેં આવે કંચૂઓ રે, તે વશ્ય થાયે તાસરે.... સ૦ સુ૦ ॥૧૬॥

॥ દુહા ॥

[3]રાજા ઈમ આશીષ દી, સુખે રહ્યા તુઝ ગેહ;
વળી તેં પંથ બતાવીઓ, પ્રીતેં ધરી સસનેહ ॥૧॥

ઈમ કહીને તવ સીખ કરી, પંથ દેખાડે તેહ;
રાજા ચાલ્યો ચૂપ કરી, [4]કમરબંધી ગુણગેહ. ॥૨॥

વાટ વહંતે વિક્રમેં, કાઢયો પંથ કરૂર;
અનુક્રમેં પહોતો દેહરેં, ચામુંડ તણી જરૂર. ॥૩॥

૧ શીખે ભલું હસ્યેં * ૨ ભાસ રે * ૩ રાજાએં * ૪ અકબરદ્ધ *

પય પ્રણમીને ઈમ કહે, વિક્રમ માલવરાય;
હું છોરૂં છું તાહરો, તું છે મોરી માય. ॥૪॥
કરે પૂજા કેતા દિવસ, એકમનાં ચિત્ત લાય;
કાલી ચૌદશ [1]તે ભલિ, આવી અવસર ઠાય. ॥૫॥

## ॥ ઢાળ ૪ થી ॥

કપૂર હોવે અતિ ઉજલો રે... એ દેશી.

આવી સોલહ કન્યકા રે, અપ્છરને અણુહાર રે; પય પ્રણમી ચામુંડનારે, લીલાવતી મનુહાર. ॥૧॥ સોહાગણ સહી એ ચાલો [2]ચામુંડ, જાતાં મ કરો બીજી વાત.... સો૦; પરચા પૂરણ માત.... સો૦ ॥૨॥ મંડપમાંહિ માંડીઆ રે, રાસમંડલ અતિ રંગ; ભમરી જિમ ભમરી દીયે રે, સોલે સરસી સંગ.... સો૦ ॥૩॥ લીલાવતીનો કંચૂઓ રે, વિચિં દીપક દીસત; અતિ અજુઆલેં ખેલતી રે, ગોપી જિમ ગુણવંત....સો૦ ॥૪॥ રાજા છાનોં તિણ સમે રે, અંધારેં એકાંત; દેખી તમાસો ચીંતવે રે, સાધું સઘલા તંત.... સો૦ ॥૫॥ આપસખાઈ આગીયો રે, પાસે રહ્યો વેતાલ; પરતક્ષ સેવક રાયનો રે, હુકમ કીઓ તતકાલ.... સો૦ ॥૬॥ કાંઈક દેવકલા કરી રે, લીધો કંચૂક સાર; નાટક પૂરણ જિણ સમે રે, હલફલમેં તિણવાર.... સો૦ ॥૭॥ હરખેં રમીનેં બાલિકા રે, ચાલી સહુ પરિવાર; એણિં જાણ્યો એણીં લીઓ રે, તિણે જાણ્યો ઈણિં નાર.... સો૦ ॥૮॥ હાથે

[1] તેતલે * [2] એ ચામુંડ જાત્ર *

આઠ્યો કંચૂઓ રે, હરખ્યો માલવનાથ; તો સરીસો !
કુંણ આગીઆ રે, બંધવ માહરે સાથ?.... સો૦ ॥૯॥

॥ દુહા ॥

અરધે મારગે આવીને, પૂછે માંહોમાંહ;
કિણ પાસે છે કંચૂઓ, કિણે લીધો છે તેહ? ॥૧॥
એક કહે બાઈ! તો કને, કહે બીજી તો પાસ;
ત્રીજી કહે ન જાણીઓ, કિણહી લીધો જાસ. ॥૨॥
પછતાવે તે પદમણી, કંચૂક રહ્યો તેથ;
વેગે કરી પાછાં વલો, આગલિ જાસ્યો કેથ? ॥૩॥
આગલિ તો લીલાવતી, દેશો કેહવો જવાબ;
પ્રકૃતિ ન જાણી તેહની, ખિંડયો ન જાયે તાપ. ॥૪॥
સુંદરી સોલે સામટી, દેહરે આવી દોડ;
બાર જડયાં દેખી કરી, જાસ્યાં કેહી ઠોડ? ॥૫॥
વિલખી થઈને વિનવે, સાહિબ! બાર ઉઘાડ;
સાપુરિસાં રે સેહરો, સાંભલ મોરી વાત. ॥૬॥
સો કારીગર સીવણે, સો જડીઆ સોનાર;
નવરંગા નવ નવ રતન, લાગ્યાં કોડી અઢાર ॥૭॥
ઘડયો અભીચતણી ઘડી, તિણ દેવી તનવાસ;
રાખ્યાં હી રહેશે નહીં, જો કરો એહવો હાંસ. ॥૮॥

## ॥ ઢાળ ૫ મી ॥

વીર! સુણો મોરી વિનતિ—અથવા—અજિતજિણંદશું પ્રીતડી.

કાંઈ ન ઘો મોરો કંચૂઓ, તોરે નામે હો જાઉં બલિહારી; કરી પ્રસાદ અમ્હ ઉપરે, દયા આણી હો વાણી અવધારી.... કાંઇ૦ ॥૧॥ કંચૂ નહિ છે પાધરો,

જે પહેરે હો લીલાવતી નારી; ઇંદ્રાણી તિણ આગલેં, ગુણરૂપે હો તે જાઇ હારી.... કાંઇ૦ ॥૨॥ તું કહે તે તો મેં કરાં, મારી વાચા હો અવિચલ કરી લેહ; તુમ્હે જીત્યા અમ્હે હારીઆ, નિહોરો હો મારો માનો એહ.... કાંઇ૦ ॥૩॥ ભૂપ કહે સુણ કામિની, કરી કારજ હો મુઝ એતો સાર; સ્ત્રીરાજની લીલાવતી, દેખાડો હો મુઝને ઇણ વાર.... કાંઇ૦ ॥૪॥ ચિત્ત વિમાસેં કામિની, શિલાહેઠેં હો આયો નિજ હાથ કે; કલેં કલેં તે કાઢીઇ, તાંણીજે હો તૂટેં તે સાથ.... કાંઇ૦ ॥૫॥ વાત માની તે માનિની, બ્રહ્મ વાચા હો દીધી તિણવાર; ત્રીઆરાજની લીલાવતી, દેખાડીશ હો તુનેં સાચો ધાર.... કાંઇ૦ ॥૬॥ માન્યો વચન મહીપતિ, કંચૂ દીધો હો નિજ કારજ સીઝ; સંપ કરીં સઘલી કહેં, રાયસેતી હો આણી મન રીઝ.... કાંઇ૦ ॥૭॥ દેવવિમાન રચી કરી, બેસાડી હો નૃપને ધરી રંગ; રૂપ દેખી રાજાતણો, મન માન્યો હો ભલો એહનો સંગ.... કાંઇ૦ ॥૮॥ કનકપુરી કુશલેં ગયા, રાજાને રાખ્યો હો આવાસ; ભગતિ યુગતિ કરી દાખવે, અમે સાચો હો તાહરેં ઘરેં દાસ.... કાંઇ૦ ॥૯॥ ભૂપ કહે મુઝ મેલવો, જે દેહરે હો તુમે દીધી વાચ; કહે સુંદરી તુમે સાંભલો, કાંઇ રાખો પ્રીતિ પાહણેં રાચ.... કાંઇ૦ ॥૧૦॥ બોલાવે પોહરેં ચિહું; ચ્યારેં વેલા હો તેહનિં તિણવાર; વરમાલા તેહને ગલેં, તેહ પરણે હો નીસઈ એકતાર.... કાંઇ૦ ॥૧૧॥

॥ દુહા ॥

ઈણિ આગૈ કઈ માનવી, હારી ગયા કે કોડિ;
કીધી હોંશ ઘણે ઘણે, નવિ પુહુતા મન કોડિ. ॥૧॥
એક વિક્રમ કાને સુણ્યો, તે આવે તો મેલ;
માલવપતિ કિહાં માનવી, કિમહી ન થાયે ભેલ. ॥૨॥
જોડાવેડા [1]જગ કીઓ, જો મેલે કિરતાર;
અણહુંતી વાતાં અધિક, વાં છે કોઇક ગમાર. ॥૩॥
અમલેખે તું આદમી, તિણ લેખે તૃણતોલ;
ભ્રમર ઘણા હી ભમી ગયા, એ તો ચંપક ફુલ. ॥૪॥
વલતો વિક્રમ હસી કહે, વાત મ ભંજો કોઈ;
થે નિરવાહો બોલીઓ, આગે મૂકો હોય. ॥૫॥
બાલા બોલી બહકીને, નિટ્ઠુર સરીસો નેહ;
એકપખીણી પ્રીતડી, કાંઈ પ્રજાલે દેહ. ॥૬॥
કોણહાર તે હોયશ્યે, નિવડશ્યે કાંઈ વાત;
કેણ નિટ્ઠુર તો નિરખશાં, રહશ્યાં એક જ રાત. ॥૭॥
[ કહેસું મન કૈસે બણે, અણબનતેસું સંગ;
દીપક કે મનમેં નહી, જલ જલ મરે પતંગ. ॥૮॥
અણ હેંતાહી સજ્જના, પરાણે પ્રીત કરંત;
સૂકાં હાડ શિયાલ જ્યું, લાલા પેટ ભરંત ॥૯॥ * ]

## ॥ ઢાળ ૬ ઠી ॥

હે નણદલ ! ચૂડલે યૌવન ઝલરહિઓ...એ દેશી.

અબલાઇં આલોચીંઉ, દીધી વાચા તેથ....
[2]સજની; મેલો તો સરજ્યો હશ્યે, દેખાડયાં છે જેથ....

૧ જિમ * ૨ સજજન *

સજની૦ ॥૧॥ બોલ્યાં બોલ ન ચૂકીઈ, જીવ્યારો ફલ એહ.... સ૦; જાઈ કહો લીલાવતી, પરદેશી એક નેહ.... સ૦ બોલ્યા૦ ॥૨॥ દેખણ દરસણ તાહરો, રાતદિવસ મનમાંહિ....સ૦; તેડી આવું તુમ કનેં, હુકમ કરો મોરી માય.... સ૦ બો૦ ॥૩॥ રાતેં તેડી લાવજ્યો, જો જાણો છો જાણ.... સ૦; આવી વિક્રમનેં કહેં, વાત ચઢીય પ્રમાણ.... સ૦ બો૦ ॥૪॥ વયણ સુણી મન ગહગહ્યો, હરખ્યો ચિત્ત અપાર.... સ૦; સાથેં તેડી સુંદરી, બેસાડયો દરબાર.... સ૦ બો૦ ॥૫॥ કાનેં સુણી જેહવી કથા, દીઠી તેહવેં તોલ....સ૦; રતનપદારથ સુંદરી, ઇણ જુગમાંહિ અમોલ.... સ૦ બો૦ ॥૬॥ પરષદ બેઠી વારતી, પદમણી પાર ન કોય.... સ૦; લીલાવતીઈ નરપતિ, દેખતાં આવ્યો દાય.... સ૦ બો૦ ॥૭॥ નયણે શરમ થઇ તદા, મિલત સમેં ઈણિવાર.... સ૦; મન મીલશ્યેં એહથી માનની, [1]કહિશ્યું તેહ પ્રકાર.... સ૦ બો૦ ॥૮॥ હીયડામાંહેં વધામણી; સહેજેં સીધ્યાં કાજ.... સ૦; જે માણસ નિત વાંછતાં, તે મુઝ મલીઆં આજ.... સ૦ બો૦ ॥૯॥ બોલ્યાં સિંહાસન લીલાવતી, બેઠી બાલી વેશ.... સ૦; સોલહ શણગારેં શોભતી, લાંબો વેણીકેશ.... સ૦ બો૦ ॥૧૦॥ શીર છત્ર ચામર ઢળેં, નિહસ ધૂરેં નિશાંણ.... સ૦; સબલ મજા સ્ત્રીરાજની, યુગતી રાણો રાંણ.... સ૦ બોલ્યાં૦ ॥૧૧॥

॥ દુહા ॥

સનમુખ તો જોવે નહી, મલકેં નહીં લગાર;
આદર પણ કોઈ નહીં, કોઇ ન રાખે કાર. ॥૧॥

[1] કરશ્યું *

આયો કોઈ ન લેખવે, અભિમાને અણુરાય;
એક ત્રીયાં ને જાણુપણે,ગરવે ગહેલી થાય. ॥૨॥

તો પણ રાજા આવતાં, ચમકી સભા સનેહ;
વિસમી થઈ લીલાવતી, [1]કોઈક ઉત્તમ એહ. ॥૩॥

રાજા ચિંતે મનહમે, કુણ કરશ્યે મુઝ કાજ ?;
મુઝને બેઠાં કયું સરે ? આયો છંડી રાજ. ॥૪॥

બુદ્ધિં કરીં બોલાવશ્યું, હુ છું વિક્રમરાય;
કામ પડયો મિત્ર ! તાહરો, આગીયા ! આગે આવ. ॥૫॥

તુમે તિણમાંહિ અવતરો, જયું સિદ્ધ કારજ થાય;
લીલાવતીને આગલે, દીવટ બલે જ કાય. ॥૬॥

## ॥ ઢાળ ૭ મી ॥

કુમરી બોલાવે કૂબડો... એ દેશી.

બોલાવે અણબોલતી, વાતેં વિક્રમરાયો રે; કથા કહે તવ કેલવી, આવે કોડિ ઉપાયો રે.... બો૦ ॥૧॥ દીપક સનમુખ જોઈને રાતિ વણી કિમ જાઇ રે ?; કાંઈક વાત કહો તુમે, સાંભલી આં સુખ થાઈ રે.... બો૦ ॥૨॥ ઇમ જાણે લીલાવતી, ગહેલાં એ નર દીસેરે; એ દીવો કિમ બોલશે ?, ભુહ (ભ્રમર) ચડાવે રીસે રે.... બો૦ ॥૩॥ દીવા માંહે દેવતા, આગીઓ બોલે આગે રે; સાંભલ રાય સુજાણ તું, વાત કહું કિણ રાગે રે ?.... બો૦ ॥૪॥ વાત કિસી દુઃખીયાં કહે, એક ઘડી સુખ નાંહી રે; મોડી મરોડી વાટને, તેલ ભરી તપ માંહિરે.... બો૦ ॥૫॥ ઇમ કાયા પરજાલતાં, રાત દિવસ સહ્યાં

૧ કોઈ ઉતમ દીસે એહ *

દુઃખ રે; વાત ન કાંઈ આવડે, દુખ્યાં ઉપરિં દુઃખ રે.... બો૦ ॥૬॥ વાત કહો તુમ્હેં આવડેં, રૂડી રસિક બનાઈ રે; હૂંકારો દેશ્યું અમ્હેં, સાંભલે લોક ઘણાંઇ રે.... બો૦ ॥૭॥ હવેં રાજા કહે વારતા, સાંભલજો સહૂ કોઇ રે; ક્ષિતિપ્રતિષ્ઠિત પુરવર ભલો, ન્યાયેં ચલે સબ કોઈ રે.... બો૦ ॥૮॥ શ્રીધર શેઠ વસેં તિહાં, કામદેવ તસ પુત્રોરે; જાણ પ્રવીણ સુપુત્ર છેં, રાખણ ઘરનો સૂત્રો રે.... બો૦ ॥૯॥ પરણાવ્યો ઓચ્છવ કરી, ચંદ્રાનયરિં ચૂંપેરે; આણોં કરવા તેહનોં, આવેં નેહ સરૂપે રે.... બો૦ ॥૧૦॥ ભોલી બાલપણાથકી, કરેં વિલાપ વિશેષેં રે; કામદેવ તે લાજતો, સાસૂ સસરો દેખેં રે.... બો૦ ॥૧૧॥ વલતો સસરો ઇમ કહેં, નાંન્હડલી એ બાલી રે; બીજી વારેં આણસ્યોં, ગ્રહણો વીંટી વાલી રે.... બો૦ ॥૧૨॥ કામદેવે તિમહીજ કીયો, ફિર ફિર ¹વાર બે ચ્યાર રે; વારવાર તે આવતો, લાજેં લોક વિચાલો રે.... બો૦ ॥૧૩॥ લોક બોક વાંતા કરે, ત્રીયની તેહનેં આગેં રે; કેં તો મૈ તેજી નહીં, કે પીહર કોઈ લાગેં રે.... બો૦ ॥૧૪॥

॥ દુહા ॥

²કામદેવ મનિં ચિંતવે, કેહની સૂઝે પૂઠિં;
રથ સારથી લેઇ ચલ્યો, પૂછેં તાતને ઊઠિં ॥૧॥
મારગેં અરધેં આવતાં, પેખ્યો એક પ્રાસાદ;
સુરરાણી સાચી શકતી, વાજેં ઘંટ નેં નાદ. ॥૨॥
આશા પૂરણ ઇસરી, જગ સહુ આવે જાત;
કામદેવ દેખી પ્રસન્ન, કરે મનહ³ઉં વાત. ॥૩॥

૧ વાંરવાર રે * ૨ કામદેવ મનિં દુઃખ ધરેં * ૩ જીવ ગ્નાન *

હવણાં આહરી અસતરી, વોલાવે મુઝ સાથ;
તો માતા તુઝ આગલે, કમલ ચઢાવું હાથ. ॥૪॥
આરત એહવી આપણી, આગામીઓ [1]જીઉજયાન;
માતા આગલે માનીઓ, મસ્તક પૂજા માંન. ॥૫॥
મુહતો જાઈ સાસરે, ઘણી ભગતિ તિણ વાર;
સાસૂ સસરો સ્ત્રી મલી, કરે બહુલી મનોહાર. ॥૬॥
સંતોષી સંપ્રેડીઓ, ચાલ્યો સ્ત્રીયાં સમેત;
હરખ ધરંતો હીઅડે, સફલ જાણતો હેત. ॥૭॥

## ॥ ઢાળ ૮ મી ॥

હરીયા મન લાગ્યો... એ દેશી.

વહેતાં મારગે આવીયાં, દેવીરાં [2]દિયાર રે;.... દીપક સુણજ્યો વાત; બોલ ચિંતારો આપણો. મેં કીધો તિણિવાર રે.... દીપક૦ ॥૧॥ માતા તેં મારો કર્યો, કારજ કોડી સરિસ રે; હવે હું માહરૂં બોલીઓ, પાલીશું વીસવાવીસ રે.... દીપક૦ ॥૨॥ રથ ઉતરી ખેડૂતને, જાં આવું તાં સીમ રે; પડખ કરજ્યો તુમ્હે સહી, મુઝનેં છે એક નીમ રે.... દી૦ ॥૩॥ રથ ખેડૂતે નારીનેં, મૂકી આવ્યો થાનકે રે; કરી દરિશન પૂજા કરી, શીશ ચઢાયું માની રે.... દી૦ ॥૪॥ નારી કહે ખેડૂતનેં, વાર ઘણી થઇ કાંઇ રે; ખબર કરો થેં દોડીનેં, તાલો માચો થાઇ રે.... દી૦ ॥૫॥ જોઇ તો દેવી દેહરે, ધડ પડીયું તિહાં દેખી રે; મન ચમકયો ખેડૂતનો, આણ્યો મનમેં દ્રેખો રે.... દી૦ ॥૬॥ અપજશ દેશ્યે મુજનેં, લોકાં રાખણુ લાજ રે; ધન નારીનેં લોભીએ, ઇણે [3]માંડયો છે આજ રે.... ॥૭॥ હું પિણ

૧ જીવતાન * ૨ દરબાર રે * ૩ માર્યો

એહની ગતિ કરૂં, તે લેઇ તરવાર રે; કમલ ચઢાવીઉં કાલિકા, લાજ હિઆમાંહિ ધારી રે.... હી૦ ॥૮॥
વાટ જોતાં વેલા થઈ, નાવ્યા બેહુમાં કોઈ રે; જાય તેહ વલે નહિં, વાત વિમાસણ હોઈ રે.... હી૦ ॥૯॥
રથ મૂંકી નારી ચલી, પગ પગ દેહરે જાય રે; દેખી ભયની વારતા, વલી વલી વિસમો થાઈ રે.... હી૦ ॥૧૦॥

॥ દુહા ॥

પડીઆં દેખી દોય જણ, વિણઠો કારિજ દીઠ;
ઘણે[1] વિયોગે વર મલી, ઘર માંડયો થો નીઠ. ॥૧॥
હવે હું જીવી શ્યું કરૂં ?, મેં પણ કરવો સત્ય;
ખડગ લેઈ નિજ હાથમેં, કહેં દેવીને વાત. ॥૨॥
સાંભલ માતા ભગવતી, પૂજા માહરી જોય;
કમલાં ઉપર કમલની, [2]સીસ ચઢાવું મોહી ॥૩॥
કર ભેદ શિર છેદવા, હાથે વિલગી દેવી;
કહેં દાખ મુઝ આગલેં, હત્યા ઘે કિણ મેવ ? ॥૪॥
તૂહી સાહસ દેખીને, તુઝ વર આપું સાર;
કહે માનુની મૃગલોચણી, પ્રિય આપો નિરાધાર. ॥૫॥
પ્રિય મરત ઈણેં સત કીયો, એ પણ જીવે લોય;
હું તુઝ જાઉં વારણેં, તું સમી અવર ન કોય. ॥૬॥

## ॥ ઢાળ ૯ મી ॥

નણદલની... એ દેશી.

કહેં દેવી નારીને, ધડ ઊપરિ ધ્રુ ધારી હો... સાજન; તે નારી તિમહી જ કરેં, હરખી ચિત્ત ઉદાર

1 વિગોવે * 2 નીર *

હો સાજન ॥૧॥ દીપક ! કાન દેઈ સુણો, થાય જેહ વૃત્તાંત હો.... સા૦; ખેડૂતને ધડે ધર્યો, મસ્તક પોતાનો કંત હો.... સા૦ દીપક૦ ॥૨॥ કંતને ધડ ઉપરેં, ખેડૂત મસ્તક તંત હો.... સા૦; અલટ પલટ થઇ ગયો, અમૃત છાંટયો દેવી હો.... સા૦, ઉઠીને બેઠાં થયા, હસતા બેહુ ટેવ હો.... સા૦ દી૦ ॥૩॥ કામદેવ કહે નારીને, ઘર પધારો વેગ હો.... સા૦; ખેડૂત કહે હે પ્રિયા !, આવો માહરે નેગ હો.... સા૦ દી૦ ॥૪॥ માંહો માંહિ લડે ઘણું, સ્ત્રીનો ઝાલે હાથ હો.... સા૦; કહે સેવક છેં માહરી, કામદેવ ધરે બાથ હો.... સા૦ દી૦ ॥૫॥ કહો દીપક ! સ્ત્રી કેહની, કેહને જાઈ સાથ હો ?.... સા૦; દીપક હસીને ઈમ કહે, ઝાલ્યો જેહનો હાથ હો.... સા૦ દી૦ ॥૬॥ એહ વાત પૂછો કિસ્યું, નહિં અરથ કઠોર હો.... સા૦; સાંભલતાં લાતે હણે, નાખે લીલાવતી જોર હો.... સા૦ દી૦ ॥૭॥ તેલ ઢલી ગયો કોડીયે, દીવટ નાંખી સાહી હો.... સા૦; કૂડો કાંઈ મેં આગલિં, ન્યાય કીઓ ચિત્તમાંહિ હો.... સા૦ દી૦ ॥૮॥ કહે રાજા કાંઇ રીસમેં, નાખો એહ વીડાર હો.... સા૦; તુમે જાણો છો જેહની, કહો કેહની નાર હો ?.... સા૦ દી૦ ॥૯॥ કહે નારી લીલાવતી, સુણે સભા સુવિચાર હો.... સા૦; નારી મસ્તકની સહી, લોપીજે કિમ કાર હો.... સા૦ દી૦ ॥૧૦॥ મસ્તક લેઈ સતી હુવે, ધડ લારા નહિ હોઈ હો.... સા૦; ન્યાય ચલીજે લોકમેં, [૧]સારા હિ સહુ કોઈ હો.... સા૦ દી૦ ॥૧૧॥ એકવાર બોલી હસી, ભૂપ મન ઉછરંગ હો.... સા૦; બોલાવી નવિ બોલતી, દેખો વાતા રંગ હો.... સા૦ દીપક૦ ॥૧૨॥

૧ સારા હૈ સંસાર હો*

॥ દુહા ॥

સભા સહુ વિસમો ધરે લીલાવતીને ભેદ;
એ તો નર દીસે ઉત્તમ, પરણીજે ધ્રુવ વેદ. ॥૧॥
નિમેખ એક સુસિતો રહી, વિક્રમ બોલે વાત;
ચૂપ કરી છાનાં કયું રહે, જાણપણારી ધાત. ॥૨॥
રાતિ થઈ દૂજે પહોર, રાજા ચિંતે ઈમ;
કારિજ તે કીધેંહિ હોંશે, બેઠાં સરશે કેમ ? ॥૩॥
કુલચંગેરી આગલે, લીલાવતીને પાસ;
હુકમ કીયો વેતાલને, બેસી રહો તિણ વાસ. ॥૪॥
રાજા છાબ પ્રતિ કહે, રાતિ વિહાંઇ કેમ ?;
ચંગી વાત ચંગેરીઆં, કહો ને જાઈ જેમ. ॥૫॥
કહે ચંગેરી કુલની, વાત ન આવે મોય;
દુઃખીયાં વાત ન સાંભરે, રયણી ગમાવે રોય. ॥૬॥

## ॥ ઢાળ ૧૦ મી. ॥

રાગ-સીંધુડો ॥ ચિત્રોડી રાજાની દેશી.

જોઓ વાત વીચારી-સુણો વાત હમારી રે, વંશ છેદી [1]ગામો ગામિં વેચીઆ રે; ચોહટા વિચ આણીરે-ગાંઠ ધરિ તણી રે, ચીરી ચીરીને કટકા તિણે કીયા રે ॥૧॥ માંડે મરોડીરે-કીધી છે ઓડી રે, જોડીનેં માહરે પીંડે પીડ છે રે; મુજ પીડ બુઝાવો રે-વેગેં કરી આવો રે, ભાંજો નેં મારા ભાઈ ! ભીડ છે રે. ॥૨॥ મન એકે થાઇ રે-[2]સાંભલશ્યું ભાઇ રે, કથા સવાઈ વીર ! તુમે કહો રે; હુંકારો અમે દેશ્યું રે-તુઝ વિનય

૧ ગુમાણી મોલ વેચીઆ રે * ૨ સાંભલ્ત શાત.૪ રે *

વહેશ્યું રે, વલી કહેશ્યું વાતાંરાં ભેદ ભલા લહો રે ॥૩॥ વિક્રમ હસી રંગે રે-વલી વાત ઉછરંગે રે, ચાવી ને ચંપાનયરી બહુ ભલી રે; શૂરો તિહાં ક્ષત્રીય રે-વસે પુણ્ય પવિત્ર રે, તસ ઘરેં ગંગાનારી શોભતી રે. ॥૪॥ તેણેં બેટી જાઇ રે-નામે સુમતિ કહાઈ રે, યૌવનમેં આઈ જાણી જિણુસમે રે; વીરો ને [1]બાપોરે-જોવેં વર ઠાવો રે, માતાને માંમો જોવે [2]જુગતિશ્યું રે. ॥૫॥ ભાઇ તિણ ભમતો રે-મેલ્યો મનગમતો રે, બાપેં પિણ જોતાં જોડયો વર ભલો રે; માતા તિણ ગામેં રે-માંમે કિણ ઠામેં રે, ગામેં ચિહૂં ઠામે જોડી ઘરે ચલ્યા રે. ॥૬॥ [3]ચ્યારે એક લગનેં રે-ચાલ્યાં વળી મગને રે, આયા તિણેં ગામેં ઉલટેં પરણવા રે; કૌતિક તે જોવા રે-મીલિયાં જન ટોલે રે-તોરણેં આવ્યા ચારેં પરણવા રે. ॥૭॥ તિહાં માંહો માંહે રે-સંગ્રામ સબાહેં રે, સાહેંનેં ગામતણો ધણી રે; કન્યા મનિં ચિંતે રે.-ધિગ એણી પ્રીતિં રે, રંગમેં ભંગેં આમણદૂમણી રે, ॥૮॥ વૈરાગેં વાલી રે-કુલ સાહમો નિહાલીં રે, જંજાલનેં ટાલેં ઇમ કરી રે; ચેહમાંહે પેસી રે-કાય તિહાં વિહસી રે, નિશિં કાષ્ટનો ભક્ષ તિહાં વરી રે. ॥૯॥

॥ દુહા ॥

ચ્યારેં મિલીને ચિંતવે, એકલડી કિમ જાય?;
માહરી માંગ કિહા રહે, હું પણ લારાં થાય. ॥૧॥

એક જણો સાથે બલ્યો, તોહી ન ટલ્યો વાદ;
ફુલોં લઈ બીજો ચલ્યો, ગંગાનેં પ્રાસાદ. ॥૨॥

૧ રાવો રે * ૨ જગતમેં રે * ૩ ચ્યારેઈ કુલ ગામેરે ચાલ્યા મલી ઠામે રે *

ત્રીજો ભસ્મ લગાઈને, દેશ ફિરે દેખંત;
ચોથો બાંધે ઝૂંપડી, રહ્યો વિનય વહંત. ॥૩॥
પિંડ મૂકી જિમે તિહાં, નિત પ્રતિ પ્રેમ ધરંત;
જે ત્રીજો દેશાંતરી, ધરતી ધણી ભમંત. ॥૪॥
ક્ષુધા લાગી એકણુ સમેં, જાએ ભોજન કાજ;
ગામમાંહિ રાંધિણ ઘરે, જીમણુ કરે અનાજ. ॥૫॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

અલબેલાની દેશી.

જિમણ બેઠો યુગતિસ્યું રે લાલ, આવી પીરસેં પ્યારી.... ચતુરંગી રે; બાલકેં આડો માંડીઓ રે લાલ, વાર્યો ન રહે નારી.... ચતુ૦ જિમણ૦ ॥૧॥ નાનડીઓ રોવે ઘણું રે લાલ, ન રહે ખિણ એક તાલ.... ચતુ૦; રીસ કરીં હાથેં ગ્રહ્યો રે લાલ, મોડી મરડયો બાલ.... ચતુ૦ જિ૦ ॥૨॥ ચૂલેં ઘાલી પ્રજાલિયો રે લાલ, અગનિઝાલ અસરાલ.... ચતુ૦; દેખી અચંભો જીમતો રે લાલ, કામ કીયો વિકરાલ.... ચ૦ જિ૦ ॥૩॥ ફિટ પાપિણી ! તેં સ્યું કીયો રે લાલ ?, ઉઠયો મૂંકી થાલ.... ચ૦; પંથી કાંઇ જિમે નહીં રે લાલ, કાંઈ દીએં મુજ ગાલ ?.... ચ૦ જિ૦ ॥૪॥ મેં તો જન્મ્યો દોહીલો રે લાલ, મ્હારો વાલ્હો મોહિ.... ચ૦; મન જાણ્યું ત્યું મેં કીયો રે લાલ, કયું દુઃખ લાગે તોહિં ?.... ચ૦ જિ૦ ॥૫॥ જીમઓ તેતઇં રહણ દ્યો રે લાલ, કરતો મોંહિ સંતાપ.... ચ૦; હવણાં કરસ્યું જીવતો રે લાલ, ન કરૂં તો દેહિ સરાપ.... ચ૦ જિ૦ ॥૬॥ અન્નપાન તોહિ જ લીઉં રે લાલ, જીવતો ઉઠસ્યેં

ડિંભ.... ચ૦; વયણ સુણીનેં જિમવા રે લાલ બેઠાં આણી અચંભ.... ચ૦ જિ૦ ॥૭॥ અમૃત લઇ છાંટિઓ રે લાલ, ઉઠયો આલસ મોડી.... ચ૦; દેખી અચંભો ઉપનો રે લાલ, પાય લાગ્યો કર જોડી.... ચ૦ જિ૦ ॥૮॥ હવેં મન શોચ્યે માનવી રે લાલ, એ કૂંપો ઉપાડી.... ચ૦; લેઈ જાઉં ચોરીને રે લાલ, એહની કાંઇ નહિ વાડી.... ચ૦ જિ૦ ॥૯॥ પંથી ભોજન જિમીનેં રે લાલ, ચાલ્યો માંગી શીખ.... ચ૦; છાનો સાંજે આવાને રે લાલ, લાંબી ભરિનેં ચીસ.... ચ૦ જિ૦ ॥૧૦॥ વાત હુઇ તે સાંભલો રે લાલ, છાબ સભા એકમન્ન....ચ૦; મુંહ ઉંચે લીલાવતી રે લાલ, એક ચિત્ત દેઇ કાન.... ચતુ૦ જિમણ૦ ॥૧૧॥

॥ દુહા ॥

ગુણ કરતાં અવગુણ હુવેં, જોજ્યો હૃદય વિચાર;
પેઠા શીયાલતણી પરેં, વળીઓ વાઘ વિચાર. ॥૧॥
કૂંપો લેઇ નીકલ્યો, આવ્યો તેણ મસાણ;
છાંટયો અમૃત તિણેં મનુષ્ય, જોડો પ્રગટયો જાણ. ॥૨॥
*થયા સજીવન જાણીને, ચ્યારેં ભેલા થાય;*
માંહોમાંહિ વેઢતા, કુણ રાખે સમજાય ? ॥૩॥
વિક્રમ પૂછેં છાબને, કેહની નારી થાય ?;
છાબ કહેં તે સાંભલો, વાત રૂડી સમજાય. ॥૪॥
કહે છાબ તિણમેં કિસ્યું, વાત વિચારણ જેહ ?;
સાથેં બલિયો માનવી, નિહસ્યેં નારી તેહ. ॥૫॥
કહેં વિક્રમ સાબાશ તુઝ, નિરતો કીધો ન્યાય;
યુગતિ વાત કીધી છકા, કહીતિકા સહુ ભાય ॥૬॥

છાબ હણી લાતેં કરી, ફુલ ગયા વિખેર;
કહેં રીસેં લીલાવતી, ન્યાય કરિશ્યાં ફેર. ॥૭॥
રીસ કરો કાં એતલી, કહો જિકો છેં ભેદ ?;
થેં કહેંશ્યો તેહિજ ખરો, વાત સહી ધ્રુવેદ. ॥૮॥
ન્યાય કરે લીલાવતી, [1]સાથિં મલીયો જેહ;
એકણ ખાણેં ઉપન્યો, બંધવ કહીઈ તેહ. ॥૯॥
અમૃત સિંચી જીવતી, કીધી પિતા કહેવાય;
ગંગા ફુલ લેઈ ગયો, તેહની માતા થાય. ॥૧૦॥
અસત્રી થાઇ તેહની, જે જિમાડેં નીત્ત;
પેટભરણ પોષણ કરેં, અસત્રી તેહનીં વિત્ત. ॥૧૧॥
ઇણ નીમેડેં તો પખે, એહવો ઘણો હઠવાદ ?;
જાણ જિ કે છેં જગતમેં, નરા ઉતારેં નાદ. ॥૧૨॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

મેરી બહેની કહેં કાંઇ અચરિજ વાત... એ દેશી.

અણબોલતી બોલી હવિં, દોહિલી દૂજી વાર; વિક્રમ ચિંતઈ મનમેં, વાતાં ત્રીજી વાર ॥૧॥ સુણજ્યો સજનાં વાતાં કહેંશ્યે બનાય, નિદ્રા નાસી જાય; સુણતાં અચરિજ થાય, જિણ તિણથી ન કહાય રે.... સુણજ્યો૦ ॥૨॥ બે પહોર ગયા છેં જેતલે, [2]અરધી અછેં અજેસ; ઘડો એક મુહ આગલિં, લીલાવતીનેં પાસ.... સુ૦ ॥૩॥ આગીયાનેં વિક્રમ કહેં, કરો કુંભમેં વાસ; કહેં નૃપ સાંમો જોઇ નેં, કથા કહો એક ખાસ.... સુ૦ ॥૪॥ બોલીઓ કુંભ કહૂં કિણેં, દુખીયાં વાત ન હોઈં; [3]મોમનેં જેતો દુખ અછેં, [4]સાંભલતાં

૧ માંહિથી ઉઠયો જેહ * ૨ અધરાતિ અછેં અજેસ * ૩ મોહનેં *
૪ કહીએ કેહનેં સોય *

અચરિજ હોઈ.... સુ૦ ॥૫॥ ખાણ ખોદી માટી કેલવી, લાતાં સહી લખવાર; ચાક ચડાવી[1] ખેંચીઓ, અગનિ પચ્યો નિરધાર.... સુ૦ ॥૬॥ ઠાકર [2]ટોલા મેં સહ્યા, બઇરાંતણાં બહુવાર; પ્રાણીમાં પડીયો રહું, કરમતણે કિણ ફેર...., સુ૦ ॥૭॥ નવિ સાંભરે મુઝનેં કથા, કહો તુમ્હે કાંઇ વાત; હૂંકારો દેશ્યું અમ્હેં, જિમ વિહાવઇં રાત..., સુ૦ ॥૮॥ કહે રાજા સવિ સાંભલો, સભા કુંભ અભિરામ, કંચનપુર કંચનભર્યો, વરણ અઢારે એ ઠામ.... સુ૦ ॥૯॥ તિહાં ચતુર ચ્યારે મિત્ર છેં, દિન દિન અધિકી પ્રીત; એક બંભણ એક સાલવી, એક સોનાર વિદીત.... સુ૦ ॥૧૦॥ સૂત્રધાર ચોથો તે મિલી, એકઠોડિં એકણ સંગ; રાતદિવસ એકઠા રહે, કરતા નવ નવ રંગ.... સુ૦ ॥૧૧॥ મિલી મિત્ર ચ્યારે ચિંતવે, જોવા જઇયે પરદેશ; ખરચવરચ લેઇ કરી, લેઈ રૂડો વેસ.... સુ૦ ॥૧૨॥

॥ દુહા ॥

તે ચ્યારેહી નીંકલ્યા, એકઠા એકણ સાથ;
ઘણી ઘણી ધરતી ગયા, આથમીઓ દિનનાથ. ॥૧॥
રાનિં અને વલી રાતડી, વાલાઓ નવિ કોઇ;
માંહોમાંહિ વિચારીઉં, પુહરો દીજે લોય. ॥૨॥
કોડિ વિઘન છેં નિંદમાં, જાગતાં નવિ હોય;
સુતાંરી પાડા જણે, આખે લોક સબ કોય. ॥૩॥
ચ્યાર પોહોર ચ્યારે જણા, [3]આંપે છાં ઈણવાર;
એકજણો પોહરઇ રહો, સૂઓ [4]તિમ સુખકાર ॥૪॥

૧ ફેરવ્યો * ૨ ટોયા મેં બગ્યા * ૩ આંખે છેં * ૪ [illegible]ન *

સૂત્રધાર પહેલે પુહોર, થઈ બેઠા સાવધાન;
છટક રહી છે ચાંદણી, રયણી દીહ સમાન. ॥૫॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

જેવંદો જિન ધરમ કીજીઆ.. એ દેશી.

રાજા કહિં તુમે સાંભલો, કુંભજી દેઈ કાનો રે;
પુહોરાઈત જે સૂત્રવી, ચિંતે મનહ વિન્યાંનો રે ॥૧॥ અચરિજ વાત હુઈ જિસી, અમૃત સરખી મેંઠી રે; કાંનિ કદા ન સાંભલી, આંખું કદે ન દીઠી રે.... અચરિજ૦ ॥૨॥ સૂત્રવી પુહર ગુંદારિવ, પુતલી કાઠની કીધી રે, આંગેણ વિસઈ હાથે ઘડી, જાંણે દેવઈ દીધી રે.... અ૦ ॥૩॥ પૂરી મોહર ગઈ તિસઈ, તો રહ્યો ઘાટની માંઈ રે; ઉઠો ભાઈ સાલવી! વારી તાહરી આઈ રે... અ૦ ॥૪॥ સાવધાન થઈ સાલવી, ચાંદ્રણીએ જોઈ હેતો રે; પુતલી દેખી ઉલસ્યો, રૂપ કલા ગુણ કેતો રે... અ૦ ॥૫॥ વસ્ત્ર વિહુણી નવિ ભલી, આગી શોભા ન હોઈ રે; નારી કુંજર તિણ વણી, દિલ પ્રમાણે જોઈ રે.... અ૦ ॥૬॥ પહેરાવી તો પુતલી, તેહવે આવી રજની આઈ રે; સોનીને કહે સાલવી, જાગો મોરા ભાઈ રે.... અ૦ ॥૭॥ કહે સોની પોઢો તુમ્હે, ડર ભય ડારે નચિંતિરે; ચિહુ દિસ ચાવિ દૃષ્ટિ દે, આવંતા જીઓ જંતરે.... અ૦ ॥૮॥ તેહવે દીઠી સુંદરી, ઓઢયાં પેહર્યાં ચીર રે; ગહણાં પાખે સોભે નહી, કાંઇ કાચ કથીરો રે.... અ૦

૧ મનહી* ૨ કહુ ૩ છેસી* ૩ અનસાંભલી* ૪ અણદીઠા રે* ૫ પેસે*
૬ ચોકી દે, બેઠો ઘણું હેત. રે* ૭ જોવે*

॥૯॥ ઘડી ઘાટ તિણેં સવી કરી, પિંહિરાવીયાં કર પાયે રે; જ્યોતિ જગમગ ઝલહલે, સનમુખ આવિં ધ્યાય રે....અ૦ ॥૧૦॥ પોહોર એક રહી પાછલી, બાંભણને સોની ભાખે રે; જાગજ્યો રૂડાં નિસ ગઇ, ચોથી વારી રાખો રે....અચરિજ૦ ॥૧૧॥

॥ દુહા ॥

ચોથે પહોરે ઉઠીઓ, સજ્જ થઈને વ્યાસ;
બેઠાં પુસ્તક લેઈને, વિદ્યાતણો અભ્યાસ ॥૧॥
અરહો પરહો જોવતાં, દીઠી સુંદર બાલ;
રૂપ વેશ શણગારમેં, તિને એકણ તાલ. ॥૨॥
એહવી કાં નહી અપછરા, રતિ રંભા નેં ગૌર;
દૂજે એણિ સંસારમેં, કો નહિ એ સમ ઔર. ॥૩॥
તથા એક છે પિંડમાં, જીવ નહિં ઈણ દેહ;
જીવપખેં કિણ કામરી, કિણસ્યું કરે સનેહ? ॥૪॥
તો હું મંત્રભણી કરૂં, [1]સજીવતી એ બાલ;
મોહુંતી છાંની નહિ, વિદ્યા વાણી રસાલ. ॥૫॥
ભણી વિદ્યા સંજીવની, છાંટયો નિરમલ નીર;
દિન ઉગ્યો ભણતાં જિસે, થઇ જીવતી તે નાર. ॥૬॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

[2]વેગે પધારો હો મહેલથી....એ દેશી.

પરભાતેં ચ્યારે જણા, દેખે તેહ સરૂપા; અમરી કાં નહી અપચ્છરા, એહવીં કાયે સરૂપ ॥૧॥ કુંભ સુણજ્યો એ કથા, રામતિ રસની વેલિ; દેખી ચિંહુનો મન ડગ્યો, ગોરી [3]જગતિ ગેલી....કુંભ૦ ॥૨॥ કહે

૧ સજીવન * ૨ એવધે આવજ્યો રે નાથ અવધે...એ દેશી * ૩ ગજગતિ*

કારીગર સૂત્રવી, એહ માહરી છે નારી; કહે સોની ને સાલવી, કહે બાંભણ મુઝ નારી....કુંભ૦ ॥૩॥ કહે વિક્રમ તે કુંભનેં, સ્ત્રીયા કેહની કુંણ કંત ?; ઘડો ચવે સૂત્રધારની, ત્રીયાં તેહની તંત....કુંભ૦ ॥૪॥ સાંભલીનેં લીલાવતી, નાંખ્યો ઘડો તિણવાર; કાંય રે અન્યાય કૂડો કિયો ? એહ માહરેં દરબાર....કુંભ૦ ॥૫॥ રાણીનેં રાજા કહે, કેહની સાથે જાય ?; કહેશ્યો તેહ તુમ્હે ખરો, આવેં અમને દાય....કુંભ૦ ॥૬॥ વલતું કહે લીલાવતી, પિતા થાયેં સૂત્રહાર; જિણેં ઘડી પેદા કરી, તે કિમ હોયેં ભરતાર....કુંભ૦ ॥૭॥ તે ભાઇ પહેરાવીયાં, ચીર પટોલી જેહ; બંભણ તે વિદ્યાગુરુ, મંત્ર ભણાવ્યો જેહ....કુંભ૦ ॥૮॥ જિણઈ ગ્રહણાં પિહરાવીઆં, તેહનો પ્રીતમ તેહ; ન્યાયેં તેહની ભારયા, [1]સ્ત્રીઅ સંઘ થાઈ નેહ....કુંભ૦ ॥૯॥ ત્રીજે પહોરે પદમણી, બોલી ત્રીજી વાર; ચોથાની વારી [2]અછે, વિક્રમ કરે વિચાર....કુંભ૦ ॥૧૦॥ એહ તમાસો દેખીને, હરખી સભા અનેક; [3]પંચે દિનહી વર હોસે, જોઉ નિશ્ચયે વર એહ....કુંભ૦ ॥૧૧॥ ચોથે પહોરેં બોલાવવા, કીધો દાય ઉપાય; મોરા બંધવ આગીયા !, હાર રહ્યો લપટાય....કુંભ૦ ॥૧૨॥ કંઠે ધર્યો છેં નવલખો, લીલાવતીએં હાર; [4]બેઠો તેમાંહિ બોલતો, વાતાં કરેઇય વિચાર.... કુંભ૦ ॥૧૩॥

॥ દુહા ॥

હાર પ્રતિ રાજા કહે, હજી પોહોર છે એક;
કાંઈક વાત કહો નવી, સાંભલવાની [5]હેવ. ॥૧॥

---

૧ તિઅ સંઘાતે નેહ * ૨ હવે * ૩ પાંચે * ૪ પેઠો તિમહો બોલતો * ૫ ટેક *

કહે હાર વાર્તા કીશી કહે ન આવે ચિત્ત;
સુખીયાને પૂછો તુમ્હે, કથા કુતૂહલ પ્રીત. ॥૨॥
કહે વિક્રમ તુમ્હે દુઃખ કીશ્યાં, માતા દાખે એમ;
પિતા થકી વિછોહીયાં, માતાને પિતુ એમ. ॥૩॥
જિણ તિણ ચહુટે વેંચીયાં, વિદ્યા કાજે પરાય;
તાપ સહુતરીયાં (સ્ત્રીયાં) તણા, રાત્રિ જગાવું સોય. ॥૪॥
ચતુરે તુમ્હે સુંદરીયાં અછો, કહો કાંઈ અચરિજ વાત;
જ્યું ત્યું દુઃખ વિસારને, વેરણ કાઢું રાત ॥૫॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

મોહ્યા સાહેબ હો શ્રી શીતલનાથ કે... એ દેશી.

હવે રાજા હો કહે હારને એમ કે, સાંભલજ્યો તુમ્હે એકમને; દક્ષિણ દિશ હો ત્રંબાપુર નામ કે, રાજા જેયસેન રાય તે. ॥૧॥ તસ રાણી હો પંચાવન આસં કે, પુત્ર નહિ તસુ કેહને; પુત્રીનો હો બહુલો પરિવાર કે, રાજા રહે કિમ તેહની ॥૨॥ એક રાણી હો [૧]પુત્રાની જાતિ કે, મૂએ સૂઆરોગમેં; તે કન્યા હો એક દાસીને થાય કે, પાલે પરગટ લોકમેં ॥૩॥ યતઃ પુત્રી બહુલી સ્યું કરે, જ્યાં નવી એકો પુત્ર; પુત્રી વસે ઘર પારકો, સુત રાખે ઘરસૂત્ર ॥૪॥ [ચોસઠ સહસ દીવા બલે, [૨]બારે રવિ તપંત; તોહે તસ ઘરિ અંધારડું, જસઘરપુત્ર ન હુંત *] હવે રાજા હો મન રહ્યો ઉદાસ કે, પુત્ર પખેં ઘર કિમ ચલે; દેવ દેવી હો માને બહુ રાય કે, જીવ ઘણે

૧ વ.ત કહુ કિસી* ૨ તેણ પુત્રી જાત કે*

ઠામે રૂલે ॥૯॥ દિન દિનમેં હો રાજા બહુલી ચિત્ત કે, કેહના મંદિર માલીઆં; પુત્ર પાખે હો સુના સવિ ઠામ કે, ગઢ મેઠ મંદિર ગોંખે ઝાલીયાં ॥૭॥ પરભાતે હો રાજા દરબાર કે; આણ્યો ચોર ગ્રહી તિહાં; ધનસેતી હો જાણ્યો છે તેહ કે હુકમ કરે રાખું જિહાં જોગ ॥૮॥ ઇણ ચોરે હો કીધાં બહુ ખૂન કે, જીવ રહિત એહને કરો; કોટવાલે હો ઝાલીને લીધ કે, શૂલી ઉપરે તેહને ॥૯॥ તિણિ અતે હો રમતી તિહાં બાલિકા, દાસી માતા સાથે છે; યૌવનમાંહે આવી અછે, હસતી રંગે તેઆ છે ॥ક્ષા તે, દેખી હો બોલ્યો તિહાં ચોર કો આવો માતા, માહરી; દયા આણી હો દાસી મનમાંહી કે, કેહને વારતા મનરી ॥૧૦॥ તસ્કર હો કહે માહરી પીડ કે, પરણેવો હુંસિ રહું; કુંઆરો હો મરસું એ હરી માય કે, મનમેં હું તો તે કહ્યો ॥૧૧॥ ધન માહરે હો બહુલી છે કોડિ કે, આપું સઘલો તેહની; દેખાડું હો તેહ નિધાન કે, જો પરણાવે તેહને ॥૧૨॥ હવે દાસી હો તિહાં ઉપનો લોભ કે, મન ચૂક્યો મહિલા તણો; કહે કેહના હો લક્ષણ નવિ જાય કે, ધન દેખી મનમેં ઘણો ॥૧૩॥

॥ દુહા ॥

[વીલાંકુલ ખોટી હુઈ, સજ્જન ગયા વિદેસ;
જિણ દીઠે કામિણી સુલે, ગરથે કીજે પેસે.*]
દાસી જાણ્યું એ મરી, ઘડી પોહર કે છેહ;
કુણ જાણશે એ કાયા, ભલો બુરો છે જેહ. ॥૧॥

૧બહુ ચિંત કે * ૨ કહે *

૧કન્યા એ છે માહરે, એહને ધનની રાશિ;
પરણાવી ધન પામસ્યું, કરસ્યું લીલવિલાસ. ॥૨॥
હાથ જોડી કન્યા ફરી, ચોર પાસ ચિહું વાર;
કનક કોડી ધન તેહનો, આણ્યો ઘરે ઉદાર. ॥૩॥
ફેરઇ રહી તિણહિ જે સમે, ચોર મૂઓ તતકાલ;
આરત ધ્યાને તે મરી, હુઓ વ્યંતર વિકરાલ. ॥૪॥
રાજાને તે વિસરી, બેટી બહુલી દેખ;
રતિ આવી જોવને થઈ, ચાહત પુરૂષ વિશેષ. ॥૫॥
કામ કરાલી ચિંતવે, કદી પામસ્યું સંયોગ ?;
આકુલ વ્યાકુલ એહવી, વનિતા વાંછે ભોગ. ॥૬॥
૧વિષબાલા રંડાપણું, વિષગંધર્વહ ખાસ;
વિષદારિદ્રહ ગોઠડી, વિષ વેરીમાંહિ વાસ. ॥૭॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

મારૂં મન મોહ્યું એણે ડુંગરે—અથવા—કાયાપુર પાટણ મોકલું એ દેશી.

માય બેટીતણું મન લહી, મેલવું માનવી આણ રે; લાજ લોપે નહી બાલિકા, માઅસ્યું કેહવી કાંણી રે ॥૧॥ કુણ લહે પીડા છોરૂતણી, ભીડ ભાંજે કુણ આઇ રે; લોક આગે કહીં દુખની, વાત હાસારથ જાઇ રે....કુણ૦ ॥૨॥ નીરખતાં એક ભોગી ભલો, આણી રાખ્યો ઘરમાંહી રે; કામિક પ્રીતને કારણે, લોભની પ્રીતિ ન કાંઈ રે....કુણ૦ ॥૩॥ ભોગસંયોગ તે ભલીપરે, વિલસતાં હુઓ આધાન રે;

૧ વિસમો બાલરંડાપણો, વિસમો ગાયને ખાસ; વિસમો દારિદ્રગોઠડી, વિસમો વેરીમાંહિ વાસ •

મરણ મામ્યો તિસ્યેં માનવી, તિમહી જ તેણ રાજાન રે....કુણ૦ ॥૪॥ કોઇ નહિં તિસો રાયનેં, રાખવા રાજાનો થાન રે; પુત્ર જાયો તિણેં પરગડો, વાધીઓ દિનદિન રંગે રે....કુણ૦ ॥૫॥ પંચમેલી હવેં પર-ઠીઓ, રાયપુત્રીતણો પુત્ર રે; પાટ રાજાતણો તેહનેં, થાપીઓ રાખણસૂત્ર રે....કુણ૦ ॥૬॥ શ્રાદ્ધદિન આવીયો રાયનેં, તર્પણ સારીવા તેહરે; કુમર આવીઓ તટનીતટેં, પિંડ ધર્યો તિહાં [1]તેહ રે....કુણ૦ ॥૭॥ નીકલ્યાં હાથ ત્રણ્યેં તિસેં, ચોરનો પ્રથમ વીવાહ રે; બાપ છાનો બીજો તેહનો, નીસર્યો હાથ ઉચ્છાંહ રે....કુણ૦ ॥૮॥ રાયનો હાથ ત્રીજો તિસ્યેં, નીકળ્યો જેહનો રાજ રે; ભોગવેં પાટ ભલી પરે, પિંડ લહે કુણ આજ રે....કુણ૦ ॥૯॥ મનરુષિ વાત મત કહો, ન્યાયની વાત વિચારી રે; હાર કહેં વાત વ્યવહાર છેં, પિંડ રાજા લહેં ત્યારેં રે....કુણ૦ ॥૧૦॥ [2]કહેં વિક્રમ તમ્હે કાંઇ કરો, રીસેં ભરી ત્રોડી હાર રે; મૂરખો હાર જાણેં નહીં, કાંઈ કૂડી ભરી સાપ રે.... કુણ૦ ॥૧૧॥ કહેં વિક્રમ તુમ્હેં કાંઈ કરો, કોપ ઘણો કેણ કામે રે ?; જે કહેશ્યો તે તુમ્હો ખરો, દાખવો લેઈ નામો રે....કુણ૦ ॥૧૨॥ ચોર લહેં પિંડદાન જે, ન્યાય ખરો ઇમ થાયેં રે; જેહની અસ્ત્રી જેહનો, પુત્ર ખરો કહેંવાય રે....કુણ૦ ॥૧૩॥

॥ દુહા ॥

ચ્યારે પહોર બોલી ચતુર, ચ્યાર વાર સુખકાર,
કહેં સવેઇં સુંદરી, આનંદ જય જયકાર. ॥૧॥

---

[1] નેહ રે * [2] હાર નાંખ્યો તિસેં ત્રોડીને, રીસ લીલાવતી રાખી રે; *

ફૂલ્યા મનોરથ બિહુ તણાં, વિલશીયાં મન માંહ;
આલસુઆં રે આંગણે, આયો ગંગ પ્રવાહ. ॥૨॥
જે મન રાખે જેહસ્યું, તેહને મીલે જ તેહ;
મુંહ માગ્યા પાસા ઢલ્યાં, હૂવે વૂઠાં મેહ. ॥૩॥
હુંતી અણપરણી પ્રીતડી, તાણી ગાંઠી પ્રીત;
તવ વિક્રમ લોહાર ઝટ્યું, જોડી હરી એક ચિત્ત. ॥૪॥
પ્રતિજ્ઞા પૂરી થઈ, માહરી રહી મન માંહ;
મેં જાણ્યું નહીં મીલે, પૂરણ હારી સ્વાહ. ॥૫॥
લીલાવતીએ હઠીને, કંઠે ઠવી વરમાલ;
લીધાં તોરણ બારણું, રચીઆ વીવાહ રસાલ. ॥૬॥
પરણી બેહુ મંડાણ કરી, પુણ્યતણું પરિમાણ;
મનરંગ વિક્રમ સુખીઆ, ભાગ્ય હુંચો નિરવાણ. ॥૭॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

ધન્યાશ્રીઃ સ્વામી સોહંકરની દેશી.

એક દિન રાજા સુતો મંદિરે, ચિંતે મનોરથ ઘણું કરે; માહરે માલવ લાખ લોક બાપણે, હું ઈહાં આયો સ્ત્રીયા પરણવે. ગોઠ કઝ પરણવા ત્રીયા ઈહાં આવ્યો આજ માહરી દેહિલી, હું કેમ જાઉં પંથ દુરે એહ વાંતાં મુજ ભલી, ઈમ રાતે મનમે ઠરિ ચિંતા દેખી લીલાવતી કહે, બેઠાં ઉદાસી આજ કીઉં એમ કદહી નાં રહિં ॥૧॥ કહો પ્રીયુડા વાત મનતણી, મોહું તી છાંની તુમ્હતણી, વાલ્હા જોતી કહીજ્યો મુજ ભણી, હું અરધાંગી વલ્લભ તુમ્હતણી ત્રુટક:—

૧ બાંધીજે * ૨ મનમે * ૩ ઠરે * ૪ કાંઈ છાંની *

અતિઘણી વાલ્હાં દાસી તાહરી–કહો ગુજ્ઝ કૃપા કરી, તવ કહે રાજા માલવાની–રાજધાની માહરી; હું પરમાર વિક્રમ નામ માહરૂં–આવ્યો કારજ તાહરે, એ રાજધાની ભલાવી જાઉં–વેગ મનમાં માહરે. ॥૨॥ બોલે બાલી લાછેં લીલાવતી, કેહી ચિંતા પ્રિયુડા તેહની; હવણા જાસ્યું સ્થાનક આપણે, રાજા વિક્રમ હરખે અતિઘણો. ત્રોટકઃ– અતિઘણે હરખેં વિમાન બેસી–ઉજ્જેણી કુશલે ગયા, દેઈ વધાઈ ધવલ ગાયે-સબલ સામેલાં થયાં; રાજા પ્રજા સવિ [1]આવી મિલીયાં–થઇય મહિમા રંગરલી, લીલાવતીસ્યું રાય વિક્રમ–ચિંતવે આશા ફલી. ॥૩॥ કલિયુગમાંહે વિક્રમરાયનો, [2]સુંદર સોહગ મહીમા માજનો; જેહને સાંનિધ્ય દેવ સદા કરે, આગલિ ઉભા આપદ અપહરે. ત્રોટકઃ–[3]રાવિહરે આપદ ચરિત સુણતાં–નામથી નવનિધિ મલે, ખરતરગચ્છે જિનચંદ સદ્ગુરૂ–સેવતાં વાંછિત ફલે; [4]સતર ચઉવીસે કિસન દશમી–આદિ આસાઢિ સહી, વાચનાચારજ અભયસોમે–મતિમંદિર કાજે કહી. ॥૪॥ इति श्री विक्रमनृपतिपराक्रमेण लीलावतीकथा संपूर्ण ॥ सर्वगाथा संख्या ३१३ छें । संवत् १७७६ वर्षे पौष शुदि १० दिने लिषीतं श्री घोघा बंदरे ખ૦ श्री चंद्रविजयगणिना ॥ (શા. કં. હ. લિ. પ્રત નં. ૪૯૯ પાના ૯)

૧ આય નમીયાં * ૨ સોહગ સુંદર મહિમા અતિભલો * ૩ અપહરે * ૪ સત્તરસે *

બીજી હસ્તલિખિત પ્રતની પુષ્પિકા–

इति श्री विक्रमलीलावतीरास संपूर्णः ॥ संवत-१८०२ वर्षे पोसवदि १५ दिने भोमवासरे ॥ पं. श्री ५ श्री १०८ श्री श्री श्री पं. प्रतापविजय ग. शीष्य पं. भुपतिविजयलपिकृतः ॥ (શા. ક઼ં. હ. લિ. પ્રત નં. ૪૯૪ પાના ૮)

ઇતિ શ્રી વિક્રમ–લીલાવતીનો રાસ

સમાપ્ત.

પંડિત શ્રી જ્ઞાનસાગરજી કૃત

– માયાપિંડ ગ્રહણોપરિ –

# આષાઢાભૂતિ ચોપાઈ.

॥ દુહા ॥

સકલ ઋદ્ધિ સમૃદ્ધિકર, ત્રિભુવનતિલક સમાન;
પ્રણમું પાસ જિનેસરૂં, નિરૂપમ જ્ઞાન નિધાન. ॥૧॥
ગૌતમ આદિ ગણધરા, જે પ્રણમી નિત્યમેવ;
સાંનિધ્યકારી શારદા, તે પ્રણમું શ્રુતદેવી. ॥૨॥
માણિક્ય સાગર મુનિતણે, ચરણે નામું શીષ;
મુજ ગુરૂ તે મહિમાનીલો, પ્રણમું વિશ્વાવીશ. ॥૩॥
સદ્‌ગુરુના સુપસાયથી, હોશે સરસ સંબંધ;
વચન વિલાસ વિશેષથી, પ્રગટ થઇ પ્રબંધ. ॥૪॥
માયા પિંડ ન લ્યે જિકે, તે કહીઈ નિરગ્રંથ;
જિનમારગ સુધો ધરી, સાધે શિવપુર પંથ. ॥૫॥
લંપટ સરસ આહારના, જે થાયે અણગાર;
ચારિત્ર છોડી નિત્યકે, માંડે ઘર વ્યવહાર ॥૬॥
આષાઢાભૂતિ અતુલબલી, વિદ્યાનો આવાસ;
મુનિવર મોદક લાલચેં, પડીઓ નારીપાશ. ॥૭॥
જો ગુરૂવચન હીયે ધર્યો, તો પામ્યો પ્રતિબોધ;
માનુનીને મૂકી વળી, તરીયો તે થઈ યોધ. ॥૮॥

## ॥ ઢાળ ૧ લી ॥

રાગ ગુડી. રામચંદ કે બાગમેં ચંપો મોરી રહ્યો રી...એ દેશી.

જંબૂદ્વીપમાં ખેત, દક્ષિણ ભરત કહ્યો રી; વચ્છ પાટણ ધન્ય ધામ, તિણમેં તિલક લહ્યોરી. ॥૧॥ ચોરાસી બાજાર, સેત્તીસો પુરીસો હિ; અલકાકો અવતાર, દેખી સુર નર મોહી રી. ॥૨॥ જિહાં જિતશત્રુ નાંમિં, રાજેસર રાજી રી; શીલવતી સુપવિત્ર, પટરાણી છાજી રી. ॥૩॥ ધર્મવંત યશવંત, તિહાં નિવસે વ્યવહારી; જાકી સંપદ દેખી, ધનદ રહ્યો મનોહારિ. ॥૪॥ તિણિ પુરીહિં સુખકાર, શેઠ કમલ સોભાગી; દોલતીવંત દાતાર, જ્ઞાનધર્મ ગુણરાગી. ॥૫॥ તાસ યશોદા નારી, સોભાગિણી રી; ઇંદ્રાણી અનુહારી, પ્રિયશું પ્રીતિલીની રી. ॥૬॥ પંચવિષય સુખભોગ, કમલ-યશોદા વિલસે; જ્યું સુરપતિ સુરલોગેં, પુણ્ય સફલ સબ ફલશ્યેં ॥૭॥ પ્રસવ્યો અનુક્રમિં પુત્ર, મકરધ્વજ અવતારી; આષાઢાભૂતિ કુમાર, નામ દીઓ નિરધારી. ॥૮॥ ગુડીરાગ રસાલ, પહિલી ઢાલ ભચી રી; જ્ઞાનસાગર કહે એમ, સુણો ભવિ શ્રવણ દઇ રી. ॥૯॥ સર્વ ગાથા ૧૭

### ॥ દુહા ॥

વધતાં વરસ અગ્યારનો, થયો આષાઢો તેહ;
મન મોહે નર-નારીનાં, રૂપવંતમાં રેહ. ॥૧॥
એહવે આવી સમોસર્યા, ધર્મરુચિ મુનિરાજ;
ભીમ ભવોદધિના ભલા, તારણ તરણ જહાજ. ॥૨॥

જિતશત્રુરાજા સુણી, આવ્યો વંદન વેગિ;
કમલશેઠ સુત સાથ લેઈ, આવી વંદી નેગિ. ॥૩॥
થિરચિત્ત સવિ પરષદ લહી, શ્રીધર્મઋચિસૂરિ;
પરમદયાઇં પ્રેમશું, દેશના દીઇં સનૂરી. ॥૪॥

## ॥ ઢાળ ૨૭ ॥

વાત મ કાઢો વ્રતતણી... એ દેશી.

પંચેન્દ્રિયપણું દોહિલું, દોહિલો નરભવ જાણી રે; આર્યદેશમાં દોહિલો, ઉત્તમ કુલ લઈ પ્રાણી રે.... ભાવે ભવિઅણ સાંભલો. ॥૧॥ ભાવે ભવિઅણ સાંભલો, જે કહી જિનવર વાણી રે; એકણ ચિત્તે આરાધતાં, દેશે શિવપદ સુખ ખાણી રે.... ભાવે૦ ॥૨॥ સાધુ સમાગમ દોહીલો, સુણવો સૂત્ર વચન્નો રે; સુણી સદ્દહવું દોહિલું, દોહિલું નિરૂજ તન્નો રે.... ભાવે૦ ॥૩॥ એ પરમાંગ આઠે લહી, પરિહરીને પરમાદરે; આદરો વિરતિ વિશેષથી, છંડીય વિષય સવાદ રે.... ભાવે૦ ॥૪॥ કર્મ સાધારણ બહુ કરી, પાપે પિંડ મ ભારો રે; પાપ કુટુંબને પોષવા, તુમ્હે છલ-છેદ મનિં નિવારો રે.... ભાવે૦ ॥૫॥ કરી કુટુંબને કારણે, જેહ જેહ કર્મ એ જીવો રે; પોતે ભોગવશ્યે તિકે, પાડંતા મુખિં રીવો રે.... ભાવે૦ ॥૬॥ આડો કોઇ ન આવશ્યેં, માત પિતા પરિવારે રે; આવે કરમ ઉદય જિકે, સહી પ્રાણી નિરધારો રે.... ભાવે૦ ॥૭॥ જુઓ જુઓ નાટક જીવડો, વિષયતણિં વશે નાચે રે; પીધાં તે ફરસે ખુશી, ઉપન્યો તિહાં વલી રાચે રે....ભાવે૦ ॥૮॥ સાત વહે બારે સદા, રમણી લઘુ મલખાલ રે; અતિ

દુરગંધ ફલઉપરિં, મ કરો માયાજાલ રે.... ભાવે૦ ાાલ્રા બીજી ઢાલ માંહિ ભલી, શ્રીગુરૂ દેશના દીધી રે; જ્ઞાનસાગર કહે તે સુણી, ભવિયણે હૃદયમાં લીધી રે.... ભાવે૦ ાા૧૦ાા

ાા દુહા ાા

નૃપ આદિ નરનારી બહુ, મુનિને કરી મનોહાર;
અગડ નીમકે ઉચ્ચરી, શ્રાવકના વ્રત બાર ાા૧ાા

## ાા ઢાળ ૩ જી ાા

રાગ જયતસરી. ચતુર સનેહી મોહના... એ દેશી.

વસુધાપતિ વાંદી વળ્યો, શેઠ કમલસુત સારો રે, પરમ વૈરાગ પાયો મનિ, આષાઢભૂતિ કુમારોરે.... માત પિતા પ્રતિ વિનવે. ાા૧ાા માતપિતા પ્રતિ વિનવી, દીઓ સંયમ આદેશો રે; નિર્મલ ચિત્તે પાલતો, વિચરીશ દેશ વિદેશો રે.... માત૦ ાા૨ાા તું તું વચ્છ લઘુ બાલ છે, સાંસારિક સુખભોગો રે; ભોગવી બૂઢા-પણિં થઈ, લીયો ચરિત્ત યોગો રે.... પિતા સુતશું કહે. ાા૩ાા અતિ આગ્રહે અનુમતિ લઇ, શ્રી ગુરૂને કહે સોઇ રે; તારો ભવસાયર થકી, સુનજરે સ્હામું જોઈ રે....આષાઢો ઈમ વિનવે. ાા૪ાા એ સંસાર અસારમાં, ધિગ ધિગ કૂડી માયા રે; કાંકર કાચ મ માગણી, હેમ રતન વોસીરાયા રે.... આ૦ ાા૫ાા પંચ મહાવ્રત પ્રેમશું, ઉચ્ચરીને એકંગી રે; વિહાર કરે વસુધાતલે, સહિ ગુરૂ કેરો સંગિ રે.... આ૦ ાા૬ાા આવશ્યક ષદ આદિથી, આગમ નિગમવેદી રે; મંત્ર

યંત્ર મણિ ઔષધિ, સવિહુમાં થયો ભેદી રે.... આ૦ ॥૭॥ તપ-જપ-સંયમશું ભલા ઉગ્ર ક્રિયા મુનિ પાલે રે; આણ વહે ગુરૂની સદા, યતિધર મુનિ અજૂઆલે રે.... આ૦ ॥૮॥ નયર રાજગ્રહી અન્યદા, શ્રી ધર્મરૂચિ સૂરિંદા રે; અનુક્રમે પુહતા વિચરતા, ગુરૂ શ્રુતજ્ઞાન દિણંદા રે.... આ૦ ॥૯॥ સાધુસમાગમ સાંભલી, શ્રી સિંહરથ ભૂપાલો રે; આવીને કરી વંદના, દેશના સુણે ઉજમાલો રે.... આ૦ ॥૧૦॥ વાંદી નૃપ મંદિર ગયો, જયતસિરીમાં રસાલો રે; જ્ઞાનસાગરે અતિ નેહશું, એ કહી ત્રીજી ઢાલો રે.... ॥૧૧॥ સર્વગાથા ૪૩

॥ દુહા ॥

ગુરૂઆદેશે ગોચરી, ફરી રાજગૃહીમાંહિ;
ઉચ્ચનીચ મધ્યમકુલે, આષાઢો ઉચ્છાંહિ. ॥૧॥
ધવલગૃહ દેખી કરી, પેઠા તેહને દ્વાર;
તવ તે ઘરની સ્વામિની, મુનિને કહે તેણિવાર. ॥૨॥

## ॥ ઢાળ ૪ થી ॥

બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો?... એ દેશી.

આઘાં આમ પધારો રાજ! લટકી પાઉં ધરી જી, ઉત્તમ આહાર તુમ્હને દીજે, દક્ષિણ કર ફલ લીજે; ચોકમાંહિ તુમ્હે આવો ચાતુર, મોદક પાત્ર ભરી જી.... આઘા૦ ॥૧॥ ચાતુરીએ કરી ચરણ ધરીજે, મંદિર પાવન કીજે જી; કોમલ કમલનાલ સમ કરશું, પડિગ્ગહ પ્રેમે ઠવીજે જી.... આઘા૦ ॥૨॥ આજ અમ્હારા આંગણે સ્વામી!, સુંદર સુરતરૂ ફલીઓ જી; ચિંતા-

ચૂરણ ચિંતામણિ સમ, મુનિજી જે તું મલીઓ જી.... આઘા૦ ॥૩॥ સિંહકેસરીઓ મોદક મુનિને, એમ કહી વીહરાવી જી; રૂષિજી મોદક લઇ રંગે, ખડકીમાં ફરી જાવે જી.... આઘા૦ ॥૪॥ એ મોદક મુજ ધર્માચાર્ય, ધર્મરૂચિને હોસ્યે જી; લઘુ શિષ્યાદિક સઘલાઇ મુનિ, શ્રી ગુરૂ સાહમું જોસ્યે જી.... આઘા૦ ॥૫॥ એમ વિચારી વિદ્યાને બલે, અવર રૂપ મુનિ કીધો જી; અતિ કાલો ને એક પગિં ખોડું, ધર્મલાભ જઈ દીધો જી.... આઘા૦ ॥૬॥ અવર સાધુ દેખી નાટકણી, વુહરાવી વલી લાડૂ; રસલંપટ થયો તે સાધુ, મીઠાઈનો ઝાડૂ... આઘા૦ ॥૭॥ ઘરબહારિ આવીને ઈમ ચિંતે, એહ અધ્યાપક લેશે; ફેરી રૂપ કરી મંદિરમાં, આવ્યો કૂબડવેશે.... આઘા૦ ॥૮॥ અતિભાવે આપે નાટકણી, ત્રીજો મોદક તેહને; મનિં ચિંતે મૂલગુરૂભાઈને, એ લાડુ હોશે એહને.... આઘા૦ ॥૯॥ ચોથું રૂપ કર્યું વળી ચતુરે, ડાબી આંખે કાણો, જિમણિ કરે ટુંટો જઈ, દીધો ધર્મલાભ સપરાણો.... આઘા૦ ॥૧૦॥ મોદક વહોરીને મુનિ વલીઓ, ચિત્ત માં એમ વિમાસે; લાડુ તો લેખાશું જોતાં, એ લઘુશિષ્યને થાશ્યે....આઘા૦ ॥૧૧॥ વૃદ્ધ સાધુનું વિદ્યાએ વળી, રૂપ કર્યું તવ રૂડું; દંતવિના પોલું મુખ ખલીઉં, બેઠું ડાચું ઉંડું.... આઘા૦ ॥૧૨॥ લુખી ખાલડી વળી લીલરીયું, ઝાં ઝાં મુઝા કરતો; દંડાધારી તે ડગમગતો, હલૂઇં પગલાં ધરતો.... આઘા૦ ॥૧૩॥ ગોખે વિશ્વકર્મા નાટકીઓ, બેઠો છે ગૃહસ્વામી; નવ નવ રૂપ કરંતો નિરખી, રહ્યો મનમાં કૌતુક પામી....

આઘા૦ ॥૧૪॥ જેમ શૂરો ક્ષત્રીને જોઈઇ, એ પણ તેમ અમ્હારે; એકપખો શત સહસ પુરૂષનું, એ મુનિ કારજ સારે.... આઘા૦ ॥૧૫॥ ઇમ ચિંતી નાટકીઓ હેઠો, ગોખથકી ઉતરીઓ; રોમાંચિત આવી તે રૂષિને, કર જોડી અનુસરીઓ.... આઘા૦ ॥૧૬॥ અમ્હ ઘરિં દિન પ્રતિ આવી ઋષિજી, મોદક વુહરી જાઓ; અરહા પરહા ભિક્ષાને અરથે, માહૂ તુમ્હે મત થાઓ.... આઘા૦ ॥૧૭॥ એમ સુણીને લેઈ લાડુ, મુનિવર તિહાંથી વલીઓ; જ્ઞાન કહે મુનિ ચોથી ઢાલે, રસ-ગૃદ્ધિમાં ભલીઓ.... આઘા૦ ॥૧૮॥

॥ દુહા ॥

વિશ્વકર્માને મંદિરે, દિનપ્રતિ મોદક પંચ;
વહોરી તે મુનિવર વલી, ન કરે નિત ખલખંચ. ॥૧॥
નાટકીઓ નિજપુત્રીને, કહે સુણો એક પરમથ્થ;
કામકુંભસમ છે યતિ, જિમ તિમ કરજો હત્થ. ॥૨॥
પ્રભાતિં વલી આવશ્યે, સોલ કરી શૃંગાર;
કામકટાક્ષે પાડજો, તુમેં કરજો ભરતાર. ॥૩॥
મધ્યાહ્ને મુનિ આવીઓ, વિહરણવેલા સોય;
આવી તાતની અનુમતિ, કોમલ કન્યા દોય. ॥૪॥

## ॥ ઢાળ ૫ મી ॥

નરાંણાની દેશી.

કૂચબંધૂક કરી કામિની રે, જામગરી લેવેણી.... મોહનીયાં! તેરે બિન ઔર ન ધરૂંગી; પાલવ ઢાલ

ધરી ભલીરે, આઈ ઝૂંઝણી તેણી.... મો૦ તેરે૦ ॥૧॥ ભમુહ કમાન ચઢાઇ કેરે, વરસતી લોચન બાણ.... મો૦; ભુવનસુંદર જયસુંદરી રે, બોલી ઇસી વાણ.... મો૦ તેરે૦ ॥૨॥ તેં મન મોહ્યો ટેકશું રે, તું સાહિબ સુરતાણ.... મો૦; તું અમ્હ શિરકો સેહરો રે, તું તો ચતુર સુજાણ.... મો૦ તેરે૦ ॥૩॥ નઉણીદલસમ સાહિબા રે, તુમ તનુ એહ.... મો૦; ચારિત્ર ખાંડ ધારયો રે, કયોં પાલોંગ તેહ ?.... મો૦ તેરે૦ ॥૪॥ ઘર ઘર ભિક્ષા ડોલતી રે, કહિસી કોઉ સવેર.... મો૦; જેમ રહી અણગારજી રે, કયોં કરો આજ અબેર ?.... મો૦ તેરે૦ ॥૫॥ પ્યાસ લગી મલશેં પ્રભુ રે, અતિ તાતો જલખાર.... મો૦; કયોં જલવાંણી કુંડકો રે, પીઉડા ! પ્રાણાધાર.... મો૦ તેરે૦ ॥૬॥ ઇચ્છા ભોજન છાંડવો રે, ભિક્ષાશું વ્યવહાર.... મો૦; નીરસ શીતલ પિંડકે રે, કયોં કરી લ્યોગે આહાર.... મો૦ તેરે૦ ॥૭॥ બાહુ શીરાણી દેયકેં રે, સોણો ધરણી સેજ.... મો૦; છૂભસી દરભ બિછાવતેં રે. બાવલં પિંઉ બેજ.... મો૦ તેરે૦ ॥૮॥ શાંમભમાર સુકુમાલસે રે, કયોં લોચોંગે કેશ.... મો૦; નંગે પાઉ ખોલી શરીરે, કયોં ફરોંગે પરદેશ.... મો૦ તેરે૦ ॥૯॥ દશદિન યૌવન પ્રાહુનો રે, યૌવનલાહો લેહ.... મો૦; હમ દાસી ભયીં તાહરી રે, માની વચન ગુનગેહ.... મો૦ તેરે૦ ॥૧૦॥ હમ દો ભગિનીકો ભલો રે, મહુર્યો (મોર્યો) યૌવન અંબ.... મો૦; લૂંબ લ્યો હાથ પસારકે રે, મત કરો લાલ વિલંબ.... મો૦ તેરે૦ ॥૧૧॥ આહેડી દો નાયિકા રે, છોડે મોહકે તીર.... મો૦; નેહકી સલમ લગાય કેરે, પકર્યો સો મુનિકીર....

મો૦ તેરે૦ ॥૧૨॥ છોડો ઓઘો મુહપતી રે, બાંધો પંચરંગ પાગ.... મો૦; પહેરો પાઉં મોજડી રે, બિઠો હોય કે બાંધ.... મો૦ તેરે૦ ॥૧૩॥ હાવભાવશું કામિની રે, વિભ્રમ ઔર વિલાસ.... મો૦; મગન કીઓ મુનિ-રાજકાં રે, પાડયો પદમિણી પાસિ.... મો૦ તેરે૦ ॥૧૪॥ यदुक्तम्-'हावो मुखविकारः स्यात्, भावश्चित्त समुद्भवः। विलासो नेत्रजो ज्ञेयो, विभ्रमो भ्रूसमुद्भवः ॥१॥' જ્ઞાન કહે પંચમી ઢાલમેં રે, જો રસલંપટ હોય.... મો૦; સંયમશું પડે સાધુજી રે, આષાઢ ભૂતિ જ્યું સોય.... મો૦ તેરે૦ ॥૧૪॥

॥ દુહા સોરઠી. ॥

વલગી વિષયની ટેવ, નાટકીયાના ઘર થકી;
હલ ફલતો ઋષિ હેવ, આવ્યો અતિ ઉતાવલો ॥૧॥
આજ કાં થઈ અ વાર, સહિગુરુ સાહમા બારણિં;
ઉભા છિં તિણિવાર, આવીને આગલ થકી. ॥૨॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

ત્રિભુવન તિલક સોહામણો રે... એ દેશી.

આષાઢભૂતિ અણગારને રે; કહે ગુરુ અમૃત-વાણી રે.... યોગીસર ચેલા; ભીક્ષાનિં ભમતા થકાં હો લાલ, આજ સવેલા કિમ એવડી રે કહો કિહાં થઇ ગુણખાણી રે.... યો૦ ॥૧॥ અમ્હે ઉભા જુઉં વાટડી હો લાલ, સહિગુરુ વચન તે સાંભલી રે.... વટકી બોલ્યો ચંડરે.... યોગીસર ગુરૂજી; ઘર ઘર ફરતાં ગોચરી હો લાલ, તાપ તૃષા દુઃખ વેઠવા રે, ઉપરિ તુમ વચ ડંડ રે,.... યો૦ તુમ૦ ॥૨॥ પરિસહથી તું

ઉભગ્યો રે, કાં વચ્છ! દુષ્કર કાર ?.... યોગી૦; માતપિતા રોતાં ત્યજી હો લાલ, છોડી ઋદ્ધિ તૃણ જ્યું ગણીરે.... તે લીઓ સંયમભાર રે.... યો૦ આજ૦ ॥૩॥ આજ કાં આમણ દૂમણો રે, છટક મટક કરે કાંઇ રે.... યોગી૦; ચારિત્રથી ચિત્ત ચૂકીઓ હો લાલ, વેંધાણો કિણ વેધડી રે ?, ઉલસવાલસ થાય.... યોગી૦ આજ૦ ॥૪॥ તવ ઋષી ત્રટકીને કહે રે, મલિ મલિ શું કરો માંડ રે ?.... યોગી૦; લઘુવયથી મુઝનિં લીઓ હો લાલ, સ્યામાસ્વાદ ન કો લહ્યો રે, લિંબ સાકર કિ પાંડ રે.... યો૦ તુમ૦ ॥૫॥ આજ નટવી બે મલી રે, સફલ કર્યો સંસાર.... યો૦; નિજરે નીરખી નાયકા હો લાલ, તે માહરી ઇષ્ટ દેવતા રે.... માનિની મનિં નિરધાર રે.... યો૦ તુમ૦ ॥૬॥ કુલં કર્યો તિણશું ખરો રે, હું જાઇશ તિહાં હેવ રે.... યો૦; આવ્યો લેવા આગન્યા હો લાલ, યુવતીનો રસ જોયવારે—દીઓ જાવા મુજ દેવરે.... યો૦ તુમ૦ ॥૭॥ સીસ ધૂણી ગુરૂ સાંભલી રે, કામીનીએ ઠગ્યો કયાંહિ રે ?.... વિષયના રાતા; અમૃતમાં વિષ ઉપનું હો લાલ, સાંભલ શ્રવણ તું દેઇને રે–દિઉં હીતશીખા આંહિ રે.... વિ૦ ॥૮॥ વિષયનાગ ગ્યાન ગંજીઇ હો લાલ, ભવનું બીજ છે ભામિની રે— નરકની દીવી નારી રે.... વિ૦; કલહનો કંદ છે કામિની હો લાલ, દુખની ખાણી એ અંગના રે– જુઓ હૃદય વિચાર રે.... વિ૦ ॥૯॥ પોપટને મીની મીલે રે, જેહવી બાઝી પ્રીતરે.... વિ૦, મચ્છાનિં બગલી મીલી હો લાલ, તિમ નર નેં નારી મલી રે– ભાંજે શીલની રીતિ રે.... વિ૦ ॥૧૦॥ જિમ મૃગ

વાઘણુનિં મલ્યો રે, મોહીની મલ્યો નાગરે.... વિ૦; સમલીનિં મલ્યો ચડકલો હો લાલ, તિમ સુંદરી સાધુનિં રે–જોતાં વિરતી ભાગિ રે.... વિ૦ ॥૧૧॥ હરિણાક્ષી શાલરૂપની રે, હરિનારિ હઠવંત રે.... વિ૦; મરડી મારે માનિની હો લાલ, અબલા નામ ધરાવતી રે–સીંહણથી બલવંત રે.... વિ૦ ॥૧૨॥ મણિધરનો મણિ લેવતાં રે, સોહિલો છિ સુણુ સીસ રે.... વિ૦; કરીઇ વશિ સીંહકેસરી હો લાલ, પણ દોહિલી ત્રીયરાક્ષસી રે–જીપવા વીસવાવીસ રે.... વિ૦ ॥૧૩॥ ચંચલ હોય કુશીલીની રે, ધમીધૂતારણી ધીઠ રે.... વિ૦; કૃમિ મલ મૂત્રની કોથલી હો લાલ, રંગ પતંગી નારીનો રે–માની મા રંગ મજીઠ રે.... વિ૦ ॥૧૪॥ પાર સાયરનો પામીએ રે, જેહ અપારાવાર રે.... વિ૦; પણિ ત્રીય પ્રકૃતિવિકારથી હો લાલ, નારી ચરિત્ર જે ઉપન્યા રે–ન લહે કોઈ તસ પાર રે.... વિ૦ ॥૧૫॥ નેહ નારીનો કારીમો રે લાલ, જિમ કાયરનું શૂર રે.... વિ૦; મૂરખ ! શું ઇમ મોહીઓ હો લાલ, જ્ઞાન કહે છઠી ઢાલ માંરે–દે ગુરૂ શીખ સનૂર રે... વિ૦ ॥૧૬॥ સર્વગાથા ૧૦૨.

॥ દુહા ॥

શીખ ગુરૂની અવગણી, હવે આષાઢો તેહ;
નાટકણી ઘરે જાયવા, નીકલીઓ ધરી નેહ ॥૧॥

તવ સહિગુરૂ કહે તેહને, શીખામણ એક સાર;
વચ્છ ! તિહાં જઈ વરજજે, મદિરા માંસ આહાર. ॥૨॥

ધણીને મોહે ધસમસી, આવંતો ઉલ્હાસિ;
દીઠો નયણે દૂરથી, સુંદરીએ સુવિલાસી. ॥૩॥

## ॥ ઢાળ ૭ મી ॥

છાજિ બેઠાં સાદ કરંતી લાજી મરૂં... એ દેશી.

ભુવનસુંદરી જયસુંદરી શ્યામા, ઉલટ આણી લો.... પ્રીઉડા ! વારૂ જી રે લો; બે સાહમી આવી, નેહ જગાવી બોલી વાણી લો.... પીઉડા૦ ॥૧॥ સેવક સંભાલી, વાચા ભૂપાલા; બલિ જાઉં તોરી લો૦ પ્રી૦; લાવણ્ય લચ્છી ઓરી બે વે ગોરી; પછડ ચકોરી લો.... પ્રી૦ ॥૨॥ મે રૂડી એ ભાલી, પંથ નિહાલી; રહતી આંહિ લો.... પ્રી૦; આવો જી માંહિ, અમ વિવાહીં, રહા ઉચ્છાંહિ લો.... પ્રી૦ ॥૩॥ મદિરા માંસ બેહી, સુણો સસનેહી; નેમ ક્યોં તેહી લો.... પ્રી૦; પદમણી પાલો જી, તિહાંરી તુમ વરીઇ; અંગીકરીઈ ધરીઈ ગેહી લો.... પ્રી૦ ॥૪॥ અભક્ષ પરિહરસ્યાં, તુમનિં વરસ્યાં, કરશ્યાં કેલી લો.... પ્રી૦; આણ તુમચી વહિસ્યાં, નિશદિન રહિસ્યાં, મંદિરમાં ભેલી લો.... પ્રી૦ ॥૫॥ મુખફુલ તુમારૂં, નિરખી સારૂં, મુજરાં કરસ્યાં લો.... પ્રી૦; હિત મેહ મનોહર, પ્રેમ સરોવર; વરસી ભરસ્યાં લો.... પ્રી૦ ॥૬॥ મધ મંસ નિવારી, પરણી નારી, ચઢયો અઠારી લો.... પ્રી૦; ચારિત્ર છંડાવ્યો, ઘર મંડાવ્યો, પ્રીતકટારી લો.... પ્રી૦ ॥૭॥ લહી સરસ સુભોજન, રસવતી વ્યંજન; અતિ ઝલફલસ્યે લો.... પ્રી૦; ભૂખ્યો જિમ ખાઈ, કિમે ન ધરાઈ, ભોગવ્યોં વિલસ્યાં લો.... પ્રી૦ ॥૭॥ કહી સાતમી ઢાલિ, જ્ઞાન વિચાલી, શ્રુતરસભીનો

લો.... પ્રી૦; ઉપદેશ ચિન્તામણી, ગ્રંથથકી સુણી, સંબંધ લીનો લો.... પ્રી૦ ॥૮॥ સર્વગાથા ૧૧૩

॥ દુહા ॥

આષાઢો નાયક હવે, નૃપસિંહરથને નેહ;
વિદ્યાને બલેં નવ નવાં, રૂપ ધરીનેં તેહ ॥૧॥
નાટિક નવ નવ ભાંતિના, દેખાડી લાવે દામ;
મણિ માણિક મોતી ભલાં, આપે ભૂપતિ તામ. ॥૨॥
પટકા ચીરા પામરી, જરતારી મંદેલ;
કનકાભરણ રતનજડિત, આપે ફુલ ચમેલ. ॥૩॥
આપે તેજી હાંસલા, વારૂ વૃષભની જોડી;
વહિલ સુખાસન વિવિધ ધન, કનકરતનની કોડિ. ॥૪॥

## ॥ ઢાળ ૮ મી ॥

થારાં મહોલાં ઉપરિ મેહ ઝબૂકે વીજલી હો લાલ...એ દેશી.

લેઈ નૃપનું દાન, આષાઢો મંદિરે હો લાલ.... આષાઢો૦; આયો અતિ ઉલ્હાસિ, ઉચ્છુક ઉલટ ભરી હો લાલ.... ઉચ્છુક૦ ॥૧॥ વિલસી ભોગવિલાસ; વિવિધપરેં રૂયડો હો લાલ.... વિ૦; નિરૂપમ રમણિક નારી-માંહી જિમ સૂયડો હો લાલ.... માં૦ ॥૨॥ માલતી ફુલનિં પરીમલે, પ્રીણેયોં ભમરલો હો લાલ.... પ્રી૦; દેઈ મનવાંછિત તાસ, તેહ તરૂ અમર લો હો લાલ.... તે૦ ॥૩॥ વારી ચાંદરણી દોય, માંહિ જિમ ચાંદલો હો લાલ.... માં૦; અમરીગણમાં જેમ, વિરાજિં ઇંદ લો હો લાલ.... વિ૦ ॥૪॥ ઇણીપરે સુખ ભરપૂર, રહેતાં તિણ પુરીં અન્યદા હો લાલ....

૨૦; નાટકીયા પરદેશી, ભૂપપાસિં મુદા હો લાલ.... ભૂપ૦ ॥૫॥ આયા દે આસીસ, કહે સુણો રાયજી હો લાલ.... કહે૦; હોવી નાટકીયા જેહ, લાયક ઈણિ ઠાયજી હો લાલ.... લા૦ ॥૬॥ તેડાવો પ્રભુ! જાસ, રમીશું વાદશ્યું હો લાલ.... ૨૦; તાલર બાપ ને માદલ, ભૂંગલ નાદશું હો લાલ.... ભું૦ ॥૭॥ રમતાં દેશવિદેશ, જીત્યા જે જે ગુણી હો લાલ.... જીત્યાં૦, આ પૂતલડાં તાસ, બાંધ્યા નૃપદિનમણિ! હો લાલ.... બાં૦ ॥૮॥ અમ્હનિં જીતી જેહ, છોડાવે તે પૂતલાં હો લાલ..... છો૦ નર નવિ દીઠા કોઇ, ઇશ્યાં અમ્હે ભૂતલાં હો લાલ.... ઈશ્યાં૦ ॥૯॥ સુણી સિંહરથ ભૂપાલ, સેવકને ઇમ કહે હો લાલ૦.... સે૦; જાઇ આણો તેડી, આષાઢો જિહાં રહી હો લાલ.... આ૦ ॥૧૦॥ કૌટુંબિક નરે જઈ, તાસ જણાવીઓ હો લાલ..... તાસ૦; કરવા નાટક કાજિં, એકાકા આવીઓ હો લાલ.... એ૦ ॥૧૧॥ વિદ્યાનેં બલે રૂપ, અનેક કરી તિહાં હો લાલ.... અ૦; માંડયો નાટક સાજ, વાદી નાટક જિહાં હો લાલ.... વા૦ ॥૧૨॥ બેઠો સાખી ભૂપ, લીએ મુજરો ભલો હો લાલ.... લીએ૦; જોવે હાર ને જીત, ક્ષત્રીવર સિંહ લો હો લાલ.... ક્ષ૦ ॥૧૩॥ જ્ઞાન સાગર કહે એમ, આઠમી ઢાલમાં હો લાલ.... આ૦ પાછળથી દોય નારી, થઇ મધ્યચાલમાં હો લાલ.... થઈ૦ ॥૧૪॥

॥ દુહા ॥

પ્રીતમ પરવાદી ભણી, જીતણ ચાલ્યો જાણ;
ભુવનસુંદરી જયસુંદરી, જૂઓ કરે જે વિન્નાણ ॥૧॥

## ॥ ઢાળ ૯ મી ॥

હો મતવાલે સાજન... એ દેશી.

અવસર આજ મલ્યો ભલો, હવિં ગોઠી કરીજે ગોરી રે; પ્રીતમ તો દિન પાંચમે, આવશે બહિન રમો રી.... અવ૦ ॥૧॥ ગોતહરાથી કાઢીયાં, કેતે એક દિન કરિતારી રે; કેડે પડંતો કંતડો, મંદિરમાં રહેતો જ્યારી રે.... અવ૦ ॥૨॥ પીવા ન દેતો પદ્મિની; મદિરાનો રસ માતંગી રે; ભખિવા અભક્ષ ન દેયતો, ધીઠો પ્રીયુ ધર્મનો ઢોંગી રે.... અવ૦ ॥૩॥ મદિરા પીજે માનીની, આહારીજે મંસ આહારો રે, રાજ સુપનનું વહી જશે, તો કામિની કાં કરો કારો રે?.... અવ૦ ॥૪॥ વનિતાએં પીધી વારૂણી, થઈ માંસભખી મતવાલી રે; નગન ફીરે નારી બંને, ચીવરની વર્ચા ટાલી રે.... આવો૦ ॥૫॥ ખિણ ગાવે ખિણમાં રૂઇ, ખિણ એક હસી દેવે તાલી રે; ખિણ નાચી ખિણમાં સૂઇ, ખિણ દોડી પલવટ વાળી રે.... અવ૦ ॥૬॥ જ્ઞાનસાગર કહી સાંભળો, શ્રોતાજન નવમી ઢાલી રે; હવે આષાઢો પામસ્યેં, વિરાગ સ્રીચરિત્ર નિહાલી રે.... અવ૦ ॥૭॥

॥ દુહા ॥

જાણ્યું 'તું પીઉ આવશે, છતી દિવસ બે ચ્યાર;
નાટકીયા વાદીજીકે, તે જીતી તિણવાર. ॥૧॥
છોડાવી સવિ પૂતલાં, મૂકાવી તસ માન;
મંદિર આવ્યો મલપતો, મયગલનિં ઉપમાન. ॥૨॥

ચઢવા મેડી ઉપરે, દાદર આવ્યો જામ;
ખાટી છાક છડાછડી, છૂટી ઠામોઠામ. ॥૩॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

રાગ... ધન્યાશ્રી. તે મુનિવર જગિં વંદીઈરે... એ દેશી.

મદિરાતણેં માનુની, પડિઉ બિન્હે ભૂપીઠ; વમન કર્યો મુખમાં તિણિં, બેઠી માખી રે મૂકેં છિં વીઠ.... ધિગ ધિગ ધણીની પ્રીતડી રે. ॥૧॥ ધિગ ધિગ ધણીની પ્રીતડી રે, શું મોહ્યો રે શ્યામાનિ સંગ ?; ધૂમ-ધવલ હરની પરે રે, અતિ ચંચલ રે ચલિ નવ નવ ઢંગ.... ધિગ૦ ॥૨॥ સ્ત્રી ચિહ્ન ઉપરિં સામટા, ગણ-ગણી માખીગોટ; ઢગ વમનનો આગલ પડયો, મુખ-માંથી રે જાણે છૂટી મોટ.... ધિગ૦ ॥૩॥ એહને અરથિં અવગણી, શ્રીગુરૂતણી મિં સીખ; પાલી મુહ્ને પોઢા કીઓ, લઘુવયથી રે દીધી જિણે દીખ.... ધિગ૦ ॥૪॥ નિજપુત્રની પરે ત્રેવડી, વિદ્યા ભણાવ્યો જેણ; વલી અશન પાણી પોષીઓ, દ્દઢ કીધું રે સઘલું તે એણ.... ધિગ૦ ॥૫॥ ઘરમાંહિથી જબ નીકળ્યો, તવ એહવા ઢંગ; દૂધિં પખાલી વાયસી, પણ ધોલો ન ધરે તે રંગ.... ધિગ૦ ॥૬॥ દૂધિં કપૂરી માછલી, ધોઇ ન છોડી ગંધ; ઓષધ ઘણા એ અંજીએ, નવિ દેખી રે તો પણ જાત્યંધ.... ધિગ૦ ॥૭॥ બગલી ન ન થાઈ હંસલી, શીખવી સુગુણ જો કાંઇ; તિમ નીચ નારીને ઘણું, શીખવતા રે ગુણ નવિ હોય.... ધિગ૦ ॥૮॥ જિમ અથિર મૂછ ઉંદિરતણી, જિમ અથિર કુંજર કાન; જિમ અથિર ઝબૂકો વીજનો, વળી

અથિર ઝરે જિમ સંધ્યાવાન.... ધિગ૦ ॥૯॥ એમ અથિર નેહ નારીતણો, જિમ અથિર ઠારનો ગેહ; જિમ અથિર રાજા દૂબલો, જિમ અથિર ઝરે ખયનની દેહ.... ધિગ૦ ॥૧૦॥ એ સંસાર અસારમાં, ધિગ માનીનીનો મોહ; બાજીગર બાજી જિસ્યું, તે ઉપર રે કરે કુંણ અંદોહ ?....ધિગ૦ ॥૧૧॥ નિરખી તે છાકી નાયિકા, વિરાગ પામ્યો વેગ; શ્રી ગુરૂવચન સંભારીઓ, નિજ આતમ રે તારેવા નેગ.... ધિગ૦ ॥૧૨॥ પ્રતિબોધ પ્રમદાથી લહ્યો, આષાઢાભૂતિ અપાર; કહે જ્ઞાનસાગર સાંભલો, ઢાલ દશમી રે નહિ કેહની નાર.... ધિગ૦ ॥૧૩॥ સર્વગાથા ૧૫૬

॥ દુહા ॥

અલગા ઓઘો મુહપત્તી, મૂકયા હૂંત જેહ;
પડિગ્ગહ પોતે લેઈને, પાછો વળીઓ તેહ. ॥૧॥
વિશ્વકર્મા જઈને કહે, નિજપુત્રીને તામ;
ફીટ રે ફીટ તુમે પાપિણી,................... ॥૨॥
સોનાનો પુરૂષા સમો, આવ્યો હુંતો આંહિ;
જંગમ સુરતરૂ સારિખો, ખોશ્યો પતિ ખિણ માંહિ. ॥૩॥
તે નિસુણી મદ ઉતર્યો, ઉઠી બેઠે બાલ;
પાછલ આવી પદમણી, પ્રીઉનિં કનિં તતકાલ ॥૪॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

વાલ્યો ગજજી, ગજ વાલ્યો હાં... એ દેશી.

ઉભા રહોજી ઉભા રહો, આષાઢાજી ઠાકુર.... ઉભા રહો; જીવન સુખદાયક ઉભા રહોજી ઉભા રહો,

દારિદ્ર દુઃખ ઘાયક.... ઉભા૦ ॥૧॥ છોગાલાજી નાયક.... ઉભા૦, ઉભા૦ લાયકમાંજી લાયક.... ઉ૦; ઉ૦ અરદાસ વીનવીઈ.... ઉ૦, ઉ૦ મુખિ આંગુલી ઠવીઇ.... ઉ૦ ॥૨॥ ઉ૦ પાથરીઇ ખોલા.... ઉ૦, ઉ૦ મત મનિં દ્યો હીંડોલા.... ઉ૦; ઉ૦ એક ગુનહ પડયો.... ઉ૦, ઉ૦ શિર દોષ ચઢયોજી.... ઉ૦ ॥૩॥ ઉ૦ નારી તો ચૂકે.... ઉ૦, ઉ૦ સુપુરૂષ ન મૂંકે.... ઉ૦; ઉ૦ કહાં છાં કર જોડી.... ઉ૦, ઉ૦ કિહા જાઓ છોડી.... ઉ૦ ॥૪॥ ઉ૦ હવિં ઇમ નહિં કીજીંએ.... ઉ૦, ઉ૦ માન એતું દીજીએ.... ઉ; ઉ૦ અગ્યારમી ઢાલિ.... ઉ૦, ઉ૦ પ્રીયું પાછા વલો.... ઉભા૦ ॥૫॥

॥ દુહા ॥

વલતું અષાઢો ઈમ વદે, રહેવા ઈણિં ઘરિં નીમ;
સંવરમાં રહિશું અમે, જાવજીવ જાં સીમ. ॥૧॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

રાગ મારૂ. ધણુરા ઢોલા... એ દેશી.

ભુવનસુંદરી જયસુંદરી રે, કરે વિનતિ કર જોડી;.... ચિત્તરાં ચોરૂં; માનો હે મોહન કહ્યું કીજે.... માનો માનો સુગુણ સુખ દીજે.... માનો માનો હે પ્રેમરસ પીજે.... ચિત્ત૦ ॥૧॥ બગસો ગુનહ ગુણવંતજી રે, છટકી મ જાઓ છોડી.... ચિ૦; મ્હેં છું પગરી મોજડી રે, થેં માથારા મોઢ.... ચિ૦; મ્હેં દાસી થેં ઠાકુરા રે, થાસું કેહી તોડી?.... ચિત્ત૦ ॥૨॥ પિયુને પગે વેણી લૂહિ રે, ચરણે નામી સીસ.... ચિ૦;

સુનજરે જુઓ સાહિબા રે, મનરી મૂંકો રીસ.... ચિત્ત૦ ॥૩॥ મ્હેં અપરાધ કર્યો ઘણો રે, લોપી થારી આણ.... ચિ૦; કહિશ્યો તેહ કરશ્યાં હવિં રે, નાયક ચતુર સુજાણ.... ચિત્ત૦ ॥૪॥ સુંદરી જેહ સુલોચના રે, કહી અજ્ઞાની તે અંધ.... ચિ૦; સુપુરુષ લહી શ્યામા ઇસી રે, તિણસું ન કરે ધંધ.... ચિત્ત૦ ॥૫॥ દીઠી અણદીઠી કરી રે, સુણી અણસુણી કરંત ચિ૦; કામિણી કાદવરી કદઈરે, કેડી ન જોવે કંત ચિત્ત૦ ॥૬॥ મ્હેં છાં અજ્ઞાની ઇસ્યાં રે, થેં જ્ઞાની ગુણવંત.... ચિત્ત૦; મંદિર આવો મયા કરી રે, મ લીયો અબલારો અંત.... ચિત્ત૦ ॥૭॥ કીડી પરિં કટકી કીસી રે, કામગરા છાં કંગાલ.... ચિ૦; જોરિં જો જાશો ત્યજી રે, તો ત્રીયરો કુંણ હવાલ.... ચિત્ત૦ ॥૮॥ બારમી ઢાલમાંહિ કરીરે, માનીની ઘણી મનોહારી.... ચિ૦; જ્ઞાનસાગર કહે નારીનો રે, કૂડો નેહ નીવારિ.... ચિત્ત૦ ॥૯॥

॥ દુહા ॥

જો પ્રીઉ પાઉ ધારો નહિં, તો નાટક કરી એકવાર;
અમ્હને ધન આણી દીઓ, પ્રીતમ પ્રાણાધાર. ॥૧॥
જિમ જન્મારો લીજીઈ, દીજીઈ તુમ આશીષ;
જાવજીવ વિત્ત વિલસીઈં, એમ કરો અમ્હ ઈશ. ॥૨॥
કરૂણાનિધિ કામીનીતણાં, કાલાવાલાં એમ;
સુણી તે સિંહરથભૂપતિ, મંદિર પહોતો પ્રેમ. ॥૩॥
દે આશીષ નરેશને, કહે આષાઢો તેહ;
નાટક ચક્રી ભરતનું, દેખાડું સુસનેહ. ॥૪॥

કુમર ક્ષત્રી પાંચસેં, સોંપો મુજને સ્વામ;
સેનાપતિ સામંત સવિ, થાપો તે જણિં ઠામ. ॥૫॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

રાગ કાફી. માલીકેરે બાગમેં... એ દેશી.

આષાઢો આપ જ થયો, ભરતેશ્વર રાજા રે લો.... અહો ભરતે૦, ચક્રીનું નાટક નાચીરેલો; આયુધઘરિં ચક્ર ઉપનું, કર્યાં ઓચ્છવ તાજા રે લો.... અહો૦ ચક્રીનું૦ ॥૧॥ રાજકુમર જે પાંચસેં, સેનાપતિ આદિ'રે લો.... અહો સે૦; સામંતક થાપ્યા સહુ, શુભ તૂરનેં નાદેં રે લો.... અહો ચક્રી૦ ॥૨॥ વિદ્યાબલેં પરગટ કીયાં, રતન ચૌદેં રૂડાં રે લો.... અહો ર૦; તીરથ ત્રણ્યેં સાધીયાં, બાણ મૂકી ધનુડાંલો... અહો ચ૦ ॥૩॥ સીંધુ ને વૈતાઢિ સાધીયાં, ગિર હિમવંત સાહયો રે લો.... અ૦ ગિ૦; ઋષભકૂટ નામું લિખ્યાં, મનોરથ મનિં વાહ્યો લો.... અ૦ ચ૦ ॥૪॥ ખંડપ્રપા સાધી ગુફા, ગંગા ઉલ્લાસી રે લો.... અ૦ગં૦; ગંગાદેવીસું રહ્યા, તિહાં વલી ઘરવાસિં રે લો....અ૦ ચ૦ ॥૫॥ ચોસઠ સહસ અંતેઉરી, હય ગય રથ પાલા લો.... અ૦ હ૦; સહસ બત્રીશ વિદ્યાબલેં, કર્યા નૃપ મુગટાલા રે લો.... અહો૦ ચ૦ ॥૬॥ ષટખંડ સાધી ભરતનાં, સુંદર સુખ વિલસે રે લો.... અ૦ સું૦; જ્ઞાન કહી તેરમી ઢાલ એ, રાગ કાફીમાં મલશ્યે રે લો.... અહો૦ ચક્રીનું૦ ॥૭॥ સર્વગાથા ૧૮૯

## ॥ ઢાળ ૧૪ મી ॥

દેશી બીંહલીની.

ધિગ ધિગ ધિગ એ કાયા, કૂડીશ્યું કુણ ધરિ માયા હો ધિગ૦ ॥૧॥ આંગુલડી અડૂઈ એક, દેખી ઇમ પ્રગટયો વિવેક હો.... ધિગ૦ ॥૨॥ પહિરી નિં અડૂઇમાંહિ, કિમ દીસી ફેરી આંહિ હો.... ધિ૦ ॥૩॥ કરીર કલપતરૂ જેહવો, આંગુલી અંતર એહવો હો.... ધિ૦ ॥૪॥ જે પુદ્દગલ દીપેં પીયારીં, તેહ દેહી કુંણ સમારી હો.... ધિગ૦ ॥૫॥ ઇમ કહી આભરણ ઉતારી, એક કરથી સકલ વિચારી હો.... ધિગ૦ ॥૬॥ મિંઢવિ અંગુલી અંગૂઠો, અડૂઓ કર જાણે ઠુંઠો હો.... ધિગ૦ ॥૭॥ ઓછે તિલમાત્ર અણુરી, એ ચોરટી ધૂરતી પૂરી હો.... ધિ૦ ॥૮॥ એહનિં અરાથં આરંભ, કીયાં અનરથ અતિઘણાં દંભ હો.... ધિ૦ ॥૯॥ ભાવના ભાવંતા એમ, લહ્યો કેવલ ચક્રીઈ જેમ હો.... ધિ૦ ॥૧૦॥ તિમ કનકકમલિં બીસારી, સુર ભરતની સેવયૌં સારી હો.... ધિ૦ ॥૧૧॥ તિહાંતાઈ ભાવ દેખાડયો, ભલો નાટક સોય ભવાડયો હો.... ધિ૦ ॥૧૨॥ નૃપ સિંહરથ તાંડવ દેખી, હરખ્યો દાન દીએ વિશેષી હો.... ધિ૦ ॥૧૩॥ ક્ષત્રીસુત જે શત પંચ, સબ દેખી નાટક સંચ હો.... ધિ૦ ॥૧૪॥ હુંતા જે આષાઢા પાસે, વૈરાગી થયા વિમાસી હો.... ધિ૦ ॥૧૫॥ હે! એ સંસાર અસાર, છંડીજિ તું શ્રીકાર હો.... ધિ૦ ॥૧૬॥ ઢાલ ચૌદમી જ્ઞાનિં ભાખી, પિંડવિશુદ્ધિવૃત્તિની સાખી હો.... ધિ૦ ॥૧૭॥

॥ દુહા ॥

જે ધન નૃપ દાને દીઉ, સુસરાને તે દેય;
ગયો આષાઢા ગુરૂકને, કુમર પાંચસે લેય. ॥૧॥
આંખે આંસુ ઢાલતો, પ્રણમી ગુરૂના પાય;
પાપ આલોઈયાં પાછલાં, લ્યે ચારિત ચિત્ત લાય. ॥૨॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

રાગ મારૂ ધાઢા નાનપણુના...એ દેશી.

તારો તારો તારક પ્રભુજી, કુમર કહે કર જોડી હો;.... શ્રીગુરૂ સોભાગી; અમ્હે સંસારના ભયથી બીહના, આવ્યા છું ઘર છોડી હો.... શ્રી૦ ॥૧॥ તું તો કર્મકટક નીમોડી હો, કરી અમશું જે હોડાહોડી હો.... શ્રી૦; ઇમ કહી કુણ ઈશાન જઈને, પંચમુષ્ટિ કરી લોચ હો.... શ્રી૦; મુગતિરમણી વરવાને હેતેં, અતિ ભલો એ આલોચ હો.... શ્રી૦ ॥૨॥ પાંચસેં કુમરને દેઈ દીક્ષા, આષાઢાભૂતિને તેહ હો.... શ્રી૦; શિષ્ય એણે સઘલાય આપ્યા, વિરાગી મુનિ જેહ હો.... શ્રી૦ ॥૩॥ જિમ ગતરાજ લહી નર કોય, ગત ધન આવિ હાથ હો.... શ્રી૦; યતન કરી હિયામાં હરખી, કૃપા કરી જગનાથ હો.... શ્રી૦ ॥૪॥ તિમ આષાઢભૂતિ મુનિ, ચારિત્ર પાછું પામી જોર હો.... શ્રી૦; સાવધાન થઈને સાચવતો, મંડિત તપ જપ ઘોર હો.... શ્રી૦ ॥૫॥ વિચરી વસુધાપીઠે વિવેકી, પંચસયાં પરિવાર હો.... શ્રી૦; ધર્મતરૂનિં પલ્લવ કરવા, જલધરનિં અવતાર હો.... શ્રી૦ ॥૬॥ પડિબોહી ભવિયણ પ્રાણીને, દેઇ ધર્મોપદેશ હો.... શ્રી૦; બારે ભેદે તપશું તે ઋષિ,

પ્રીતિ ધરે સુવિશેષ હો.... શ્રી૦ ॥૭॥ રાગ મારૂમાં ઢાલ પન્નરમી, જ્ઞાનસાગરે ધરી નેહ હો.... શ્રી૦; આષાઢે ગુરૂવચન સંભારી, રાખી જગમાં રેહ હો.... શ્રી૦ ॥૮॥ સર્વગાથા ૨૧૬

॥ દુહા ॥

તપ સંયમ ધરીને લીએ, અંતે અણુસણ હેવ;
આષાઢાભૂતિ મુનિ ચવી, દેવલોકે થયો દેવ. ॥૧॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

રાગ ધન્યાશ્રી. પાસજિણંદ જુહારીએ... એ દેશી.

ચારિત્રથી ચૂકીને જે ભવિ, ગુરૂવચન અંગીકરશ્યેં રે; આષાઢભૂતિતણી પરે તે, તો વળી પાછો તરશ્યેં રે. ॥૧॥ એષણીક આહાર લીઓ મુનિ, માયાપિંડ નિવારો રે, શ્રી ગુરૂશીખ ધરી હૈયડામાં, નિજ આતમને તારો રે.... એ૦ ॥૨॥ ચિંતામણિસમ ચારિત્ર લહીને, પરમાદેં કાં હારો રે ?; વિષય કષાય તે વિશેષે વરજી, યત્નેં યતિધર્મ ધારો રે.... એ૦ ॥૩॥ પિંડવિશુદ્ધિની ટીકામાંહિથી, એ અધિકાર મેં લીધો રે; વળી ઉપદેશ ચિંતામણિમાંહિ, ઈમ એ સંબધ છે સીધો રે.... એ૦ ॥૪॥ રસનારસે મેં અધિકું ઓછું, તિણથી જે કહ્યો જાય રે; સંઘતણી સાંખિં કરી તે મુઝ, મિચ્છામિદુક્કડ હોય રે.... એ૦ ॥૫॥ અંચલગચ્છે ગિરૂઆ ગચ્છ-નાયક, શ્રીગુણરત્ન સૂરિંદો રે; તાસ પાટિં આચાર્ય સૂરિવર, શ્રી ક્ષમારત્ન મુણિંદો રે.... એ૦ ॥૬॥ શ્રી ગજ-સાગરસૂરિતણા શિષ્ય, લલિતસાગર બુધ સોહે રે;

તાસ શિષ્ય મુનિ માણિકસાગર, મુજ ગુરૂ ભવિમન મોહે રે.... એ૦ ॥૭॥ તે ગુરૂનો સુપસાય લહીને, આષાઢભૂતિ ઋષિ ગાયો રે; ઋષભદેવને સંઘની સાંનિધિં, સરસ સંબંધ સવાયો.... એ૦ ॥૮॥ શ્રી ચક્રી-પુરી ગામમાંહિ, સંવત સતર ચોવીશ રે; પોષ કૃષ્ણ દ્વિતીયા પુષ્યારકિં, સિદ્ધિયોગ સુજગીશરે.... એ૦ ॥૯॥ શ્રીધો પ્રત્યક્ષર ગણી, ગ્રંથાગરનો માનો રે; એકાવન ને ત્રણેસેં લિખ્યો, ચિત્ત રાખીને થાનો રે.... એ૦ ॥૧૦॥ સોલમી ઢાલ ધન્યાશ્રીએ, પૂરણ ચઢ પ્રમાણો રે; જ્ઞાનસાગર કહે સંઘને, નિત્ય હોજો પરમ કલ્યાણો રે.... એ૦ ॥૧૧॥ ગ્રંથાગ્રમ્ ૩૫૧ ॥

**ઇત્યાષાઢાભૂતિ ચતુષ્પદી**

**સમાપ્તા.**

શાસનકંટકોદ્ધારક પૂ. આ. શ્રી હંસસાગરસૂરિજી જૈન હસ્તલિખિત જ્ઞાનભંડાર પ્રત નં. ૩૨૭ પાના ૧૬ ની પુષ્પિકાઃ—" સંવત ૧૭૫૧ વર્ષે વૈશાખ શુદિ ૫ દિને શ્રીમત્તપગચ્છે ગણેશ શ્રી ૫ શ્રી મેઘરત્નજી તચ્છિષ્ય ગણેશ શ્રી ૫ શ્રી અમરરત્નજી તત્ શિષ્ય યતિ ઉદયરત્નેન લિપિકૃતંગ મુનિશ્રી માનરત્ન પઠ-નાર્થં ॥ શ્રી રાજનગરે ॥ શુભં ભવતુ ॥ શ્રીમદ્ કલ્યાણ મસ્તુ ॥ શ્રીરસ્તુ ॥ ભદ્રં ભૂયાત્ ॥

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરના

# નવા પ્રકાશનો

શ્રી તાલધ્વજગિરિ-તીર્થે વિ. સં. ૨૦૪૧ ના અષા. શુદિ ૫ ને રવિવારે દીર્ઘસંયમી પ્રૌઢસંયમમૂર્તિ પૂજ્ય સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજશ્રી ચતુર્વિધ સંઘની નિર્યામણા સાથે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓશ્રીની પુણ્ય-સ્મૃતિરૂપે-પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવા માટેનો નિર્ણય કર્યા મુજબ નીચે મુજબના આજ સુધીમાં નૂતન પ્રકાશનો પ્રસિદ્ધ થયા છે.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૧ લો. રૂા. ૫=૦૦**

૧-મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ.-૨-શ્રી ગૌતમપૃચ્છા-ચોપાઈ, ૩-કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪-શ્રી લીલાવતીરાણી-સુમતિ વિલાસનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૨ જો. રૂા. ૫=૦૦**

૧-શ્રી કયવન્નાશાહનો રાસ, ૨-શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૩ જો. રૂા. ૧૦=૦૦**

૧-શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૪ થો. રૂા. ૧૫=૦૦**

૧-શ્રી મહાબલ-મલયાસુંદરીનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૫ મો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રી કુમારપાલ રાજાનો રાસ.

**શ્રી રાસમ**ાહનો રાસ, ૨-શ્રી ધન્ના-**ો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રીવનેચંદ**ા સંગ્રહઃ ભાગ ૩ જો.**ને પ્રદ્યુમ્નકુમારનો રાસ, ૩-શ્રી ર રાજાનો રાસ. શ્રી વિક્રમ-લીલાવતીનો રાસ**ાળા સંગ્રહઃ ભાગ ૪ થો.**ાઈ.

-મલયાસુંદરીનો રાસ.

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર.**

**જી. ભાવનગર, વાયા-તલાજા, મુ. ઠળીયા-૩૬૪૧૪૫**

શ્રી વિશાલ પ્રિન્ટરી, સોનગઢ-૩૬૪૨૫૦